# વિશ્વ અને ભારતનું ભાવિ

# દાદા ભગવાનની ભવિષ્યવાણી



## શ્રી સીમંધર સ્વામીનું જીવન ચરિત્ર



દાદા ભગવાનની અમૃતવાણી

-: સંકલન તથા પ્રકાશક :-
અરવિંદ જી. દેસાઈ
અમૂલ ટોનીક સેન્ટર. શ્રી સીમધર ઓરગેનીકસ
મંજુલ રતના સોસાયટી,
નવજીવન સોસાયટીની નજીક,
મહાદેવનગર, બીલીમોરા, ડી. વલસાડ.
પીન : ૩૯૬ ૩૨૧ ફોન : ૫૩૯૯૬

●

: મૂલ્ય :
પરમ વિનય અને હું કંઈજ જાણતો નથી

●

: આવૃત્તિ :
પ્રથમ ૧૫ ફેબ્રુઆરી ૧૯૯૪

●

: મુદ્રક :
શ્રી સોમનાથ પ્રિન્ટીંગ પ્રેસ, બીલીમોરા, ફોન : ૩૬૪૪

# આરાધના સીમંધર સ્વામીની....

સંકલન : ડૉ. નીરુબહેન અમીન

"અરિહંત કોને કહેવાય ? જે હાજર હોય તેને! ગેરહાજર હોય તેને અરિહંત ના કહેવાય. પ્રત્યક્ષ પ્રગટ હોવું જોઇએ. બીજું બધું પરોક્ષ. માટે આ સીમંધર ઉપર બધું લઇ જાવ હવે. આપણા હિન્દુસ્તાન માટે સીમંધર સ્વામીનું ખાસ મહત્ત્વ ગણાય છે. હવે એમના માટે જીવન અર્પણ કરો. અને સીમંધર સ્વામી પાસે બેસી રહોને, એ મૂર્તિ પાસે બેસી રહોને, તોય હેલ્પ થાય. મને તો મોક્ષ મળી ગયો છે તોય હું બેસી રહ્યો છું. નહિ તો મારે એમનું શું કામ હતું ? મોક્ષ મને મળી ગયો છે તોય હું (એમની પાસે) બેસી રહ્યો છું કારણ કે હજુ એ ઉપરી છે ! એમના દર્શન કરે ત્યારે મોક્ષ થાય. નહિ તો મોક્ષ થાય નહિ. એમના દર્શન કરીએ એ કોના દર્શન ? મોક્ષ સ્વરૂપનાં ! દેહ સાથે જેનું સ્વરૂપ મોક્ષ છે."

—દાદાશ્રી

★ ★

# મહાવિદેહ તીર્થધામ








# ત્રિમંદિર પરિચય

મહાવિદેહ તીર્થધામ, નવાગામ પોટિયા, કામરેજ ચાર રસ્તા, સુરત

**પ્રભાવના : અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન**

૨, પદ્માલય. પાટીદાર સોસાયટી. પંચવટી પેટ્રોલ પંપની સામે,
અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : (ઓ.) ૭૭૮૨૮



પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની સાક્ષીએ,
વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા, તીર્થંકર ભગવાન
શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

'નિત્યક્રમ'

શુદ્ધ વ્યવહાર

# ચરણવિધિ

સંત પુરુષોનું યોગબળ
સત્ પુરુષોનું યોગબળ
અને પ્રગટ જ્ઞાની પુરુષનું યોગબળ
જગતના જીવમાત્રનું કલ્યાણ કરો,
કલ્યાણ કરો, કલ્યાણ કરો

"જે વ્યવહાર નિશ્ચયનું પ્રતિપાદન કરે
એ શુદ્ધ વ્યવહાર છે."

'દાદાશ્રી'

શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ, મુંબઈ.

# પ્રસ્તાવના

પ્રત્યક્ષ પ્રકટ તીર્થંકરનું ઓળખાણ થવું, તેમની ભક્તિ જાગવી ને તેમનું દિનરાતનું અનુસંધાન કરી લેવું અને અંતે તેમના પ્રત્યક્ષ દર્શન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એ જ મોક્ષની પ્રથમથી અંતિમ કડી છે એમ જ્ઞાનીઓ સૂચવે છે.

આ કાળમાં આ ક્ષેત્રમાં વર્તમાન તીર્થંકર છે નહીં પણ આ કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામી બિરાજે છે, અને ભરત ક્ષેત્રના મોક્ષાર્થી જીવોને મોક્ષે પહોંચાડ્યા કરે છે. જ્ઞાનીઓ એ માર્ગેથી પહોંચી અન્યને એ માર્ગ ચીંધે છે.

શ્રી સીમંધર સ્વામીની આરાધના જેટલી વધુને વધુ થાય તેટલું તેમની સાથેનું અનુસંધાન સાતત્ય વિશેષ ને વિશેષ રહે, જેનાથી એમની સાથેનું ઋણાનુબંધ ગાઢ બને અને અંતે પરમ અવગાઢ સુધી પહોંચી, તે તેમના ચરણકમળમાં જ સ્થાનપ્રાપ્તિની મહોર મરાય છે!

દિનરાત સીમંધર સ્વામીને દાદા ભગવાનની સાક્ષીએ નમસ્કાર કર્યા કરવાના. દરરોજ સીમંધર સ્વામીની આરતી, ૪૦ વખત નમસ્કાર વિધિ કરવાના (બને તો ૪૦ વખત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે થાય તો ઉત્તમ એવું સહજ સૂચન) જેનાથી મન, વચન, અને કાયાના સંપૂર્ણ ઉપયોગ-પૂર્વક થાય.

સીમંધર સ્વામીની પ્રાર્થના વિધિ, અને સીમંધર સ્વામીના ચરણોમાં સદા મસ્તક રાખી અનન્ય શરણાંની સતત ભાવનામાં રહેવું. સંપૂજ્ય શ્રી દાદાશ્રીએ વારેવારે કહેલું છે કે અમે પણ સીમંધર સ્વામી પાસે જવાના ને તમે પણ ત્યાં જ પહોંચવાની તૈયારી કરો. એ સિવાય એકાવતારી કે બે અવતારી થવું મુશ્કેલ છે! ફરી પાછો જન્મ જો આ જ ભરતભૂમિમાં થાય તો હળહળતો પાંચમો આરો ચાલતો હોય ત્યાં મોક્ષની વાત તો બાજુએ રહી પણ પાછો મનુષ્યભવ મળવો પણ દુર્લભ છે! એવા સંજોગોમાં અત્યારથી જ ચેતીને, જ્ઞાનીઓએ બતાવેલા માર્ગને પકડી લઇને, એકાવતારી પદની જ પ્રાપ્તિ કરી લઇએ! ફરી ફરી આવો તાલ ખાય એવો નથી. વહેતાં પાણીના વહેણને ફરી પકડાય નહિ.

વહેતો સમય પાછો પકડાય નહિ. આવેલી તક ગુમાવે તેને ફરી તક મળવાનો તાલ ખાય નહિ માટે આજથી જ મંડી પડીએ ને ગાયા કરીએ...શ્રી સીમંધર સ્વામીના અસીમ જય જયકાર હો !

વિશ્વમાં વ્યાપેલાં વાડાબંધી, પક્ષાપક્ષી, મતમતાંતર, મારાતારી તોડવા, ને એકતા, અભેદતા સાધવા, સંપૂજ્ય શ્રી દાદાશ્રીએ વિશ્વને ત્રિમંત્ર આપ્યો ને ત્રિમંત્ર સંકુલ, સ્થાપ્યો. એની પાછળ માત્ર એક જ ભાવના કે હિન્દુસ્તાનમાં વર્તતા મુખ્ય ત્રણ જૈન, વૈષ્ણવ ને શૈવ પંથોની સામસામી વર્તતી મારાતારી, વેર-ઝેર, ઇર્ષા, અદેખાઇ તૂટે અને સર્વધર્મો વચ્ચે અભેદતાનો સેતુ સંધાય.

ભયંકર કળિકાળમાં પાંચમા આરામાં, ભલભલા સંતો, ભક્તો ને મહાત્માઓમાં ઇર્ષા, અદેખાઈ, સાધર્મીમાં સ્પર્ધા એટલું બધું વ્યાપેલું છે કે એમાંથી કોઈ વિરલો જ બચે. આજે જગતને એવા ધ્યોર વિરલાઓની જરૂર છે, જે ભારતના ભાવિને ઉજ્જવળ બનાવી દે. ૨૦૦૫માં ભારત વિશ્વનું કેન્દ્ર બનવાનું છે તે સ્વપ્નું સાકાર કરવાના નિમિત્ત બને ?

પ્રથમ વિભાગમાં પરમ પૂજ્ય પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની આરાધના અર્થે તથા મતાર્થથી મુક્ત થવા ભગવાન શ્રી કૃષ્ણ તથા શિવ ભગવાનની સાથે ભક્તિનું માર્ગદર્શન તથા મહત્તાની સમજ સાથે પ્રસ્તુત અંકમાં પરમપૂજ્ય દાદા ભગવાનની જ્ઞાનવાણીનો સ્ત્રોત સંકલિત થયો છે. તેમ જ પૂજ્યશ્રીના મુખે નીકળેલી નમસ્કારવિધિ આદિ આરાધના વિધિરૂપે દ્વિતીય વિભાગમાં સંકલિત થઈ છે. જે વાંચકને પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની સમીપે જવા અર્થેની આરાધના-સાધના કાજે સહાયક થશે એ જ અભ્યર્થના !

—જય સચ્ચિદાનંદ

卐

# પંચમ્ આરામાં મોક્ષની અંતિમ કડી

## શ્રી સીમંધર સ્વામીનું જીવન ચરિત્ર

અનંત ચોવીસીઓ આવી ને છતાં આ જીવ ના બૂઝયો, એ રઝળપાટનો આરો ન આવ્યો! હવે લાખ માથા પછાડીએ તો પણ સિદ્ધશિલાએ બિરાજેલા અનંત તીર્થંકરો શું કરે? તે પ્રત્યક્ષ હતા ત્યારે આપણો આત્મા પણ ભટકતો ભટકતો તેમને ભેટયો તો હશે જ ને? આમ છતાં આપણી આંખો ખૂલી નહિ. આજે જયારે આપણે તીર્થંકરોના સ્વરૂપને તેમની સત્તાને તથા તેમની મહત્તાને સમજી શકયા છીએ ત્યારે આ કાળે. આ ક્ષેત્રે કોઇ તીર્થંકર વિદ્યમાન નથી! આને પંચમકાળના જીવોનું હતભાગ્ય નહિ તો બીજું શું કહેવું? શું ત્યારે આ મનુષ્યભવ એળે જવાનો? મોક્ષનો અર્થ, મોક્ષનો ઉપાય, મોક્ષનો માર્ગ તથા મોક્ષની મહત્તા સમજયા છતાંય આ જીવને કંઇ પ્રકાશ લાધી ન શકે શું? આ પંચમ આરામાં એકાદ છેલ્લી તક મળી ન શકે શું?

જ્ઞાની પુરુષો આ રૂંધાયેલા માર્ગને મોકળો કરી આપે છે. છેલ્લી તક દેખાડી દે છે. વિધમાન તીર્થંકર કે જે આ કાળે આ ક્ષેત્રે નથી, પણ અન્ય ક્ષેત્રે એટલે કે મહાવિદેહક્ષેત્રમાં વર્તમાને વિરહમાન છે. એવા દેવાધિદેવ. ચૌદલોકના નાથ, સમગ્ર બ્રહ્માંડને પ્રકાશમાન કરનારા, કેવળજ્ઞાની ભગવાન શ્રી સીમંધર સ્વામીનું સંધાન પ્રગટ જ્ઞાની પુરુષ કરાવી દે છે. આ કાળે, આ ક્ષેત્રથી સીધો મોક્ષ શકય નથી તો વાયા મહાવિદેહક્ષેત્રથી અશકય પણ નથી. આ માર્ગ જેમણે જોયો છે, એવા લોકો જ તે બતાવી શકે. શબ્દોથી નહિ, અંતઃકરણથી જ એવી અનુભૂતિ થઇ જાય કે મોક્ષ નજીકમાં જ છે!

ભગવાન શ્રી સીમંધર સ્વામી પ્રભુનું સંધાન આ કાળે આ મનમાં રહીને પણ થઇ શકે છે. આત્મજ્ઞાની પુરુષો આવું સંધાન કરી શકે છે અને આપણને પણ કરાવી શકે છે. આવી અનુભૂતિ અનેક લોકો કરી ચૂકયા છે. ભૂતકાળમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય, શ્રીમદ્ રાજચંદ્ર તથા વર્તમાન જ્ઞાની પુરુષ શ્રી 'દાદા ભગવાન' શ્રી સીમંધર સ્વામીના સંધાનમાં રહી અન્યોને મોક્ષમાર્ગ ખુલ્લો કરી આપે છે.

## મહાવિદેહ ક્ષેત્રની રૂપરેખા

જ્યાં ભગવાન શ્રી સીમંધર સ્વામી વિચરે છે એ મહાવિદેહ ક્ષેત્ર શું છે ? ક્યાં આવેલું છે ? કેવું છે ? ત્યાં મનુષ્યો છે ખરા ? છે તો કેવા છે ? અજાણ્યાના મનમાં આવા અનેક પ્રશ્નો ઉદ્ભવે તે સ્વાભાવિક છે.

આ બ્રહ્માંડમાં કુલ પંદર ક્ષેત્રો છે, જ્યાં માનવસૃષ્ટિ છે, જીવ સૃષ્ટિ છે. આપણા જેવા મનુષ્યો છે, સજ્જનો છે, દુર્જનો છે, રાજા છે, પ્રજા છે, ઘરબાર બધું જ છે. મનુષ્યોની ઊંચાઇ, પહોળાઇ તથા આયુષ્ય વગેરેમાં નોંધનીય ફરક છે. આ પંદર ક્ષેત્રમાંથી પાંચ ભરત ક્ષેત્રમાં તથા પાંચ ઐરાવત ક્ષેત્રોમાં તીર્થંકરોની પ્રગટ હાજરી નથી. પણ પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં કુલ વીસ તીર્થંકરો વિચરી કરોડો શુદ્ધાત્માઓને પરમપદની પ્રાપ્તિ કરાવી, આ સંસારના સમસરણ માર્ગની ભયંકર ભટકામણમાંથી મુક્ત કરી શાશ્વત મોક્ષના અધિકારી બનાવે છે. આ વીસ તીર્થંકારોમાં શ્રી સીમંધર સ્વામી પ્રભુ એક તીર્થંકર છે ભરત ક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો ચાલે છે જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સદા ચોથો આરો હોવાથી એ ભૂમિ તીર્થંકરવિહોણી હોતી જ નથી. એક તીર્થંકરનું નિર્વાણ થાય કે તુરત જ ભગવાનનું જન્મ કલ્યાણકારક હોય જ !

## ક્ષેત્ર ફેરફાર શી રીતે થાય ?

વર્તમાને વીસ વિરહમાન તીર્થંકરો પૈકી શ્રી સીમંધર સ્વામીની જ ભક્તિ શા માટે ? અન્યની કેમ નહિ ? મોક્ષ પ્રદાન કરવાની કરૂણા સર્વે તીર્થંકરોની સરખી જ છે, છતાં જ્ઞાની પુરૂષો શ્રી સીમંધર સ્વામીની જ આરાધના કરવાનું કેમ પ્રરૂપે છે ? શ્રી સીમંધર સ્વામીને આપણા ભરત ક્ષેત્રની સાથે વિશેષ ઋણાનુબંધ છે. આ કારણે આપણું કામ સરળતાથી સરે એટલે કે આ ભવનું આયુષ્ય પૂરૂં થતાં જ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના ચરણોમાં સ્થાન મળે. કલ્યાણ મૂર્તિ પૂજ્ય દાદાની ભરત ક્ષેત્રમાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જવાનો નિયમ સમજાવતા કહે છે, જે આરાના જીવનો સ્વભાવ થાય ત્યાં જીવ નિયમથી જ ખેંચાઇ જાય. અત્યારે ભરતક્ષેત્રમાં પાંચમો આરો ચાલે છે.

પણ જો કોઈ પુણ્યાત્માને એવો કોઇ ક્ષયોપશમનો યોગ કે જ્ઞાનીપુરૂષનો પ્રત્યક્ષ યોગ થઇ જાય કે જેથી કરીને તેના સ્વભાવમાં ફેરફાર થઇ જાય. દરેક કર્મોદયનો સમતાભાવે નિકાલ કરી નાંખે, રાગ-દ્વેષ કરે નહિ. કોઇની સાથે કિંચિત્‌માત્ર વેર ના બાંધે, કોઇને કિંચિત્‌માત્ર દુઃખ ના દે કે કોઇને કિંચિત્‌માત્ર દુઃખ નહિ દેવાનો નિરંતર ભાવ વર્તતો હોય, કોઈ કિસ્સામાં વર્તનથી દુઃખ દેવાઈ જાય તો તેનું તુરત જ પ્રતિક્રમણ કરી લે, તો તે જીવ ચોથા આરામાં જન્મ લેવાને લાયક થયો ગણાય. મહાવિદેહ ક્ષેત્રમાં નિરંતર ચોથો આરો જ હોય છે. આપણું શ્રી સીમંધર સ્વામી પ્રત્યે ગજબનું આકર્ષણ થવું રાત-દિવસ તેમનાં ભક્તિ કીર્તન શરૂ થઇ જવાં વગેરે એ વાતનાં સૂચક છે કે આ જીવ તેમની જોડે ઋણાનુબંધ બાંધી તેની પાસે પહોંચી, જવાનો છે. આ બધું નિયમથી બને છે. જે રીતે આ પુર્વના જ્ઞાનીપુરૂષોએ જોયો છે, જાણ્યો છે, એ માર્ગ તેઓશ્રી આપણને દેખાડે છે. આપણને આ માર્ગના દર્શન થઈ જતાં પરમ તૃપ્તિના ઓડકાર આવવા લાગે છે. જાણે કે અમૃતના ઓડકાર ન ખાતા હોઈએ !

## પ્રત્યક્ષ વિણ સૂના મોક્ષમાર્ગ....

કેટલાયે જૈનોને ખાસ કરીને આજની યુવાન પેઢીના જૈનોને જ્યારે એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે તમે શ્રી સીમંધર સ્વામી વિશે શું જાણો છો ? ત્યારે તો કાં તો પોતાની અજ્ઞાનતા પ્રકટ કરે છે અથવા તો ચૂપકીદી સેવે છે. જ્યારે આવું બને છે ત્યારે હ્રદય દ્રવી ઊઠે છે. આજની યુવાન પેઢી ભૂતકાળના તીર્થંકરોને યાદ કરે છે તે ઉત્તમ છે જ, પણ સાથેસાથ એ યાદ રાખવું જોઇએ કે વર્તમાન તીર્થંકરનું સ્મરણ સર્વોત્તમ છે. જે ગયા સિદ્ધ ક્ષેત્રમાં અયોગીપદ, મન, વચન, કાયાના યોગથી રહિત એવું કેવળજ્ઞાન પ્રકાશ સ્વરૂપે બિરાજે છે, તે આપણને અહીં શી રીતે મદદ કરી શકે ? આપણી ભૂલો શી રીતે દેખાડે ? આપણને દેશના સંભળાવી આપણી દૃષ્ટિને કઈ રીતે બદલી આપે ? કર્મમલને ખંખેરી નાંખવાનો માર્ગ કઈ રીતે દેખાડે ? સિદ્ધપદે પહોંચ્યાં પછી તીર્થંકરોનો આત્મા કે અન્ય આત્મા સર્વે સમસ્વભાવી, સિદ્ધાત્મા જ બની ગયો હોય છે. ત્યાં કોઇ ભેદ નથી. ત્યાં જ્ઞાન, દર્શન કે ચારિત્રનાય ભેદ નથી. ત્યાં તો ફક્ત પ્રકાશ જ છે. જેમાં આખું બ્રહ્માંડ ઝળહળે છે ! આ જ પ્રકાશ તીર્થંકરોમાં પણ વ્યાપ્ત થયેલો હોય છે. માત્ર બાકીનાં ચાર

અઘાતી કર્મ આયુષ્ય, નામ, ગોત્ર તથા વેદનીય રહ્યાં હોય છે. જે જે સહજ ભાવે નિર્જરી રહેતાં હોય છે. જગતકલ્યાણનું નિમિત્તપદ લઈને આવેલા હોવાથી આપણે જો તેને ઓળખી લઈને, તેનો પ્રત્યક્ષ યોગ પ્રાપ્ત કરી લઈએ તો મોક્ષ હાથવેંતમાં જ છે! તીર્થંકર ભગવાનનાં દર્શન માત્રથી જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે, પણ તેમની ઓળખ થવી જોઈએ. ધારો કે આજ આપણી સમક્ષ સાક્ષાત્ તીર્થંકર ભગવાન હાજર થાય તો આપણી પાસે તેમને ઓળખવાની દૃષ્ટિ છે ખરી? અહીં શાસ્ત્રોક્ત વાણી કે ભૂતકાળના જ્ઞાનીઓનું કથન કામ લાગે તેમ નથી કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને અનુરૂપ બાહ્યરૂપમાં તીર્થંકરોમાં ફેરફાર થઈ શકે. ઉદાહરણ તરીકે મહાવીર સ્વામીએ પોતાની પૂર્વેના તીર્થંકરોએ પ્રરૂપેલા ચાર મહાવ્રતના બદલે તેમાં એકનો ઉમેરો કરીને પાંચ કર્યાં, જે માટે ત્રેવીસમા તીર્થંકરના શિષ્યો, કેશી-સ્વામી વગેરેને શંકા ઉપજેલી. જો કે તેનું સમાધાન થઇ ગયું, પણ તે તેમની સરળતાના કારણે જ. આજના અસરળ જીવોની-આડાઇથી ભરપૂર જીવોની દૃષ્ટિ સહેલાઇથી શી રીતે બદલાય? જ્ઞાનીઓ કહે છે કે જેને મોક્ષ જવાની કામના છે, તે સિવાય અન્ય કશાની કામના નથી, તેવા પુણ્યાત્માઓને તીર્થંકરોને ઓળખવાની દૃષ્ટિ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. આટલું જ નહિ, તેમનું શ્રી સીમંધર સ્વામી સાથેનું અનુસંધાન પણ થઇ જાય છે. આ કોઇ સ્થૂળ પ્રયોગ નથી. અંતરનો સૂક્ષ્મ પ્રયોગ છે. અરે, શ્રી સીમંધર સ્વામી વિશે કયારેક કંઈ સાંભળ્યું ન હોય, વાંચ્યું ન હોય, તેમના વિશે એક અક્ષરેય જાણતા ન હોવા છતાં જ્ઞાની પાસેથી તેમનો પરિચય થતાંની સાથે જ હૃદય થનગની ઊઠે છે. મન, બુદ્ધિ, ચિત્ત, આંખો તથા આત્મા (પ્રતિષ્ઠિત આત્મા) પ્રભુના પ્રેમમાં એકાકાર બની જાય છે! આ માટે કોઇ જપ, તપ કે સાધના કશું જ કરવું પડતું નથી પછી આપણું સ્થાન શ્રી સીમંધર સ્વામીનાં ચરણોમાં જ છે! આ દૃઢતાને કોઇ ડગાવી શકયું નથી. આ કોઇ અહંકારપૂર્ણ ઉચ્ચારણ નથી, પણ પ્રત્યક્ષ થયેલી સહજ અનુભૂતિ છે.

## નમસ્કાર-વિધિની શરૂઆત

સહુ પ્રથમ સને ૧૯૭૧માં વડવામાં એક રાત્રિના પૂજારીજીની ઓરડીમાં પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને હું અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. એ મંત્ર અમો ત્યાં હાજર હતા એ બધા લોકોએ એક એક વાર વારાફરતી બોલવાનો હતો. સહુ પ્રથમ આ મંત્ર પૂજ્યશ્રીએ બોલી બતાવ્યો અને મને એક કાગળમાં લખી આપી તેમા જોઈને સહુને વારાફરતી બોલાવવાનું કહ્યું.

એ પછી ડિસેમ્બર, ૧૯૭૨માં ઔરંગાબાદની દસ દિવસની શિબિરમાં સવારની પ્રાર્થના વખતે પૂજ્યશ્રીએ મનોમન કશી ગણતરી કરીને બધાને કહ્યું કે, જે કોઈ આ મંત્ર દરરોજ ચાલીસ વખત બોલશે તેને એકસો આઠ પ્રત્યક્ષ શ્રી સીમંધર સ્વામીના નમસ્કારનું ફળ મળશે. ત્યારથી બધાને દરરોજ ચાલીસ વખત આ મંત્ર બોલાવવાનું શરૂ કર્યું અને સમય ન હોય તો છેવટે અઠવાડિયાની રજાના દિવસે આ મંત્ર ચાલીસ વાર બોલવાનું તેઓશ્રીએ સૂચન કરેલું.

શ્રી દાદા ભગવાનના મુખેથી શ્રી સીમંધર સ્વામી સાથેના સંધાનની વાત સાંભળીને અનેક લોકોને આવી અનુભૂતિ થઈ છે,

આશા છે. જેને પ્રત્યક્ષ યોગ ના હોય તેને આ પુસ્તિકા પરોક્ષ રીતે સંધાનની ભૂમિકા સ્પષ્ટ કરી આપશે. જે વ્યક્તિ ખરેખર મોક્ષની ઇચ્છુક હશે તેનું શ્રી સીમંધર સ્વામી સાથે અવશ્ય સંધાન થઈ જશે. આ પહેલાં ક્યારેય ઉત્પન્ન થયું નહોતું તેવું શ્રી સીમંધર સ્વામી પ્રત્યેનું જબરજસ્ત આકર્ષણ ઉત્પન્ન થાય તો જાણી લેવું કે પ્રભુનાં ચરણોમાં સ્થાન પામવાના નગારાં વાગવા માંડ્યાં છે.

## જ્ઞાનીની સાક્ષીએ નમસ્કાર

પરમ કૃપાળુ શ્રી દાદા ભગવાન સામાન્ય રીતે સર્વે મુમુક્ષુઓને સંધાન નીચે આપેલા નમસ્કારથી કરાવે છે.

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને હું અત્યંત ભક્તિ-પૂર્વક નમસ્કાર કરું છું.

આ શબ્દો એ સંધાન નથી જ, એ વખતે મુમુક્ષુઓને પોતે શ્રી સીમંધર સ્વામીને નમસ્કાર કરતો હોય તેવી અનુભૂતિ થાય તે સંધાન છે.

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ એવો શબ્દપ્રયોગ એટલા માટે પ્રયોજવામાં આવ્યો છે કે જ્યાં સુધી મુમુક્ષુનો શ્રી સીમંધર સ્વામી સાથે સીધો તાર જોડાયો નથી ત્યાં સુધી જેનો નિરંતરતાનો તાર તેમની સાથે સંધાયેલો છે એવા જ્ઞાની પુરુષ શ્રી દાદા ભગવાનના માધ્યમ દ્વારા આપણા નમસ્કાર આપણે શ્રી સીમંધર સ્વામીને પહોંચાડીએ છીએ, જેનું ફળ પ્રત્યક્ષ કરેલા નમસ્કાર જેટલું જ મળે છે. ઉદાહરણ તરીકે આપણે કોઇ સંદેશો અમેરિકા પહોંચાડવો છે, પણ તે આપણી મેળે પહોંચાડી શકીએ તેમ નથી એટલે આપણે આ સંદેશો પોસ્ટખાતાને સુપરત કરીને નિશ્ચિત બની જઇએ છીએ. આ જવાબદારી પોસ્ટખાતાની છે અને તે તેને પૂરી પણ કરે છે. આ જ રીતે પૂજ્ય દાદાશ્રી શ્રી સીમંધર સ્વામીને આપણે સંદેશો પહોંચાડવાની જવાબદારી પોતાના શિરે લે છે.

દાદા ભગવાને સાક્ષી રાખી નમસ્કારવિધિ કરવી આ નમસ્કારવિધિ જેમને સમ્યકદર્શન લાધ્યું છે, એવા સમકિતી મહાત્માઓ સમજપૂર્વક કરે તો તેનું ફળ ઓર જ મળે છે ! મંત્ર બોલતાં અક્ષરેઅક્ષર વાંચવો જોઇએ, તેનાથી ચિત્ત સંપૂર્ણપણે શુદ્ધ રહે છે. સંપૂર્ણ ચિત્તશુદ્ધિપૂર્વક નમસ્કાર એટલે પોતાની જાતને શ્રી સીમંધર સ્વામીના મૂર્તિસ્વરૂપને પ્રત્યેક નમસ્કાર કરતી જોવી. પ્રત્યેક નમસ્કારે સાષ્ટાંગ વંદના કરતી દેખાવી જોઇએ. જ્યારે પ્રભુનું મૂર્તિસ્વરૂપ દેખાય ને પ્રભુનું અમૂર્ત એવું જ્ઞાનસ્વરૂપ તેનાથી કઇ રીતે ભિન્ન છે, તે પણ સમજાઇ જાય ત્યારે માનવું કે શ્રી સીમંધર સ્વામીની નિકટ પહોંચી ગયા છીએ.

જેને સમ્યકદર્શનની પ્રાપ્તિ થઇ નથી એવા આત્માર્થીએ નીચે મુજબના શબ્દોમાં પ્રભુને પ્રાર્થના કરવી.

હે પ્રકટ પ્રત્યક્ષ પરમાત્મા, આપનું સ્વરૂપ એ જ મારું સ્વરૂપ છે. આપનું કેવળજ્ઞાન સ્વરૂપ છે એ જ મારું કેવળજ્ઞાન સ્વરૂપ છે. પણ મને તેનું ભાન નથી. હે પ્રભુ, આપના આ સમગ્ર બ્રહ્માંડને અલૌકિક કરવા વાળી પરમ જ્યોતિ સ્વરૂપને હું અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. હે પ્રભુ, આપ એવી કૃપા કરો કે અમારે આ ભેદભાવ છૂટી જાય અને અમને અભેદ સ્વરૂપ લાધે. અમે તમારામાં અભેદ સ્વરૂપે તદાકાર બની જઇએ.

# શ્રી સીમંધર સ્વામીનું જીવનચરિત્ર

આપણા ભારત વર્ષની ઉત્તર દિશામાં ૧૯,૩૧,૫૦,૦૦૦ (ઓગણીસ કરોડ, એકત્રીસ લાખ, પચાસ હજાર) કિલોમીટરના અંતરે જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની શરૂઆત થાય છે. તેમાં ૩૨ વિજયો (ક્ષેત્રો) છે. આ વિજયોમાં આઠમી વિજય પુષ્કલાવતી છે. તેનું પાટનાગર શ્રી પુંડરિકગિણી છે. આ નગરીમાં ગત ચોવીસીના સત્તરમા તીર્થંકર શ્રી કુન્થુનાથ ભગવાનનો શાસનકાળ તથા અઢારમા તીર્થપતિ શ્રી અરનાથજીના જન્મ પૂર્વેનો સમય ઘણો સુંદર હતો તે વખતે પુંડરિકગિણીના રાજા હતા શ્રી શ્રેયાંસ. તેઓશ્રી શૂરવીર, પ્રજાવત્સલ તથા ન્યાયપ્રિય હતા. તેમને સત્યકી નામની સુંદર, સુશીલ અને પતિવ્રતા પત્ની હતી.

એક સમયે સત્યકી રાણીને રાત્રીના અર્ધજાગ્રતાવસ્થામાં ચૌદ મહાસ્વપ્નનાં દર્શન થયાં. રાણીએ સવારે પોતાને રાત્રિના આવેલ આ સપનાંઓની વાત પતિને કહી સંભળાવી. સ્વપ્નાંઓની વાત સાંભળીને રાજાને ઘણી ખુશી થઈ. તેણે સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવીને આ સ્વપ્નાંઓ નો અર્થ કરવાનું કહ્યું. સ્વપ્નશાસ્ત્રીઓએ ગણતરી કરીને કહ્યું કે મહા-રાણી સત્યકીની કૂખે તીર્થંકર ભગવાનનો જન્મ થશે. આ વાત સાંભળીને રાજા હર્ષવિભોર બની ગયા.

યથા સમયે મહારાણી સત્યકીએ અદ્વિતીય રૂપ, લાવણ્યવાળા, સર્વાંગસુંદર, સુવર્ણ કાંતિવાળા તથા વૃષભના લાંછનવાળા પુત્રને જન્મ આપ્યો (વીર સંવતની ગણના મુજબ ચૈત્ર વદી ૧૦ની મધરાત્રિના) ભગવાનનો જન્મ થતાં દેવતાઓએ ભવ્ય ઉત્સવ ઉજવ્યો. આકાશમાં દુંદુભિ વાગવા લાગ્યાં અને નર્કગતિમાં પણ પળવાર આનંદ છવાઇ ગયો. ઇન્દ્રનું સિંહાસન ડોલી ઉઠ્યું સઘળાં દેવદેવીઓને પોતાની સાથે લઇને ઇન્દ્રરાજા પુત્રના દર્શનાર્થે દોડી આવ્યા. ગર્ભમાંથી જ ત્રણ જ્ઞાનના જ્ઞાતા એવા શ્રી જિનેન્દ્ર પ્રભુનુ નામ રાખવામાં આવ્યું. શ્રી સીમંધર. ભગવાનનાં પગલાં થતાં જ રાજા તથા પ્રજાની સમૃદ્ધિમાં આશ્ચર્યજનક કહી શકાય તેવી વૃદ્ધિ થવા લાગી.

બાળ જિનેશ્વર કે જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન સાથે જ જન્મ્યા હતા. તે લૌકિક લીલા કરતા કરતા મોટા થઇ રહ્યા હતા. સ્નેહાળ મા-બાપે તેમને જે જે શિક્ષણ આપ્યું, તેને તેમણે સારી -

રીતે ગ્રહણ કરી લીધું. આ રીતે યુવાવસ્થાએ પહોંચતાં તેમનું દેહમાન પાંચસો ધનુષ જેટલું ઊંચું થઈ ગયું. મહાવિદેહ ક્ષેત્રમાં તથા આપણા ક્ષેત્રમાં પણ ચોથા આરાનું દેહમાન સામાન્ય રીતે આટલું જ હોય છે, પોતાની સંપૂર્ણ અનિચ્છા હોવા છતાં મા-બાપ તથા આપ્તજનોની તીવ્ર ઇચ્છા આગળ નમતું જોખીને પ્રભુને પ્રભુતામાં પગલાં માંડવાની ફરજ પડી. રાજકુમારી રુકિમણી પ્રભુનાં અર્ધાંગના બનવા માટે પરમ સૌભાગ્યશાળી બન્યાં.

## ભગવાનનું મહાભિનિષ્ક્રમણ

પોતાના ફાળે આવેલી ભૂમિકા ભજવતાં ભજવતાં ભગવાનના અંતરમાં તો આ એક જ વિચાર ઘોળાયા કરતો હતો કે આ જગતને જન્મ, જરા તથા મરણના બંધનમાંથી મુકત કરીને કેવી રીતે મોક્ષ અપાવવો. આ ભાવનાના ફળરૂપે ભરત ક્ષેત્રમાં વીસમા તીર્થંકર શ્રી મુનિસવ્રસ્વામી તથા એકવીસમા તીર્થંકર શ્રી નેમિનાથજીના પ્રાગટ્ય કાળની વચ્ચે. અયોધ્યામાં રાજા દશરથના શાસનકાળ દરમિયાન તથા રામચંદ્રજીના જન્મ પૂર્વ શ્રી સીમંધરસ્વામીએ મહાભિનિષ્કમણના ઉદયયોગે ફાગણ સુદી ત્રીજના દિવસે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કરતાં જ તેમને ચોથું મનઃપર્યવ જ્ઞાન લાધ્યું. દોષકર્મોની નિર્જરા થતાં હજાર વર્ષના છદ્મસ્થકાળ પછી બાકીનાં ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને ચૈત્ર સુદી તેરસના દિવસે ભગવાન કેવળજ્ઞાની તથા કેવળદર્શનની બન્યા. પૂર્ણપદની પ્રાપ્તિ થતાં પ્રભુ કરોડો લોકોના તારક બન્યા. એ પછી તુરત જ તેમને ચતુર્વિધ સંઘ એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાઓના સંઘની સ્થાપના કરી. કલ્યાણજ્ઞાન યજ્ઞની પ્રવૃત્તિ પૂરા જોશથી આગળ વધવા લાગી. એમનાં દર્શન માત્રથી જ જીવો મોક્ષમાર્ગી બનવા લાગ્યા. આટલું જ નહિ, સમ્યકદર્શની તથા કેવળ દર્શની પણ બન્યા ! આવા સમર્થ પુરુષને કોટિ કોટિ વંદન કરી તેમના દર્શનની જ કામના દિનરાત કર્યા કરીએ.

આવતી ચોવીસીના આઠમા તીર્થંકર શ્રી ઉદયસ્વામીના નિર્વાણ પછી તેમ જ નવમા તીર્થંકર શ્રી પેઢાળસ્વામીના જન્મ પૂર્વે શ્રી સીમંધર સ્વામી તથા અન્ય ઓગણીસ વિહારમાણ તીર્થંકર ભગવંતો શ્રાવણ સુદી ૩ ના અલૌકિક દિવસે ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પુરૂં કરી નિર્વાણપદને પામશે.

# મહાવિદેહ ક્ષેત્રમાં જન્મની તૈયારીઓ

ભરત ક્ષેત્રના પુણ્યાત્માઓ આ ભવમાં એવા સ્વભાવમાં આવી જાય કે ચોથા આરાના જેવા જ થઇ જાય. કળિયુગ ખુબ જ આગળ વધી ગયો છતાંય ઘરમાં તથા બહાર સર્વત્ર સતયુગનું વાતાવરણ સર્જે. અહીં, આ ક્ષેત્રના જીવોના ઋણાનુબંધ "સમભાવે નિકાલ" કરી પુરા કરે, કયાંય વેર ના બાંધે તો તે અવશ્ય શ્રી સીમંધર સ્વામીનાં સુચરણોમાં સ્થિત થવાને લાયક થયો ગણાય. રાત દિવસ શ્રી સીમંધર સ્વામીનું સ્મરણ રહ્યા કરે અને સ્વપ્નો પણ પ્રભુના આવવા માંડે. અરે, એકાદ વખત પણ જો સ્વપ્નામાં પ્રભુનાં દર્શન થઇ જાય તો પ્રભુ ચોક્કસ તેનો હાથ પકડી લે. ચિત્તની નિર્મળતા તથા પ્રભુ પ્રત્યેનાં લગની મુમુક્ષને અવશ્ય આ સ્થિતિએ પહોંચાડી દે તેમ છે.

શ્રી સીમંધર સ્વામી પ્રભુના કલ્યાણ યજ્ઞના નિમિત્તોમાં ચોર્યાસી ગણધરો, દસ લાખ કેવળજ્ઞાની મહારાજાઓ, સો કરોડ સાધુઓ, સો કરોડ સાધ્વીજીઓ, નવ સો કરોડ શ્રાવિકો ને નવસો કરોડ શ્રાવિકાજીઓ છે.

તેઓશ્રીના શાસક રક્ષકોમાં યક્ષદેવ શ્રી ચાદ્રાયણદેવ તથા યક્ષિણીદેવી શ્રી પંચાંગુલિદેવી છે.

## ત્રિમંત્ર વિજ્ઞાન

## ત્રણ મંત્રોના સમન્વયનું માહાત્મ્ય

**પ્રશ્નકર્તા** : આ ત્રિમંત્રો છે એ બધા માટે છે? અને બધા માટે છે તો શા માટે ?

**દાદાશ્રી** : બધા માટે છે આ તો. જેને પાપ ધોવા હોય ને, એને માટે સારું છે ને પાપ ધોવા ના હોય તો તેને માટે નથી.

**પ્રશ્નકર્તા** : આ ત્રિમંત્રમાં નવકારમંત્ર, વાસુદેવ અને શિવ, આ ત્રણેય મંત્રોને જોડે મૂકવાનું શું પ્રયોજન છે ?

**દાદાશ્રી :** આખું ફળ ખાય અને ટુકડો ખાય એમાં ફેર નહિ ? એ ત્રિમંત્રો બધા આખા ફળરૂપે છે, આખું ફળ !

**પ્રશ્નકર્તા :** પણ ત્રણેય મંત્રો સાથે બોલવાનું શું કારણ ?

**દાદાશ્રી :** અડચણો જતી રહે ને ! વ્યવહારમાં અડચણ આવતી હોય તો ઓછી થઈ જાય. પોલીસવાળાનું સાધારણ ઓળખાણ હોય તો છૂટી જાવ કે ના છૂટી જાવ ?

**પ્રશ્નકર્તા :** હા, છૂટી જઇએ ?

**દાદાશ્રી :** તો આ ત્રિમંત્રમાં જૈનોના, વાસુદેવના અને શિવના એ ત્રણેય મંત્રો ભેગા કર્યા છે. જો તમારે દેવોનો સહારો જોઇતો હોય તો બધા મંત્રો ભેગા બોલો એના શાસનદેવો હોય, એટલે એ તમને હેલ્પ કરે. તે આ ત્રિમંત્રો છે ને, તેમાં આ જૈનનો મંત્ર છે એ જૈનના શાસનદેવો છે. એમને ખુશ કરવાનું સાધન છે. વૈષ્ણવનો મંત્ર છે તે એમના શાસનદેવોને ખુશ કરવાનુ સાધન છે અને શિવનો જે મંત્ર છે એ એમના શાસનદેવોને ખુશ કરવાનું સાધન છે. હંમેશાં દરેકની પાછળ શાસન સાચવનારા દેવો હોય પાછા. એ દેવો આ મંત્રો બોલીએ એટલે ખુશ થાય એટલે આપણી અડચણો નીકળી જાય.

તમને સંસારમાં અડચણો હોય ને, તો ત્રણેય મંત્રો જોડે બોલવાથી અડચણો નરમ થા . તમારા બધા કર્મના ઉદયો આવ્યા હોય ને, એ ઉદયો નરમ કરવાના રસ્તા છે. આ એટલે ધીમે ધીમે માર્ગ ઉપર ચઢવાનો રસ્તો છે. જે કર્મ ઉદય સોળ આની છે, તે ચાર આની થઇ જશે. એટલે આ ત્રણ મંત્રો બોલે ને, તો બધી આવતી ઉપાધિ હલકી થઇ જાય. તેથી શાંતિ થઇ જાય બિચારાને !

## ત્રિમંત્ર એટલે નિષ્પક્ષપાતી મંત્ર

પરાપૂર્વથી આ ત્રણ મંત્રો છે જ, પણ આ લોકોએ મંત્રોય વહેંચી નાખ્યા છે. વઢવાડો કરીને કે "આ અમારું ને આ તમારું." જૈનોએ નવકાર મંત્ર એકલો જ રાખ્યો અને પેલા બધા કાઢી નાખ્યા. પેલા વૈષ્ણવોએ નવકાર મંત્ર કાઢી નાખ્યો અને એમનો રાખ્યો. એટલે મંત્રો બધાએ વહેંચી લીધા. અરે, આ શિવની અગિયારસ ને આ વૈષ્ણવની અગિયારસેય વહેંચી લીધી છે આ લોકોએ ભેદ પાડવામાં કંઇ બાકી નથી રાખ્યું, અને તેથી આ દશા હિન્દુસ્તાનની થઇ, ભેદ પાડી પાડીને. જો દેશની વેરણ-છેરણ સ્થિતિ થઇ ગઇ છેને ! અને આ ભેદ

જે પડયા છે તે અજ્ઞાનીઓએ પાડયા છે, પોતાનો કક્કો ખરો દેખાડવા માટે. જ્યારે જ્ઞાની હોય ત્યારે બધું પાછું ભેગું કરી આપે તેથી તો અમે ત્રણ મંત્રો ભેગા લખેલા છે. એટલે એ બધા મંત્રો ભેગા બોલે ને, તો કલ્યાણ થાય માણસનું.

આ તો એક જણ કહેશે, "આ અમારો વૈષ્ણવ મત છે." ત્યારે બીજો કહે કે, "અમારો આ મત છે." એટલે આ મતવાળાએ લોકોને મારી નાખ્યા છે. ભગવાન પક્ષપાતી હોય કે નિષ્પક્ષપાતી હોય ?

**પ્રશ્નકર્તા :** નિષ્પક્ષપાતી હોય.

**દાદાશ્રી :** હા. ભગવાન નિષ્પક્ષપાતી હોય તે આ ત્રિમંત્રો એ નિષ્પક્ષપાતી મંત્રો છે. એટલે આમાં છે કશું જૈનોનું કે વૈષ્ણવનું ? ના હિન્દુસ્તાનના તમામ માટે છે આ. એટલે આ ત્રિમંત્રો બોલશો તો ઘણો ફાયદો થશે. કારણ કે આમાં સારા સારા મનુષ્યો, ઊંચામાં ઊંચી કોટિના જીવો હોય ને, તેમને નમસ્કાર કરવાનું શિખવાડયું હોય. ફક્ત આપને સમજાયું કે શું શિખવાડેલું હોય ?

**પ્રશ્નકર્તા :** નમસ્કાર કરવાનું.

**દાદાશ્રી :** તે એમને આપણે નમસ્કાર કરીએ તો આપણને ફાયદો થાય, ખાલી નમસ્કાર બોલવાથી જ ફાયદો થાય. ત્યારે ખબર પડે કે, આ તો જૈનનો મંત્ર શી રીતે કહેવાય ? આ તો મારા પોતાના હિતનું છે ને, આમાં પોતાના હિતનું હોય એને જૈનનો મંત્ર શી રીતે કહેવાય ?!" પણ મતાર્થનો રોગ હોયને, તે લોકો શું કહે ? "આ આપણું ન્હોય." અલ્યા, શાથી આપણું ન્હોય ? ભાષા આપણી છે. બધું આપણું જ છે ને ? શું આપણું નથી ? પણ આ તો ભાન વગરની વાતો છે. એ તો જ્યારે આ એનો અર્થ સમજણ પાડીએ ને, ત્યારે ભાનમાં આવે.

## ત્રિમંત્રનો ભાવાર્થ

**પ્રશ્નકર્તા :** ત્રિમંત્રનો અર્થ સમજાવો.

**દાદાશ્રી :** "નમો અરિહંતાણં." અરિ એટલે દુશ્મનો અને હંત એટલે હણ્યા છે જેણે, એવા અરિહંત ભગવાનને નમસ્કાર કરું છું.

જેમણે બધા દુશ્મનોને નાશ કરી નાખ્યા છે, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષરૂપી દુશ્મનોને નાશ કર્યા છે એ અરિહંત કહેવાય. દુશ્મનોને નાશ કર્યા ત્યાંથી પૂર્ણાહુતિ થતાં સુધીનાં અરિહંત, જયારે પૂર્ણ થાય ત્યારે અરિહંત કહેવાય. પૂર્ણ સ્વરૂપ ! એ પછી ગમે તે ધર્મના હો, હિન્દુ હોય કે જૈન હોય કે ગમે તે કોમનો હોય, આ બ્રહ્માંડમાં ગમે ત્યાં પણ હોય, પણ એ અરિહંત હોય, તેમને નમસ્કાર કરું છું.

**પ્રશ્નકર્તા** : અરિહંત્ દેહધારી હોય ?

**દાદાશ્રી** : હા, દેહધારી જ હોય. દેહધારી ના હોય તો અરિહંત કહેવાય જ નહિ. દેહધારી ને નામધારી, નામ સાથે હોય.

પછી, બીજા કોણ છે ?

**પ્રશ્નકર્તા** : "નમો સિદ્ધાંણં."

**દાદાશ્રી** : હવે જે અહીંથી સિદ્ધ થઇ ગયા છે, જેને અહીં આગળ દેહેય છૂટી ગયેલો છે ને ફરી દેહેયે મળવાનો નથી અને નિરંતર સિદ્ધ સ્થિતિમાં રહે છે, એવા સિદ્ધ ભગવાનને હું નમસ્કાર કરું છું.

હવે અરિહંત અને સિદ્ધ એમાં અરિહંતને પહેલાં કેમ મૂકયા? સિદ્ધ મોટા કે અરિહંત મોટા ? એ બેમાં મોટું કોણ ?

**પ્રશ્નકર્તા** : અરિહંત.

**દાદાશ્રી** : ના. અરિહંત તો દેહવાળા હોય. અરિહંતને સિદ્ધ થવાનું છે, દેહ છૂટે કે એ સિદ્ધ થઇ જાય. પણ અરિહંતને કેમ પહેલાં મૂકયા ? કારણ કે એ પ્રત્યક્ષ ઉપકારી છે, એટલે એમને પહેલાં મૂકયા. પેલાં સિદ્ધ એ ઉપકારી નહિ. એ આપણને કહેવા ના આવે, એ કંઇ આપણું કામ કરે નહિ. આ ભગવાન રામ મોક્ષે ગયા, એ આપણું કંઈ ધોળે નહિ. હા, એ રામનામના જાપથી તમને અંદર શાંતિ થઇ જાય, એ જપયજ્ઞ છે. રામ અહીં હોય તો આપણને હેલ્પ કરે. પણ રામ અત્યારે અહીં નથી, એટલે એ આપણા કામમાં તો આવતા જ નથી. પેલા અરિહંત તો કામમાં લાગે, દેહધારી એટલે દેહધારી હોય એટલે આપણે એમને કહીએ, 'તમે શી રીતે આવી દશા પામ્યા? અમને કંઇ કરી આપો." તો તે અરિહંત તો દેખાડે કે, "ભઇ, તું આવું કર." એ

આપણને કહેય ખરા. પોતે ક્રોધ, માન, માયા, લોભ ને જીત્યા હોય અને બીજાને પણ જિતાડી આપે. એ બીજાનું કલ્યાણ કરી શકે એમ છે, જીવોને મોક્ષે લઇ જાય,

એટલે પ્રત્યક્ષ ઉપકાર છે, અરિહંતનો પ્રત્યક્ષ ઉંપકારી છે એટલા માટે એમને પ્રથમ નમસ્કાર કર્યા પથમ નંબરે મૂકયા અને બીજે નંબરે સિદ્ધને મૂકયા. હવે એમને બીજે નંબરે શાથી રાખ્યા ? કારણ કે સિદ્ધ ભગવાન એ આપણું લક્ષ છે, એમના જેવા થવાનું જે કામ જવાનું છે તેનું લક્ષ ના ચૂકાવું જોઇએ, એ લક્ષને માટે સિદ્ધ ભગવાનને નમસ્કાર લખ્યા છે. માટે બીજા ઉપકારી આ અને અરિહંત પહેલાં ઉપકારી.

આ સીમંધર સ્વામીએ પ્રત્યક્ષ ઉપકારી છે. માટે એમનું જો નામ બોલો ને, તો કામ થાય.

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી છે તે ?

**દાદાશ્રી :** હા, તે. એ સીમંધર સ્વામી એકલા જ આ ભારત દેશને માટે કામના છે. એટલે એ તીર્થંકર ભગવાનને અત્યારે અરિહંત તરીકે સ્વીકારો તો તમારું કલ્યાણ થાય. અત્યારે એ સીમંધર સ્વામી દેહધારીરૂપે પ્રત્યક્ષ છે, વર્તમાનમાં છે, માટે એ અરિહંત કહેવાય.

એટલે મહાન ઉપકારી કોણ ? આ અરિહંત ભગવાન. માટે પહેલાં એમને મૂકયા છે. સિદ્ધ ભગવાનને બીજા મૂકયા. કેવી ડહાપણવાળી ગોઠવણી છે ! કોઇ છેકો ના મારે એવી.

આ બે થયા. હવે ?

પ્રશ્નકર્તા : "નમો આયરિયાણં."

**દાદાશ્રી :** અરિહંત ભગવાનના કહેલા આચાર જે પાળે છે અને તેવા આચાર પળાવે છે, એવા આચાર્ય ભગવાનને નમસ્કાર કરું છું. એમણે પોતે આત્મા પ્રાપ્ત કર્યો છે આત્મદશા પ્રગટ થયેલી છે, સંયમ સહિત હોય, પણ આ અત્યારે અહીં જે આચાર્યો છે એ આચાર્યો નહિ. આ તો બધા આપણે જરાક અપમાન કરીએ ત્યાર હોરા ફેણ માંડે. એટલે એવા આચાર્યો નહિ. એમની દૃષ્ટિ ફરી નથી. દૃષ્ટિ ફર્યા પછી કામનું છે. જે મિથ્યાત્વ દૃષ્ટિવાળા છે તેમને આચાર્ય ના કહેવાય. સમકિત થઇને આચાર્ય થાય તો તે આચાર્ય કહેવાય.

હવે એવા આચાર્ય અત્યારે જગતમાં અમુક જગ્યાએ નથી, પણ અમુક જગ્યાએ છે. એવા આચાર્યો અહીં નથી. આપણી ભૂમિકામાં નથી, પણ બીજી ભૂમિકામાં છે. માટે આ નમસ્કાર એ જ્યાં હોય ને, ત્યાં પહોંચી જાય. એટલે આપણને એનું તરત ફળ મળે છે.

પછી, ચોથા ભગવાનનું શું નામ છે?

પ્રશ્નકર્તા : "નમો ઉવજ્ઝાયાણં"

દાદાશ્રી : ઉપાધ્યાય ભગવાન ! એમનો શું અર્થ થાય ? જેને આત્મા પ્રાપ્ત થઈ ગયો છે અને પોતે ભણે ને પછી બીજાને ભણાવડાવે, શાસ્ત્રો બધા ભણે અને ભણાવડાવે, એવા ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર કરું છું.

અને પછી ?

પ્રશ્નકર્તા : "નમો લોએ સવ્વસાહૂણં."

લોએ એટલે લોક, તે આ લોકમાં જેટલાં સાધુઓ છે એ બધા સાધુઓને હું નમસ્કાર કરું છું. સાધુઓ કોને કહેવા? ધોળા કપડાં પહેરે, ભગવાં કપડાં પહેરે એનું નામ સાધુ નહિ. આત્મદશા સાધે એ સાધુ. એટલે સંસારદશા-ભૌતિકદશા નહિ, પણ આત્મદશા સાધે એ સાધુઓને હું નમસ્કાર કરું છું. એટલે દેહાધ્યાસ નહિ, બિલકુલ દેહાધ્યાસ નહિ. એવા સાધુઓને હું નમસ્કાર કરુ છું. હવે એવા સાધુઓ તો જડે નહિ ને ! અત્યારે ક્યાંથી લાવે ? એવા સાધુ હોય ? પણ આ બ્રહ્માંડમાં જ્યાં જ્યાં એવા સાધુઓ છે એમને નમસ્કાર કરુ છુ.

એટલે સાધુ કોણ ? આત્મદશા સાદે એ સાધુ. એમને આત્માની પ્રતીતિ બેઠેલી છે એટલે એને સાધુઓ ગણ્યા આપણે. એટલે આ સાહૂણમને પહેલી પ્રતીતિ. અને ઉપાધ્યાયને પ્રતીતિ. પણ વિશેષ પ્રતીતિ. અને આચાર્ય ને આત્મજ્ઞાન. અને અરિહંત ભગવાન એ પૂર્ણ ભગવાન. આ રીતે આ નમસ્કાર કરેલા છે. પછી શું કહે છે ?

પ્રશ્નકર્તા : "એસો પંચ નમુક્કારો."

દાદાશ્રી : એ શું કહે છે ? આ પાંચ નમસ્કાર આગળના જે બોલ્યા ને. આ ઉપર પાંચ નમસ્કાર બોલ્યાને, તે ?

પ્રશ્નકર્તા : 'સવ્વ પાવપ્પણાસણો.''

દાદાશ્રી : સર્વ પાપોને નાશ કરનારા છે.

પ્રશ્નકર્તા : ''મંગલાણં ચ સવ્વેસિં.''

દાદાશ્રી : એટલે બધા મંગલોમાં.

પ્રશ્નકર્તા : ''પઢમં હવઈ મંગલમ્.''

દાદાશ્રી : પ્રથમ સર્વ મંગલમ્. બધા મંગલોમાં પ્રથમ મંગલ આ છે. બધા મંગલોમાં પ્રથમ મંગલ, મોટામાં મોટું ખરું મંગલ આ છે. એવું કહેવા માગે છે.

પ્રશ્નકર્તા : ''ૐ નમો ભગવતે વાસુદેવાય.''

દાદાશ્રી : વાસુદેવ ભગવાન ! એટલે નરમાંથી જે નારાયણ થયા, તેમને હું નમસ્કાર કરું છું. નારાયણ થાય ત્યારે વાસુદેવ કહેવાય.

પ્રશ્નકર્તા ''ૐ નમઃ શિવાય.''

દાદાશ્રી : આ દુનિયામાં જે કલ્યાણ સ્વરૂપ થયેલા હોય અને જે જીવતા હોય, જેનો અહંકાર જતો રહેલો હોય. એ બધા શિવ કહેવાય. શિવ નામનો કોઇ માણસ નથી, શિવ તો પોતે કલ્યાણ સ્વરૂપ જ છે, એટલે જે પોતે કલ્યાણ સ્વરૂપ થયા છે અને બીજાને કલ્યાણનો માર્ગ બતાવે છે એમને નમસ્કાર કરુ છું.

## આદિનાથના સમયમાં

ભગવાન ઋષભદેવ કે જે બધા ધર્મોનું મુખ છે, સર્વ ધર્મવાળા જેમને માન્ય કરે છે, એમણે સંસાર વ્યવહારનાં વિઘ્નો ટાળવા લોકોને કહ્યું કે ત્રિમંત્રો સાથે બોલજો. ત્રિમંત્રોમાં પંચપરમેષ્ટિ નવકાર મંત્ર ૐ નમો ભગવતે વાસુદેવાય અને ૐ નમઃ શિવાય. એમ ત્રણ મંત્રો સાથે બોલવાનું ભગવાને કહ્યું હતું. ભગવાને કહ્યું કે, ''તમારે તમારી સગવડ માટે દેરાં વહેંચી લેવાં હોય તો વહેંચી લેજો, પણ મંત્રો તો ત્રણેય સાથે જ બોલજો.''

દરેક ધર્મનું રક્ષણ કરનાર રક્ષક દેવો હોય, શાસન દેવ-દેવીઓ હોય. આ ત્રણેય મંત્રો સાથે બોલવાથી બધા ધર્મના દેવલોકો આપણી ઉપર રાજી રહે. જો એક જ મંત્ર બોલો તો બીજા ધર્મના દેવો રાજી ના રહે. આપણે તો બધાને રાજી કરી મોક્ષે જવું છે ને ? અત્યારે તો લોકોએ મંત્રો વહેંચી નાખ્યા. મંત્રો તો મંત્રો, પણ અગિયારસેય વહેંચી

લીધી ! શિવની અગિયારસ જુદી ને વૈષ્ણવોની જુદી. જૈનોમાંય એક તિથિ માટે મારઝુડ ઝઘડા ઝઘડી કરી જુદા પંથ પાડી દીધા ! મોક્ષે જવું હોય તો નિષ્પક્ષપાતી થવું પડે, સર્વ રિલેટિવ ધર્મની સત્તા માન્ય કરી રિયલનું કામ કાઢી લેવાનું છે !

## એ મનને તર કરે........

પ્રશ્નકર્તા : મંત્ર શું છે ?

દાદાશ્રી : મંત્ર એ મનને આનંદ પમાડે, મનને શકિત આપે અને મનને "તર" કરે ! જયારે ભગવાને આપેલા મંત્રો વિઘ્નોનો નાશ કરે. આ ત્રિમંત્ર સર્વ વિઘ્નોનો નાશ કરે. આ ત્રિમંત્રની આરાધનાથી તો "શૂળીનો ઘા સોયે સરે." બીજા મંત્રો તો મનને "તર" કરે !

## મહત્ત્વ નવકાર મંત્રનું !

પ્રશ્નકર્તા : આ નવકાર મંત્રમાં તમામ શાસ્ત્રો આવી જાય છે ને ?

દાદાશ્રી : જો એવું હોત તો તો પછી ભગવાન મહાવીર ગૌતમસ્વામી પાસે પિસ્તાળીસ આગમો ના લખાવ્યા હોત ને એક જ મંત્ર આપીને છૂટી જાત. નવકાર મંત્ર તો શું કરે કે તમારાં આવતાં વિઘ્નોને ટાળે, સો મણનો પથરો પડવાનો હોય તો કાંકરાથી વિઘ્ન દૂર થઇ જાય.

## એનાથી કર્મો થાય હળવાં....

પ્રશ્નકર્તા : શું ત્રિમંત્રો બોલવાથી કર્મો હળવાં થાય ?

દાદાશ્રી : હા, મંત્ર બોલવાથી કર્મો હળવાં થાય, રાહત મળે કારણ કે શાસન દેવ-દેવીઓની સહાય હોય, પણ મંત્રો તો મન, વચન, કાયાની એકાગ્રતાથી બોલવા જોઇએ. તો ફળ આપે. આ લોક ઊંઘી ગયું હોય ત્યારે મન, વચન, કાયાની સ્થિરતાથી વિધિ થાય, પણ લોક ઊઠી ગયું હોય તો મહીં હાલી જાય. આ તો ઊઠે ત્યારથી સ્પંદનો ઊભાં થાય અને આત્મા સ્વ-પરપ્રકાશક છે, એટલે આ મથુર ઊઠ્યા હોય ને મથુર આપણને સંભારે તો તે આપણનેય યાદ આવે, કારણ કે તરત જ સ્પંદનો થવાનાં. તેથી આ લોકો ચાર વાગ્યે વિધિ, મંત્ર બોલવાનો નિયમ લેતા ને !

## અંતે તો કર્મનો સિદ્ધાંત જ !

ભગવાને બધી જાતના ધર્મ મૂક્યા; મોક્ષનો માર્ગ મૂક્યો અને શુભાશુભનો પણ માર્ગ મૂક્યો, તેમને અશુદ્ધનો માર્ગ નથી મૂક્યો. મંત્રોથી ચીકણાં કર્મો હળવા થાય. પણ એ મંત્ર બોલવા એય એક એવિડન્સ છે. જ્ઞાની મળે એ તો નિમિત્ત હોય. જો બધો ફેરફાર થવાનો હોય તો જ નિમિત્ત મળે એવું છે ! કર્મ કોઇને છોડે નહિ, આ તો વિઘ્ન ટળવાનું હોય તો જ પેલું નિમિત્ત મળી જાય અને મંત્રમાં વિઘ્ન ટાળવાની શક્તિ હોય છે. આ બ્રાહ્મણો હોય છે એ બધું જોષ વગેરે જોઇને છોડીના લગ્નની પત્રિકા બનાવે, પછી જુએ કે આમાં રાંડવાનું આવે છે એટલે પછી ટાઇમ ફેરફાર કરે, છતાં એ બઇ રાંડવાની હોય તે રાંડે જ. એમાં તો કોઇ ફેરફાર ના કરી શકે ! આ તો 'ઊંઘતો જવા દે, જાગતો ના જવા દે.' એવું છે આ જગત !

## એ જ્ઞાનીએ આપેલો હોવો ઘટે

તમે તો જૈન છો તે નવકાર મંત્ર બોલો છો કે ?

**પ્રશ્નકર્તા** : હા, રોજ બોલું છું.

**દાદાશ્રી** : તો પછી ઉપાધિ મટી ગઇ હશે ને ?

**પ્રશ્નકર્તા** : પણ સંસારમાં ઉપાધિ તો હોય જ ને !

**દાદાશ્રી** : જજના હાથનું જજમેન્ટ હોય કે કારકુનનું હોય ?

**પ્રશ્નકર્તા** : જજનું જ.

**દાદાશ્રી** : તે નવકાર મંત્ર પણ જજે આપેલો હોવો જોઇએ નવકાર મંત્ર સમજીને બોલો છો કે ઓળખાણ વગર બોલો છો ? આ ઘીની ઓળખાણ ના હોય તો ઘી શી રીતે લાવો ? એ તો પછી બીજું કશુંક વળગાડે. મંત્ર તો "જ્ઞાની પુરુષે" આપેલો હોય તે યથાર્થ ફળ આપે. આ ત્રિમંત્રો અમારી આજ્ઞાથી બોલે તેનાં સંસારનાં વિઘ્નો દૂર થાય, પોતે ધર્મમાં રહે અને મોક્ષને પણ પામે તેમ છે !

## નવકારમંત્રમાં કોણ આવે ?

સર્વ સાધુભ્યામ્ નમઃ જે બોલે છે, નવકાર મંત્ર પણ બોલે છે. પણ નવકાર આજે અહીં આગળ છે નહિ. નવકાર તો અમે જેમને સ્વરૂપનું જ્ઞાન આપ્યું છે તે નવકારમાં આવે. બાકી નવકાર ત્યાં બીજા

ક્ષેત્રોમાં પહોંચે છે. નવકાર તેથી બોલવાનો છે. આમને નવકાર પહોંચે નહિ, કારણ કે એ તો એમ જાણે છે કે હું આચાર્ય છું.

પ્રશ્નકર્તા : આપણે મનમાં નવકાર બોલીએ તો ઓટોમેટિકલી પંચપરમેષ્ટિ ભગવંતોને પહોંચી જાય છે ?

દાદાશ્રી : નવકાર એવી વસ્તુ છે કે તમે જેને કહેવા માંગો છો તેને તે પહોંચી જાય !

આ આટલા બધા નવકાર મંત્ર બોલે છે ને લોક કહે છે કે, "આ ચિંતા બધી કેમ જતી નથી ?" અલ્યા, સાચા નવકાર મંત્રને કોઇ બોલતા નથી. આ આમને પહોંચાડવા નવકાર મંત્ર બોલે છે, તે આ એના અધિકારી ન હોય, આ એમના આમનો કાગળ ના હોય. હવે એમના નામનો કાગળ ના હોય ને એમની ઉપર બીડીએ આપણે, C/o. ઉપાશ્રયમાં બીડીએ, એટલે હવે પેલાને તો કુદરતી રીતે પહોંચે જ નહિ, એટલે એ ડેડ લેટર ઓફિસમાં જાય, એટલે આપણો લેટર ગયો નકામો અને ચિંતા ઊભી ને ઊભી રહી. આપણે એમ નક્કી કરવું જોઇએ કે, હિન્દુસ્તાનમાં આપણા દેશમાં ભારત ક્ષેત્રમાં જયાં આચાર્યોને અને યથાર્થ ઉપાધ્યાયને પહોંચો. આ ત્રણ જણને જ પહોંચાડવાના છે, સિદ્ધો અરિહંતોને તો પહોંચે છે જ.

પ્રશ્નકર્તા : એટલે એમ ઓટોમેટિકલી નવકાર પહોંચી જાય જ ?

દાદાશ્રી : હા, ઓટોમેટિકલી પહોંચી જાય જ. હવે આ નમો અરિહંતાણં બોલીએ છીએ, પણ જાણીએ છીએ કે તે અહીં ભરતક્ષેત્રમાં છે નહિ એટલે તે પાછું ત્યાં પહોંચે, જયાં અરિહંત હોય ત્યાં અને નમો સિદ્ધાણં તે સિદ્ધોને પહોંચે જ, પણ જેટલા ભાવથી બોલે તેવું પહોંચે.

## સમજીને ગાવું

આ બધું સમજવું જોઇએ, જૈન ધર્મ એટલે સમજવું, સમજીને ગાઓ-કહે છે. આપણાં નરસિંહ મહેતા થઈ ગયાને તે નાગરની પોળમાં રહે. એમની પોળ તો નાગરની હોય ને ? મહેતાજી તો રોજ સવારના પોરમાં પરભાતિયાં વહેલા ઊઠીને બોલે, તે બીજા નાગરો એમની ટીખળ કરે. તે સવારના દાતણ કરતાં કરતાં નાગરો મોટેથી ભગત જે બોલે તે બોલવા લાગે. એટલે આખી પોળ બોલવા માંડે. લોકોએ એમના ચાળા પાડવા માંડયા, એ બોલે એવું જ બોલે. એટલે પછી નરસિંહ મહેતા એવું બોલ્યા કે "મારું ગાયું જે ગાશે તે ઘણા ગોદા ખાશે, ને સમજીને ગાશે તો વૈકુંઠ જશે."

મારું ગાયું ના ગાઇશ, ઘણા ગોદા ખાઇશ.

તેમ આ નવકાર મંત્ર સમજીને બોલો. આ મંત્ર કોને કોને પહોંચે છે, કયાં કયાં પહોંચે છે તે સમજીને પહોંચાડો. સાધુ ભમવાને કોને કહ્યા છે ? જે આત્મદશા સાધે તે સાધુ, બીજા સાધુ ખરા પણ કુસાધુ ! અને વીતરાગોથી માર્ગ જુદો પાડે એ બધાને કુલિંગી કહ્યા. એટલે આ કુલિંગીઓમાં શું કાઢવાનું હોય ? આપણે તો ભગવાન મહાવીરની વાત સાચી ગણીએ. આપણે "નમો વીતરાગાય" બોલવું.

આ નવકાર મંત્ર બોલે છે ને, તે સમજીને ગાવ. આ બ્રહ્માંડ બહુ મોટું છે. વીસ તીર્થંકરો, પાંચ પરમેષ્ટિ બહુ . મંત્ર સમજીને બોલવાથી પછી ભલે અજ્ઞાની હોય, પણ ૐનું ફળ મળે. તીર્થંકર કોને કહેવાય, પંચ પરમેષ્ટિ કોને કહેવાય, તે સમજીને બોલે તો ૐનું ફળ મળે તોય તે તેમને બધાંને પહોંચે. બધા વેરના ભુલાવા માટે આપણે ત્રણ મંત્રો સાથે રાખ્યા છે. કારણ કે શુદ્ધાત્મા થયા પછી નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય છે. આપણું આ હું શુદ્ધાત્મા છું એ લક્ષ ૐકાર બિન્દુ સંયુકતમ્ કહેવાય અને એનું ફળ શું ? મોક્ષ. આ બહાર ૐનું જે બધું ચાલે છે, એ લોકોને જરૂર છે. કારણ કે જયાં સુધી સાચી વાત ના પકડાય ત્યાં સુધી સ્થૂળ વસ્તુ પકડી લેવી પડે. સૂક્ષ્મ રીતે જ્ઞાની પુરૂષ એ ૐ કહેવાય. જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે એવા સત્પુરૂષથી. માંડીને પુર્ણાહુતિ સ્વરૂપ સુધીને ૐ સ્વરૂપ કહેવાય અને એથી આગળ મુકિત થાય. મુક્ત કયારે થાય ? જયારે ૐકાર બિન્દુ સંયુકતમ્ થાય અને ૐકાર બિન્દુ સંયુકતમ્ થાય તો મોક્ષ થાય. પછી કોઇ એનો મોક્ષ રોકી શકે નહિ ?

## એ છે સંન્યસ્ત મંત્ર

નવકાર મંત્ર સંન્યસ્ત મંત્ર કહેવાય. જયાં સુધી વ્યવહારમાં છે ત્યાં સુધી ત્રણેય મંત્રો-નવકાર, ૐનમો ભગવતે વાસુદેવ અને ૐનમઃ શિવાય-એમ સાથે બોલવાના હોય અને સન્યસ્ત લીધા પછી એકલો નવકાર બોલે તો ચાલે. આ તો સન્યસ્ત લીધા પહેલાં નવકાર મંત્ર એકલો ઝાલી પડયા છે !

સન્યસ્ત એટલે જેને "હું" અને "મારું" ના રહ્યું હોય બહુ અને મંત્ર બોલવા હોય તો નવકાર મંત્ર એ સન્યસ્ત મંત્ર બોલાય પણ જયારે સંસાર જોડે હજુ લેવાદેવા છે. સંસાર જોડે વેપાર રોજગાર છે. "હું" મારું છે ત્યાં સુધી બધા મંત્રો, ત્રણેય મંત્રો બોલે તો ફળ આપે અને તે બહુ ફળ આપે છે. આ ત્રિમંત્રો તો એટલું બધું ફળ આપે છે કે ન પૂછો વાત.

## જૈન કોને કહેવાય ?

**પ્રશ્નકર્તા** : જૈન કોને કહેવાય ?

**દાદાશ્રી** : જિન એટલે આત્મજ્ઞાની ને જિનેશ્વર એટલે તીર્થંકર જેણે જિન કે જિનેશ્વરનું સાંભળ્યું હોય તે જૈન. જેણે સાંભળ્યું, શ્રદ્ધયું અને જેટલા અંશે થયું તેટલું પાલન કર્યું એ શ્રાવકો અને જેણે સંપૂર્ણ પાલન કર્યું તે સાધુ.

## અરિહંત કોણ ?

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામી વિશે કંઈક કહો.

**દાદાશ્રી** : અત્યારે નવકારમંત્ર બોલો છો કે નથી બોલતા ? પહેલાં કયો મંત્ર બોલો છો ?

**પ્રશ્નકર્તા** : નવકારમંત્ર. નમો અરિહંતાણં.

**દાદાશ્રી** : પછી બીજો કયો ?

**પ્રશ્નકર્તા** : નમો સિદ્ધાણં.

**દાદાશ્રી** : આ મંત્ર બોલો છો એ કોને પહોંચે છે ? અરિહંત કોણ છે ? ક્યાં છે ? શું નામ છે ?

**પ્રશ્નકર્તા** : દરેક કર્મોનો નાશ કરીને બેઠા તે ભગવાન.

**દાદાશ્રી** : પણ શું નામ એમનું ? નામથી જાણો હવે એમને ?

**પ્રશ્નકર્તા** : નામ તો ઋષભદેવ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, મહાવીર સ્વામી, ચોવીસ તીર્થંકરો, આગળ પણ થઈ ગયેલા ઘણા.

**દાદાશ્રી** : હા. ચોવીસ તીર્થંકરોને તમે અરિહંત કહો તો મારું કહેવાનું કે તેથી જ આખા જૈનજગતને કેટલાયને સાચું ભાન નથી. બેભાનપણે આવું બોલ્યા કરે છે, એ અરિહંત નથી હવે. આને આપણે અરિહંત કહીએ તો એ નિર્વાણ નથા થયા હજુ ?

**પ્રશ્નકર્તા** : મહાવીર સ્વામી તો નિર્વાણ થઈ ગયાં.

**દાદાશ્રી** : તો નિર્વાણ થઈને એ તો સિદ્ધ થયા, એ સિદ્ધગતિમાં ગયા એટલે સિદ્ધ કહેવાય. તો એ નમો સિદ્ધાણંમાં ગયા, તો એમને આપણાથી અરિહંત કેમ કરીને કહેવાય ? તમને સમજાયું ? હું શું કહેવા માગું છું તે ! એ નિર્વાણ પામ્યા પછી સિદ્ધ થયા, હવે પછી એમને નમો અરિહંતાણં બોલીએ તો એ કેટલો બધો દોષ બેસે ! તમને સમજાઈ આ વાત ? એટલે એ અત્યારે અરિહંત નથી. શેમાં ગયાં છે ?

**પ્રશ્નકર્તા :** સિદ્ધમાં.

**દાદાશ્રી :** તમને નથી લાગતું કે સિદ્ધમાં ગયા એ ?

**પ્રશ્નકર્તા :** હા. સિદ્ધમાં જ ગયા.

**દાદાશ્રી :** તો પછી આ અરિહંત કેમ કહેવાય ? એ તો સિદ્ધને જ પહોંચે બધા. તેથી આ નવકાર મંત્ર ફળતો નથી. બધા પાર વગરની ચિંતાઓ લઈને ફર્યા કરે છે. જૈન સાધુ, સંન્યાસીઓ બધાય, તો આજે અરિહંત કોણ ?

**પ્રશ્નકર્તા :** આપ કહો ..

**દાદાશ્રી :** આ સીમંધર સ્વામી અત્યારે અરિહંત છે. સમજ પડીને ? જે આ હાજર છે. શું છે ? વર્તમાન તીર્થંકર હોય એ અરિહંત કહેવાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે વિચરે છે ?

**દાદાશ્રી :** હા. છે ને સારી રીતે છે. હજું તો કેટલાં વર્ષ સુધી રહેશે. એટલે એમનું નામ લેજો. શું કહ્યું ? સમજ પડીને ? પેલા બધા સિદ્ધ થઇ ગયાં.

**પ્રશ્નકર્તા :** અને આ ભગવાન વિચરે છે.

**દાદાશ્રી :** હા. હવે કલેક્ટર હોય એ કમિશનર થયાં પછી એમને કહીએ કે "હે કલેક્ટર અહીં આવ" તો શું કહે સાહેબ ? રીસ ચઢે કે ના ચઢે ? આ બધુ ઊંધું બફાયું છે.

## એ છે ક્યાં અત્યારે ?

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી આવતી ચોવીસમાં છે ? તે અત્યારે ક્યાં છે ?

**દાદાશ્રી :** અત્યારે તો મહાવિદેહ ક્ષેત્રમાં છે, અહીં આવતી ચોવીસમાં નથી.

**પ્રશ્નકર્તા :** નથી?

**દાદાશ્રી :** ના. એ તો અત્યારે મહાવિદેહ, ક્ષેત્રમાં અત્યારે તીર્થંકર જ છે. આપ શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે. સીમંધર સ્વામી અત્યારે વિચરે છે.

**દાદાશ્રી .** તમે ગયેલા ખરા કોઈ દહાડો અહીં મહેસાણામાં ? મહેસાણામાં સીમંધર સ્વામીનું દેરાસર છે એ જોયું ?

**પ્રશ્નકર્તા :** હા.

દાદાશ્રી : એ ભગવાનનું આપણા ભારતદેશ ઉપર અનુસંધાન છે. બીજા ઓગણીસ તીર્થંકરો છે, પણ બીજા તીર્થંકરોની મૂર્તિ નથી બેસાડી, કારણ કે આમનું અનુસંધાન છે આપણા દેશ સાથે અને સચ્ચિદાનંદ સંઘ છે તે તીર્થંકર સીમંધર સ્વામીનું દેરાસર બનાવવાનું ગોઠવે છે, આય સંકેત છે.

## સાચી સમજ નવકારની

પ્રશ્નકર્તા : પેલી નવકારમંત્રની આપે વાત કરીને એ વાત જરા નવી છે. એ વાત વિગતથી કરોને જેથી ઊંડો ખ્યાલ આવે.

દાદાશ્રી : મહારાજ કહે છે કે, અમે બધા નવકાર મંત્રો બોલીએ છીએ, તમે ત્રણ મંત્રો (ત્રિમંત્રો) કેમ કર્યા ? ત્યારે મેં કહ્યું, "તમને સમજાવું. આ નવકારમંત્ર બોલો છો, તે નવકાર મંત્ર તેમાં,

"નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએસવ્વસાહૂણં."

તેમાં સાધુ કોઇ હશે એમ માનીને પહોંચે છે, નમો ઉવજ્ઝાયાણં એટલે ઉપાધ્યાય કોઇ હશે એમ માનીને પહોંચે છે. નમો આયરિયાણં એટલે આચાર્યને પહોંચે છે. નમો સિધ્ધાણં એટલે સિધ્ધને પણ પહોંચે છે. પણ નમો અરિહંતાણમાં અરિહંત કોણ ? કોને પહોંચે છે આ ટપાલ ? ત્યારે એ કહે છે, ચોવીસ તીર્થંકરોને" અરે ભઇ, ચોવીસ તીર્થંકરો તો સિધ્ધ થઈ ગયા, હવે એમને અરિહંત ના કહેવાય. તમને કેમ લાગે છે ? ચોવીસ તીર્થંકરો સિધ્ધ થઇ ગયા એટલે કલેક્ટર થયા પછી એને હવાલદાર પણ કહીએ તો ખોટું દેખાય.

પ્રશ્નકર્તા : એક વખત તો અરિહંત થયા હતા ને ?

દાદાશ્રી : ના. એવું ચાલે નહિ. અત્યારે સિધ્ધગતિમાં હોય અને એમને આપણે સિધ્ધને નમસ્કાર કરીએ છીએ. નમો સિધ્ધાણં, અને ફરી પાછા એમને અરિહંત નમસ્કાર કરીએ. માટે આજે આ નવકારમંત્ર ફળ આપતો નથી.

**પ્રશ્નકર્તા** : એટલે અત્યારે ના પહોંચે એમને ?

**દાદાશ્રી** : એટલે પછી મારે આચાર્ય મહારાજને સહેજ કહેવું પડ્યું કે અરિહંતને નમસ્કાર કરો. અરિહંતને. તો કહે કે અરિહંત ક્યાં છે અત્યારે ? તો મેં કહ્યું કે આ સીમંધર સ્વામીને નમસ્કાર કરો. સીમંધર સ્વામી છે એ બ્રહ્માંડમાં છે. એટલે આ તૈયાર છે. માટે એને નમસ્કાર કરો. એ હજુ છે. અરિહંત તરીકે હોવા જોઇએ. આપને આ વાત સમજાઇ ?

**પ્રશ્નકર્તા** : હા. સમજાઈ.

**દાદાશ્રી** : તો આપણને તેનું ફળ મળે.

## દેશના આપે તીર્થંકરો

**પ્રશ્નકર્તા** : તીર્થંકરો તો ઉપદેશ આપે ને ?

**દાદાશ્રી** : ના. તીર્થંકરો દેશના આપે.

સિદ્ધને અરિહંત કહેવાય એ ગુનો નહિ ? એટલે મહારાજ પછી સમજ્યા. મહારાજે મને કહે છે કે "આવી ભૂલ ચાલે છે !" મેં કહ્યું, "આખું જૈનજગત બધું આમ કરે છે. મૂળથી જ ભૂલો. જે સિધ્ધ થઇ ગયેલા તેને અરિહંત કહો છો. શી રીતે પહોંચે તે ? તમને એવું લાગતું નથી કે ના કહેવાય અરિહંત ?

## નિર્વાણ પછી થયા સિધ્ધ

**પ્રશ્નકર્તા** : પણ જ્યારે ઉપદેશ આપતા હશે, ત્યારની વાત છે ને ?

**દાદાશ્રી** : પણ અરિહંત એટલે શું કહેવા માગે છે ? એ અરિહંતનો અર્થ તમને કહું ? અરિહંત એટલે પ્રત્યક્ષ આજે હોય, તમે જોયા ના હોય, પણ જે પણ સ્થિતિમાં હોય, તે પણ આજે અસ્તિત્વ હોય તે. એટલે ભગવાન મહાવીર એ અરિહંતની જગ્યા ઉપર નથી. તમને સમજ પડી મેં શું કહ્યું તે ?

પ્રશ્નકર્તા : હા. થોડી થોડી ખબર પડી.

દાદાશ્રી : એ તો અરિહંત હતા જ પણ હવે એ સિધ્ધ થયા, કેવળજ્ઞાન થયું તોય અરિહંત કહેવાતા, પણ નિર્વાણ પામ્યા પછી અરિહંત ના કહેવાય. પછી સિધ્ધ કહેવાય. તે સિધ્ધને અરિહંત માને છે, એટલે આ નવકાર મંત્ર ફળતો નથી. પછી મેં એમને સમજણ પાડી કે અરિહંત અત્યારે સીમંધર સ્વામી છે, જે હાજર હોય, જીવતા હોય તે અરિહંત. તેમને ભજો.

## વિદ્યમાન તીર્થંકરો વીસ

પ્રશ્નકર્તા : મહાવિદેહક્ષેત્રમાં સીમંધર સ્વામી વર્તમાન તીર્થંકરો છે. એવા બીજા તીર્થંકરો પણ ત્યાં છે !

દાદાશ્રી : છે ને ત્યાં બધા.

પ્રશ્નકર્તા : વર્તમાનમાં ?

દાદાશ્રી : હા. એવા અત્યારે વીસ તીર્થંકરો છે વર્તમાનમાં. એ હોય છે જ ! આ સીમંધર સ્વામી છે. એ ભરતક્ષેત્રના નિમિત્ત છે. જે નિમિત્ત હોય તે હિતકારી હોય !

સીમંધર સ્વામીનું વીસ તીર્થંકરોમાં ખાસ ભજવાનું એટલા માટે કે આપણા ભરતક્ષેત્રની નજીકમાં નજીક તે છે અને ભરતક્ષેત્રની જોડે એમનું ઋણાનુંબંધ છે.

પ્રશ્નકર્તા : તો અરિહંત એટલે વિદ્યમાન તીર્થંકરોને ?

દાદાશ્રી : હા. તે તીર્થંકર તેમને ગણો. બાકી આ ચોવીસ તીર્થંકરો થઈ ગયા, એમને અરિહંત ના કહેવાય. અરિહંત તો સીમંધર સ્વામી એકલાને જ ગણોને ! અરિહંત જે છે તે સીમંધર સ્વામી છે. અગર તો બીજા ઓગણીસ તીર્થંકરો હોય એ અરિહંત છે, જે વર્તમાન તીર્થંકર હોય એ અરિહંત કહેવાય.

આ જ અરિહંત ! આ સમજીને હવે નમસ્કાર બોલો તો ફળ આપે.

## એ દર્શનથી થવાય નિષ્પક્ષપાતી

આ નવકારમાં આજે અરિહંત એ સીમંધર સ્વામી છે, એવું માનીને બોલજો હવે. અને બીજા મંત્રો છે, ત્રણેય મંત્રો, તે બધાય જોડે બોલજો. એમના દેરાસરમાં દર્શન કરવા ગયેલા ?

પ્રશ્નકર્તા : ના. અમે સ્થાનકવાસી છીએ.

દાદાશ્રી : તમે સ્થાનકવાસી હો તો પણ એમના દર્શન તો કરવાં તમારે. સમજ પડીને ? સ્થાનકવાસી એક મત છે. એટલે આપણે મતની બહાર નીકળવું છે, હવે કયાં સુધી આ મતમાં પડી રહેવું ? મોક્ષે જવું છે ને કે મોક્ષે નથી જવું ?

## નવકાર બોલવા ઉપયોગપૂર્વક

અને આ તો ઉતાવળે બોલે છે ને, કે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં. અલ્યા, આ ભૈડવાની (ભરડવાની) ચીજ છે ?! આ ઘઉં ભૈડો છો ? (ભરડો છો ?) નમો અરિહંતાણંની રોટલી કરવી છે ? આ લોક તો રોટલી કરી નાખે, લોટ બાંધીને ?

## જ્યાં છે ત્યાં નમસ્કાર

અને તે અરિહંત ભગવાન આજ અમારા દેશમાં ના હોય, તો બીજી દુનિયામાં જ્યાં હોય ત્યાં બધે અમે આ નમસ્કાર પહોંચાડીએ છીએ. એ જ્યાં હોય ત્યાં અમારા નમસ્કાર પહોંચો આપણે કાગળ લખીએ છીએ ને કે ફલાણાભાઈના નામનો એટલે ત્યાં પહોંચે. એટલે નવકારમંત્રમાં બહુ ઉત્તમકાર્ય કરનારા શબ્દ છે આ બધા.

## નમસ્કાર પહોંચે, સીમંધર સ્વામીને

આપણે તો આ દાદા બોલાવે છે ને, સીમંધર સ્વામીનું, તે બધું બોલાવે એટલું બોલવાનું, એટલે બહુ થઈ ગયું. એક ફેરો દર્શન થયાં તો કામ કાઢી નાખે. તો આ દાદાની હાજરીમાં દર્શન પહોંચ્યા કરે છે. ને ભગવાન ત્યાં સ્વીકાર કરે છે. સ્વીકાર કરે એ ચાલે ને. નહિ તો એ કેવળજ્ઞાની ના કહેવાય. હા, ભીંતની બહાર રહીને દર્શન દર્શન કરતો હોય તોયે કેવળજ્ઞાની સ્વીકાર કરે ! અહીં બેઠાં બેઠાં નીચેવાળો દર્શન કોઈ કરતો હોય ને, તેનો સ્વીકાર પોતે કરે. તે આ તો દાદાના શું કહેવાય તે સિફારસ આપે.

## મોક્ષમાર્ગ અને દેવ-દેવીઓ

**પ્રશ્નકર્તા** : મોક્ષમાર્ગ એ મુક્તિનો માર્ગ છે, એમાં કશી અપેક્ષા ના હોઈ શકે. તો પછી આમાં શાસન દેવ-દેવીઓને રાજી રાખવાની શી જરૂર છે ?

**દાદાશ્રી** : આ શાસન દેવ-દેવીઓને રાજી એટલા માટે રાખવાનું કે આ કાળના મનુષ્યો પૂર્વવિરાધક છે. પૂર્વવિરાધક એટલે કોઈને સળી કરીને આવેલા. તેથી તો અત્યાર સુધી રખડી મરેલા. આપણે દેવ-દેવીઓનું આરાધન એટલા માટે કરવાનું કે એમના તરફનો કોઈ "ક્લેઇમ" ના રહે, આપણા માર્ગમાં વચ્ચે તેઓ અંતરાય ના નાખે અને આપણને પસાર થવા દે અને "હેલ્પ" કરે. આપણને આ ગામ જોડે પહેલાંનો ઝઘડો થયેલો હોય ને એ ગામના લોકો જોડે આરાધનાના

ભાવ રાખીએ તો ઝઘડો મટી જાય ને ઊલટું સારું કામ થાય. એમ આખા જગત જોડે આરાધનાથી શાસન દેવ-દેવીઓ જ નહીં, પણ જીવમાત્ર જોડે આરાધનાથી સારું થાય. શાસન દેવ-દેવીઓ નિરંતર શાસન ઉપર, ધર્મ ઉપર કંઈપણ અડચણ આવે તો તે "હેલ્પ" કરે ! અને આ મોક્ષમાર્ગ એવો છે કે અહીંથી "ડિરેક્ટ" મોક્ષે ના જવાય, એક બે અવતાર બાકી રહે એવો માર્ગ છે, આ કાળમાં અહીંથી "ડિરેક્ટ" મોક્ષ થતો નથી. આ કાળની વિચિત્રતા એટલી બધી છે કે કર્મો બધાં "કોમ્પ્રેસ" કરીને લાવ્યો છે, તે આખો દહાડો પ્લેનમાં ફરે તોય કામ પૂરાં થાય નહિ. સાયકલ લઈને ફરે, આખો દહાડો રખડ રખડ કરે પણ કામ પૂરાં થાય નહિ. એટલે એક બે અવતાર જેટલાં કર્મ બાકી રહે છે. એટલે આ મોક્ષ જ કહેવાય ને ? પણ મોક્ષનો અહીં જ અનુભવ થઇ જાય ને છૂટાપણાનું ભાન થાય, "હું છૂટો પડી ગયો છું" એવું ભાન થાય.

## નમસ્કાર કરે કોણ કોને ?

આપણી આ નમસ્કાર વિધિમાં તો બધા દેવ-દેવી, તિર્યંચ, નારકી, બધા જીવમાત્રની જોડે નમસ્કાર બોલી ગયા, તે આપણે શુદ્ધાત્મા નમસ્કાર નથી કરતા. જે બોલે છે તેની પાસે નમસ્કાર કરાવીએ છીએ. આપણે જાણીએ કે બોલનારાએ આટલા આટલા બધાને નમસ્કાર કર્યા.

હવે નમસ્કાર કર્યા એટલે એ લોકો કહેશે કે ભઈ, આ તમને અમે લેટ ગો કરીએ છીએ, તમે અમને એમ કહેતા હતા ને કે અમે નથી. પણ અમે છીએ ને, "હા ભઇ, તમે છો. અમે જાણતા નહોતા, તેથી અમે કહેતાં હતા કે તમે નથી પણ એ અમે સાધુ આચાર્યોના સંગથી એવું કહેતા હતા કે, "તમારાં દર્શન કરવાથી અમે મિથ્યાત્વી થઇ જઇશું, પણ અમે હતા જ કયાં સમકિતી તે મિથ્યાત્વી થઈ જવાના હતા તે ?"

**પ્રશ્નકર્તા** : કોઈ લોકો કહે છે ઘંટાકર્ણ દેવને માનવું અને અમુક કહે છે એમને ના માનવું. તેમાં આપનો શો અભિપ્રાય છે ?

**દાદાશ્રી** . જેને સંસારની અડચણો હોય તેણે ઘંટાકર્ણ દેવને માનવું. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા** : એટલે પૈસા માટે ?

**દાદાશ્રી** : ના. બધી રીતે, કોઇપણ જાતની સંસારની અડચણ હોય તો માનવું. અને અડચણ ના હોય અને મોક્ષે જ જવું હોય તેણે નહિ માનવું અને મોક્ષે જતાં જો અડચણ હોય, સાંસારિક તો માંગવામાં વાંધો નથી. એટલે થોડાક થોડાક વિરોધી માણસો છે. થોડાકને લીધે

ઝઘડો ચાલે છે તે વિરોધી માણસો થોડા અવળું બોલે છે. બધા માણસો એવું ના બોલે.

**પ્રશ્નકર્તા** : આ ઘંટાકર્ણ દેવ એ સમકિતી દેવ છે કે અસમકિતી દેવ છે ?

**દાદાશ્રી** : જેટલા જેટલા શાસનદેવો છે એ બધા સમકિતી છે.

**પ્રશ્નકર્તા** : ઘંટાકર્ણ સમકિતી છે કે અસમકિતી ?

**દાદાશ્રી** : એ શાસનદેવ છે.

## બન્નેમાં શો ફેર ?

**પ્રશ્નકર્તા** : ભગવાન મહાવીરની પ્રાર્થના-સ્તુતિ કરીએ અને સીમંધર સ્વામીને આપણે પ્રાર્થના-સ્તુતિ કરીએ તો એ બન્નેની ફળશ્રુતિમાં શો ફેર પડે

**દાદાશ્રી** : મહાવીરનું લેતો કોઇ સાંભળે જ નહિ. મહાવીરનું નામ લીધેલું કોણ સાંભળે ? મહાવીરનું કોઈ સાંભળે છે ? આપણા સીમંધર સ્વામીનું નામ લેતો ના હોય, મહાવીરનું લેતો હોય, પણ સાંભળે કોણ ? એ પોતે સિદ્ધક્ષેત્રમાં જઈને બેઠા, એમને અહીં લેવા-દેવા ના રહી. આપણે રૂપકો બનાવીએ તોય હવે એ સિદ્ધ થઇને બેઠા. એ તીર્થંકરેય ના કહેવાય હવે. એ તો સિદ્ધ જ કહેવાય. સમજ પડી ને ? એટલે આ એકલા જ ફળ આપે. નમો સિદ્ધાણં બોલો તેમાં મહાવીર ને ચોવીસેય તીર્થંકરો આવી ગયા.

**પ્રશ્નકર્તા** : નમો અરિહંતાણં ને નમો સિદ્ધાણં આ બન્ને બોલવાથી બન્નેમાં ફરક શો પડે છે ?

**દાદાશ્રી** : નમો સિદ્ધાણં ના બોલે તો ચાલે, પણ નમો અરિહંતાણં બોલવું પડે, મુક્ત થવા માટે નમો અરિહંતાણં બોલવું પડે.

**પ્રશ્નકર્તા** : એટલે જ ફળ મળે છે તે નમો અરિહંતાણંનું જ મળે છે. એવું થયું ને ? સીમંધર સ્વામીનું જ મલે છે ને ?

**દાદાશ્રી** ? એ તો આપણે એમ નક્કી કરીએ કે ભઇ, કયા સ્ટેશને જવું છે ? તો કહે કે ભઇ, આણંદ જવું છે. બસ, તે આણંદ આપણા લક્ષમાં રહ્યા કરે. એમ મોક્ષમાં જવાનું, સિદ્ધગતિમાં જવાનું, તે લક્ષમાં રહ્યા કરે. સમજ પડીને ? આમાં ઉપકારી સર્વશ્રેષ્ઠ ઉપકારી તો અરિહંત કહેવાય.

**પ્રશ્નકર્તા** : જે વિચરતા હોય એ.

**દાદાશ્રી** : હા. અરિહંત કોને કહેવાય ? જે હાજર હોય તેને, ગેરહાજર હોય તેને અરિહંત ના કહેવાય. પ્રત્યક્ષ પ્રગટ હોવું જોઇએ. બીજું

બધું પરોક્ષ માટે આ સીમંધર સ્વામીની ઉપર બધું થઈ જાવ હવે. જોડે બધાઓગણીસ તીર્થંકરો છે પણ બીજા કોઇ નામો આપણને યાદ રહે તેના કરતાં આમને જ ભાવ પહોંચે. આપણા હિન્દુસ્તાન માટે સીમંધર સ્વામીનું ખાસ મહત્ત્વ ગણાય છે. હવે એમના માટે જીવન અર્પણ કરો !

## એ ભજનાનું ફળ શું ?

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામીને આપણે ભજીએ છીએ એ બરોબર છે. પણ દાદા, ચોવીસ તીર્થંકર છે એમાં કોઇને પણ ભજીએ તો તેનું ફળ ના મળે ?

**દાદાશ્રી** : કશું ના કરે, તેનાં કરતાં કરે એ સારું. પણ તે ખરું ફળ તીર્થંકરનું ફળ મળે નહિ. જે તીર્થંકર માનીને કરે પણ તીર્થંકર નથી એ. એ સિદ્ધ છે, તમને સમજાયું એ સિદ્ધ છે એવું ?

**પ્રશ્નકર્તા** : બરોબર છે.

**દાદાશ્રી** : અહીં હોય ને. અહીં પ્રગટ હોય તો ! ભગવાન મહાવીર એમના સમયમાં તીર્થંકર હતા. હવે સમય પૂરો થઇ ગયો. એટલે સિદ્ધ થઇ ગયા ચોવીસેય તીર્થંકર સિદ્ધ થઈ ગયા અને આ તો આપણે જઇશું તોય આ તીર્થંકર રહેવાનાં.

## ઋણાનુબંધ ભરતક્ષેત્ર

સીમંધર સ્વામી તો અઢારમા (ભરતક્ષેત્રમાં) તીર્થંકર હતા ત્યારના છે ભગવાન ! બધા તીર્થંકરોએ અનુમોદના કરેલી તે આ અનુમોદનારૂપ એમની કૃપા ઊતરતી જ ચાલે છે. એટલે બધું અહીંનું કામ જ જાણે એમનું હોય એવી રીતના ચાલે છે. બાકી છે તો વીસ તીર્થંકરો છે પણ આ તીર્થંકર વધારે એકસેપ્ટ કરે બધાય. તે ઋણાનુબંધી હિસાબ હશે તે. પહેલાનો હિસાબ હશે ને તે છૂટે હંમેશાં. વીતરાગતામાં હિસાબ ના હોય. હિસાબ પહેલાંનો છૂટતો હોય. જે દ્રવ્યકર્મના આઠકર્મ છૂટેને, એવી રાતે એ છૂટે, તેની મહીં ભેગાભેગા હિસાબ છૂટે. એમને બધા તીર્થંકરોએ માન્ય કરેલા. અને અત્યારે એ માન્ય કરીએ તો આપણને ફળ મળે. અને વીસ તીર્થંકરો છે એકે નથી.

**પ્રશ્નકર્તા** : જે અત્યારે, હાલમાં વિચરી રહ્યા છે ને ?

**દાદાશ્રી** : હા. વિચરી રહ્યા છે. હજુ બહુ કાળ સુધી રહેવાના છે અહીં આગળ. તાર જોઇન્ટ કરીએ,

તો કામ નીકળી જાય.

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામી સાક્ષાત્ હોય એવા અનુભવ થાય છે.

**દાદાશ્રી** : થાય. એ સાક્ષાત્ છે જ. ભાવે કરીને સંપૂર્ણ વીતરાગ જ છે. તીર્થંકર જ છે. પણ જે મૂળ છે તે તીર્થંકર નામકર્મનાં આધારે આ કર્મ ભોગવે છે અત્યારે. સીમંધર સ્વામી એ તો કેશ ( રોકડા ) કહેવાય. એ તો ભલે બીજા ક્ષેત્રમાં હોય પણ હાજર છે એ એટલે.

## એ કરતા શું હશે ?

**પ્રશ્નકર્તા** : આ સીમંધર સ્વામી મહાવિદેહક્ષેત્રમાં શું કરે છે ?

**દાદાશ્રી** : કરવાનું એમને કશું જ ના હોય ને. કર્મના ઉદય પ્રમાણે બસ. પોતાના ઉદયકર્મ જે કરાવડાવે એવું કર્યા કરે. પોતાની જાતનો ઈગોઈઝમ (અહંકાર) ખલાસ થઈ ગયો હોય ને આખો દહાડો જ્ઞાનમાં જ રહે. મહાવીર ભગવાન રહેતા હતા એવું. એમને ફોલોઅર્સ (અનુયાયીઓ) બહુ હોય ને બધા. ફોલોઅર્સ બહુ હોય.

## અંધારામાં રહ્યું જગત

**પ્રશ્નકર્તા** : રામ, કૃષ્ણ, અલ્લા, ક્રાઈસ્ટ, આવા કેટલાય થઈ ગયા. પણ સીમંધરસ્વામી માટેનું અજ્ઞાન –દોઢ લાખ વર્ષથી જો સીમંધર સ્વામી છે તો એના માટેનું આટલું બધું અજ્ઞાન કેમ છે ?

**દાદાશ્રી** : એમના એકલા માટે નહિ, બધા બહુ જણ માટે અજ્ઞાન છે. બધું અજ્ઞાન જ છે આ ! અંધારામાં જ છે જગત. આ તો જેટલું દેખાયું એટલું અજવાળું થયું. બાકી અંધારું જ, બધું અંધારું જ છે. જગત તો બહુ વિશાળ છે અને સીમંધર સ્વામી જેવા પાછા બીજા છે. આ તો ટૂંકી દૃષ્ટિથી–શોર્ટ સાઇટથી આપણે આવું અંધારામાં દેખાય છે. બહુ વિશાળ છે જગત. મોટા મોટા ઇન્દ્ર લોકોય છે. તેમને બે બે લાખનાં આયુષ્ય છે. નર્ક ગતિમાંય તેમનેય બે બે લાખનાં આયુષ્ય છે. ત્યાં આયુષ્યની ખોટ જ નથી. અહીં મનુષ્ય એકલામાં જ આયુષ્યની ખોટ છે. અહીં જ ભાંજગડ બધી ! સાસુ સસરો થયો કે હેંડ્યો....!

## નામ, રૂપનું રહસ્ય

પ્રશ્નકર્તા : જો ભગવાન નિરાકાર હોય તો નામ અને રૂપમાં આપણે સીમંધર સ્વામી કહીએ તો એ તો સીમંધર સ્વામી એ નામ કહ્યું, તો ભગવાનનું એ સ્વરૂપ છે. એ સીમિત ના થઈ જાય ? કારણ કે પરમાત્મા તો નિરાકાર છે. તો પછી આ નામ અને રૂપની જ ભજના કરવી એનું શું કારણ ?

દાદાશ્રી : એવું છે ને, કેરી નામ દેવાથી આપણા લક્ષમાં જ હોય કે રસ હતો. રસને માટે જ કેરીનું નામ દઇએ છીએ ને આપણે? એટલે આ નામ દેવાથી ભગવાન મહીં છે એની ખાતરી જ હોય. નામ એ મંદિર કહેવાય. અને મહીં ભગવાન. અને પેલું જે છે એ તત્વ. સમજ પડી ને? એ અરૂપી તત્વ હોય તે લક્ષમાં નહીં આવી શકે. માટે જયાં અરૂપીતત્વ પ્રગટ થઇ ગયેલું છે. સંપૂર્ણ પ્રગટ થઇ ગયેલું છે. કમ્પલીટ પ્રગટ ! તે ત્યાં એમનાં મંદિરનું નામ દઇએ, ત્યાંથી જ આપણને એનો લાભ થાય. આપણે અહીં કેરી બોલીએ તે કંઇ કેરી શબ્દ માટે નથી, રસને માટે છે. સમજ પડીને? કેરી બોલીએ છીએ તે રસના હેતુ માટે છે ને? અને ઘણા ફેરા તો કેરી જોઇએ છીએ અને જીભમાં સ્વાદ આવે છે.

પ્રશ્નકર્તા : મગર મોટર નામ દેનેસે મોટર નહીં આ જાતી ! જેનું નામ દઇએ, તો પ્રેમ મળતો નથી.

દાદાશ્રી : નહીં નામ ઉપર બેસી રહેવા જેવું નથી અને નામ વગર ચાલે એવું નથી. કારણ કે અરૂપીને કેમ કરીને તમે પકડશો? અરૂપી પકડશે નહીં આ માટે આ નામ દીધેલું છે એમાં નામ કઇ અડચણ કરતું નથી. કોઇ જાતનું. નામમાં જ પણ જે પેસી જાય છે તેને અરૂપી પકડતા નથી. નામના હઠાગ્રહી જ થઇ જાય છે. બાર હેતુ માટે અરૂપીના હેતુ માટે જ નામ ધારીએ છીએ આપણે. બીજું કોઇ કારણ નથી.

પ્રશ્નકર્તા : નામને પકડવાથી પછી આપણામાં એ યાંત્રિકતા નહીં આવી જાય ને? મિકેનિકલ નહીં થઇ જાય ને?

દાદાશ્રી : એવું છે ને, આ દાદા ભગવાન કહોને તો આ દેખાય છે એ નહોય. મહીં પ્રગટ થયા છે તે દાદા ભગવાન છે. પણ કહેતાની સાથે સમજાઇ જાય કે મહીં દાદા ભગવાન છે. એમનાં દર્શન કરીએ.

## ભૂગોળ, મહાવિદેહ ક્ષેત્રની

પ્રશ્નકર્તા : હવે મહાવિદેહ ક્ષેત્ર વિશે થોડું ડીટેલમાં જણાવો ને. આટલા જોજન દૂર આ મેરુ પર્વત, એજે બધી વસ્તુ શાસ્ત્રમાં લખેલી છે એ બરાબર છે?

દાદાશ્રી : બરાબર છે. એમાં ફેર નથી. ગણતરીબંધ વસ્તુ છે. હા, તે એટલા વર્ષનાં આયુષ્ય, હજુ કેટલાં વર્ષ રહેશે, પણ બધું ગણતરીબંધ છે બધું.

હવે આમાં પંદર પ્રકારના મનુષ્યો છે. આ મધ્યલોક આમ

રાઉન્ડ (ગોળ) લાગે છે. રાઉન્ડ રાઉન્ડ સૂર્ય દેખાય છે. પણ એમને બીજી કંઈ સમજણ ના પડે આ. સમજ પડી ને? કારણ કે એક વાતાવરણમાંથી બીજા વાતાવરણમાં જઈ ના શકાય એવા લોકો છે મહીં, એટલે પંદર પ્રકારના મનુષ્યો છે એટલે પંદર મનુષ્યોની ભોગ ભૂમિઓ છે. મનુષ્યને જન્મ પામવાની અને મનુષ્ય લોકને રહેવાની પંદર ભૂમિકાઓ છે. આપણી એમાંની આ એક ભૂમિકા છે. આવી બીજી ચૌદ છે આ સિવાયની બીજી ચૌદ છે. એમાં આપણા જેવા જ માણસો જયાં જુઓ ત્યાં છે. આપણા કળિયુગના છે અને પેલા સત્યુગના હોય. કોઈ કોઈ જગ્યાએ કાળયુગ ખરો અને કોઈ જગ્યાએ સત્યુગ ખરો. એવી રીતે મનુષ્યો છે અને ત્યાં આગળ અત્યારે સીમંધર સ્વામી પોતે છે. તેમની દોઢ લાખની ઉંમર છે અત્યારે અને હજી સવા લાખ વર્ષ રહેવાના છે. રામચંદ્રજીના વખતે એમને જોયેલા. ત્યાર પહેલાંના એ જન્મેલા. રામચંદ્રજી જ્ઞાની હતા. એ જન્મેલા અહીં પણ એમને ત્યાંથી સીમંધર સ્વામીને જોઈ શકેલા બધા. સીમંધર સ્વામી તો એમના પહેલા, બહુ પહેલાના! આ સીમંધર સ્વામી છે એમને જગત કલ્યાણ કરવાનું છે.

એ ક્ષેત્ર એવું છે, આ પાંચ ભરત ક્ષેત્ર છે, પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે, અને પાંચ ઐરાવત છે. આ પંદર મનુષ્યો લોકના ક્ષેત્રો, તેમાં પાંચ ભારતમાં અત્યારે તીર્થંકર નથી. કારણ કે પાંચમો આરો ચાલે છે બધામાં અને ઐરાવતમાંય તીર્થંકર નથી. ફક્ત મહાવિદેહ ક્ષેત્રમાં ચોથો આરો ચાલે છે, એટલે તીર્થંકરો થયા જ કરે છે. એમાં બહુ પહેલેથી તીર્થંકર હોય અને ત્યાં વીસ તીર્થંકરોમાં આ સીમંધર સ્વામી છે!

## મહાવિદેહ ક્ષેત્ર છે કયાં?

પ્રશ્નકર્તા : પણ મહાવિદેહ ક્ષેત્ર, એ આમ છે કયાં?

દાદાશ્રી : આ બ્રહ્માંડમાં છે, પણ એ ત્યાં આગળ જતાં વચ્ચે ખૂબ ઠંડીને એ બધું લાગવાથી ત્યાં પ્લેન ના જઈ શકે, માણસ જઈ શકે નહિ. એટલે આ બધાં ક્ષેત્રો જુદા પડેલા છે. વચ્ચે એવા ઠંડા ઝોન (ભાગ) છે ને, તે કોઈ પણ ત્યાં જઈ શકે નહિ!

પ્રશ્નકર્તા : એ મહાવિદેહ ક્ષેત્ર આપણા બ્રહ્માંડની સોલર સિસ્ટમ એની બહાર છે કે અંદર છે?

દાદાશ્રી : બ્રહ્માંડની અંદર છે. બ્રહ્માંડની બહાર કશું છે નહિ.

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્ર બ્રહ્માંડાં કયાં છે?

દાદાશ્રી : ઉત્તરમાં છે, ઇશાનમાં !

પ્રશ્નકર્તા : આ ઉત્તર એટલે કઇ બાજુ ? ઉત્તર એ તો રિલેટિવ વસ્તુ થઇ ને ?

દાદાશ્રી : આ જગત જ આખું રિલેટીવ છે. આ ઇન્દ્રિયોથી જે અનુભવમાં આવે છે. એ રિયલ છે જ નહિ. ત્યાં જઇ શકાય એવી સ્થિતિ નથી કોઇની. વાતાવરણ જુદું છે બધું. આ ક્ષેત્રનું ને એ ક્ષેત્રનુ વાતાવરણ જુદું છે.

એવું છે ને, આપણે જે ગામમાં રહેતા હોય ને તે ગામ માં જ નોર્થ-સાઉથ બધું હોય છે. આ જગતમાં નોર્થ-સાઉર્થ જેવું કશું વસ્તુ જ નથી. આ તો જે ગામમાં તમે રહોને, તે નોર્થ-સાઉથ કહેવાય છે. સૂર્યનારાયણ જે તમારે પૂર્વમાં ઉગે, તે જાપાનવાળાને પશ્ચિમમાં હોય છે. એટલે કરેક્ટ વસ્તુ નથી. જે આંખે દેખાય છે એ બધું કરેક્ટ નથી આ.

## અન્ય વર્તમાન તીર્થંકરો

પ્રશ્નકર્તા : પણ વર્તમાનમાં બીજા તીર્થંકર કયાં વિચરે છે ?

દાદાશ્રી : એ વીસના નામ છે. પણ આપણા ભારતક્ષેત્રના નિમિત્ત સીમંધર સ્વામી છે. જે નિમિત્ત હોય એ હિતકારી હોય. આ વીસનાં નામ છે.

પ્રશ્નકર્તા : બસ, બસ, દાદા. આ તો એક ખાલી જાણવા માટે પૂછયું.

દાદાશ્રી : જોઈ લો, જોઈ લો ને, એક વખત નામ તો કાઢી ત્યારે નામનાં દર્શન કરી લો ને !

(૧) શ્રી સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું.
(૨) શ્રી યુગમંધરસ્વામીને નમસ્કાર કરું છું.
(૩) શ્રી બાહુસ્વામીને નમસ્કાર કરું છું.
(૪) શ્રી સુબાહુસ્વામીને નમસ્કાર કરું છું.
(૫) શ્રી સુજાતાસ્વામીને નમસ્કાર કરું છું.
(૬) શ્રી સ્વયંપ્રભસ્વામીને નમસ્કાર કરું છું.
(૭) શ્રી ઋષભાનનસ્વામીને નમસ્કાર કરું છું.
(૮) શ્રી અનંતવીર્યસ્વામીને નમસ્કાર કરું છું.
(૯) શ્રી સૂરપ્રભસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૦) શ્રી વિશાળસ્વામીને નમસ્કાર કરું છું.

(૧૧) શ્રી વજ્રધરસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૨) શ્રી ચંદ્રાનનસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૩) શ્રી ચંદ્રબાહુસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૪) શ્રી ભુજંગસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૫) શ્રી ઇશ્વરસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૬) શ્રી નેમિપ્રભસ્વામીને નમસ્કાર કરું છું.
(૧૭) શ્રી શ્રીવીરસેન સ્વામીને નમસ્કાર કરું છું.
(૧૮) શ્રી મહાભદ્ર સ્વામીને નમસ્કાર કરું છું.
(૧૯) શ્રી દેવયશા સ્વામીને નમસ્કાર કરું છું.
(૨૦) શ્રી અજિતવીર્ય સ્વામીને નમસ્કાર કરું છું.

સીમંધર સ્વામીને કે યુગમંધર સ્વામી જે શબ્દ છે એ આપણી ભાષામાં અર્થ કરીને નથી મૂકેલા. ત્યાંના જ શબ્દ છે અને નમસ્કાર કરું છું એ આપણી ભાષાનો શબ્દ છે.

## એમનું સ્વરૂપ કેવું ?

**પ્રશ્નકર્તા** : મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીનું સ્વરૂપ કેવું છે ? દેહ સ્વરૂપ છે ? કે નિરંજન નિરાકાર છે ?

**દાદાશ્રી** : દેહ સ્વરૂપ છે.

**પ્રશ્નકર્તા** : દેહ કેવો ?

**દાદાશ્રી** : દેહ તમને દેખાય, અને અમને આત્મા દેખાય, તમને આત્મા ના દેખાય. અમને આત્મા દેખાય. તમને દેહ દેખાય.

**પ્રશ્નકર્તા** : એમનો દેહ કેવો હોય ! મનુષ્ય જેવો ? આપણા જેવો?

**દાદાશ્રી** : દેહ આપણા જેવો જ. માણસ જેવો જ છે દેહ.

**પ્રશ્નકર્તા** : એમના દેહનું પ્રમાણ શું ?

**દાદાશ્રી** : પ્રમાણ બહુ હોય, હોય ! ઊંચું હાઇટ, બહુ ઊંચી છે. બધી વાત જ જુદી છે. એનું આયુષ્ય જુદું છે. પણ માણસની લાગણીઓ આપણા જેવી જ બધી.

## કાયમનો આરો ત્યાં !

**પ્રશ્નકર્તા** : ત્યાં હમેશાં ત્રીજો ને ચોથો જ આરો હોય છે ?

**દાદાશ્રી** : કાયમને માટે ચોથો આરો, ત્રીજો નહિ ચોથો એક જ.

**પ્રશ્નકર્તા** : પણ આના જેવો જ સંસાર બધો ?

**દાદાશ્રી** : હા, આવું જ બધું. એય કર્મભૂમિ બધી, ત્યાં એ "હું કરૂં છું" એવું ભાન હોય, અહંકાર, ક્રોધ, માન, માયા, લોભ ખરા.

આ ત્યાં આગળ અત્યારે તીર્થંકર હોય. ચોથા આરામાં તીર્થંકર હોય. બાકી બીજુ બધું આપણા જેવી જ દશા હોય. આ રામચંદ્રજી ચોથા આરામાં હતાને.

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્રમાં આ પ્રમાણે જ બધી વસ્તી અને વ્યવસ્થા હશે ? મહાવિદેહ ક્ષેત્રમાં અહીંનાં જેવું જ બધું હશે ?

દાદાશ્રી : અહીંના જેવું જ બધું. એમાં જરાય ફેર નહિ. આપણે ત્યાં અહીં ચોથો આરો હતોને એના જેવું જ. પાંચમા આરા જેવું નહિ.

પ્રશ્નકર્તા : સીમંધર સ્વામી પ્રવચન આપે ખરા ?

દાદાશ્રી : પ્રવચન ના હોય એમની પાસે. એમની પાસે દેશના હોય. સમજ પડી ને ? પ્રવચન એમને ના હોય. પ્રવચન અહંકારી આપે. કોણ આપે ઉપદેશક છઠ્ઠું ગુણસ્થાનક ઓળંગે છે, એ પ્રવચન આપી શકે.

**પ્રશ્નકર્તા** : તો સીમંધર સ્વામીની દેશના સાંભળે કેવી રીતે લોકો?

દાદાશ્રી : દેશના નીકળે ને ત્યારે લોકો સાંભળે. એ છે તે ઉપદેશ ના આપે, પ્રવચન ના કરે. સમજ પડી ને ? એટલે એમની દેશના હોય. દેશના એટલે એમને પોતાને બોલવું ના પડે. ટેપરેકર્ડ બોલી દે. આ અમારી દેશના છે, ટેપરેકર્ડની જેમ નીકળે છે. ભગવાન માલિક ના હોય અમેય ના માલિક હોઈએ. ઉપદેશક કે પ્રવચનવાળાને માલિકી હોય કે આ મારી વાણી નીકળે "માય સ્પીચ" એમ બોલે. સમજ પડી ને? એટલે આ "માય સ્પીચ" ના હોય. આય મારી વાણી નથી. આ ટેપરેકર્ડની વાણી છે. ભગવાનને છે તે દેશના હોય. ઉપદેશક છઠ્ઠા ગુણસ્થાનકમા હોય, એટલે થોડો અહંકાર હોય. સમજ પડીને? અમુક બાકી રહી ગયો એટલે અહંકાર સહિત બોલે એટલે હું બોલું છું કહે.

## એ ક્ષેત્રમાં ભાષા કઈ?

પ્રશ્નકર્તા : એ મહાવિદેહ ક્ષેત્રમાં સંસ્કૃત ભાષા ચાલે છે ?

દાદાશ્રી : એ સંસ્કૃત ચાલતી હોય કે પ્રાકૃત ચાલતી હોય, પણ મૂળ સંસ્કૃત હોવી જોઈએ. એટલે અત્યારે પ્રાકૃતમાં ચાલે છે કે જે આપણે જાણતા નથી. આપણે તો આ એમના નામ પર ગુજરાતી ભાષા વાપરીએ છીએ, પણ તોય પહોંચે છે. એ નામ પર ભાવ છે ને? અને આપણી પાસે નામ તો ચોક્કસ છે ને! એટલે લોક કહેશે, આવા જ નામ હશે ત્યાં ? હા, ત્યાં નામ આવા જ છે, આજ નામ છે.

પ્રશ્નકર્તા : એ નામ આપે જ્ઞાનમાં જાણેલા ?

**દાદાશ્રી :** બધાં નામ જાણ્યાં નથી, જેટલાં જાણ્યાં એવી વાત મેં કહી દીધી છે. બીજાં નામ જાણેલાં નથી, બીજાં તો ગ્રહણ કરેલાં છે.

**પ્રશ્નકર્તા :** તો બીજાં નામ આપ શાસ્ત્રોના આધારે કહો છો ?

**દાદાશ્રી :** એ ગમે ત્યાંથી, પણ એ ગ્રહણ કરીને આવેલાં. અમુક બાબત જાણેલી પણ બીજી લાંબી નહિ જાણેલી. બીજું ગ્રહણ કરેલું, પણ ગ્રહણ કરેલું ખોળી કાઢયું. જોઇને, કે શી હકીકત છે, વાસ્તવિકતા શી છે આમાં ? એવું છે ને, આપણને એની જોડે સંબંધ હોય એટલું જ આપણે ઓળખીએ. બીજે સંબંધ ના હોય તો આપણે ફોન કરીને પૂછી લેવું પડે ને ? પણ એ બધી વાત હકીકત છે, વાસ્તવિક છે !

## એમના ગુરૂ કોણ?

**પ્રશ્નકર્તા :** શ્રી સીમંધર સ્વામી સાકારી છે. ભગવાનને સ્વરૂપનું જ્ઞાન થયું તે તેમને કોઈ ગુરૂ હતા કે કેમ ? સાચા ગુરુ વિના કોઇ રસ્તો બતાવતો ન

**દાદાશ્રી :** આ વાત બહુ બહુ કરવા જેવી નથી. આ તો તીર્થંકર ગૌત્ર ! એમને આ ભવમાં ગુરુ ના હોય. ગુરુ તો કેટલાય અવતાર કર્યા ! એમના ગુરુપદથી આ પ્રાપ્ત થઈ ગયું ! પણ આ ભવમાં તેમને ગુરુ ના હોય. સમજ પડી ને ?

પ્રશ્નકર્તા : પણ શરૂઆતમાં તો ગુરુ હોય ને ? અત્યારે ના હોય પણ પહેલાં તો ખરા ને ? એમની આગળ મુખ્ય વસ્તુ શું ?

**દાદાશ્રી :** એવું છે ને કે આ સીમંધર સ્વામી લગભગ દોઢ લાખ વરસથી છે અને તેમને ગુરુ થયા નથી, આ અવતારમાં. એમના આગલા અવતારમાંય ગુરુ થયા નથી. એમના ત્રીજા અવતારમાં ગુરુ થયેલા. તે ત્રીજા અવતારમાં ગુરુ થયેલા તેના ફળસ્વરૂપે આ બધું આવ્યું. આ તો જ્ઞાની પુરુષ જેવું અંતે !

## કઈ ભૂમિકાથી જવાય ત્યાં?

**પ્રશ્નકર્તા :** ત્યાં જવું હોય તો કઇ સ્થિતિમાં માણસ જઈ શકે ?

**દાદાશ્રી :** એ ત્યાંના જેવો થઈ જાય. ચોથા આરા જેવો માણસ થાય, આ પાંચમા આરાના દુર્ગુણો જતા રહે, તો ત્યાં જાય. કોઇ ગાળ ભાંડે તોય મનમાં એની માટે ખરાબ ભાવ ના આવે તો ત્યાં જાય.

**પ્રશ્નકર્તા :** સામાન્યપણે અહીંથી, સીધું મોક્ષે જવાતું નથી.

મહાવિદેહ ક્ષેત્રમાં જવાનું પછી મોક્ષે જવાનું, એવું કેવી રીતે થાય?

**દાદાશ્રી :** અહીંથી આ ચોથા આરાના માણસો અને આ ચોથો આરો ચાલતો હોયને, તે ક્ષેત્ર એને ખેંચી લે ક્ષેત્રનો સ્વભાવ એવો છે કે જે આરાના માણસ થઈ ગયા હોય અહીં આગળ છે તે ચોથા આરાના રહી ગયા હોય, અહીં આ જ્ઞાન ના આપ્યું હોય અને બીજા લોકોય એવા હોય, તો તે ત્યાં ખેંચાઇ જાય અને ત્યાં જે પાંચમા આરાના જેવા થઇ ગયા હોય તે અહીં પાંચમા આરામાં આવી જાય. એવા આ ક્ષેત્રનો સ્વભાવ છે. કોઈને લઈ જવો-લાવવો પડતો નથી. ક્ષેત્ર સ્વભાવ આ લોકો તીર્થંકર પાસે પહોંચવાના બધા. તેથી સીમંધર સ્વામીનું બોલ્યા કરે ને. એમને ભજે છે ને પછી એમની જોડે ત્યાં દર્શન કરશે ને એમનાં પાસે બેસશે લોકો ને મોક્ષે જતા રહેશે.

અમે જેમને જ્ઞાન આપીએ છીએને, તે એક બે અવતારી થાય. પછી એમણે ત્યાં સીમંધર સ્વામી પાસે જ જવાનું છે. એમના દર્શન કરવાનાં. તીર્થંકરનાં દર્શન કરવાનાં એકલા જ બાકી રહ્યા. બસ દર્શન થવાથી જ મોક્ષ. બીજા બધા દર્શન થઈ ગયા. આ છેલ્લા દર્શન કરેને આ દાદાથી આગળનાં દર્શન એ છે. એ દર્શન થઇ ગયા ને મોક્ષ તરત !

## ત્યાં છે કાયમ ચોથો આરો

મહાવિદેહ ક્ષેત્રે ચોથો આરો છે, અહીં પાંચમો આરો છે. પાંચમા આરો એટલે દુષમ કાળ છે આ. દુષમ એટલે દુઃખે કરીને સમતા રહે. મહા દુઃખે કરીને જરાક સમતા રાખવી હોય તો દુઃખે કરીને સમતા રહે. બાકી સમતા જ રહે નહિ, અને ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં સુષમા-દુષમ કાળ છે.

પ્રશ્નકર્તા :એટલે ?

દાદાશ્રી : એટલે સુષમેય છે ને દુષમેય છે. બન્ને છે. એટલે આને ભયંકર કળિયુગ જેવો કહેવાય આ. એટલે અહીંથી જે જીવો લાયકાત ધરાવે ચોથા આરા માટે, તો અહીં છે ને પોષાય નહિ, એ લોકો ક્ષેત્રના પ્રભાવથી ખેંચાઈ જાય ઉપર, ચોથા આરામાં મહાવિદેહ ક્ષેત્રમાં અને ત્યાં પાંચમાં આરાને લાયક થયા હોય તે અહીં આવે. એવું ભર-નીકળ ચાલ્યા જ કરવાનું. ત્યાં પાંચમા આરાને લાયક એવો ખડધૂસ થઇ ગયા હોય ને મન વચન કાયા જૂઠા થયા હોય ! તે બધા અહીં આવતા રહે.

**પ્રશ્નકર્તા** : એ બધા કષાયો ના કહેવાય ?

**દાદાશ્રી** : કષાયો ખરા જ ને.

**પ્રશ્નકર્તા** : તો પછી મહાવિદેહ ક્ષેત્રમાં કેમ એવું હોવું જોઇએ? ફરક તો હોવો જોઇએને ?

**દાદાશ્રી** : ના. એવું ના હોય. આપણે અહીં ચોથો આરો હતો તોય બધા કષાયો જ હતા, અને રામચંદ્રજીની વાઇફનેય લઇ ગયા તા. -રામચંદ્રજી તો રાજા હતા તોય ! પછી બીજા કેટલાય લોકોની વાઇફ ઊઠાવી ગયેલા. એમ તો ચાલ્યા જ કરવાનું.

**પ્રશ્નકર્તા** : મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ થાય એટલે મોક્ષે જવાય એવું કંઇ છે ?

**દાદાશ્રી** : ના, ના. એવું કશું જ નથી. ત્યાંય ગજવા કાપનારા છે, હરણ કરી જનારા બધુંય છે. પછી એ આરો ચોથો રહે છે કાયમ, એટલે ત્યાં આગળ તીર્થંકર ભગવાન કાયમ હોય છે !

## ત્યાં છે મન, વચન, કાયા તણી એકતા

અને ચોથા આરામાં મન, વચન, કાયાની એકતા હતી તે જૂઠા-લબાડ બધું જ આવુ ને આવું જ, પણ ત્યાં એકતા ને આ એકતા નહિ. મહાવિદેહ ક્ષેત્રમાંય આવું જ. આના જેવા જ બધા ગજવા હઉ કાપી લે, માણસોય આપણા જેવા જ બધા. નામેય આપણા જેવા પાછા! પણ એકતા હવે અહીં એકતાવાળા થાય તે પછી ક્ષેત્રનો સ્વભાવ છે ખેંચી લે. તે ત્યાં લઇ જાય ને ત્યાં આગળ એકતા તૂટી ગયેલી હોય એવા માણસ હોય તેને ક્ષેત્ર સ્વભાવ અહીં ખેંચાઇ જાય આપને સમજ પડીને ?

## પાંચમા આરામાં

ફક્ત ચોથા અને પાંચમા આરામાં ફેર શો પડે છે ? ત્યારે કહે ચોથા આરામાં મન, વચન, કાયાની એકતા હોય છે અને પાંચમા આરામાં આ એકતા તૂટી જાય છે એટલે મનમાં જ હોય એવું વાણીમાં બોલતા નથી ને વાણીમાં હોય એવું વર્તનમાં લાવતા નથી. એનું નામ પાંચમો આરો, અને ચોથા આરામાં તો મનમાં જે હોય એવું જ વાણીમાં બોલે, અને એવું જ કરે. કોઇ માણસ ત્યાં આગળ ચોથા આરામાં કહે કે મને આખું ગામ સળગાવી મેલવાનો વિચાર આવે છે, એટલે આપણે જાણવું કે આ રૂપકમાં આવી જવાનું છે, અને આજ કોઇ બોલે કે હું તમારું

ઘર સળગાવી મેલીશ. તો આપણે જાણવું કે હજુ તો વિચારમાં છે, તુ મને ભેગો કયારે થવાનો ? મોઢે બોલ્યા હોય તોયે બરકત નથી. હું તમને મારી નાખીશ કહેને પણ તે શેના આધારે ? પણ આધાર નથી મન, વચન, કાયાની એકતા નથી. શી રીતે કાર્ય થાય ? કાર્ય જ થાય નહિને ? સમજ પડીને ?

## ખપે-એકતા ત્રિયોગની

**પ્રશ્નકર્તા** : કોઇ વખત એવા ભાવ કરે તો આ પાંચમાં આરામાં મન, વચન, કાયાની એકતા આવી શકે કોઇ વખત ?

**દાદાશ્રી** : હા, આવોને, આવે. અમુક અમુક માણસ હોય. કંઇ બિલકુલ સાવ ખલાસ નથી થઇ ગયેલું

**પ્રશ્નકર્તા** : આ ક્રમિક માર્ગ જે છે તે મન, વચન, કાયાની એકતા હોય તો જ ચાલે ને ?

**દાદાશ્રી** : એકતા હોય, તોય જ ચાલે. નહિ તો બંધ થઇ જાય. અત્યારે બંધ જ થઇ ગયેલો છે. આ અત્યારે મનમાં માને કે આ ધર્મ ચાલે છે એવું જ. બાકી બધું બંધ થઈ ગયેલો ને.

**પ્રશ્નકર્તા** : આ શ્વેતાંબર માર્ગે મોક્ષ મળે કે નહિ ક્રમિકમાં?

**દાદાશ્રી** : ના, ના. મોક્ષની વાત નહિ, ધર્મ જ ના થાય. અને માર્ગ જ બંધ થઇ ગયો છે.

મન, વચન, કાયાની એકતા છે કે નહિ એટલું જ જુએ. મન હોય બીજી જગ્યાએ અને અહીં આગળ ભગવાનને પટાવવા જાય એ ચાલે નહિ. ભગવાન છેતરાય નહિ, શોઠિયા છેતરાઇ વખતે !

મહાવિદેહ ક્ષેત્રમાં મન, વચન, કાયાની ભિન્નતા વર્તવા માંડી કે એ અહીં આવે ને પડે. ચોથા આરામાં મન, વચન, કાયાની ભિન્નતા ના હોય. ભલેને નાલાયક હોય પણ નાલાયકેય ચોખ્ખું કહી દે. મનમાં હોય એવું બોલવાનુંય ચોખ્ખું ને વર્તનેય એવું, પણ આમના જેવી આંટી-ઘૂંટીઓ ના હોય. ચોથા આરામાં આંટીઘૂંટીઓ ના હોય, અનેન પાંચમાં આરામાં અહીંના લોકોને આંટીયે ખરીને ઘૂંટીયે ખરી. અલ્યા ઘુંટી શું કરવા કરે છે પાછો ? પણ વકીલોયે ખોટા કેસને જિતાડે છે ને ?! એને પાછો હોશિયાર ગણે. એ વકીલેય જાણતો હોય કે મારા જેવો કોઇ હોશિયાર નથી. અજાયબી છે આ કાળની !

એટલે ત્યાં મન, વચન, કાયાની એકતા અને આપણા અહીંયા છે. જુદું-જુદું અને એકતા એટલે ત્યાં તીર્થંકર ભગવાનના જન્મ કાયમ હોય છે. એટલો વખત હોય છે તીર્થંકર, પછી નથી હોતા.

**પ્રશ્નકર્તા** : મન, વચન, કાયાનો એકાત્મયોગ થઇ જાય, એકતા થઇ જાય, તો એ મહાવિદેહ ક્ષેત્ર થઈ ગયું કહેવાય ?

**દાદાશ્રી** : એટલે ત્યાં જન્મ થઈ જાય. એની મેળે જ. ક્ષેત્રનો સ્વભાવ છે કે જે ક્ષેત્રને લાયક હોય, જે સ્ટેન્ડર્ડને લાયક હોય ત્યાં ખેંચાઇ જાય અને ત્યાં છે તે બગડે તે અહીં આવી જાય.

## ચાલુ છે મોક્ષે જવાનું

**પ્રશ્નકર્તા** : મોક્ષે જવા માટે પૃથ્વી ઉપર જ આવવું પડે ?

**દાદાશ્રી** : હા, અહીંયા પંદર ક્ષેત્રોમાં મહાવિદેહ ક્ષેત્ર. આ પૃથ્વી જ કહેવાય એ બધી. મનુષ્ય લોક જ કહેવાય, ત્યાંથી અત્યારે બહુ મોક્ષે જઇ રહ્યા છે. ત્યાં આવુ જ છે અત્યારે ત્યાંથી સમયે સમયે (વધુમાં વધુ) ૧૦૮ મોક્ષે જઇ રહ્યા છે તે મહાવિદેહ ક્ષેત્ર પાંચ છે, એમાંથી જ જઈ રહ્યા છે. આ બીજા બધા ક્ષેત્ર બંધ છે. પણ સમયે સમયે ૧૦૮ જઇ રહ્યા છે, લાઇનબંધ જેમ અહીં આગળ ચાર પોલીસ-વાળા એમ તાલ દઇને વારાફરતી ચાલ્યા જ કરે છે એ લાઇનો, એવું ૧૦૮ ચાલ્યા જ કરે છે.

## પાછો આવે અહીં ?

**પ્રશ્નકર્તા** : મહાવિદેહ ક્ષેત્રમાં ગયેલો જીવ અહીં પાછો આવી શકે?

**દાદાશ્રી** : આવે અહીં, પણ આપણા મહાત્માને ના આવવું પડે. બીજા બધા ઘણા જીવો અહીંયા આવે જ છે ને !

**પ્રશ્નકર્તા** : પણ સીમંધર સ્વામીની હાજરી ખરીને ત્યાં તો. તો પછી આવું બધું કેમ થાય ? ભગવાનનો પ્રભાવ તો પડેને પછી ?

**દાદાશ્રી** : ભગવાનના બાપનેય ગણે નહિ એવા લોકો છે. અરે ! ભગવાન મહાવીર હતા ને, તે મહાવીરનેય આવડી આવડી ચોપડે. લોક કહે, "તમે મહાવીર છો તો અમે ક્યાં કાચા છીએ ?" એમ કહે. બધી જાતના લોક આ તો !

**પ્રશ્નકર્તા** : આપણા મહાત્મા જશે. એ પાછા અહીં આવવાના ?

**દાદાશ્રી** : એ ના આવે. એ તો આવે જ નહિ. આ વિજ્ઞાનના આધારે તો ઉપર ચઢયા. પછી પાછા ના પડે.

## પાછું ફરવાનું શું કારણ ?

**પ્રશ્નકર્તા** : ત્યાંના જીવોને મન, વચન, કાયાની એકતા હોય છે, તો પછી અહીં કેવી રીતે પાછા આવવાનું ?

**દાદાશ્રી** : ત્યાં પછી ચોથા આરાના લાયક હોય ! પાંચમા આરાને લાયક થવા માંડે એટલે પછી અહીં મૂકી દે. અહીં આવી જાય. અહીં ચોથા આરાને લાયક થવા માંડે એટલે ત્યાં પહોંચે. શેના માટે લાયક થવાનું ? કર્તાપદ તો હોય નહિ. આજુબાજુના સંજોગો ચોથા આરાને લાયક કે પાંચમાં આરાને લાયક કરી આપે.

## મહાત્માઓ ક્યાં જવાના ?

**પ્રશ્નકર્તા** : બધા મહાત્માઓ મહાવિદેહ ક્ષેત્રમાં જવાના ને ?

**દાદાશ્રી** : કેટલાકને અહીં આવીને પછી જવાનું થાય. એકાદ અવતાર કરીને શું ? મહીં હિસાબ બધો પડ્યો હોય લોકોનો તે બધો આપી દેવો પડે ને. બંધ પડ્યો હોય તે પૂરો કરવાનો. દસ પંદર વર્ષનું પતાવવાનું આયુષ્ય બાંધવાનું બાકી હોય તે પતાવીને પછી જવાના. હિસાબ તો ચૂકવવો પડે ને વચ્ચે ! આ જ્ઞાન લેતા પહેલાં એવું કંઈક ખરાબ કર્મ બાંધી લીધું હોય, તે દંડ થયેલો હોય, તે દંડ તો ભોગવવો જ પડે ને આપણે ! અને ભોગવી લઈને છૂટો. એક અવતાર-નો દંડ.

**પ્રશ્નકર્તા** : એટલે જ્ઞાન લીધા પછી કોઇ રખડી પડે ખરો.

**દાદાશ્રી** : ના રખડી પડે.

**પ્રશ્નકર્તા** : જ્ઞાન લીધા પછી કોઇ કાયમને માટે રખડી પડે ?

**દાદાશ્રી** : ના. પણ જ્ઞાન પામે નહિ અને પછી અવળું અવળું ચાલે, બધાનું અવળું બોલ બોલ કરે તો ઠેકાણું નથી પછી !

## એની સાબિતી શું ?

**પ્રશ્નકર્તા** : આપણે મહાવિદેહ ક્ષેત્રની વાત કરીએ તો અમે કોઇ દિવસ જોયું નથી, અને અમને એમાં બહુ ખ્યાલ નથી. તો એનું કંઇ પ્રુફ છે કે મહાવિદેહ ક્ષેત્ર છે ? એની કોઈ સાબિતી છે ?

**દાદાશ્રી** : ચોક્કસ સાબિતી છે. હું એક એક શબ્દ બોલું છું તે ચોકસાઇના શબ્દ બોલું છું. હું કાચી માયા નથી કે એક વાર પૂરતી ચોકસાઇ કર્યા વગર રહું ! અને ચોકસાઇ કરવાની શક્તિ મારી, તમારા કરતા વધારે છે. આ જે હું બોલું છું તે ચોકસાઇનું જ કહું છું. આ

મહીં દાદા ભગવાન પ્રગટ થયા છે, તેમ હંડ્રેડ પરસન્ટ ! વર્લ્ડમાં કોઈ વખત આવું બન્યું નથી, એવું આ થયું છે

હું પોતે દર્શન કરું છું અને તમને દર્શન કરવાનું કહું છું. વાંધો છે એમાં ?

પ્રશ્નકર્તા : તો અમને કેવી રીતે ખબર પડશે કે આ મહાવિદેહ ક્ષેત્ર આવ્યું કે અમે તો કોઇ દિવસ જોયું નથી. એ કોઇ વાર દેખાય તો એની કેમની ખબર પડે કે આ ખાલી ભ્રમણા છે કે રિયલ છે ?

દાદાશ્રી : એ તો તમારે ત્યાં જવાની જરૂર નથી. તમારો હિસાબ જ તમને ત્યાં લઈ જાય. તમારે જવાની જરૂર નથી કે તમારે વિચારવાની જરૂર નથી કે મારે મહાવિદેહ ક્ષેત્રે જવું છે. તમે જે સ્ટાન્ડર્ડમાં છો, જે લાયક છો એ સ્ટાન્ડર્ડમાં જ રહેશો. એ તો તમને અહીં આગળ રહેવા ના દે. જે જ્ઞાન આપ્યું છે ને, તે ત્યાંના સ્ટાન્ડર્ડને લાયક થઈ જવાના અને ત્યાં આગળ અવળા સ્ટાન્ડર્ડના હોય છે, તે અહીં આવે છે. એ કુદરતનો નિયમ છે એવો.

## વિના માધ્યમે, પહોંચે નહિ

પ્રશ્નકર્તા : પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું ? એ સીમંધર સ્વામીને કેવી રીતે પહોંચે છે ? એ જોઈ શકે છે એ હકીકત છે ને ?

દાદાશ્રી : એ જોવામાં સામાન્ય ભાવે જુએ છે. એટલે વિશેષ ભાવે જોતા નથી એ તીર્થંકરો એટલે આ દાદા ભગવાનના થ્રુ કહેલું છે. તો ત્યાં આગળ પહોંચે છે. એટલે આ માધ્યમ વગર પહોંચે નહિ ને !

હવે દાદા ભગવાન ને તીર્થંકરમાં ફેર કેટલો ? ચાર ડિગ્રીનો ફેર. એમાં લાંબો ફેર નથી !

અને હું તો ભગવાન છું એવુંયે નથી કહેતો. હું તો પટેલ છું.

પ્રશ્નકર્તા : તમારી વાત નથી, આ દાદા ભગવાનની વાત છે.

દાદાશ્રી : હા. એ બરોબર છે. દાદા ભગવાનની વાત જુદી છે, અને હું એ. એમ. પટેલ મારી જાતને કહું છું.

હું ભગવાન છું એમ ક્યારે કહું ? ત્રણસોને સાઠ ડિગ્રી પૂરી થાય ત્યારે હું ભગવાન છું એમ કહું.

પ્રશ્નકર્તા : ચાર ડિગ્રીનો ચારની સંખ્યાનો શું મેળ ?

દાદાશ્રી : ૩૫૬ ડિગ્રી, અમારે છે. આ કાળ, એક તો આ કાળ છે ને, તે આધારે, મારાં કપડાં ખસ્યાં નહિ, આ કપડાં છે, આ બધો જે જે વેષ છે, એ ખસ્યો નહિ. આમ દસમા ગુંઠાણાથી આગળ ખસે એવું નથી વ્યવહારમાં. નિશ્ચયમાં બારમું છે.

પ્રશ્નકર્તા : દસમું કે બારમું, ઉપશમ ભાવે છે કે ક્ષાયિક ભાવે ?

દાદાશ્રી : ક્ષાયિક જ ભાવે છે. આપણામાં તો ક્ષાયિક જ ભાવ છે. આપણામાં ઉપશમ નામેય ભાવ નથી. ઉપશમ ભાવ જેવી વસ્તુ જ નથી અહીં આગળ.

## જુદા હું 'દાદા' ભગવાન !

પુસ્તકમાં જેમ લખ્યું છે કે અમે એ. એમ. પટેલ છીએ અને મહીં દાદા ભગવાન પ્રગટ થયેલા છે અને તે ચૌદ લોકનો નાથ છે એટલે જે કયારેય સાંભળવામાં ના આવ્યું હોય એવો આ અહીં પ્રગટ થયેલા છે.

એક જણ મને કહેતા'તા, કે તમારી પાસે બેસવાથી એકદમ શાંતિ થઈ ગઈ ત્યારે કહ્યું, ચૌદલોકના નાથની જોડે હું બેઠો છું ને તમે મારી જોડે બેસો છો. ત્યાં શાંતિ તો શું આનંદ વર્તે !

એટલે જ જાતે ભગવાન છું, એવું અમે કોઈ દહાડોય કહીએ નહિ. એ તો ગાંડપણ છે, મેડનેસ છે, જગતના લોકો કહે, પણ અમે ના કહીએ કે અમે આમ છીએ. અમે તો ચોખ્ખું કહીએ.

અમે તો કહીએ છીએ કે અમે તો નિમિત્ત છીએ. અમારે બીજું કશું જોઇતું નથી. અમારે તો મહીં અપાર સુખ વર્તતું હોય. જયાં આગળ મહીં સુખ નથી, તેને બીજા બહારથી લોકોના કહેવાથી સુખ પડે, એને શું કરવું છે ? જેને અપેક્ષા જ ના હોય, જે નિરપેક્ષ દશા છે.

એટલે દાદા ભગવાન તો જુદા છે. હું જુદો છું. હું દાદા ભગવાનને નમસ્કાર કરું છું. કારણ કે મારે ત્રણ સોને સાઠ ડિગ્રી પૂરી કરવાની છે. સમજ પડીને ?

હવે આ ભેદની લોકોને લાંબી સમજણ પડે નહિ, મેં પુસ્તકમાં આ ભેદ લખેલો છે. અમે એ. એમ. પટેલ છીએ. દાદા ભગવાનન જુદા છે. દાદા ભગવાન પ્રગટ થયેલા છે. જે જોઇતું હોય તે કામ કાઢી લો.

એમ એક્ઝેક્ટ કહું છું. કોઈક જ વખત આવો ચૌદ લોકનો નાથ પ્રગટ થાય છે. હું જાતે જોઈને કહું છું માટે કામ કાઢી લો.

## પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ

પ્રશ્નકર્તા : આપણે સીમંધર સ્વામીને નમસ્કાર કરીએ છીએ, તો દાદા ભગવાનની સાક્ષીએ બોલીએ અને ડાયરેક્ટ બોલીએ, "સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું" એવું બોલીએ તેમાં ફરક શો પડે છે ?

દાદાશ્રી : અહીં દર્શન કર્યા પછી એનું ફળ સારું મળે.

પ્રશ્નકર્તા : દાદા મળ્યા પહેલાં પણ સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું એવું બોલતા હતા અને દાદા મળ્યા પછી બોલીએ છીએ, એમાં શું ફરક પડે ?

દાદાશ્રી : બહુ ફેર પડે, બહુ ફેર પડે, બહુ ફેર પડે.

પ્રશ્નકર્તા : જરા ડીટેલમાં સમજાવોને ?

દાદાશ્રી : તમે રાજાને જોયા ના હોય અને રાજાને નમસ્કાર કર્યા કરો પણ રાજાને પ્રધાને તો જોયેલા હોયને, એવી પ્રધાનની હાજરીમાં કહો તો ફેર ના પડે ? ત્યાં ખબર આપેને કે તમારા નામનું રટણ રટે છે. તમને સમજ પડીને ? પેલાનું ફળ તો મળે જને. હમેશાં મોટાં મોટાં સંતોનું નામ લે તો ફળ મળે. નામ દેવાય તો ફળ મળ્યા વગર રહે નહિ. જેમ ખોટા માણસનું નામ દે તો ખોટું ફળ મળે અને સારાનું...પણ પ્રત્યક્ષ હોય તો ફળ અનેકગણું મળે અને પરોક્ષ હોય તો થોડું મળે.

પ્રશ્નકર્તા : પણ હમણાં તો સીમંધર સ્વામી વિચરે છે, એમને કોઈપણ દેરાસરમાં જઈને નમસ્કાર કરીએ તો ડાયરેક્ટ લાઈન થઈ શકે ને ?

દાદાશ્રી : ના થાય. કોણ કરનાર ?

પ્રશ્નકર્તા : અંદર આત્માને, પરમાત્માને ના થાય ?

દાદાશ્રી : ના. કશું ના થાય. તમે આત્મા થાવ તો થાય. આત્મા થયા ના હોવ તો કેવી રીતે થાય ? આત્મા થઈ ગયા હો તો પહોંચે દેહાધ્યાસ છૂટી ગયો હોય એનું પહોંચે.

પ્રશ્નકર્તા : અમે બધા દાદાનો રાગ જેટલો ભેગો કરીએ છીએ, તે પછી બીજા ભવમાં એ રાગ પાછો ખાલી થશે ને ?

દાદાશ્રી : મારી પર રાગ છે ને એ સીમંધર સ્વામી ઉપર જ પહોંચે છે.

મહાત્માઓ : જય સચ્ચિદાનંદ ! (આત્મોલ્લાસથી)

પ્રશ્નકર્તા : પણ દાદાય સીમંધર સ્વામી જેવા થશે ને ?

દાદાશ્રી : એવું થઈને મારે શું કામ છે ? એવું થઈને મારે શું છે ? એ છે નહિ. આપણે શું કામ ?

પ્રશ્નકર્તા : દાદા, તમે બધું ગજેલા કહેવાય.

દાદાશ્રી : આપણે તો આ લોકોનું કલ્યાણ થાય, એ ભાવના આપણી.

## એમને નમસ્કાર કેટલો વખત ?

પ્રશ્નકર્તા : અમારે દાદા ભગવાનને નમસ્કાર કેટલી વાર કરવા જેથી કરીને અમારો તાર તમારી જોડે રોજ જોડાય ?

દાદાશ્રી : એ તો પછી ગણવામાં ઘણો વખત જશે. સો વખત કહીએ તો પાછો ગણગણ કરશે.

પ્રશ્નકર્તા : તો દાદાજી, આ સીમંધર સ્વામીનું તો ગણવું જ પડે છે, ચાળીસ વાર.

દાદાશ્રી : એમના માટે ગણજો. દાદા તો નિરંતર રહેવા જ જોઈએ.

પ્રશ્નકર્તા : નિરંતર રહેવા જોઈએ. બરોબર છે, એ રહે જ છે.

દાદાશ્રી : ગણવાની સીસ્ટમ (રીત) તો આપણે ત્યાં રાખવી જ નહિ. સીમંધર સ્વામી માટે રાખવું હોય તો ચાળીસ વખત એક, બે, ત્રણ, ચાર, બોલવું. દાદા ભગવાન તો અસીમ, સીમા રહિત, અનલિમિટેડ છે. અસીમ એટલે અનલિમિટેડ, અંગ્રેજીમાં.

પ્રશ્નકર્તા : દાદાજી આપણે નમસ્કારવિધિઓ બોલીએ, પંચ પરમેષ્ટિ ભગવાનને, ૐ પરમેષ્ટિ, તીર્થંકર સાહેબોને, શાસન દેવદેવીઓને નમસ્કાર કરીએ ત્યારે અંદર દૃષ્ટિ અમે શું જોવું જોઈએ ?

દાદાશ્રી : અંદર આખી દાદાની મૂર્તિ જોવી જોઈએ.

પ્રશ્નકર્તા : ફોટો ?

દાદાશ્રી : ચિત્રપટ, ફોટો.

## ટાઈમ ડિફરન્સનું શું ?

દાદાશ્રી : સીમંધર સ્વામીનું નામ દેશને તોય એને ફાયદો થઈ જશે.

પ્રશ્નકર્તા : આપણે સવારના તમે સીમંધર સ્વામીને ચાલીસ વખત નમસ્કાર કરવાનું કહ્યું છે તો તે વખતે અહીં સવાર હોય ને ત્યાંનો ટાઈમ ડિફરન્સ હોયને ?

દાદાશ્રી : એવું આપણે જોવાનું નહિ. સવારનું કહેવાનો ભાવાર્થ એટલે કે બીજા કામ ધંધા પર જતા પહેલાં. ધંધો ના હોય તો અમે ત્યારે દસ વાગે કરીને, બાર વાગે કરોને ! સવારમાં કહેવાનો ભાવાર્થ એટલો જ, અને સવારમાં જ જે છે તે, ખરો ટાઈમ તો શિયાળામાં જ કરવું પડે.

પ્રશ્નકર્તા : શિયાળામાં ?

દાદાશ્રી : શિયાળો ક્યો કહેવાય ? ઉનાળામાંય સાડા ચારથી સાડા છ સુધી શિયાળો કહેવાય.

## છે, મહાવિદેહ ક્ષેત્રમાં જ

પ્રશ્નકર્તા : નમસ્કાર વિધિમાં લખ્યું છે કે. મહાવિદેહક્ષેત્ર તથા અન્યક્ષેત્રોમાં વિહરમાન તીર્થંકર સાહેબોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. તો તીર્થંકર વર્તમાન કાળે મહાવિદેહક્ષેત્ર સિવાય અન્ય કોઈ ક્ષેત્રમાં છે જ નહિ ?

દાદાશ્રી : ના અન્યક્ષેત્રમાં છેને ! એ પાંચ મહાવિદેહમાં એટલે એ અન્ય. અન્ય એટલે આ એક મહાવિદેહક્ષેત્રને એવા બીજા ચાર ખરાંને, એ અન્યક્ષેત્ર.

પ્રશ્નકર્તા : હા, એ બરોબર છે. એ અન્યક્ષેત્ર તરીકે બરોબર છે. તો એમાં એવો શબ્દ ગોઠવવાની જરૂર હતી ?

દાદાશ્રી : ના. એ પાછું બહુ ઊંડા ઊતરવાની જરૂ નહિ અમે આ ઉપલક સારું. આપણે ભોળા થઈને, કામ કરીએને, તો મોક્ષ થાય વહેલો ! ભોળપણ જતું રહે, એમાં ફાયદો નહિ. થોડું ભોળપણ સારું.

પ્રશ્નકર્તા : એટલે આમાં જે અન્યક્ષેત્ર શબ્દ છે. એમાં ભરતને એ લોકોને જે ધારવું હોય તે ધારી શકે.

દાદાશ્રી : એટલી બધી સમજણ નથી લોકોનામાં. લોકોને તો

દાળભાત ને રોટલી ને આની સમજણ છે અને અન્ય ક્ષેત્રો જો ના લખીએ તો એક જ ક્ષેત્રમાં થાય છે, પાંચ ક્ષેત્રો છે.

એ અમુક જ માણસને; બધાને નહિ, અને તે પાંચ ક્ષેત્રો છેને, એ અન્ય કહેવાયને ! એક સિવાય બીજું અન્ય જ ગણાયને.

## દર્શન કરવાની લાયકાત

**પ્રશ્નકર્તા** : મારે સીમંધર સ્વામીના દર્શન આજની તારીખમાં આજે તમે અહીંયા કહો એટલો વખત સત્સંગ કરીને કરવા છે. આપ મને આજે વચન આપો કે તારું આજનું કામ આજે થશે. જ કારણ કે હું ચોકકસ વિચાર કરીને આવ્યો છું. તમારી પાસે એક વિનંતી કરું છું, આજીજી કરું છું, મને જે માર્ગદર્શન હોય તે આપો.

**મહાત્મા** : દર્શન કરીને શું કરશો ?

**પ્રશ્નકર્તા** : દર્શન કર્યા એટલે પછી બીજું શું હોય ?

**દાદાશ્રી** : કોઇ દારૂડિયો હોય તેને રાજાનાં દર્શન કરાવવા છે, તો જ્ઞાનીની પાસે તેડી જઇએ તો દારૂડિયો શું દર્શન કરે ? અરે વળી કંઈ અવળું બોલે. એટલે આ દારૂડિયા ને રાજાના દર્શન ના કરાવાય. એમ આ મનુષ્યોને જે જે મોહને આધીન જીવે છે, મોહનો દારૂ પીધો છે, એમને ભગવાનના દર્શન ના કરાવાય. નહિ તો અધોગતિ નોતરે. એટલે યોગ્યતા આવ્યા પછી દર્શન કરાવાય. કાયમ દારૂ છૂટી ગયો હોય, મોહ છૂટી ગયો હોય ત્યારે દર્શન કરાવાય. સમજ પડીને ? યોગ્યતા આવે તે પહેલાં દર્શન કરવા જાઉંને ઊંધું બોલી આવે કે આ મોટા સીમંધર સ્વામી આવડા મોટા દેખાય છે, લૂગડાં પહેરેલા નથી... સમજ પડીને ? યોગ્યતા આવે પછી આ બધું કામનું. હમણાં "દાદા ભગવાન" ને નમસ્કાર કરો.

## ત્યાં જવાય, પણ સદેહે નહિ

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામી ત્યાં છે. આપ તો રોજ દર્શન કરવા જાવ છો, તો એ કઈ રીતે-એની અમને સમજણ પાડો.

**દાદાશ્રી** : એ અમે જઇએ. પણ અમારે રોજ દર્શન કરવા જઈ શકાય નહિ. અમારે જ્ઞાની પુરુષને અહીંથી (ખભા પરથી) એક લાઇટવાળું અજવાળું નીકળે, અને નીકળીને જયાં તીર્થંકર હોય ત્યાં જાય, તે પ્રશ્નનું સોલ્યુશન કરીને પછી પાછું આવે. જયારે સમજણમાં ફેર પડી જાયને, કંઈક સમજણમાં ભૂલ થાય ત્યારે પૂછીને આવે. બાકી અમારે જવાય અવાય નહિ, મહાવિદેહક્ષેત્ર એવું નથી !

લોકો કહેતા હોય કે, કુંદકુંદાચાર્ય સદેહે ગયા હતા, એ વાત અમને સમજાતી નથી. અગર તો ગયા હોય તો પણ આ દેહે જાય, એ હું માનતો નથી. ત્યાં આ દેહે જઈ શકે એવું નથી, એ ક્ષેત્ર જુદી જાતનું છે.

## એ અધિકાર તો જ્ઞાનીને જ

**પ્રશ્નકર્તા :** જે શરીર સીમંધર સ્વામી પાસે જાય છે, તેમાં આત્મા હોય ખરો ?

**દાદાશ્રી :** એ તો આત્માનો જ ભાગ છે પણ આત્માના પ્રકાશ સ્વરૂપે, આત્માનો પ્રકાશ જાય છે, એ પ્રકાશ જઈ અને ત્યાં આગળ મળીને પ્રકાશ પછી લાધીને પાછો આવે. એટલે કંઈક જો કદી પૂછવું હોયને, તો બધો ખુલાસો આવી જાય. બનતા સુધી બહુ પૂછવું ના પાડે. પણ કંઈક એવું હોય, ગૂંચાય તો પૂછવું પડે તો ખુલાસા બધા આવી જાય.

**પ્રશ્નકર્તા :** તો એટલું આત્માનું ક્ષેત્ર લંબાય ખરું ?

**દાદાશ્રી :** એ તો દેહ તરીકે નીકળે છે, પૌદ્ગલિક ભાવ છે. એટલે મિશ્રચેતન છે. તે ત્યાં આગળ જાય પછી ખુલાસાં લઈને પાછું આવે. તે જ્ઞાનીઓ એકલાને જ, બીજા કોઈને અધિકાર નહિ. પ્રશ્નોનું સોલ્યુશન લઈને પાછું આવે, બીજા લોકોનું કામ નહિ.

## વીતરાગનું અનુસંધાન

**પ્રશ્નકર્તા :** અમે એવું સાંભળ્યું છે કે આપે સીમંધર સ્વામી જોડે અનુસંધાન કરેલું છે, તો એ શું છે ?

**દાદાશ્રી :** એ તો આપકે સાથ ભી હૈ. અકેલા સીમંધર સ્વામી કે સાથ હી હૈ, ઐસા નાહ !

**પ્રશ્નકર્તા :** નહીં. મેરે સાથ તો...

**દાદાશ્રી :** કયા સીમંધર સ્વામી ભગવાન સબસે બડા હો ગયા? આપ નહીં બડે હૈં ? આપ ભી હૈં. આપકો જો મૈં પહચાનતા હૂં ઉસમેં ચેન્જ નહીં હૈ કોઈ. મગર વહ વ્યવહાર સે બડા હૈ. નિશ્ચય સે સરીખા હૈ સબ. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** નહિ. બડે છોટે કા પ્રશ્ન નહીં હૈ. પ્રશ્ન હૈ આપકા ઉનસે સંપર્ક હો ગયા હૈ, યા નહીં હુઆ હૈ ?

**દાદાશ્રી :** વીતરાગ કા સંપર્ક હો ગયા હૈ, યે ભારત દેશમેં ઈનકા દર્શન ચાલુ હો જાયે, સબકો ! શ્રદ્ધા, દર્શન, જ્ઞાન, વિજ્ઞાન તો હૈ અપને પાસ

## અને સાચા અરિહંત જડી ગયાં

હમકો તીર્થંકર ચાહિયે થા વહ તીર્થંકર મિલ ગયા.

**પ્રશ્નકર્તા** : માન્યતા કે રૂપ મેં યા સાક્ષાત્કાર કે રૂપમેં. સીમંધર સ્વામી કે સાથ આપ કા અનુસંધાન હૈ ?

**દાદાશ્રી** : નહીં. સાક્ષાત્કાર ભી નહિ, માન્યતા ભી નહીં, ઐસે હી હો ગયા હૈ. પુણ્યકા બલસે. હમ જો તલાશ કરતા થા અરિહંત કિધર હૈ, વહ અરિહંત હમકો મિલ ગયા, જૈસા દર્શનમેં આ ગયા દર્શનમેં ફિટ હો ગયા.

**પ્રશ્નકર્તા** : તીન અવસ્થા હોતી હૈ, એક મેન્ટલ પ્રોજેકશન હોતા હૈ, દૂસરા માન્યતા કા પ્રોજેકશન ઔર એક સાક્ષાત્કાર. ચૌથી અવસ્થા નહીં હૈ.

**દાદાશ્રી** : યહ માનસિક નહીં હૈ, કાયા, વાચક નહીં હૈ. ઇસસે ઉપરકા હૈ, જો પરમેનન્ટ હૈ વહ હૈ.

## વ્યવહાર સાચવ્યો, જગ કલ્યાણાર્થે

**પ્રશ્નકર્તા** : મૈંને આપસે સુના કિ આપ એક નયા મંદિર બના રહે હૈં જિસમેં સીમંધર સ્વામી ભી હોંગે, વાસુદેવ ભી હોંગે, ઔર શિવ ભી હોંગે, તો ફિર એક નયા પંથ ખડા હો જાયેગા, દાદા ભગવાન કે નામસે ! અભી જો શ્રદ્ધા ચલ રહી હૈ, ફિર એક નયી શ્રદ્ધા ખડી હો જાયેગી.

**દાદાશ્રી** : દાદા ભગવાન કો લેના-દેના નહીં હૈ ઇસમેં. દાદા ભગવાન યાને, વહ તો મોક્ષમેં જાનેવાલા હૈ. ઇધર કયા કરેગા વહ આપ સમજતે હૈં ? વહ તો વ્યવહાર હૈ. વહ મંદિર હૈ ને, વહ તો વ્યવહાર હૈ. ઇસમેં નિશ્ચયવાલેકી કુછ જરૂરત નહિ. વહ દાદા ભગવાન નિશ્ચય હૈ.

**પ્રશ્નકર્તા** : નિશ્ચય માનનેવાલેને વ્યવહાર કા ઐસા પ્રવર્તન નહીં કિયા હૈના ?

**દાદાશ્રી** : વ્યવહાર સે નિશ્ચય હોતા હૈ મગર વ્યવહાર પહેલે હોના ચાહિયે. વ્યવહાર સે વહ પુણ્ય, પાપ, ભી હોતા હૈ. ઇસસે આગે થોડા થોડા થોડા બઢતા હૈ. અરે, તીર્થંકર તો ચાહિયે ના ! દૂસરા તીર્થંકર હૈ નહીં યહાં.

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામીનો સંપર્ક તમે જે કરાવો છો તે એમની સાથે જ ડાયરેકટ કરાવો છો. તો પછી આવું અહીંયાથી દેરાસર બનાવીને કરાવવાની જરૂર શી ?

**દાદાશ્રી** : મારે જરૂર નથી. હમ કો જરૂરત નહીં. આપકો જરૂરત હૈ. હમકો ઇસમેં કોઇ ફાયદા હી નહી ! જરૂર નહીં હમકો ! દર્શન કી ભી જરૂર નહીં. હમકો દેરાસરમેં દર્શન કરને કી જરૂર હૈ નહીં, મગર કરતા ભી હૈ, કયોંકિ પીછેવાલે કો ઐસા નહીં લગે કિ વ્યવહાર ખોટા હૈ.

**પ્રશ્નકર્તા** : વ્યવહાર કા પાલન કરના હૈ ?

**દાદાશ્રી** : હાં લોકસમુદાય કે લિયે હમ કરતે હૈં બસ. હમારે કો મૂર્તિકી કોઇ જરૂરત નહીં હમ તો અમૂર્ત હો ગયા ! ફિર અમૂર્ત કા દર્શન, અમૂર્ત કા જ્ઞાન, અમૂર્ત કા ચારિત્ર્ય દેખા હૈ હમને. અમૂર્ત કા ચારિત્ર્ય કૈસા હૈ વહ હમને દેખા હૈ !

**પ્રશ્નકર્તા** : વ્યવહાર કા પાલન તીર્થંકર ભી કરતે હૈં.

**દાદાશ્રી** : કરના હી પડતા હૈ. વ્યવહારકા પાલન તીર્થંકર બહુત અચ્છી તરહ સે કરતે હૈં, જ્યાદા કરતે હૈં !

**પ્રશ્નકર્તા** : ઇસલિયે કરતે હૈં, કિ અગર હમ નહીં કરેંગે, તો પીછેવાલે પાલેંગે નહીં.

**દાદાશ્રી** : હા. પબ્લીક અભી ઐસી ચલી જાયેગી.

## મૂર્છા કપાય આમાથી

**પ્રશ્નકર્તા** : નહીં તો ફીર એક નયી મૂતા ઔર પેદા હોતી હૈ.

**દાદાશ્રી** : વહ સબ મૂર્છા હૈ, ઇસમેં વહ મૂર્છા અચ્છી રહેગી.

**પ્રશ્નકર્તા** : તો ફીર ઉસકો નયી મૂર્છા પેદા કી ઐસા ઐસા આપ કો તો મે માનુંગા ઇસ બાતકો.

**દાદાશ્રી** : અમે કહીએ નહીં. અમારે કશું નહી. અમારે કુછ લેના–દેના નહીં. હમકો જો સંકેત મિલા હૈ, વહ સબકો દિયા, બોલ દિયા કિ ઐસા હૈ, તુમકો કરના હૈ તો કરો, નહીં કરના હો તો તુમ્હારી મરજી.

**પ્રશ્નકર્તા** : યહ સંકેત સીમંધર સ્વામીને દિયા આપકો ?

**દાદાશ્રી** : સીમંધર સ્વામીકો કયા જરૂરત હૈ ઇનકી ? કુછ

જરૂરત નહીં. વહ તો સારે બ્રહ્માંડ ભગવાન હો કે વ્યવહારમેં કરતા હૈ, ઔર નિશ્ચય ભી કરતા હૈં ! સમજ ગયે ને ? ઉન્હેં કયા ઝરૂરત હૈ ? જરૂર જીસકો હૈ ઉસકો હૈ, સમજ ગયે ને ?

ઈસમેં કયા કુછ ભૂલ હૈ ? કુછ ભૂલ હૈ ઇસમેં ? મૂર્છા જયાદા બઢ જાતી હૈ નહીં ? મૂર્છાકી કમી હૈ હિન્દુસ્તાન મેં ? વહ મહાસાગર હો ગયા હૈ ઉસે કમી કરને કે લિયે યહ મૂર્છા હૈ, યહાં ભી મૂર્છા હૈ, વહાં ભી મૂર્છા હૈ, ઇસમેં આગે જાનેકા હૈ. મૂર્છા સે મૂર્છા કાટને કી હૈ !

## ગુરુપદ પ્રત્યેનો પ્રભાવ

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્ર કા ભી યહ, સીમંધર સ્વામી કે પ્રતી થા. આપકા ભી હૈ. ઇસકા કયા કારણ બના. આપકો સીમંધર સ્વામી કે પ્રતિ અનુભવ હોને કા ?

**દાદાશ્રી :** ઐસે હી, ઐસે હી. કઇ કારણ નહીં. એક આદમી શાદિ કરતા હૈ, ફિર કોઇ ઓરત બનતા હૈ. ઐસે હી, કર્મકા ઉદય હૈ.

**પ્રશ્નકર્તા :** એક તો આપકા શ્રીમદ્ રાજચંદ્ર કે પ્રતિ લગાવ રહા. ઈસસે હુઆ યા અપને આપ ?

**દાદાશ્રી :** નહીં. ઐસા નહીં

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્રકા આપ પર પ્રભાવ રહા ?

**દાદાશ્રી :** રહ્યોને, રહ્યોને. પણ તે ગુરુની માફક નહીં. વહ જ્ઞાનીપુરૂષ હૈ ઇસિલિય મેરે ખ્યાલ મેં આયા કે જ્ઞાનીપુરૂષ વ્યવહાર સે બરાબર હૈ.

સમજ હૈ કિ આત્મા કયા ચીજ હૈ.

**પ્રશ્નકર્તા :** તો વહ સીમંધર સ્વામીકા કયા રાજચંદ્ર કે સંસ્કારસે નહીં આયા ?

**દાદાશ્રી :** નહીં. ગુરુ તો જો પ્રગટ હો ઊસકો ગુરુ હમ માનતા હૈ ! પ્રગટ કે બિના ગુરૂકુ માનતા નહીં કિસીકો તો ઐસા પ્રગટ હમકો મિલા નહીં અભી તક. વહ આગે કે અવતાર મેં મિલા હોગા. વહ બાત હૈ ! મગર યહ જન્મ મેં તો નહીં મિલા હૈ, મૈં તો પ્રગટકો હી ગુરુ માનતા હું.

## વીતરાગ સાથેનો સંબંધ !

પ્રશ્નકર્તા : સીમંધર સ્વામી કા જિસ દિન આપકો સ્ટેશન પર જ્ઞાન હુઆ ઉસી હી દિન હો ગયા યા બાદ મેં ?

દાદાશ્રી : જ્ઞાન થતાં પહેલેથી થઇ ગયું.

પ્રશ્નકર્તા : પહેલેથી ?

દાદાશ્રી : પહેલેથી જ સંબંધ છે.

પ્રશ્નકર્તા : પહેલેથી સંબંધ હૈ ? યહી તો બાત મૈં પૂછના ચાહતા થા

દાદાશ્રી : બન્ને પક્ષ નથી. એકપક્ષી સંબંધ છે.

પ્રશ્નકર્તા : એકપક્ષી ?

દાદાશ્રી : હાં, વહ તો વીતરાગ હૈ !

પ્રશ્નકર્તા : હાં, યહ તો ઠીક હૈ, પર આપકો સંબંધ હોને કા કારણ ક્યા બના ?

દાદાશ્રી : હમકો પહેલાં એવું જ્ઞાન, એવી ઇચ્છા થઇ, તીર્થંકર કિધર હૈ ! અબ માનતા હૈ, નવકારમંત્ર તો વહ હમારી સમજમેં નહીં આતા હૈ ! તીર્થંકર કી ફીર તલાશ કિ.

પ્રશ્નકર્તા : હા. તો તીર્થંકરકી ખોજ મેં ચલા ગયા ! જ્ઞાન, પ્રજ્ઞા હૈ યા સંજ્ઞા ?

દાદાશ્રી : યહ, પ્રજ્ઞા હૈ ને, ઇસકી માફિક હૈ.

## એ પ્રેરણા મહીં પ્રેરાઈ

હમકો ક્યા પ્રેરણા મિલી કિ દુનિયામેં કોઇ ભી બિલિફ કા અવરોધ-મત કરો. અબ બિલિફ એક એક વસ્તુ કે લિયે હૈ.

પ્રશ્નકર્તા : અનેકાંત કે બાદ યહ તો અપને આપ દૃષ્ટિ બન જાયેગી. અચ્છા દૂસરી બાત પૂછતા હું.

## જવાબની પ્રાપ્તિ ત્યાંથી

પ્રશ્નકર્તા : આપનું જે આ જોડી અહીંયાંથી ત્યાં સીમંધર સ્વામી પાસે જાય છે. એ પ્રયોગ તમારો ચાલુ છે ?

દાદાશ્રી : એ તો ક્યારેક, કોઇ દફે આના પડતા હૈ. નહીં તો ઐસે નહીં. કોઇ દફે હોતા હૈ જરૂર. મેરેકુ લગતા હૈ ઐસા કિ અભી યે સવાલ કા જવાબ દેને કુ લિયે હમકો તકલીફ હોતી હૈ, તબ ઇસકા

જવાબ હમકો મિલ જાતા હૈ.

પ્રશ્નકર્તા : મેરા અનુભવ ઐસા હૈ કિ કોઈ ભી પ્રશ્ન હો ઉસકા તત્કાલ ઉત્તર મિલતા હૈ, વહ પ્રજ્ઞા સે ભી આતા હો મગર દેહ વહાં જાતા હૈ ઔર જવાબ મિલતા હૈ વહ અલગ બાત હૈ. આપકો કૌનસા હોતા હૈ ?

દાદાશ્રી : મને કોઈ દફે ઐસા લગતા હૈ કિ ગયા ઔર જવાબ લેકે આયા ! કોઈ દફે લગતા હૈ કોઈ દફે ! ક્યું કિ મેરે કો તો સબ વેદાંતવાલે પૂછતે હૈં સબ વેદકી બાતેં પૂછતે હૈં ઔર જૈનીઝમ વાલે પૂછતે હૈ સબ જૈનકી બાત. સબ સબકી બાત પૂછતા હૈ, તો હમકો સબ જવાબ દેના પડતા હૈ.

## એ એક જ ભલામણ કરીએ

સિદ્ધ કો તીર્થંકર બોલના, અરિહંત બોલના, યહ આચાર્ય કો ઉપાધ્યાય બોલના જૈસી બાત હૈ.

પ્રશ્નકર્તા : આજ ભી એક નહીં વીસ વિહરમાન તીર્થંકર તો હૈં ઔર ભી જયાદા હો સકતે હૈં.

દાદાશ્રી : વીસ જ તીર્થંકરો છે. દૂસરા તીર્થંકર કી બાત જુદી હૈ. ઔર સીમંધર સ્વામીકી બાત જુદી હૈ. અપની યે ભૂમિ કે લીયે, યે ભારત ભૂમિ કે લિયે સીમંધર સ્વામી કા હમ ઈનકો સબકો ભલામણ કરતા હૈ કિ સીમંધર સ્વામી કો ભજો. ઈસમેં કોઈ ભૂલ નહીં. આપકો ઠીક લગતા હૈન ?

પ્રશ્નકર્તા : બીલકુલ ઠીક હૈ.

## પછી તો સીમંધર સ્વામી પાસે

દાદાશ્રી : હમારી આજ્ઞા પાલતા હૈ, ઈસસે એક દો અવતાર હોતા હૈ, આજ્ઞા પાલતા હૈ ઇસસે એક દો અવતાર પુણ્યાનુબંધી પુણ્ય કા હોતા હૈ, ઔર સીમંધર સ્વામી કે સાથ બૈઠના પડતા હૈ. વહાંસે ચલે જાના હૈ મોક્ષમેં.

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્રસે મોક્ષ અભી ચાલુ હૈ ?

દાદાશ્રી : હાં. ઇધરસે નહીં ચલેગા.

પ્રશ્નકર્તા : ઇધર તો સીર્ફ ચોથે આરેમેં હોતા હૈ.

દાદાશ્રી : હાં.

પ્રશ્નકર્તા : વહાં હમંશાં ચોથા આરા હૈ ?

દાદાશ્રી : હાં. ઇધરસે સીમંધર સ્વામી કે પાસ જાયેગા, ઇસલિયે હમ દેરાસર બનાતા હૈ. જો ઈસકા પિછાન હો જાયે ફિર ઇનકે પાસ જાનેકા હૈ.

પ્રશ્નકર્તા : ચોથા આરા કે બિના મોક્ષ હૈ હી નહીં ?

દાદાશ્રી : હાં. ઔર ઈધર સે આરા ફીરતા હૈ. દો આરે મેં સીર્ફ ભગવાન હોતે હૈ. તીસરા ઔર ચૌથા, ઔર ઉધર સબ ચોથા આરા હૈ હંમેશા.

## ભાવિ તીર્થંકર........

દાદાશ્રી : શું કહે છે ભાઈ ?

પ્રશ્નકર્તા : એક મહારાજ સાહેબે એમ કહેલું છે કે સીમંધર સ્વામી પહેલા તીર્થંકર થવાના છે.

દાદાશ્રી : એ તો એવું છે કે મહારાજ સાહેબે કહ્યું હોય જુદું અને કોઇના સમજવામાં જુદું આવ્યું હોય.

પ્રશ્નકર્તા : કદાચ એ પોસિબલ (શકય) છે.

દાદાશ્રી : કારણ કે પહેલા તીર્થંકર પદ્મનાભ છે. પદ્મનાભ એ આપણે અહીં પહેલાં તીર્થંકર છે. તે શ્રેણિક રાજાનો અવતાર થશે. જે શ્રેણિકરાજા હતા, તે અહીં પદ્મનાભ તરીકે, પહેલા તીર્થંકર થશે. પછી કૃષ્ણભગવાન છે, દેવકીજી છે, બળદેવ છે, ત્રણેય શ્યામ કુટુંબના. એ બધા તીર્થંકર થશે અને રાવણ પણ તીર્થંકર થશે, આવતી ચોવીસીમાં.

## કાળચક્રની વિગતો

પ્રશ્નકર્તા : એટલે અહીં એવી અનેક ચોવીસી થાય છે ?

દાદાશ્રી : અરે ! ચોવીસી તો ચાલ્યા જ કરે છે. પણ એક સાથે નહિ. ચોવીસી એટલે શું ? કાળનું ચક્ર હોય છે આખું ગોળ-રાઉન્ડ તે રાઉન્ડચક્રના બે ભાગ. એક આ ઊતરતો કાળ તેને અવસર્પિણી કહે અને પછી આમથી ચઢતું ચાલ્યું તેને ઉત્સર્પિણી કહે અવસર્પિણીમાં આયુષ્ય ને સુખ બધું ઘટતું જાય. અત્યારે અવસર્પિણી છે તે બધું ઘટતું જાય. ડુંગરો બધા ઓછા થતા જાય. દહાડે દહાડે મનુષ્યનાં આયુષ્ય, ઊંચાઈ, સુખ બધું ઘટતું જાય અને પછી જયારે ઉત્સર્પિણીકાળ આવશે એટલે સુખ બધું વધતું જશે

# ત્રેસઠ શલાકા પુરુષો

એટલે આ ડેવલપ થતું થતું જાય ત્યારે વાસુદેવ થાય અને બીજા તો બારોબાર મોક્ષે અહીંથી સીધા ચાલ્યા જાય. બધા આશ્રિત થઈને, અને આ વાસુદેવ આશ્રિત થાય એવા નહીં ને ? આ આશ્રિત થાય એવા નથી ! ક્રમાગ બહુ ભારે હોય વાસુદેવનું. તે પછી નરમાંથી નારાયણ થાયને ! છતાં બહુ દુઃખ પડે તે અને પ્રતિવાસુદેવેય બહુ દુઃખ વેઠે ! એટલે બન્ને અવસર્પિણીમાં ને ઉત્સર્પિણીમાં ચોવીસ ચોવીસ તીર્થંકરો હોય. ચોવીસ તીર્થંકરો એકલા ના હોય પછી બાર ચક્રવર્તી હોય. નવ વાસુદેવ હોય, નવ પ્રતિવાસુદેવ હોય ને નવ બળદેવ હોય, ત્રેસઠ શલાકા પુરુષ હોય. શલાકા એટલે-શ્રેષ્ઠ જે મોક્ષે જવાના છે.

રાવણને બાળો તો ખરાને ! રાવણ પણ શલાકા પુરુષ કહેવાય. મોક્ષે જવાનો અને રાવણ આવતી ચોવીસીમાં તીર્થંકર છે. આપણા લોકો સમજણ વગરનાં એટલે પૂતળાં બાળે છે. તે ગુનાને જાણતા નથી. પણ એનો બહુ દોષ બેસે. એ તો ભોગવવો જ પડશેને ? એનું ફળ તો ભોગવવું પડશે કે નહીં પડે ?

**પ્રશ્નકર્તા :** રાવણ એટલે પ્રતીકરૂપે છે ને કંઈક આપણા ખરાબ ભાવો ખરાબ વસ્તુને બાળવાનું એમ સમજે છે ને ?

**દાદાશ્રી :** એવું નથી. બાળનારા તો એમ જ સમજે કે આ રાક્ષસ હતો એને બાળી મેલો. એટલું જ કહે છે સમજણ નથી એમને કે આ શલાકા પુરુષ છે. લોકોએ બહાર પાડ્યું જ નથીને. એવું ખબર જ નહીં ને.

રાવણ તો દેવ જેવા માણસ ! આ તો લોકોએ અમથા વગોવ્યા, વગર કામના વગોવ્યા છે. આ તો પૂતળાં બાળે છે. ને મૂઆ પાપ બાંધે છે. એ તો ભગવાન જેવા માણસ ! રાવણ જોડે કોણ લઢેલું ?

**પ્રશ્નકર્તા** . રામ ભગવાન.

**દાદાશ્રી :** લક્ષ્મણ લઢેલો, લક્ષ્મણ વાસુદેવ કહેવાય. કૃષ્ણ ભગવાન જેવા. અને રામ તો બળરામ કહેવાય. જેમ કૃષ્ણ ને બળદેવ હતાને ? તેવા એ બળદેવ કહેવાય.

પણ રાવણ તીર્થંકર થવાના છે. એનાં લોકો હજુ હિન્દુસ્તાનમાં પૂતળાં બાળે છે. એ તો સમજ નથી બિચારાને, સમજણ હોય તો ના બાળે ને.

## તીર્થંકરોએ હકીકત પ્રકાશી

**પ્રશ્નકર્તા :** ઘણીવાર આપણને એમ કહેવામાં આવે છે કે ભગવાન મહાવીરનો ત્રીજો જન્મ આવો હતો. પછી મહાવીરનો જન્મ હતો. આ બધું જે લખેલું છે એ બધી હકીકત કઇ રીતે ? કોણે લખેલી હોય આ બધી ?

**દાદાશ્રી :** એ તીર્થંકરોએ બહાર પાડેલી વાત આ. જોઇને બહાર પાડેલી અને આવતી ચોવીસીમાં કોણ તીર્થંકર થશે. તે આ વાત ભગવાન મહાવીરે બહાર પાડેલી. છેલ્લા તીર્થંકર હોય તે આવતી ચોવીસીનાં પાછાં પોતે જાહેર કરીને જ જાય.

## પરમાણુ તીર્થંકરોના

**પ્રશ્નકર્તા :** એવું સાંભળ્યું છે કે ભગવાન મહાવીરના શરીર-માંથી કઇ અદ્‌ભુત સુવાસ આવતી હતી. મેં એવું સાંભળ્યું છે. મને ખબર નથી.

**દાદાશ્રી :** એ સુવાસનો અર્થ એવો નહિ કે આ ચમેલી જેવું સોડે કે રાતરાણી જેવું સોડે ! એવું કશું નહિ. સુવાસ એટલે એમની જોડે બેસીએ તે એમનું જે પરમાણુ ઊડે તે આપણને અંદર સુગંધી વર્તતી હોય, એવું સાધારણ લાગ્યા કરે. એ કંઇ ગુલાબનું ફૂલ નથી કે સુગંધીદાર હોય !

આપણે ત્યાં બે જણની સુવાસ આવતી. એક તીર્થંકરોની અને એક પદ્મિણીની. તે પદ્મિણીની સુગંધ એવી આવે કે તે અહીં બેઠી હોય ને આપણે અહીં બેઠા હોઇએ તો સુગંધ આવ્યા કરે. ફૂલ જેવી નહિ. જે દુર્ગંધ ના હોય અને કંઇક ફેર લાગે. મીઠાશ લાગે એવી ગંધ હોય તેને આપણે સુગંધ કહીએ છીએ. સુગંધ તો ફૂલોની બહુ હોય. પણ મહાવીર ભગવાનની એવી સુગંધ ન હતી.

## લાવણ્યતા તીર્થંકરોની

તીર્થંકર ભગવાનનું ચરમશરીર છે, તે "ફૂલ" (પૂર્ણ) લાવણ્ય-વાળું-કેવળીનું ચરમ શરીર છે. પણ લાવણ્ય ના હોય અને તીર્થંકર ભગવાનનું શરીર ગજબનું લાવણ્યવાળું હોય. વર્લ્ડમાં અજાયબી કહેવાય. એમના લાવણ્યની તો વાત જ ના થાય. વર્ણન ના કરી શકાય. આપણે જોયેલું છે. પણ તમે ભૂલી ગયા છો ને મને યાદ છે !

## વિચરે તે ભૂમિ તીર્થ

તીર્થને કરે એ તીર્થંકર. જ્યાં ફરે ત્યાં તીર્થ થઈ જાય. તીર્થંકર એટલે જ્યાં જ્યાં ફરે ત્યાં બધે તીર્થસ્વરૂપ કહેવાય. જ્યાં જ્યાં પગ પડે એ તીર્થ. એનુ નામ તીર્થંકર. બધા તીર્થો જ ઊભાં કરે એ.

**પ્રશ્નકર્તા** : જ્ઞાનીને જંગમ તીર્થ કહે છેને.

**દાદાશ્રી** : જ્ઞાનીએ એમના જેવા ખરાને, પણ એમના તો પાછળ તીર્થ જ કહેવાય. અને અમારું એમના જેવું નહિને. એ તો ફૂલસ્ટેજના (પૂર્ણદશાના) પુરુષ કહેવાય અત્યારે ફૂલ સ્ટેજના પુરુષ પાકવાના નહિ. એટલે જ્ઞાનીની કિંમત ! નહીં તો જ્ઞાનીની કિંમત એટલી બધી ના હોય. આ તો અત્યારે ફૂલસ્ટેજના પાકવાના નહિ એટલે જ્ઞાનીને ફૂલસ્ટેજના કહ્યા. સુબાની જગ્યા જ કાઢી નાખે, પછી જે હોય એ ખરો !

## કર્મબંધન તો બંધાય ને ?

**પ્રશ્નકર્તા** : પૃથ્વી ઉપર જે જે ભગવાન થઇ ગયા ઋષભદેવ, મહાવીર, નેમિનાથ એ બધા કર્મના બંધનમાં આવેલા ખરાને ?

**દાદાશ્રી** : બધાય કર્મના બંધનમાં આવેલા, ત્યારે તો માતાના પેટે જન્મ થયો હોય. કોઇ ભગવાન એવો નથી કે જે માતાના પેટે જન્મ થયો. કોઇ ભગવાન એવો નથી કે જે માતાના પેટે જન્મ્યો ના હોય.

## દેશના વેળાએ દશા

**પ્રશ્નકર્તા** : મહાવીર સ્વામીએ છેલ્લી દેશના આપી તો તે વખતે પણ એમને વિચાર તો હતા જ એવો અર્થ થાય ને ?

**દાદાશ્રી** : ભગવાન મહાવીરને પણ ઠેઠ સુધી વિચાર રહેવાના પણ તેમના વિચાર કેવા હોય, કે સમયે સમયે એક વિચાર આવે ને જાય. એને નિર્વિચાર કહી શકાય. આપણે લગ્નમાં ઊભા હોઇએ ત્યારે બધા જે જે કરવા આવે છે ને, જે જે કરીને આગળ ચાલવા માંડે એટલે એક કર્મનો ઉદય થયો. અને તેનો વિચાર આવે પછી એ કર્મ જાય. પછી પાછું બીજું કર્મ ઉદયમાં આવે. આમ ઉદય અને અસ્ત થયા કરે. કોઇ જગ્યાએ અટકે નહિ. એમની મનની ગ્રંથિ બધી ખલાસ થઈ ગયેલી હોય. એટલે એમને વિચાર હેરાન ના કરે ! અમને પણ વિચાર હેરાન ના કરે.

વિચાર એ તો મનનો ધર્મ છે, એક વિચાર આવે ને જાય અને કશું અડે નહિ, એને મનોલય જ કહેવાય. મનનું તોફાન ના હોય, મન બગીચા જેવું લાગે! ઉનાળામાં ફુવારા ઊડયા કરતા હોય એવું લાગે અને નિર્વિકલ્પ તો બહુ ઊંચું પદ છે. કર્તાપદનું ભાન તૂટયું એ નિર્વિકલ્પ થયો. દેહાધ્યાસ જાય પછી નિર્વિકલ્પ પદ થાય.

## દેહ, છતાં દેહધારી નથી

તીર્થંકર સાહેબ એ દેહધારી કહેવાય નહિ. દેહધારી હોવા છતાં તે તીર્થંકર ભગવાન દેહધારી છે નહિ એ પોતે. પોતાના લક્ષમાં જ છે કે હું આ શું છે? લક્ષમાં, જ્ઞાનમાં, અનુભવમાં બધામાં તે જ છે. દેહધારી તો કોને કહેવાય? જેને કિંચિત્‌માત્ર દેહાધ્યાસ રહ્યો હોય તો પણ દેહધારી. જેને દેહાધ્યાસ કિંચિત્‌માત્ર ન રહ્યો હોય.

આ દેહધારીનું જ્ઞાન અમને લાગુ ના થાય. કારણ કે એનું જ્ઞાન સીમિત હોય. અમારું તો અનલિમિટેડ હોય. એ અનલિમિટેડમાં જરાક કચાશ હોય એટલો ફેર.

## તે તીર્થંકર થાય

**પ્રશ્નકર્તા :** તીર્થંકર કેવી રીતે બને?

**દાદાશ્રી :** એ જગતનું કલ્યાણ કરવાની જ ભાવના. બીજી કોઈ ભાવના જ ના હોય. પોતાનું કલ્યાણ થાવ કે ના થાવ. પોતાના દુઃખને રડે નહિ, લોકોના જ દુઃખને રડયા કરે. એ ધીમે-ધીમે-ધીમે તીર્થંકર થવા માંડે. જે પોતાના સુખને રડયા કરે. એ કોઈ દહાડો કશું થાય નહિ લોકોનાં દુઃખ એને સહન ના થાય, આખા જગતનું કલ્યાણ કરવાની ઇચ્છા, ત્યારે ધીમે ધીમે તીર્થંકર થાય.

ખાવાનું જે મળે, સૂવાનું જે મળે, જમીન પર સૂવાનું મળે તોય પણ નિરંતર ભાવના શી હોય? જગતનું કેમ કરીને કલ્યાણ થાય? હવે એ ભાવના ઉત્પન્ન કોને થાય? પોતાનું કલ્યાણ થઇ ગયું હોય તેને એ ભાવના ઉત્પન્ન થાય. પોતાનું કલ્યાણ થયેલું ના હોય એ જગતનું કલ્યાણ શી રીતે કરે?

ભાવના ભાવે તો થાય. જ્ઞાનીપુરુષ મળે તો એને "સ્ટેજ"માં લાવી નાખે અને સ્ટેજમાં આવ્યા પછી એમની આજ્ઞામાં રહે તો ભાવના ભાવતાં આવડે.

## પરિણામે પદ તીર્થંકરોનું

તીર્થંકરને તો ભાવકર્મ હોય જ નહિને. ભાવકર્મ તો પહેલાં થયેલાં. તીર્થંકર થયા પછી ભાવકર્મ હોય નહિ. આ અમને હજુ ભાવકર્મ ખરાં, આ આટલો ભાવ કે લોકોનું કલ્યાણ કેમ કરવું તે. એમણે તો કલ્યાણ કરવાના ભાવ કરેલા તે દહાડે જ આ તીર્થંકરગોત્ર બાંધેલું. તે આ તીર્થંકરગોત્ર ખપાવે છે ખાલી. એનું ડિસ્ચાર્જ જ થયા કરે છે. એટલે એમને કેવળ કરુણા.

મહાવીર એ કરી રહેલા હોય તે દેખાતું હોય, પોતે એમાં હોય નહિ, અને હું આમાં હોઉં. હું કારણમાં હોઉં અને એ કાર્યમાં હોય. કાર્ય એટલે પૂર્ણ થઇ ગયો. એ બોલે તો જ કાર્ય પૂરું થાય.

**પ્રશ્નકર્તા :** સમજાયું. પણ મને એમ થાય કે વીતરાગ દશા પામ્યા પછી ભાવના કેમ થાય ? એ તો સંપૂર્ણ ઇચ્છારહિત થઈ જાય ને ?

**દાદાશ્રી :** ના, એમને કલ્યાણ કરવાની ભાવના ના હોય. એમને હવે કલ્યાણ કરવાની જે ભાવના હતી, તે એનું એ ફળ ભોગવે છે અત્યારે, તીર્થંકરપણું ભોગવે છે. મને કલ્યાણ કરવાની ભાવના ખરી એટલે હું ખટપટિયો વીતરાગ કહેવાઉં, ને એ સાચા વીતરાગ કહેવાય.

જેમ એક માણસ પરીક્ષા આપ્યા પછી, કયારેય પણ સ્કૂલમાં ના જતો હોય તોય પરિણામ તો આવે જ ને ? એના નામથી પરિણામ આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** એવું આ તીર્થંકરના નામથી પરિણામ આવેલું છે, અને આ હું પરીક્ષા આપું છું એટલે આ મને ભાવ ખરો કે આ લોકોનું કલ્યાણ થાય. મારું કલ્યાણ થયું એવું લોકોનું કલ્યાણ કેમ થાય એવી મારી ભાવના ખરી. એમને એવું ના હોય. એમણે પહેલાંના અવતારમાં કરેલું તેનું ફળ આવ્યું. એ સમજાય તમને ? બહુ ઝીણી વાત છે આ બધી.

## છેલ્લા દર્શન જ તીર્થંકરના

**પ્રશ્નકર્તા :** તો તીર્થંકરો એ બીજાને આત્મા પમાડે નહિ ?

**દાદાશ્રી :** બોલવાની સત્તા જ નહિને. ખટપટ નહિને. ટેપરેકર્ડ જેટલી વાગે એટલી વાગે.

પ્રશ્નકર્તા : એ વાગવાથી કોઇને આત્મા પ્રગટ થઈ જાય ?

દાદાશ્રી : એની મેળે એ તો નિમિત્ત હોય. છેલ્લો સિક્કો વાગે કે ચાલ્યો જાય મોક્ષે. ઘણા માણસો મોક્ષે ચાલ્યા જાય. તૈયાર થયેલો માલ બધો. છેલ્લી સહી એમની !

પ્રશ્નકર્તા : આપે એ જ કહેલું કે તીર્થંકરને જોવાની દૃષ્ટિ એટલે પોતાની દૃષ્ટિ કામ કરે છે.

દાદાશ્રી : જોવાની દૃષ્ટિ કામ કરે છે.

પ્રશ્નકર્તા : એટલે એવી દૃષ્ટિથી જુએ કે એનું મહીં કલ્યાણ થઈ જાય.

દાદાશ્રી : મહીં છૂટું થઇ જાય. નહીં તો ત્રણસો સઠિય ડિગ્રી છે, પણ દૃષ્ટિ હોવી જોઇએ.

## મોક્ષનું ઘડતર, જ્ઞાની થકી

તીર્થંકરોનું મોઢું ક્યારે ખુશમાં, બહુ ખુશમાં આવે ? ત્યારે કહે, જ્ઞાનીઓને જુએ ત્યારે બહુ ખુશમાં આવે કે આ કોમ સારામાં સારી છે, બધાને તૈયાર કરીને એમને ત્યાં મોકલે. મહેનત જ્ઞાની કરે. તીર્થંકરોને મહેનત કરવાની નહિ. તૈયાર મસાલો એમની પાસે જાય. ઘડતર અમારે કરવાનું. એના બદલામાં એ અમારી પર ખુશ બહુ હોય, બહુ ખુશ ! એટલે જ આ દાદાભગવાન થ્રુ કરીએ છીએ ને તે ઠેઠ પહોંચી જાય. બાકી કોઇનો એક સ્વીકાર ના થાય. કારણ કે થ્રુ વગરનું શું કરે ? એ બોલ્યો એનો લાભ મળે. પણ પડઘો !

તે જેટલાં ઉપરી છે તે બધાનાં નામ આ નમસ્કાર વિધિમાં આવી જાય છે. ૨૦ તીર્થંકરો, પછી પંચપરમેષ્ઠિ ભગવાનો, ૐ પરમેષ્ઠિ ભગવાનો, બધાં આમાં આવી જાય છે !

## આ વિજ્ઞાન, નિષ્પક્ષપાતી

તીર્થંકરોની બહારનું આ જ્ઞાન નથી આપણું. આ તીર્થંકરોનું જ્ઞાન છે. તીર્થંકરો પોતે વીતરાગ હતા, છતાં જ્ઞાન પાછળથી પક્ષપાતી થઇ જતું હતું અને આ તીર્થંકરોનું જ્ઞાન છે. આમાં મારી તો કોઇ આમાં કશી વસ્તુ જ નથીને ! હું તો માલિક જ નથીને આનો. આ તો તીર્થંકરનું જ્ઞાન છે, અને તે અક્રમવિજ્ઞાન છે આ. તરત મોક્ષફળ આપે એવું છે. નહિ તો કરોડો ઉપાયે પણ મોક્ષ થાય નહિ. સમ્યક્ દર્શન થવું એના માટે તો અનંતઅવતારથી ભટક ભટક કરે છે.

## તીર્થંકર તે કર્મફળ

પ્રશ્નકર્તા : ભગવાન જન્મથી ભગવાન હોય કે પછી પુરુષાર્થથી ભગવાન બને ?

દાદાશ્રી : ના, ના. જન્મથી જ ત્રણજ્ઞાનના ધર્તા હતા.

પ્રશ્નકર્તા : ત્રણ જ્ઞાન હોય, પણ બીજા બે જ્ઞાન તો બાકી રહ્યાંને ?

દાદાશ્રી : એમાં કશું કરવાનું ના હોય. એ એનીમેળે જ ઊઘાડ થાય. એની મેળે જ ! ગુરુથી સહુ જોઈએ, આપણે સવાર ક્યારે ઊગે એની, તે પુરુષાર્થ કરવાનો હોય કે એની મેળે થાય ? સવાર ક્યારે થાય એનો પુરુષાર્થ કરવાનો હોય કે એની મેળે થશે ? મોક્ષ તો એની મેળે જ થાય, માર્ગ ઉપર આવું જોઇએ. આ લોકોનાં માર્ગ તો અન્ય માર્ગ ઉપર છે. પરાયા માર્ગ ઉપર છે. ઊંધા રસ્તે છે.

## કળિકાળમાં ભેળસેળિયું

પ્રશ્નકર્તા : આજ દિન સુધી ઇશ્વર, સંતપુરુષો, બધા ક્ષત્રિય બ્રાહ્મણકુળમાં વધુ જન્મ લીધો છે તેમાં આપનું શું માનવું છે ?

દાદાશ્રી : બરોબર છે, પણ આ કળિયુગમાં તો બધે થોડા થોડા સંતો પાકયા છે. આ કળિયુગ છે એટલે બધુ ડિફૉર્મ થઈ ગયું છે. સંતપુરુષો હરિજનમાંય પાકયા છે. વૈશ્યમાંય પાકયા છે. આ પહેલાની વાત તમારી બરાબર છે. બીજું શું પૂછવું છે ?

પ્રશ્નકર્તા : એમાં કંઇ કઈ સંસ્કારનું કારણ છે ? અમુક સંસ્કારને લીધે અમુક કુટુમ્બમાં જ પાકે, એમ...

દાદાશ્રી : એ તો સંસ્કારના ફેરફાર થઈ ગયા છે, અત્યારે. મોટા ક્ષત્રિયોનાં સંસ્કાર ઘણાં ફેર વૈશ્યોમાં દેખાવાનાં આવે છે. કારણ કે ક્ષત્રિયો જ પોતે અવતાર લીધો છે. ત્યાં વૈશ્યમાં. એટલે ભેળ-સેળ થઈ ગયું છે બધું. જેમ આ ઘી ભેળ-સેળ આવે છે ને એવું બધું. એટલે પછી સંતો ત્યાં પાકે, પહેલાં તો એવું હતું નહિ. જ્યાં સુધી ભેળ-સેળ નહોતું ને ત્યાં સુધી ક્ષત્રિયોમાં અને બ્રાહ્મણોમાં બધું પાકતું.

આ તો ઓળિયાનું ચોળિયું. ચળામણ ચાળતાં ચાળતાં પાંચમાં આવ્યાનું બધું ચોળિયું છે. તેમાં ચપટી માટી ચોંટી હોય, તે તાપ પડે તો નીકળી જશે.



## તીર્થંકર માત્ર ક્ષત્રિય

**પ્રશ્નકર્તા :** અમુક વખતે આપ કહો છો કે મોક્ષે જવું એ ક્ષત્રિયોનું કામ.

**દાદાશ્રી :** ના. તીર્થંકર થવું હોય તો ક્ષત્રિયોનું કામ. મોક્ષમાં તો આ બધાને, બધી નાતો, બ્રાહ્મણ, વાણિયા, બધાંને જવાની છૂટ. એવું ક્યાં તેં સાંભળ્યું !

એવું છેને, ગુણ માટે એ ક્ષત્રિય, વણિકનો ભેદ નથી ! ફક્ત તીર્થંકરો એકલા જ ગુણને માટે ભેદ છે. બીજા બધા માટે તો સમાન છે. ક્ષત્રિયોમાં પ્રતાપ હોય ને વાણિકોમાં પ્રતાપ ના હોય એવું બને નહિને !

કરવું જ છે એટલે પછી એમાં બીજું થાય નહિ. પ્રોમિસ એટલે પ્રોમિસ. એનું મન ઝાવાં-હાવાં ના માંડે. એ ક્ષત્રિયપણું જેનું બ્લડ એકદમ ગરમ જ હોય. કોઈનું દુઃખ જોવાય નહિ. એવું બ્લડ હોય.

એ ગુણો હોય તો જ બધું કામ થાયને !

તમારામાં એ ગુણો બધા ઉત્પન્ન થવા માંડ્યા છે, અને અમારો ઘડો ભરાયો છે, એના જેવું છે !

ક્ષત્રિયોનો ધર્મ જ છે, એ તો સાંભળતાની સાથે જ, સાચું લાગે એટલે માથું મૂકીને કામ જ કરવા માંડે. બીજા બધા તો ઢચુ-પચુ ઢચુ-પચુ થયા કરે.

જબરો નબળાને મારતો હોય, પેલાને ત્યાં આગળ ક્ષત્રિય તરત ઓળખાઈ જાય. ક્ષત્રિય ત્યાં રહીને જતો હોય તોય ઓળખાઈ જાય. ઊભો રહે ને નબળાનું ઉપરાણું લે. જબરાનો થોડો માર ખાય પોતે. આ તો મોક્ષનો માર્ગ છે, જો નીકળ્યો તો બધું આ કામ થઈ જશે એવું છે.

## અવળા માર્ગથી વાળે

**પ્રશ્નકર્તા :** તીર્થંકર થવા માટે શું કરવું પડે !

**દાદાશ્રી :** એ તો બધું બહુ કરવું પડે. એ વાત આપણે પૂછવાનો અર્થ જ નાહિને !

અવળો પ્રવાહ ચાલે છે તેમાં કોઈ સવળો કરી આપશે તેને તીર્થંકરગોત્ર બંધાશે. હવે આમને અવળા કર્યા પછી પાછા લોકપ્રવાહ

તો આજુબાજુનો પેલી દિશામાં જ જાય છેને. એટલે પાછા થોડેક છેટે જાય એટલે એમના ઓળખાણવાળા, પારખાણવાળા, "કયાં જાવ છો આમ પાછા" પુછેને ? ત્યારે, "દાદાના સત્સંગ" માં ત્યારે એ બધા શું કહેશે. "આ બધા ગાંડા છે ને તમે એકલા જ ડાહ્યા ?! હેંડો પાછા ! નવા ડાહ્યા કયાંથી પાકયા આવા ?!" એટલે આપણને ઠેઠ પહોંચવા ના દે. આ રોકડું આપ્યું ને એટલે પહોંચવા દેશે. નહિ તો પેલું જો ક્રમિક ચાલુ હોતને તો તો કયારનાય પાછા પડી જાય.

**પ્રશ્નકર્તા : અમારા જૈન ધર્મમાં એવું છે કે જો મોક્ષે જવું હોય બધાએ તીર્થંકરગોત્ર બાંધવું જ પડે.**

**દાદાશ્રી :** ના, ના. એવું નથી. લાખો લોકો મોક્ષે જાય. તીર્થંકરો ચોવીસ જ થાય.

**પ્રશ્નકર્તા : તીર્થંકર થવા માટે એને તીર્થંકરગોત્ર બાંધવું જ પડે એ વાત સાચી ?**

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા : કૃષ્ણ ભગવાન મોક્ષમાં ખરા ?**

**દાદાશ્રી :** મોક્ષમાં થોડા વખત પછી જવાના પછી પૂર્ણ તીર્થંકર થવાના છે. ત્યાર પછી મોક્ષે જવાના. શ્રી કૃષ્ણ ભગવાન, એમના મધર, એમના બ્રધર, તીર્થંકર થવાના.

**પ્રશ્નકર્તા : તીર્થંકર થવા માટે કેટલી ડિગ્રી જોઈએ ?**

**દાદાશ્રી :** આખા જગતનું કલ્યાણ કરવાનો ભાવ હોય, પોતાની ઇચ્છા જ ના હોય, પોતાનો વિચાર જ ના કરે કયારેય, લોકોના જ વિચાર કરે, એ તીર્થંકર થાય.


**પ્રશ્નકર્તા : કૃષ્ણ ભગવાન પણ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે?**

**દાદાશ્રી :** ના. કૃષ્ણ ભગવાન અહીં થવાના. કૃષ્ણ ભગવાનને વાર લાગશે.

**પ્રશ્નકર્તા : એમ કહે છે કે રાવણ તીર્થંકર થવાનો છે ? રાવણે તો બહુ પાપ કરેલાં એ કેમ ?**

**દાદાશ્રી :** એ તો ઊંધુ દેખાય છે લોકોને. ઊંધું જ દેખાય છે. રામને વખાણવા માટે એકને ખરાબ કરીને દેખાડયા છે. રામને વખાણવા રાવણની ખરાબી દેખાડે છે.

હી વોઝ ધી ગ્રેટેસ્ટ સાયન્ટિસ્ટ, ગ્રેટેસ્ટ સાયન્ટિસ્ટ રાવણ !



## મોક્ષ માટે તો આટલું જ

બાકી મોક્ષ માટે શું જાણવાની જરૂર છે? મોક્ષ તો પોતાનો આત્મા જાણે, જ્ઞાની પાસે આવીને, તો મોક્ષ થઇ જાય બસ બીજું જ્ઞાની પાસે જઇને જ્ઞાનીને કહે કે સાહેબ મારો મોક્ષ કરી આપો તો કરી આપે એ. કારણ કે જ્ઞાની મુક્ત છે. છુટ્ટા છે. મુક્ત જ છે કાયમને માટે, એ તમને મુક્ત કરી આપે. બંધાયેલો હોય તે બંધાવડાવે, અને જ્ઞાની પુરૂષ મુક્ત કરી આપે.

## અહીં એકાવતારની ગેરેન્ટી!

**પ્રશ્નકર્તા :** આત્મસ્વરૂપનું દર્શન થાય પછી જીવ સતત આત્મસ્વરૂપમાં જ રહે, તો આવી સ્થિતિ થયા પછી જીવને પુનર્જન્મ થવાની શક્યતા ખરી?

**દાદાશ્રી :** ના. છતાં એક અવતાર બાકી રહે છે. કારણ કે આ "અમારી" આજ્ઞાપૂર્વક છે. આજ્ઞા પાળી એ ધર્મધ્યાન કહેવાય. એનું ફળ ભોગવવા એક અવતાર રહેવું પડે, આમ અહીંથી જ મોક્ષ થઈ ગયેલો લાગે! અહીં જ મોક્ષ ના થાય તો કામનું શું? નહિ તો આ કળિયુગમાં તો બધાય છેતરે! ઓળખાણવાળાને શાક લેવા મોકલ્યો હોય તોય મહીંથી કમિશન કાઢી લે, કળિયુગમાં શી ખાતરી? એટલે "ગેરન્ટેડ" હોવું જોઇએ. આ "ગેરન્ટેડ" અમે આપીએ છીએ. પછી અમારી આજ્ઞા જેટલી પાળે એટલો એને લાભ થાય. બાકી પોતાના સ્વરૂપનું ભાન તો આખો દહાડો રહ્યા કરે, નિરંતર ભાન રહે. ઓફિસમાં કામ કરતા હોય તોય ભાન રહે. જરા ચીકણું હોય તો તે ચીકણું કામ પરવારી ગયા કે તરત પાછું ભાન આવી જાય.

## બીજા દેહધારણ ક્યાં ?

પ્રશ્નકર્તા : આપ હમણાં જગત કલ્યાણ કરો છો, હવે એ ઇચ્છાઓ અમુક વખત પછી ઓછી થશે તો ખરી જ ને ? અથવા એ પૂરી થઇ જશે, તે પછી તમારો જન્મ ક્યાં થશે ?

દાદાશ્રી : પૂરું થાય જ નહિ. જ્યારે દેહ છૂટે ત્યારે આનું પરિણામ આવે તે પાછું તે ઘડીએ થોડું બાકી હોય તે પુરું થઈ જાય અને પુરું થાય એટલે મોક્ષે જાય. આ છેલ્લી ઇચ્છા, પોતાને લેવાદેવા નથી, છતાં એ ઇચ્છા અને છેલ્લી ઈચ્છા છે. ત્યાં સુધી સંસારમાંથી છૂટે નહિ. એક પણ ઇચ્છા છે ત્યાં સુધી ના છૂટે. જો કે આ અમારી ભરેલી ઈચ્છા છે. આજની ઇચ્છા નથી. પણ ભરેલી ઈચ્છા પૂરી થવી જોઇએ ભરેલી ઇચ્છા જે હોય ને તે પુરી થવાની, નિકાલ થઈ જવાની.

પ્રશ્નકર્તા : આપનું એ ચાર્જ થયેલું કહેવાય ?

દાદાશ્રી : ના, આ જે ઇચ્છાઓ છે તે ડિસ્ચાર્જ રૂપે છે. ચાર્જરૂપે નથી આ. હવે ખલાસ થવા આવે, આ દેહનું બધું એ થઇ ગયું એટલે ખલાસ, ડિસ્ચાર્જ ખલાસ થઇ જાય. પહેલાં ચાર્જ કરેલું તે આ ડિસ્ચાર્જ થાય છે. મને ગમે કે ના ગમે, પણ ડિસ્ચાર્જ થયે જ છૂટકો.

પ્રશ્નકર્તા : એ ઇચ્છાઓ જ્યારે પુરી થશે પછી આ દેહ કાયમ રહેશે ?

દાદાશ્રી : ના. એ દેહ પાછા બીજા ક્ષેત્રમાં જવાનો છે, મહાવિદેહ ક્ષેત્રમાં થઈ અને મોક્ષે જતા એકાદ બે અવતારમાં એની પુણ્યૈ પાછી ભોગવીને પછી મોક્ષે જશે. પુણ્યૈ તો બંધાય ને ? જગત કલ્યાણ કર્યું એનું ફળ તો એ જ આવે પછી અને તીર્થંકર નામકર્મેય આવે. તીર્થંકર ફળેય બંધાય. પણ એ ભોગવવું પડે.

એટલે મહાવિદેહ ક્ષેત્ર અને વિદેહ એમાં ફેર બહુ. વિદેહ તો આ દેહથી જે જુદો છે, તે વિદેહી કહેવાય. એટલે આ મહાવિદેહ તો ક્ષેત્ર જ છે. એવું કે આપણા જેવા જ લોક છે, ફક્ત આપણે ત્યાં ત્રણ હજાર વર્ષ પહેલાં હતા એવા જ.

## તોય દર્શન થશે, ઘણા કાળ સુધી

પ્રશ્નકર્તા : આ પંચ મહાભૂતરૂપી દેહ વિલય થયા પછી પણ આપ આ સ્વરૂપે કેટલા સમય સુધી સ્થૂળરૂપે આપના મહાત્માઓને દર્શન દીધા કરશો ?

દાદાશ્રી : હું શું કરવા દર્શન દીધા કરું ? હું મારા કામ માં

હોઉં કે આ લોકોને દર્શન આપવા આવું ? પણ દર્શન થયા કરે ખરાં. દર્શન આપવા માટે મારે આવવું ના પડે.

તમારા મહીંથી જ દર્શન થયા કરે અને યથાર્થ ફળ આપે એવાં. મારે દર્શન આપવા આવવાની જરૂર નથી. એની મેળે જ સ્વાભાવિક રીતે દર્શન થયા કરે. એટલે ઘણા સમય સુધી આ સ્થૂળ રૂપે દર્શન થશે લોકોને, મહાત્માઓને !

## પ્રાર્થના સીમંધર સ્વામીની શાને ?

પ્રશ્નકર્તા : આપણે સીમંધર સ્વામીની પ્રાર્થના કરીએ છીએ, તે શું કામ કરવાની ?

દાદાશ્રી : એ રિયલ છે, જીવતા છે એટલે, તૈયાર છે, અને એમાં મારી ગેરેન્ટી છે, અને બીજું બધું રીલેટિવ અને તે વ્યવહારમાં જોઇએ. વ્યવહારમાં આ વાળ "કપાવવા માટે ના જવું પડે, દરેક કામ કરવાં પડે, સંડાસમાં જવું પડે, બધું કરવું પડે પણ વ્યવહારથી.

આપણે અહીં આગળ કોઇ સાહેબ આવેલા હોય, તે આમ આમ એક ફેરો કહીએ છીએને, તો એવું મસ્જિદમાં જઇને આમ કરવાથી શું થાય કે આપણું મન બગડે નહિ ! ત્યાં પછી મન સારું રહે. એટલે અમારે તો બધે જ પગે લાગવાનું. મારી જોડે આવે ને, બધે જ, મહાવિદેહ ક્ષેત્ર જાય, ગણપતિમાં જાય, બીજે, ત્રીજે જાય, મસ્જિદમાં જાય, નિષ્પક્ષપાતી.

## દર્શન, રિયલ-રિલેટિવલી

પ્રશ્નકર્તા : આપણે રામના મંદિરમાં જઇએ કે શિવના મંદિરમાં જઇએ. તો કેવી રીતે પ્રાર્થના કરવી ? કેવી રીતે એમના દર્શન કરવા ?

દાદાશ્રી : કશુંય કરવાનું નહિ. રીત-બીત કશુંય નહિ.

અમે હઉ જઇએ છીએને મંદિરમાં, કારણ કે હું ના જાઉં તો લોક શું કહે ? આ દાદા છે તે જતા નથી તો આપણેય શું જવાનું કારણ ? એટલે પછી લોક અવળે રસ્તે જાય. મૂળ પાછળની પ્રજા છેને, તે. લોકોનો વ્યવહાર બગડી જાય. આપણ તો જ્ઞાનને લઇને ના જઇએ. પણ પેલાં અજ્ઞાની તો કહેશે, "નથી જવું"

પ્રશ્નકર્તા : મંદિર હોય એટલે સાધારણ તરત ખેંચે કે ચાલો દર્શન કરવા.

**દાદાશ્રી :** એ રિલેટિવને ! તે તમારે શુદ્ધાત્માએ નહિ પગે લાગવાનું. તમારે તો જાણવાનું કે આ ચંદુભાઈ પગે લાગ્યા.

## સમકિતીને છૂટ બધે દર્શનની

**પ્રશ્નકર્તા :** મારા જેવાએ જ્ઞાન લીધું છે, તો હવે મંદિરમાં જઈએ તો શું કરવું ?

**દાદાશ્રી :** હવે "ચંદુલાલ"ને જ કહીએ કે જે-જે કરજે, બા! અંદર થાય તો. ને ના થાય તો કંઇ નહિ. પણ એના તરફ ઘૃણા નહિ રહેવી જોઇએ, અભાવ નહિ રહેવો જોઇએ. એ રિલેટિવ (વ્યવહાર) છે. રિલેટિવનો વાંધો નહિ. રિલેટિવમાં મસ્જિદમાં જઇએ તોય દર્શન કરાય. અમે તેડી જઇએને, ચાર સો ચાર સો માણસોને મસ્જિદમાં લઈ જઈએ ને મસ્જિદમાં બેસે છેય.

એટલે રિલેટિવમાં નિષ્પક્ષપાતી અને રિયલમાં (નિશ્ચય) આ શુદ્ધાત્મા એકલું જ. રિયલ ભક્તિ એક જ છે.

## મંદિરોનું મહત્ત્વ

**પ્રશ્નકર્તા :** જો દેરાસર ના હોત, મંદિરો ના હોત, તો પછી જેવી રીતે આપણે માટે, દાદાશ્રી ઊભા થયા છે, પ્રગટ થયા છે, એવી રીતના એમના માટે કોઇને કોઈ ઊભું થયું હોત ને ?

**દાદાશ્રી :** એ તો બરોબર છે. એ એક જાતનો વિકલ્પ છે. આમ બન્યું છે, એ ના હોત તો બીજો કોઈ ઉપાય તો હોત ને ?

બીજું કંઇનું કંઈ મળત. પણ આ મંદિરોનો ઉપાય ઘણો જ સારો છે. હિન્દુસ્તાનનું આ મોટામાં મોટું "સાયન્સ" છે. એ સારામાં સારી પરોક્ષભક્તિ છે, પણ જો સમજે તો ! અત્યારે તો મહાવીર ભગવાનને દેરાસરમાં જતી વખતે હું પુછું છું કે "આ બધાં લોકો તમારા આટલાં બધા દર્શન કરે છે, તો આટી બધી અડચણો કેમ પડે છે ?"

ત્યારે મહાવીર ભગવાન શું કહે છે ?

"આ લોકો દર્શન કરતી વખતે મારો ફોટો લે છે, બહાર એનો જોડો મૂકયો છે. એનો ફોટો લે છે. અને સાથે સાથે દુકાનનોય ફોટો લે છે ! માટે આવું થાય છે. હમણા કો'ક જોડો લઈ જશે, તેનો પણ ફોટો લે છે !"

## મંદિર બનાવવા જેવું કોનું ?

**પ્રશ્નકર્તા :** હિન્દુસ્તાનમાં કેટલા બધા ભગવાનનાં કેટલાં બધાં મંદિરો બન્યા છે અને નવા નવા બન્યાં જ કરે છે.

**દાદાશ્રી :** બધા બહુ મંદિર બનાવ્યાં. તે સારું નથી. પણ હવે જે બનાવ્યાં હોય એને આપણાથી કેમ કરીને ના કહેવાય ? જે હકીકત છે અને આપણે જે મંદિર બનાવવાના છીએ એ ફરજિયાત આવી પડવાં છે. બનાવવાં જ પડે. આ તો સીમંધર સ્વામીનું છે. તે જીવતા હોવા જોઈએ. જેનું મંદિર બનાવો એ જીવંત વ્યક્તિ હોવી જોઈએ. આ તો તીર્થંકર સાહેબ છે. અમારી ઈચ્છા નથી, પણ છતાં બંધાય છે. આ જગતના લોકોના કલ્યાણ માટે બંધાય છે, મતભેદ જવા માટે.

**પ્રશ્નકર્તા :** આ જે સીમંધર સ્વામીનું દેરાસર બંધાય છે એની વાત નથી કરતા. આ તો બીજાનાં મંદિરો છે, તેની વાત કરું છું.

**દાદાશ્રી :** એ બરોબર છે. એ જ મંદિરો બંધાય છે બધાં, એ સારું નથી. પણ આપણે એમાં હાથ ઘલાય નહિ ને ? આપણે તેમાં અનુમોદના ન આપી શકીએ કે એમાં કઈ પણ ન કરી શકીએ, પણ લોકો કરતા હોય તેમાં આપણાથી અંતરાય કરાય નહિ ને ? બાકી સારું નથી એ. બિલકુલેય સારું નથી.

**પ્રશ્નકર્તા :** એમાં કોમ્પીટિશન ચાલે છે. પછી ઝઘડા થાય છે.

**દાદાશ્રી :** બધા નામ કાઢે છે. એ બધા પોતપોતાનું નામ કાઢવા કરે છે. તમારું કહેવું બરોબર છે. બહુ મંદિરો છે, આટલાં બધાં મંદિરો છે, મંદિરોની મહીં દર્શન કરવાની જરૂર છે. આ તો નામ કાઢવા છે લોકોને !

**પ્રશ્નકર્તા :** આને લોક ધરમ માની લે તો રિયલ ધરમને નહીં ચૂકી જાય ?

**દાદાશ્રી :** એવું છે કે ઊંધે રસ્તે જતા હોય તેના કરતાં સારું છે. અવળે રસ્તે દારૂ પીવા ગયા હોય, તે બધું ચલાવી લેને, તે છોડાવડાવીએ તો ઊંધે રસ્તે જતો રહે. આમને વાર શી લાગે ? છોડાવવા જેવું નથી. આપણે આપણું પોતપોતાનું કરી લેવા જેવુ છે. પારકાની ભાંજગડ કરવા જેવું નથી. આ જગત બહુ મોટું તોફાન છે આ તો. પારકાની ભાંજગડ કરનારા છે જ ને બધા !

# નિષ્પક્ષપાતી ધર્મમંદિરનું નિર્માણ

**પ્રશ્નકર્તા :** આજના "સંદેશ" પેપરમાં આવ્યું છે કે આપણે સીમંધર સ્વામીનું, વિષ્ણુ ભગવાનનું અને શંકર ભગવાનનું મંદિર બનાવવાના છીએ તે એ સમજણ ના પડી. એ સમજાવો.

**દાદાશ્રી :** આ નિષ્પક્ષતાની ધર્મ છે. આખો અવસર્પિણીકાળ ગયો અત્યાર સુધી તો મતાર્થમાં ચાલ્યા ! ભગવાન મહાવીરનું શાસન છે ત્યાં સુધી જ ધર્મ છે. પછી ધર્મનો અંશ રહેવાનો નથી, મંદિર પુસ્તક કશું જ રહેવાનું નથી. માટે અઢાર હજાર વર્ષ જો ચેતી જાય, અને મતાર્થમાંથી છૂટી જાય અને ઋષભદેવ ભગવાને જેવું નિષ્પક્ષપાતી વલણ કહ્યું હતું, એવું નિષ્પક્ષપાતી વલણ પાછું થાય ! સહુસહુના દેરાં જુદાં રાખે, પણ મંત્રો તો બધાંનાં ભેગાં બોલવા જોઈએ, કોઈ કોઈને સામસામી વેરઝેર ના હોવું જોઈએ મંત્રો ભેગા બોલે એટલે બધું પહોંચી ગયું. આપણા મનમાં જુદાઈ નથી, તો કશું જુદું છે જ નહિ. એટલે આ ત્રણેય મંદિરો ભેગાં થાય એટલે હિન્દુસ્તાનમાંથી મતાર્થ ઊડી જાય તો શાંતિ થાય ! આ શકકરિયું ભરહાડમાં મકયું હોય તો કેટલી બાજુથી બફાય ? ચોગરદમથી-એવું આ લોક ચોગરદમથી બળી રહ્યું છે. તું અમદાવાદમાં, મુંબઈમાં, જા તો ખરો ! અહીં તો ઓછું બફાયેલું છે. અહીં મોહરાજાનું બળ જરા ઓછું છે, તેથી ઓછું બળે, ત્યાં તો મોહરાજાનું બળ જો તો ખરો ! માછલાં તરફડે એમ લોક તરફડી રહ્યું છે, કરોડો રૂપિયા હોવા છતાં ! એટલા માટે આ ઉપાય છે. તને આમાં કશો વાંધો લાગે છે ? તું પણ આમાં તારો મત આપીશ ને ? તારો રાજીપો આપીશ ને ?

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી સાથે વિષ્ણુ ભગવાન, શંકર ભગવાન પણ મૂકયા છે ! સીમંધર સ્વામી તો વીતરાગ ગણાય ને ?

**દાદાશ્રી :** હા, વીતરાગ જ ગણાય, અને પેલાય છે તે શલાકા પુરુષો છે વીતરાગ, સીમંધર સ્વામી તો હયાત છે. એમનો લાભ તો જુઓ ! એમનો લાભ તો આખું જગતેય લે. બધાય લાભ લેવાના અને કૃષ્ણ ભગવાન તો વાસુદેવ, નારાયણ કહેવાય. નરમાંથી નારાયણ થયેલા હતા એ. એ ત્રેસઠ શલાકા પુરુષોમાં ગણાય અને પાછા આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે. એમને જે ના માને તે તો જૈન જ ના કહેવાય ને ! ત્રણ પ્રકારના તીર્થંકરોના દર્શન કરવાનો અધિકાર છે. ભૂતકાળના

તીર્થંકરો, ભૂત તીર્થંકરો કે જે ચોવીસ થઈ ગયા છે, એમના પણ દર્શન કરવા જોઇએ. કારણ કે એમનાં શાસન દેવ-દેવીઓ કામ કરી રહ્યાં છે અને આ અક્રમ માર્ગ તો નિમિત્ત છે. એમાં શાસન દેવ-દેવીઓ જ કામ કરી રહ્યાં છે. હું તો નિમિત્ત બની ગયો છું. કોઈ વરરાજા જોઇએ કે ના જોઇએ ? આ સીમંધર સ્વામી એ વર્તમાન તીર્થંકર છે. એમને માટે તો હિન્દુસ્તાનમાં કોઈ જીવને રાગદ્વેષ નથી અને ત્રીજા જે આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે તે.

## આશ્રમનો દુરુપયોગ

આ તો લોકોનનું કલ્યાણ થાય એટલા માટે બાકી અમે કોઈ દહાડોય આશ્રમનું સ્થાપન કરીએ નહિ, પણ...

પ્રશ્નકર્તા : મહાવીર ભગવાનને મઠ, આશ્રમ કશું નહોતું.

દાદાશ્રી : અમે કહેતા હતાં કે વડ નીચે, ઝાડ નીચે બેસીને અમે ઉપદેશ આપીશું અગર કોકને ઘેર ઊતરીશું તે એનાં ઘરનું કલ્યાણ થઇ જશે ? પણ પછી એવા સંજોગ ઊભા થયા કે જગતનું કલ્યાણ કરવું હોય તો લોકોનો મતાર્થ પહેલો કાઢવો પડશે ને મતાર્થ કાઢવા માટે બધા ધર્મોનું સ્થાપન કરવું પડશે.

અને આત્માર્થ થવા માટે, મેં તો કોઇ આશ્રમ બાંધવાની ના પાડી છે. મેં ઘેર બેસીને, ઝાડ નીચે બેસીને, અમે આ કરીશું પણ આશ્રમ ? આ ધર્મોનો તો આપણાં લોકોએ શું ઉપયોગ કર્યો છે, જાણો છો તમે ? ઘેર ઝઘડા થાય, ભાંજગડ થાય ને તો મહિનો બે મહિના થાયને દર્શન કરવાને નામે પેસી જાય ને ત્યાં આગળ પંદર દહાડા પડી રહે, મૂઓ, ગાંગડાની પેઠે ? શ્રમ ઉતારવા માટે જાય છે, તમને સમજ પડીને ? આશ્રમો શ્રમ ઉતારવાનાં સ્ટેશનો થઇ ગયાં છે જે શ્રમ લાગેલોને તે ઉતારવા !

## આમાં હેતુ મતાર્થ જવા માટેનો

એટલે દેરાસર છેવટે અમારે ફરજિયાત બાંધવું પડયું આ મતાર્થ જવા માટે શું બાંધવું પડયું ફરજિયાત ? ત્યાં ત્રણ દેરાસર બંધાય છે. આ સીમંધર સ્વામીનું. જે જીવતા છે તેમનાં માટે બંધાય છે. સમજ પડીને ? જે ગયા, એનાં નામ લેવાય નહિ. કૃષ્ણ ભગવાન જીવતા છે, એમનું બંધાય છે અને શિવ પણ જીવતા હોય છે. શિવ એટલે કલ્યાણ સ્વરૂપપની હોય તે બધાય શિવ કહેવાય. એટલે ત્રણેય દેરાસરો બંધાય છે એય ભેગાં નહિ, પણ જુદાં જુદાં ! પણ બધી જગાએથી

દર્શન કરી જાય. એનાથી આ લોકોનો મતાર્થ બધો જતો રહેશે. એવી આ મૂર્તિઓમાં પ્રતિષ્ઠા કરીશ ! મૂર્તિઓ બોલશે તમારી જોડે !!! મૂર્તિઓ વાતો કરશે ! બોલો પછી નાસી જાયને પેલા લોકો ? પછી આ બાગાઓ ને વેપારીઓનું પછી કશું ચાલવાનું નથી. આ તો ત્યાં સુધી નામ ચરી ખાશે આ લોકો. આ બધું જતું રહેશે. આ જે દેવ-દેવીઓનું છે, અને અહીં પણ દેવ-દેવીઓ છે, તે ધર્મનું રક્ષણ કરશે. પણ આ લોકો જ વાંકા ચાલે ત્યાં એમનું શું ચાલે ? લાકડાં વાંકા હોય ત્યાં કરવતે ય વાંકી આવે ને લાકડાં વાંકા હોય ને કરવત સીધી હોય તો તૂટી જાય. સમજ પડીને ? એટલે આ બધું સીધું થઇ રહ્યું છે એટલે આ ત્રણેય દેરાસર બાંધવા લોકો તૈયાર છે.

એટલે અહીં સીમંધર સ્વામીનું દેરાસર મોટું, જોડે કૃષ્ણ ભગવાનનું, અને બીજી બાજુ શિવનું. આ ત્રણેય દેરાસર સેપરેટ છે. જગ્યા એક, પણ દેરાસર સેપરેટ આ સંકુલ બંધાઇ રહ્યું છે. અત્યારે જગતના મતાર્થ કાઢવા માટે.

હિન્દુસ્તાનમાં મતાર્થ ના રહેવો જોઇએ. કૃષ્ણ ભગવાનને જે ભજે ! તે સીમંધર સ્વામીને ભજે, અને આ બાજુ શિવને ભજે.

**પ્રશ્નકર્તા** : આ દેરાસર બીજે છેને ? પછી સૂરતમાં નવું બાંધવાની શી જરૂર ?

**દાદાશ્રી** : એ બધે મતાર્થી છે. આ તો મતાર્થની બહાર કાઢું છું. આ મતાર્થ કાઢવા માટે છે. લોકો આત્માર્થને બદલે મતાર્થમાં પડયાં છે. એ મતાર્થ નીકળી જાય એટલે આત્માર્થમાં આવી જાય.

## આ ઈચ્છા છે 'અમારી'

જગતમાં મતભેદ ઓછા કરી નાંખવા છે. મતભેદથી દૂર થશેને. ત્યારે આ વાત સાચી સમજતા થશે. આ મતભેદો તો એટલા કરી નાંખ્યા છે, કે આ શિવની અગિયારસ ને વૈષ્ણવની અગિયારસ. અગિયારસ જ જુદી જુદી ! ત્યાં મેં મંત્રો ભેગા કરી નાંખ્યા છે. સમજ પડીને ? કારણ કે દેરાસર જુદા જુદા રાખો. કારણ કે એ બિલીફ છે, એક જાતની. શિવમાં કૃષ્ણને ના ઘાલો. પણ આ મંત્રો છે, તે ભેગા રાખો. કારણ કે મન છે હંમેશાં, અને મન તો શાંત થવું જોઇએ ને ? તે આ લોકોએ આ બધાં મંત્ર વહેંચી નાંખેલા અને આ ભેગું કરીને હું પ્રતિષ્ઠા એવી કરીશ કે લોકોને ધીરે ધીરે મતભેદ બધા વિસારે પડી જાય. આ ઇચ્છા છે અમારી, બીજી કોઈ ઇચ્છા નથી.

# જગતમાં મોટામાં મોટું જાત્રાસ્થળ

**પ્રશ્નકર્તા :** અમે રોજ પ્રાર્થના કરીએ છીએ. સીમંધર સ્વામીને કે એકાદ દેવ મોકલે અને અમને ત્યાં આગળ લઈ જાય.

**દાદાશ્રી :** એ પ્રાર્થના ફળવાની. તે માટે મને મોકલેલ છે.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** તેથી સીમંધર સ્વામીનું દેરાસર બાંધવાનું નક્કી કર્યું છે. અહીં સૂરત પાસેનું, કારણ કે આ બીજે સીમંધર સ્વામીનાં દેરાસર છે ને, તે બધાં લોકોને એક્સેપ્ટ નથી થતાં. વીતરાગો બધાં લોકોને એક્સેપ્ટ થવા જોઇએ. પક્ષપાતી ના હોવા જોઇએ. એટલે આ સીમંધર સ્વામીનું દેરાસર જે સૂરતમાં બંધાય છે, તેમાં ચાર મૂર્તિઓ આપણા થઇ ગયેલા તીર્થંકરોની રહેશે. પહેલાને બીજા ઋષભદેવ, અને અજિતનાથ અને ત્રેવીસ ને ચોવીસ પાર્શ્વનાથ ને મહાવીર અને સીમંધર સ્વામીની મોટી મૂર્તિ અહીં મહેસાણા જેવી, બાર ફૂટની અને જોડે છે કૃષ્ણ વાસુદેવનું મંદિર અને આ બાજુ શિવની મૂર્તિ, એટલે એનું 'લિંગ' સહિત. એટલે આ બધા ધર્મોનું અહીં આગળ સંકલન કરવામાં આવે છે અને એ બધું આ મોટામાં મોટું જાત્રાનું સ્થાન થવાનું છે અને તેથી લોકોનું કલ્યાણ થવાનું છે.

આ આમની મૂર્તિ નથી પધરાવવા, સીમંધર સ્વામી જાતે હાજર છે, એમની મૂર્તિ એટલે પોતે જાતે એના પ્રતિનિધિ કહેવાય. સમજ પડીને ? જેમ આ દાદા અહીં આગળ છે, એમની મૂર્તિ બધા ભજે છે, તે મૂર્તિ એમની પ્રતિનિધિ કહેવાય. હું ના હોઉં ત્યારે મૂર્તિ કહેવાય. મૂર્તિનાં ક્યાં સુધી દર્શન કરવાનાં છે ? અમૂર્ત પ્રાપ્ત થતાં સુધી. અમૂર્ત પ્રાપ્ત થતાં સુધી મૂર્તિનું અવલંબન છે. ભગવાને કહેલું કે પછી મૂર્તિ છોડી દેવાની ? ના. મૂર્તિ છોડી નહિ દેવાની નહિ તો લોકો છોડી દેશે. એટલે અમથા આપણે નામના જવું ખરું. વ્યવહાર ધર્મ છે. એ, અમે હઉ જઇએ. વર્ષમાં બે-ત્રણ વખત મારે હઉ ત્યાં જવાનું. તો પોળના નાકાવાળા બધાંને સમજાય કે દાદા જાય છે. વ્યવહારધર્મ બધોય ખુલ્લો રાખવાનો.

હિન્દુસ્તાનનું આ સ્થિતિમાં ન રહેવું જોઇએ. જૈનો આ સ્થિતિમાં રહેવા જોઇએ.

સીમંધર સ્વામીનું દેરાસર. ને મૂર્તિનું દેરાસર નથી ! એ અમૂર્તનું દેરાસર છે !

પ્રશ્નકર્તા : હમણાંના બધા લોક છે, વ્યવહારમાં અને ભાવિક પ્રજાને માટે તો એ મૂર્તિ પરોક્ષ છે, તો અત્યાર લોકો કરશે જ ને ?

દાદાશ્રી : ના. આ મૂર્તિ પરોક્ષ નથી.

પ્રશ્નકર્તા : પણ ભવિષ્યની પ્રજા, એને માટે પરોક્ષ જેવું થઇ જશે ને ?

દાદાશ્રી : એકલું એને માટે જ નહિ. પહેલું આપણે માટે છે આ. આપણે માટે શું છે ? સીમંધર સ્વામી આજે હાજર છે. હજુ તો સવા લાખ વરસ સુધી હાજર છે એમનું ચિત્રપટ બધું કામ કરે. સમજ પડીને ? એટલે આપણા મહાત્માઓને ત્યાં દર્શન જ કર્યા કરવાના. સામે બેસી રહેવાનું એક કલેકટર ત્યાં આગળ ખુરશી ઉપર હોય, ત્યાં સુધી કામ થાય કે ના થાય ?

પ્રશ્નકર્તા : થાય.

દાદાશ્રી : એક કલેકટર તમારું કામ ના કરતો હોય તેને ઘેર બેઠા તમે પ્રતિક્રમણ કર્યા કરો તો તમારું કામ થઈ જાય ! એના ફોટા પાસે તમે કર્યા કરો તો, હવે કલેકટરના ફોટાની જરૂર નહિ. આમાં ફોટાની જરૂર અને ભવિષ્યની પ્રજા માટે તો, આખા જગતના કલ્યાણ માટે છે આ દેરાસરનું સંકુલ તો મતાર્થ જવા માટે, મતભેદ બધા જતા રહેશે. ને લોકોને ફળ આપશે.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે, સમજ પડીને ? તે તેમની મૂર્તિ અહીં મૂકવાની છે. જીવતાની મૂર્તિ હોય ! કેટલું બધું ફળ આપે ?

## ક્યાંય પક્ષપાત જ નહિ

આપણે ત્યાં તો આશ્રમે ય ના હોય ને કશું હોય નહિ, એવું તેવું શોના કરું જોઇએ ? પણ આ તો એવું કંઇક સંજ્ઞા થઇ ગઈ, સંકેત તે આપણે કર્યા વગર છૂટકો નહિ. લોકોનું કલ્યાણ થવું જોઇએ ને !

પ્રશ્નકર્તા : જ્ઞાન ભાદરણમાં થયું એટલે સુરતમાં મંદિર બાંધીએ અને જન્મ ભાદરણમાં થયો તો ભાદરણમાં કશું નહિ કરવાનું ?

દાદાશ્રી : જન્મ તરસાળીમાં થયો. અમારે લેવાદેવા જ ના હોય. ભાદરણ ગામમાં તો આ જ્ઞાન જ પહેલી વખત આપીએ છીએને ? જો ગામનો પક્ષપાત હોય તો પહેલેથી આપીએ નહિ, જો કદી ! આ પહેલી વખત જ જ્ઞાન આપીએ છીએ. પક્ષપાત ના હોય અમારે.

વ્યવસ્થિતની શી મરજી છે તે જોઇ લઇએ. વ્યવસ્થિત શું છે બધું તે જોઇ લઇએ. બધું આપણું જ છે. આ ભાડરણ એકલું જ કંઇ આપણું નથી!

તોય જન્મક્ષેત્રે ત્યાં આગળ લોક દર્શન કરવા જાય છે. લોકોને મનમાં એક રૂઢિ પેસી ગયેલી, પાછા ઘરમાં જઇને ફરી આવે! ઉપર ફરી આવે!

## જીવતા ભગવાનની ભજનાથી....

**પ્રશ્નકર્તા :** તો મહાવીરને બદલે સીમંધર સ્વામીનું દેરાસર વધારે કામનું ને?

**દાદાશ્રી :** હા, એ જીવતા છેને! વર્તમાન તીર્થંકર જોઇએ. પછી મહાવીરની મૂર્તિ આવશે પણ મૂળ નાયક તો આપણા સીમંધર સ્વામી એ જીવતા છે ને ગમા ને એનાથી પુણ્ય બંધાય, જ્ઞાનનો ઉઘાડ ના થાય. ને વર્તમાન હોય તે જ જ્ઞાનનો ઉઘાડ થાય.

## 'અમારો' એ જ પ્રોપેગન્ડા

મારો એ જ પ્રોપેગન્ડા છે કે તમે તીર્થંકરને જાણો, અરિહંત કોણ છે એને જાણો તો તમારાં દર્દ ઓછાં થશે. અરિહંત જ આ દુનિયાના રોગ મટાડે છે. સિદ્ધો ના મટાડે.

**પ્રશ્નકર્તા :** અરિહંત ઉપકારી.

**દાદાશ્રી :** અગર તો મારા જેવા જ્ઞાની પુરુષ એ ઉપકારી. બીજું કોઇ ઉપકારી આ જગતમાં હોય નહિ. એટલે આ અરિહંતને ઓળખાવા માટે કરોડ રૂપિયાનું દેરાસર બંધાય છે સમજ પડીને?

## પ્રાણપ્રતિષ્ઠા કોણ કરી શકે?

એટલે આ દેરાસર બંધાય છે ને, તે મતાર્થ બધા છૂટી જશે અને મૂર્તિઓની પ્રતિષ્ઠા હું કરીશ. આ લોકોની પ્રતિષ્ઠા ચાલે નહિ. પ્રતિષ્ઠા તો જેનામાં અહંકાર ન હોયને, તે જ પ્રતિષ્ઠા કરી શકે. અગર તો અહંકાર ઉપશમ થયેલો હોય તે કરી શકે. આ તો બધે અહંકારી લોકો જ મૂર્તિની પ્રતિષ્ઠા કરે છે, તે ન હોવું જોઇએ.

## જરૂર સીમંધર સ્વામીના દેરાસરની

આ બધા અમારું મંદિર બાંધવાનું કહેતા હતા. ના, ના. મારું મંદિર ના બાંધશો. આ બધાં છે જ. હા, એક સીમંધર સ્વામીના મંદિરની જરૂર છે જેથી કરીને આ જગતનું કલ્યાણ થાય. એમને કહું

"પધારો સાહેબ, અહીં આગળ. આ કલ્યાણ થાય લોકોનું. દેરાસર હોય તો પધારો એમ કહેવાય, મૂર્તિ હોય તો ! નહિ તો કયાં પધારે ! હવામાં ઊડે એ કામ ના આવે. એક જગ્યાએ સ્થિર થયેલી હોય ત્યાં પધારો કહેવાય. બાકી મારી મૂર્તિ મૂકીને શું કરવાનું ?! આ તો હાજર છે. કોની મૂર્તિ ?

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામીની.

**દાદાશ્રી** : હંઅ...

## પૂજવા બેઠેલી મૂર્તિ

હિન્દુસ્તાનમાં બધા લોકોએ મને કહ્યું કે અમારે તમારી મૂર્તિ મૂકવી છે, મંદિરમાં. મેં કહ્યું, "ના, મૂર્તિ મૂકવાની નહિ હું મૂર્તિ મુકાવીશ તો પાછળવાળાને ફાવતું આવી ગયું. એટલે પછી એમના પછી એય મુકાવડાવે. કોઈ ફરી પાછો બીજો મુકાવતો જાય એ રીતે.

**પ્રશ્નકર્તા** : મૂળ ક્યેય ચૂકી જવાય.

**દાદાશ્રી** : સમજ પડીને ? એટલે મારી મૂર્તિ મૂકવાની જરૂર નથી. હું તો મૂર્ત જ છું. જયારે જૂઓ ત્યારે. આ મૂર્તિ તો બધા આગળના લોકોની મૂકેલી. એ જાતના લોકોની મૂર્તિ મુકાયેલી સાચા પુરુષો, મૂળ પુરુષો, જેની આપણા લોકોએ મૂર્તિ મૂકી. અને મારી પછી તો શું થશે ? પછી તો પ્રથા ચાલશે કે મારા પછી જે હોય ને એ દાદાની પછી મૂકે, એટલે મેં કહ્યું છે કે મારી મૂર્તિ મૂકવી હોય તો સીમંધર સ્વામીની સામે, હું આમ કરીને (પગે લાગતો) બેસી રહ્યો હોઉં એવું કરીને મૂર્તિ મૂકજો.

**પ્રશ્નકર્તા** : એવી કરાવવી હોય તો એવી કરાવીએ.

**દાદાશ્રી** : તેનો વાંધો નહિ. સીમંધર સ્વામીની સામે હું આમ (પગે લાગતો) કરીને બેસી રહું તેવી મૂર્તિ મૂકજો. એટલે પૂજાવા માટે નથી. આ પૂજવા માટે છે અને એમને પૂજવાનું છે. એ બતાવે છે. હું તો બહુ બહુ પૂજાયેલો છું. અનંત અવતારથી ધરાઇ ગયો છું. અનંત અવતારથી ધરાઇ ગયો છુ, પૂજાઇ, પૂજાઈને ! એ ભીખ નથી રહી મારી કોઇ જાતની. સમજ પડીને ? એ તો એક જાતની ભીખ છે મનની પૂજાવાની કામના. આ બધી કામના છોડી એનો ઉકેલ આવે.

જેમ સાધુઓએ મારા ગુરુ, દાદા ગુરૂ કર્યું તે મેલને મૂઆ, અહીં બાપ, દાદો કર્યો પાછો ! દાદા ગુરુને લાવે પાછો ! પુસ્તકમાં નામ લખે. આ તો મૂર્તિ બેસાડે. શ્રીમદ્ રાજચંદ્રે ઘણું ના કહ્યું હતુ તોય એમની મૂર્તિ બેસાડી.

પ્રશ્નકર્તા : હા, અગાસમા.

દાદાશ્રી : કારણ કે લોકોને એમ કે પાછળ પ્રભુશ્રીની મૂકતાં ફાવે. પછી પ્રભુશ્રીની પાછળ બ્રહ્મચારીની આવે.

પ્રશ્નકર્તા : પછી તો બીજાની આવે.

દાદાશ્રી : હા. કૃપાળુદેવ ચોખ્ખા માણસ, પ્રભુશ્રીય પ્યોર હતા. પછી લોકોએ ગંદવાડો કરી નાખ્યો.

## મૂર્તિ મૂકવાનો રોગ

મને તો બહુ દબાણ આવ્યા કરે, કે મૂર્તિ ઘાલો. અહીં મુકી હોય ને ભઈ ત્યાં આગળ કારકુનની નોકરી કરતો હોય, બીજા અવતારમાં ! સમજ પડીને ? પશુમાંય ગયેલો હોય ! અમારે તો સંઘ આખો બહુ દબાણ કરે, પણ મેં ના ચાલવા દીધું. મુર્તિનો રોગ પેસે નહિ.

પ્રશ્નકર્તા : સત્સંગમાં એક વખત વાત આપની બહુ સ્પષ્ટ નીકળેલી, એ વખતે એવો પ્રશ્ન આપને પૂછેલો કે દાદા, આપના પછી આપની મુર્તિ બધા મુકી જશે. તો તે વખતે દાદાની વાણી એવી નીકળેલી કે અમારી મુર્તિ ના મુકાય. શ્રીમદ્‌ની મુર્તિ મુકેલી તે પણ ખોટું કરેલું મુર્તિ ના મુકાય. અને અમારી જો મુર્તિ મુકવી હોય તો સીમંધર સ્વામીની સામે આમ પગે લાગીએ છીએ એવી જાતની તમે મુર્તિ મુકો.

દાદાશ્રી : એવી રીતનું [illegible]

પ્રશ્નકર્તા : હવે આ સ્પષ્ટ [illegible] એટલે બધાને એમ તો વિચાર થશેને કે દાદા આવું સ્પષ્ટ કહી ગયા છે.

દાદાશ્રી : હા. એવું એવું એમની પાસે રહેવા.

પ્રશ્નકર્તા : કે દાદા આવું કહી ગયા.

દાદાશ્રી : સ્પષ્ટ જ કહી દેવાનું. કૃપાળુદેવે સ્પષ્ટ કહેલું પણ આ લોકો છોડે નહિ ને ?

પ્રશ્નકર્તા : પણ દાદા, એવું થયું એટલે પછી કૃપાળુદેવની પાછળ પાછળ લઘુરાજ સ્વામી આવ્યા તો તેમની પ્રતિમા મુકી. એમણે, પ્રભુશ્રીએ ના કીધેલું. પણ છતાંય એમની મુકી.

દાદાશ્રી : લોકોને શું છે કે આમનાં મુકું તો પછી મારી મુકશે.

પ્રશ્નકર્તા : મારી મુકાય એટલે રસ્તો ખુલ્લો કરવા માટે...

દાદાશ્રી : એ દાનત તોડવા માટે જ હું કહું છું. હું સીમંધર સ્વામી સામે હું દર્શન કરું છું એવું મૂકજો. સમજ પડીને ? એટલે પેલી દાનત ના રહે ને ! અને દાનત હોય તે વખને એની મૂર્તિ આમ સામે દર્શન કરતી મુકાવડાવે. સમજ પડીને ?

પ્રશ્નકર્તા : પણ એ સ્પષ્ટ સૂચના આપે આપી.

દાદાશ્રી : આ દાનત હિન્દુસ્તાનની તોડવા માટે આ મારો રસ્તો છે.

## દાદાની તો પુજવાની કામના !

મારી પાછળ પેલો રિવાજ બંધ થઈ જાય.

શ્રીમદ્ રાજચંદ્ર ના કહેતા હતા, કે મારી મૂર્તિ મૂકશો નહિ. તોય મુકાવડાવી એટલે મુકાવનારની મુર્તિ પછી એની પાછળથી મુકાઇ. જો નિરાંતે વ્યાપાર ચાલુ રહ્યોને, એ વેપાર હું બધું કરી દેવા માગું છું.

એટલે હું અહીંથી કાપી નાખું તો પછી વાંધો ભાંજગડ નહિને, પછી લાલચ ના રહેને.

હું જ આમ કરતો (પગે લાગતો) હોઉં, (સીમંધર સ્વામીને) પછી એ કેમની એની મૂર્તિ મુકવડાવે ?

સીમંધર સ્વામીની સામે આમ (પગે લાગતા) દાદાની મુર્તિ મુકીએ એટલે લોકોને થાય કે આ દાદાને પૂજાવાની કામના નથી, પૂજવાની કામના છે.

## આરતી સીમંધર સ્વામીની

હાલમાં જે ભગવાન પ્રત્યક્ષ હાજર છે, તેમની આરતી આ બધાં કરે છે તે મારા થ્રુ (આપણા દ્વારા) કરે છે. ને હું તે આરતી તેમને પહોંચાડું છું. હું પણ તેમની આરતી કરું છું. દોઢ લાખ વરસથી ભગવાન અત્યારે હાજર છે. તેમને પહોંચાડું છું.

આરતીમાં બધા દેવો હાજર હોય છે જ્ઞાનીપુરુષની આરતી સીમંધર સ્વામીને ઠેઠ પહોંચે દેવ લોકો શું કહે છે ? કે જ્યાં પરમહંસની સભા હોય ત્યાં અમે હાજર હોઇએ.

આપણી આરતી ગમે તે મંદિરમાં ગાઓ તો ભગવાનને હાજર થવું પડે.

## ઘેરઘેર કરવા જેવી આરતી

જેને ત્યાં "દાદાની"ની આરતી ઊતરે તેને ત્યાં તો વાતાવરણ જ બહુ ઊંચું વર્તે ! આરતી તો વિર્રતિ છે! જેને ઘેર આરતી થાય એને તો ઘેર વાતાવરણ આખું જ ફેરફાર થઇ જાય. પોતે તો "શુદ્ધ" થતો જાય ને ઘરનાં બધાં છોકરાંનેય, બધાંનેય ઊંચ સંસ્કાર મળે. આ આરતી બરોબર બોલાયને તે ઘેર દાદા હાજર થાય ! અને દાદા હાજર થાય એટલે બધા જ દેવલોક હાજર થાય અને બધા જ દેવલોકોની કૃપા રહે.

આરતી તો ઘેર નિયમિત બોલાય અને એને માટે અમુક ટાઇમ નક્કી કરી રાખવો તો બહુ જ સારું. ઘરમાં એક જ ક્લેશ થાય તો વાતાવરણ આખુંય બગડી જાય. પણ આ આરતી એ પ્રતિપક્ષી કહેવાય, તેનાથી તો શું થાય ? કે વાતાવરણ સુધરી જાય અને ચોખ્ખું પવિત્ર થઇ જાય !

આ આરતી વખતે તમને જે ફૂલાં ચઢે છે એ દેવોને અમે ચઢાવીએ છીએ અને પછી તમને તે ચઢાવીએ છીએ. જગતમાં કોઇનેય દેવોના ચઢાવેલાં ફૂલાં ચઢતાં જ નથી આ તો તમને જ ચઢે છે. એનાથી મોક્ષ તો રહે ને ઉપરથી તમને સંસારી વિઘ્નો ના આવે.

## આરતી વેળાએ અમીઝરણાં........

આપણે ત્યાં આગળ સીમંધર સ્વામીના દેરાસરમાં મહેસાણા ગયા'તા એ તો, અમે તો ૩૫ જણ છે તે ત્યાં આરતી ઉતારી, મેં પહેલી વખત આરતી ઉતારી. આખી બસ હતી. તે આરતી તો આપણી બોલવા ના દે. આપણી આરતી જુદી છે. તમે જાણો છો ને ?! એ ત્યાં બોલવા દે નહિને ! પણ એ પૂજારીએ કહ્યું કે તમારી આરતી બોલો અને મેં છે તે જાતે આરતી ઉતારી. આરતી વખતે તો મને તો દેખાય બધું. પછી હું તો કશી વાત બોલું નહિ. મહીં આપણા મહાત્માઓમાં કેટલાક જોઇ ગયેલા અને પછી છે તે અમે ઉતારે ગયા ત્યારે પેલો પૂજારી ત્યાં ઉતારે આવ્યો. કહે છે આ સીમંધર સ્વામીના આજે ટપકાં પડ પડ કરતાં'તા તે બહુ પડયાં–કહે છે.

પ્રશ્નકર્તા : અમી ઝર્યાં.

દાદાશ્રી : હા. તે આજે બન્યું. આજે કેટલા દહાડે, આ અહીં પધરામણી થયા પછી. એમની પ્રતિષ્ઠા થયા પછી. કોઇ દહાડો આવા સરસ અમી ઝર્યાં નથી. આ નિરંતર અમી જ ઝર્યા કરતાં'તાં ! પછી આજ બન્યું. શું કર્યું તમે ? ત્યારે મેં કહ્યું, મેં કશું કર્યું નથી આજ. પ્રતિષ્ઠા કરી નથી મેં. પ્રતિષ્ઠા કરે તો બને એવું વખતે, પણ પ્રતિષ્ઠા કરી નથી. આ આરતી ઉતારીને એમાં આ બન્યું એટલે બધું થાય. આ કંઈ શાસન બગડયું નથી. બાકી પ્રતિષ્ઠા અમે કરીએ છીએ કેટલીક જગ્યાએ. કારણ કે આજની પ્રતિષ્ઠા, આજે આચાર્ય મહારાજો કરે છે ને, તે શાસ્ત્રના આધારે કરે છે, એ કરનાર કોણ હોવો જોઇએ ? શાસ્ત્રની પ્રતિષ્ઠા સાચી છે, પણ કરનાર સમકિતી હોવો જોઇએ, અગર તો જ્ઞાની હોવો જોઈએ. એટલે આજે ફળ નથી આપતી.

# પ્રતિષ્ઠા જ્ઞાની થકી

અમે જયપુર ગયા'તા, એક બસ લઈને. તે ત્યાંથી પછી બિરલાવાળાનું મંદિર હતું, રામ, લક્ષ્મણ, સીતાની. એ ત્રણ મૂર્તિઓ ગોઠવેલી, અને મંદિર નવું બાંધેલું. ત્યારે અમે બધા ત્યાં જઇને બેઠાં, દર્શન કર્યાં. આપણે તો બધા દર્શનને માનીએને ! આપણે તો અહીં વીતરાગ દર્શનને ! નિષ્પક્ષપાતીને ! આપણે અહીં તો પક્ષપાત નહીં ને ! જૈન, વૈષ્ણવો બધા આવે અને વ્યવહારથી છે, આપણે કંઇ આ નિશ્ચય છે નહિ, વ્યવહાર છે. એટલે પછી ત્યાં આગળ જઈ બેઠા. પછી મેં પ્રતિષ્ઠા કરી કહ્યું કે આવી સરસ મૂર્તિ છે, પણ પ્રતિષ્ઠા નથી દેખાતી. તે બે વરસ પર બાંધેલું પછી. પ્રતિષ્ઠા કરી. એટલે પછી પેલો પૂજારી દોડતો આવ્યો અને દાદાના પગમાં માથું મુકીને ખૂબ રડયો એ તો ! ખૂબ રડીને પછી આ માળા પહેરાવી ગયો. મને કહે છે કે આજે ભગવાનને હસતા જોયાં. નહિ તો કોઈ દહાડો હસ્યા જ નથી. તમે શું કર્યું ? મેં કહ્યું, મેં આ પ્રતિષ્ઠા કરી છે. લોકોનું કલ્યાણ થઈ જાય !

આયે પ્રતિષ્ઠાનું જ રૂપક છે. આ તમે 'ચંદુલાલ' બન્યા છો એ પ્રતિષ્ઠા જ તમે કરી છે. હવે ફરી પ્રતિષ્ઠા ના કરવી હોય, ના અનુકૂળ આવતું હોય તો પ્રતિષ્ઠા બંધ કરી દો.

પ્રતિષ્ઠા થાય પછી પૂજ્ય ગણાય. એટલે અમે ચેતન મૂકીએ એમાં. મૂર્તિમાં ચેતન મૂકીએ ત્યાર પછી પ્રતિષ્ઠા થઈ કહેવાય. આ દેરાસરમાં જોજોને, અમે એક એક મૂર્તિમાં ચેતન મૂકીશું.

પ્રશ્નકર્તા : આ મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરે છે તો વ્યક્તિમાં કેમ નહિ ?

**દાદાશ્રી :** હું પ્રાણપ્રતિષ્ઠા જ કરું છું ને ! ત્યારે બીજું કરું છું શું ? આ બધા મને પગે લાગે છે ને પ્રાણપ્રતિષ્ઠા જ કરે છે એમાં.


**પ્રશ્નકર્તા :** થઈ શકે ? એ સત્ય છે ?

**દાદાશ્રી :** એ સત્ય હતું તેના પર નકલ કરેલી છે પેલી તો અને આ જે ભાગને હું પ્રાણપ્રતિષ્ઠા કરું છું ને એ મૂર્ત જ છે. જીવતી નથી.

**પ્રશ્નકર્તા :** એ મૂર્ત જ છે.

**દાદાશ્રી :** આય મૂર્તિ છે ને તેય મૂર્તિ છે. બેઉ મૂર્તિઓ જ છે.

**પ્રશ્નકર્તા :** પણ મૂર્તિઓના ચમત્કાર હોય છે તો મનુષ્યના ચમત્કાર કયા ?



**દાદાશ્રી** : મૂર્તિઓ શી રીતે ચમત્કાર કરે ?

**પ્રશ્નકર્તા** : દેરાસરોમાં અમી ઝરણાં થાય છે તે શું છે ?

**દાદાશ્રી** : એવું છે, આ લોકોનો મૂર્તિ પર વિશ્વાસ ડગી જાય છે ત્યારે બીજા દેવલોકો આ બધા અમીઝરણાં કરે ! મહીં કંકુ કાઢે, ચોખા કઢાવડાવે. એટલે લોક પાછા જાય ત્યાં બધા.

**પ્રશ્નકર્તા** : આ બધું પૌદ્ગલિક છે ને ?

**દાદાશ્રી** : હા.

**પ્રશ્નકર્તા** : આ પ્રાણપ્રતિષ્ઠા વખતે અમીઝરણાં થાય છે એ દેવો કરે છે ?

**દાદાશ્રી** : શાસનદેવો કરે. જેને આ શાસન નભાવવું છે-એ દેવો કરે ! બાકી મૂર્તિ મોઢે તો લોકોને શું કહે છે ? "તારી બનાવી હું બની, તારી એક ફૂટી કે બે ?!" મૂઆ, બોલ પાંસરો થઈને ! -એમ કહે છે. પણ પ્રતિષ્ઠા કરી એટલે ભગવાન બેસાડયા અને પ્રતિષ્ઠા તો આ સાધુ આચાર્યો કરે છે ને તેમાંય લોકોને સાધારણ ત્યાં દર્શન કરવાનું મન થાય છે. તો જો જ્ઞાની પુરુષ પ્રતિષ્ઠા કરે તો મૂર્તિ બોલે ! વાતચીત કરે તમારી સાથે ! આ સૂરતના દેરાસરમાં સીમંધર સ્વામીની મૂર્તિ જોજો અને કૃષ્ણ ભગવાનની જોજો, ત્યાં જવાનું થાય ત્યારે એ વાતો કરશે અને આ પ્રાણપ્રતિષ્ઠા જ છે. પણ આ તમારી કરેલી પ્રાણપ્રતિષ્ઠા છે. મારી કરેલી નહિ. આ તો હું છે તે તમને જયારે જ્ઞાન આપ્યા પછી આત્માની પ્રાણ પ્રતિષ્ઠા કરાવડાવુ છું.

**પ્રશ્નકર્તા** : આત્માને જાગ્રત કરો છો.

**દાદાશ્રી** : સસરા થાવ, તો સસરા થયા એ તો પ્રાણ પ્રતિષ્ઠા તમારી કરેલી છે. તેથી સસરા થયા.

## શાસનદેવો પ્રભાવ પાડે

**પ્રશ્નકર્તા** : તીર્થંકરોની પ્રતિમામાંથી અમી ઝરે છે એ સાચું કે ખોટું ?

**દાદાશ્રી** : હવે એ તો બધું સાચું છે, એમાં બે મત ના હોય પણ બધે સાચું નથી હોતું. કેટલીક જગ્યાએ બનાવટી હોય છે ને કેટલીક જગ્યાએ સાચું હોય છે કારણ કે બધું બગડયું હશે, પણ શાસન

નથી બગડયું. હા, ભગવાનનું શાસન તેવું ને તેવું છે. એટલે અમી ઝ
છે. બધું જ બને છેને !

## આવા તો ચોવીસ મંદિરો થવાના છે

હવે તમારા કચ્છીઓ બધા બહુ આવે છે સત્સંગમાં.

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું છે તે. ચોવીસ મંદિર થવાના છે આવા સુરત જેવા.

**દાદાશ્રી :** હા. પણ કચ્છમાં થાય તો સારું.

## ક્યાં સુધી એ રિવાજોમાં રહેવું ?

કેટલાક લોકો મને કહે છે, "સીમંધર સ્વામીનું દેરાસર તમે શું કામ બંધાવો છો ? અને અમને સોંપી દો. તો અમે બાંધી આપીએ, તમારા કહ્યા પ્રમાણે." મેં કહ્યું, "તમારા રીતરિવાજ અમારે ઘાલવા પડે અને તમારા રિવાજો છે તે શુષ્ક અને જડ રિવાજો છે.

સીમંધર સ્વામીની પાસે મને દર્શન કરવા અંદર નથી જવા દેતાંને ! જ્ઞાની પુરુષનેય રોકે ! પવિત્રમાં પવિત્ર, નિરંતર પવિત્ર હોય. જે દેહના માલિક નથી તેને જ આ લોકો અંદર જવા નથી દેતાં ! અને લોકોય કેવા પ્રેમથી આપે છે ! નહિ તો આ દેરાસર બંધાવું કંઇ સહેલી વાત નથી. જૈનોએ કહ્યું, પૈસા આપવા માટે પણ એ તો પછી એમના કાયદાઓ ઘાલી દે.

**પ્રશ્નકર્તા :** હા. કાયદા એમના ઘાલી દે.

**દાદાશ્રી :** અમારે તો વૈષ્ણવ આવવાના, બધા આવવાના, તે એ લોકો એમના કાયદાથી પેસવા ના દે પછી, સમજ પડીને ? પૂજા કરવી હોય તો ના પેસવા દે. વૈષ્ણવોને એ કહે, આવા કપડાં પહેરીને અંદર જાવ... શું ? કાયદા પેસી જાયને ? એટલે બધાંએ ના પાડી, આપણા મહાત્માઓએ. (જૈનોના પૈસા લેવાની)

## આરસની આસરો



**દાદાશ્રી :** મેં કહ્યું આરસનું આખું દેરાસર બનાવવાનું? ત્યારે બધા બૂમો પાડતા. આખું દેરાસર આરસનું થાય તો બહુ સારુ કહે છે.

**પ્રશ્નકર્તા :** બધાંની ઇચ્છા ખરી કે આરસનું થવું જોઇએ.

દાદાશ્રી : બધા બહુ માણસોની ઈચ્છા. મેં પૂછ્યું પણ ખરું બધાંને.

પ્રશ્નકર્તા : આરસ કેમ બધા દેરાસરમાં વપરાય ?

દાદાશ્રી : એને આ વેધર અસર ના કરે. બીજા બધાંને અસર કરે. આરસને મોડામાં મોડી અસર થાય. હજાર વર્ષનું આરસનું દેરું હોય પણ...

પ્રશ્નકર્તા : તો અમે બધા આરસ જેવા થઈ ગયા.

દાદાશ્રી : હા. આરસ કરતાં ઊંચા ! તમારી તો વાત જ જુદી. તમે કંઇ પથરા છો ? પથરામાં પહેલો નંબર આરસ કહેવાય.

## સીમંધર સ્વામીના નામ પર.......

આપણા માટે તો કશું કરવું ન હતું, પણ આ સંકેતથી ઉત્પન્ન થયેલું છે. એટલે આ સુરતની પાસે હાઇ–વે ઉપર થાય છે આ. લગભગ મહેસાણા જેવી મૂર્તિ થશે. આ અંબાલાલ મૂળજીભાઇના નામ પર નથી. આ તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીના નામ પર શેની ખોટ હોય? હજુ તો કશું નામ નથી બોલાયું તે પહેલાં તો પાંચ લાખ રૂપિયા ભેગા થઈ ગયા છે. વાર ના લાગેને. અને આ તો પૈસા ઊડી ઊડીને પડશે. ક્યાંથી પડશે ? આ કંઇ સો સો, હજાર હજારે ઓછું વળવાનું છે ?

પ્રશ્નકર્તા : પૈસા ક્યાંથી આવતા હશે ?

દાદાશ્રી : પૈસા તો પુણ્યશાળીની પાસે બધા હોય જને.

## પૈસાની માંગણીનો રિવાજ નથી

મારે પૈસાની માંગણી કરવાનો રિવાજ નથી. એની મેળે ફાવે એ મોકલી આપે. પણ આ અમેરિકાવાળાએ છ મહિનામાં લગભગ દોઢ કરોડ રૂપિયા મોકલી આપ્યા. કારણ કે સ્વપ્નું આવ્યું છે એ બધાંને. આ તમારાવાળાએ (ભારતના) એક એક માણસે પચાસ પચાસ હજાર, લાખ લાખ રૂપિયા છે ! બ્રાહ્મણોએ, બે પાંચ નહીં, લાખ લાખ રૂપિયા ! કારણ કે આ સાચી વાત આ દુનિયામાં હોય તો આ કલ્યાણ થાય. બાકી કલ્યાણ થાય નહિ.

## આવતા ભવનું ભાથું

આવતા ભવ માટે બીજ તો નાખવું જોઈએ ને ?

પ્રશ્નકર્તા : પણ દાદા કયા સારા કામ માં વાપરવું ?

દાદાશ્રી : જે કંઇ સારું લાગે તેમાં. લોકોને પૂછવું આપણે.

પ્રશ્નકર્તા : તમે જ કહોને, કયા કામમાં વાપરવું ?



દાદાશ્રી : અમે તો એક જ કહીએ કે ભઇ, આ દેરાસર જે બંધાય છે, કૃષ્ણ ભગવાનનું, સીમંધર સ્વામીનું, શિવનું એમાં કંઇ આપી દે. અમે તો કશું લેતા નથી. અમને તો આ ગુરુપૂર્ણિમાને દહાડે લોકો સોનાની માળા પહેરાવે તે અમે તેને પાછી આપીએ છીએ. અમારે શું ?

એક ભઇ આવીને મને કહે, "મારી પાસે હજાર રૂપિયા છે." મેં કહ્યું "તારી પાસે હજાર રૂપિયા, તું કયાંથી લાવ્યો ? એ પાછો લઈ જજે. તારી પરિસ્થિતિથી નથી !" તો એ કહે, "ના, દાદાજી. એક રૂપિયો રોજ પેટીમાં નાખતો હતો. તે આ ત્રણ વરસ થયા ને મારી પાસે હજાર રૂપિયા ભેગા થઇ ગયા અને બીજા ભેગા થાય છે !"

પ્રશ્નકર્તા : પણ દાદા, મેં વીકના પચ્ચીસ નાખ્યા છે.

દાદાશ્રી : એમ ?

પ્રશ્નકર્તા : દર વીકના પચ્ચીસ. જયારથી મંદિરનું આવ્યું ત્યારથી.

દાદાશ્રી : હા, બહુ કહેવાય.

પ્રશ્નકર્તા : તે હવે ગુરુપૂર્ણિમા વખતે વાત.

દાદાશ્રી : બરોબર છે. એટલે એ માણસે પછી બીજી સાલ એની વાઇફ અને એ એમ બે જણાએ રૂપિયો, રૂપિયો ભેગો કર્યો. એમ કરતાં કરતાં અત્યાર સુધીમાં પાંચ છ હજાર રૂપિયા એણે આપ્યા દેરામાં ! બીજું કંઇ નહિ, ફૂલ નહિ, ફૂલની પાંખડી તો મૂકો. તે આવતે ભવ જોઇશે કે નહિ ? સેફ સાઇડ જોઇશે કે નહિ ?


## આ મૂર્તિ તો પ્રતિનિધિ સમાન

સીમંધર સ્વામી એક એવા દેવ છે કે જે હજુ સવા લાખ વર્ષ જીવવાના છે. એટલે જે જીવતા હોય તેની મૂર્તિ ના કહેવાય. પ્રતિનિધિ કહેવાય. ૨ કહ્યું ?

પ્રશ્નકર્તા : પ્રતિનિધિ.

દાદાશ્રી : જે મૂર્તિનું વજન પચ્ચીસ ટન છે.

પ્રશ્નકર્તા : પચ્ચીસ ટન એટલે શું દાદા ?



દાદાશ્રી : એટલે એટલી મોટી છે. બાર ફૂટને એક ઇંચની હાઇટ છે અને પલાંઠી વાળીને બેઠા છે. તે પલાંઠી નવ ફૂટની છે, આમ ! નાઇન ફીટ ! સમજ પડીને ? એક ભવ્ય મૂર્તિ ! એક બાજુ કૃષ્ણ ભગવાન અને બીજી બાજુ શિવ. એની નીચે મહાદેવજી, પાર્વતી અને ગણપતિ ! કૃષ્ણ ભગવાનની અંબાજી માતા અને ચાર માતાઓ. એટલે બધું બહુ ભવ્ય થશે ! એટલે બને એટલી હેલ્પ કરવી આપણે.

પ્રશ્નકર્તા : દાદા, એ મંદિર ને એ તમે મૂર્તિ કહો છો એ બધાનાં તમને દર્શન થાય ?

દાદાશ્રી : હા, હં. એક ફેરો તમે દર્શન કરી જાવને એટલે પછી તમને એ હાજર રહે, પણ હજુ મૂર્તિ આવ્યા પછી અમે પ્રતિષ્ઠા કરીશું, ત્યાર પછી મૂર્તિનાં દર્શન બરોબર થશે. પ્રતિષ્ઠા "અમે" કરીશું

## નામ કાઢવા ના આપવું

પ્રશ્નકર્તા : ના, ગુપ્તદાન.

દાદાશ્રી : સમજ પડીને ? નામ કાઢીને એનું ફળ અહીંનું અહીં મળી ગયું. કીર્તિ મળી ગઇ એટલે થઇ ગયું.

પ્રશ્નકર્તા : પણ ભાવ કેમ બદલાઇ જાય છે ?

દાદાશ્રી : એ કળિયુગ. કળિયુગનો પ્રભાવ છે. ભાવ બદલાઇ જાય એ કળિયુગનો પ્રભાવ છે. સમજ પડીને ?

## લોભની ગાણઠ ઓગળે

પ્રશ્નકર્તા : એવું ક્યાંક છોડાવવા માટે એમને આપ કરી આપો.

દાદાશ્રી : એ તો છૂટશે. ધીમે ધીમે ધીમે...છૂટે... આ તો એવું છે ને કે લોભની ગાંઠ એ માણસને બહુ હેરાન કરે. ધીમે ધીમે બધું છૂટશે અને તોય આ છૂટે તેમ એવું કલ્યાણ થતું જશે. મન સારું થશે. નહિ તો પછી આમાં દેવું કરી નાખી છૂટી જવાનું છે. અહીં લોભ ભોગવે અને આપણે રખડી મરવાનું. કંઈ સારા રસ્તે જાય એવી ભાવના ભાવવી. નહિ તો લોભ તો જાય જ નહિ.

પ્રશ્નકર્તા : એ જેટલું કમાતા જાય છે એટલું શેરમાં નાખતા જ જાય છે. હું કહું છું સારા રસ્તે અહીંયા વાપરો પણ નથી વાપરતા.

દાદાશ્રી : વાપરશે.

**પ્રશ્નકર્તા** : એ અહીંયા દે એવું હવે થોડું કરી આપો.

**દાદાશ્રી** : એ તો એમને શું કહેવું કે ભઈ, મને આપો. તમારે ના નાખવા હોય તો ના નાખો. મારે મારું કરી લેવું છે.

**પ્રશ્નકર્તા** : એમ ન આપે. એ તો કહે 'તારે શું કરવું છે? આ બધું તારું જ છે ને ? તારે શું કરવું છે ?'

**દાદાશ્રી** : આપણે અહીંથી મોક્ષે જતી વખતે, ત્યાં એમના દર્શન કરતી વખતે ત્યાં આપણે શું કરવું ? કંઈક તો જોઈએ કે ના જોઈએ ? એવું કહેજે ને સમજણ પાડજે. મને કંઇક આપો તો હું મૂકું. એ ગાંઠ બધી લોભની છે ને એ એમ ઓગળે એવી નથી. એ પોતે વડોદરા કહેતા હતા કે મારે દસ આપવા છે પણ ત્યારે હશે નહિ. એટલે પાંચ જ લઇને આવ્યા હશે, એવું બધું. હું જાણું કે આ લોભની ગાંઠ છે ધીમે ધીમે જાય છે. મેં કહ્યું એમને. એ કહે મારે ઉતાવળ કરી નથી ! અહીં શેની ઉતાવળ છે ? પણ શેઠ આમ સ્વભાવના બહુ સારા છે. પણ આ ગાંઠ છે ને એ જાય નહિને ?

કારણ કે આપણે તો અહીંથી સીમંધર સ્વામી પાસે જ જવાનુ છે. આ એક અવતારી થઇને ત્યાં દર્શન કરવાના છે. તો અહીં આગળ એમનું દેરાસર થાય એમાં એમના માટે જો કશું ના થયું તો તે આપણી ભૂલ જ છે ને ? એ બને તો કરવું.

## સરપ્લસ નાણું જે હોય, તે જ સ્વીકાર્ય

એ તો આપણે ત્યાં રૂપિયા લખાવવા આવ્યો, મેં એને કહ્યું, તારે રૂપિયા નહિ લખાવવાના. તારે કમાયા પછી મને દેખાડવા પછી રૂપિયા લખાવજે. ભોળો માણસ આમ હોય તો બધા આપી દે. એને અમે ના પાડી. કેટલાક માણસને અમે ના પાડીએ. આપેલા પાછા આપી દીધા બધાંને હોય તો જ આપવું. મારે કયાં લેવાના છે ? મંદિર માટે છે. હોય તો જ આપવું. બે વખત પાછા કાઢેલા. તોય લેવા પડયા હતા. બહુ મંડેલા. પાંચેક હજાર લેવા પડયા હતા.

## કિંમત છે ભાવનાની

એક ભાઇ કહે છે, "દાદાજી, મારે દોઢ લાખ રૂપિયા આપવા છે પણ મારી પાસે છે નહિ તો શું કરું ?" ત્યારે મેં કહ્યું "એવું નથી. તને રસ્તો કરી આપું. પાંચ વર્ષે થઈને આપજે. ત્રીસે પંચે દોઢસો" "બાકી એટલા હોય તો અપાય મારાથી. ત્રીસ હજાર હોય તો આપી દઉં." એ ભાઇએ કહ્યું. મેં કહ્યું, "જા પાંચ વરસ થઇને આપજે, અને

દોઢ લાખની પાવતી ફાટશે અને પાછી ઉઘરાણી નહિ. વખતે ના પહોંચી વળું, તો જ્યારે સ્થિતિ બગડી ગઈ તો આ સત્સંગમાં ઉઘરાણી ના હોય. "એટલે પછી એ સમજી ગયા. પછી બધાં લોકોને રાગે પડી ગયું હડહડાટ ! પાંચ વર્ષ થયાંને. મોટા મોટા વેપારી હોય

તે મહીં લોચા હોય. પૈસા હોય પણ મહીં લોચા હોય. વેપાર હોય એટલે. પણ રાગે પડી ગયું.

દેરાસરને પાંચ સાત વર્ષ તો લાગશે, પૂરૂં થતાં આરસ-બારસ જોઈએ. મૂર્તિ મોટી ભવ્ય બનાવવાની. આ તો આપણે છે એમના દર્શન કરવાનાં છે, તે છે એમનાં દર્શન કરવાનાં છે.

આ સંઘેય એવો છે ને, આ સંઘમાં બધા લોકો કેટલો પ્રેમ ધરાવે છે ! આ સંઘને તો યોગરદમથી ઊંચકે છે આમ. સંઘનું વજન બધું ઊંચકી લે છે. બધા મહાત્માઓ એક એક આંગળી અડાડેને, તોય કેટલું બધું થઈ ગયુંને !

## નામ દેશે, તેનાં દુઃખ જશે

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામીનું મંદિર એટલા માટે બંધાવો છો કે પછી બધાં એ રીતે આગળ આવી શકે.

**દાદાશ્રી** : સીમંધર સ્વામીનું નામ લેશે ને, ત્યાંથી જ ફેરફાર થવા માંડશે

**પ્રશ્નકર્તા** : દાદા, સદ્‌ગુરુ વગર તો પહોંચાશે નહિ ને ?

**દાદાશ્રી** : સદ્‌ગુરુથી તો મોક્ષે જવાનું સાધન હોય પણ આમને, લોકોને જે દુઃખો છે તે બધાં જતાં રહે, પુણ્ય ઉદયમાં ફેરફાર થયા કરશે. સમજ પડી ને ? એટલે આ દુઃખ બિચારાને ના રહે. આ બધા કેટલા દુઃખોમાં સપડાયા કરે છે. પછી મોક્ષ તો થશે. સદ્‌ગુરૂ મળે તો કંઇ દહાડો વળે, નહિ તો ના મળે તો પુણ્ય તો ભોગવે બિચારો. સારું કર્મ તો બાંધે. ખોટાં કર્મ ના કરે તો બહુ થઇ ગયું. મોક્ષ તો બધાંનો હોય જ નહિ ને મોક્ષ તો કોક'નો જ હોય. જેને ગુરુ હોય એ ભાગ્યશાળી. એમનાથી બદલાવાનું હોય તે બધું જ બદલાય. ગુરુ સારા એટલે ચોખ્ખા, અહંકાર હોય તેનો વાંધો નથી, પણ ચોખ્ખા એટલે પૈસા ભેગા કરવા માટે નહીં. વિચારો વિષય માટે નહિ જોઇએ, સમજ પડીને ? જ્યાં વિષય અને પૈસા હોય ત્યાં ગુરુ નથી. પૈસાનું હોય એ તો રામલીલા જ કહેવાય ! પૈસા હોય ત્યાં ધર્મ ના હોય. ધર્મ હોય ત્યાં પૈસા ન હોય.

## .......તોય થાય કલ્યાણ

પ્રશ્નકર્તા : આપે એક જગ્યાએ કીધું છે કે ફૂલ સમજ અને ફૂલ અનુભવ એ જ પરમાત્મા છે, તો પછી પરમાત્માના બધા પિકચરો (ફોટાઓ) કેમ છે ? ભગવાનના બધા ફોટાઓ કેમ છે ? બધે રામનો, કૃષ્ણનો, શંકર ભગવાનનો ?

દાદાશ્રી : ફોટા ના હોય તો શી રીતે ઓળખાય ? શી રીતે તમને ખબર પડે ?

પ્રશ્નકર્તા : પણ આ પરમાત્મા સાથે સમજાવ્યા કે ફૂલ (પૂર્ણ) સમજ તે ફૂલ અનુભવ એ જ પરમાત્મા તો એમાં તો કોઇ એવો ફોટો છે જ નહિ.

દાદાશ્રી : પણ "એ" જેનામાં હોય, એનો ફોટો તો હોયને. દેરાસરનો ફોટો હોયને ! જુઓને, આ દેરાસરનો (સીમંધર સ્વામીનું (ચિત્રપટ) ફોટો દેખાય છે ને ? ત્યારે એ દેરાસરનો ફોટો જોઇએ, તો ભગવાન અહીં છે એવું ખાતરી થાય. કશુંક જોઇએ તો આપણને દેખાયને. માટે ભગવાન બધા ફોટાવાળા જોઇએ. ફોટા એ દેરાસર છે ને મહીં ભગવાન બેઠા છે !

પ્રશ્નકર્તા : એમાં બેઠેલા ભગવાનને આપણે ના ઓળખીએ, પણ જેનામાં એવા ભગવાન છે. એમનાં દર્શન કર કર કરીએ, એની ભજના કરીએ તોય કોઇક દિવસે સમજ આવી જાય ને ?

દાદાશ્રી : તોય બહુ થઈ ગયું. તોય આવી જાય. નિદિધ્યાસન ! દેરાસરનાં પગથિયાં અડી આવીએ તોય કલ્યાણ થઇ જાય.

## આ ભક્તિ શેના માટે ?

પ્રશ્નકર્તા : મંદિરમાં ભગવાનની લોકો બધા "પ્રે" (પ્રાર્થના) કરતાં હોય છે. હું નથી કરતો કારણ કે મને એનું મહત્ત્વ સમજ નહિ પડેલું હતું. તે મને જાણવું છે કે મહત્ત્વ શું છે ને કેવી રીતે કરવાનું ?

દાદાશ્રી : કશુંય મહત્ત્વ નથી. લોક કહેશે કે આ ભગવાનનો ફોટો લઈ જાવ આ તમને બચાવશે. તને બાપોય બચાવનારો નથી. એ બધા ગયા મહીં, ફોટા લઇને આવ્યા તો એ કોણ બચાવવાના છે ?

એ આપણી શ્રદ્ધા બચાવે છે ! એ ફોટાવાળા કંઇ બચાવવા આવ્યા છે!



## વણમાગ્યે ઢગલા

છતાં આપણે ત્યાં પૈસા માગવા નાય ગા પાડયા છે, કોઇની પાસે પૈસા માગવાના નહિ જો આપે તે લેવાના માગવાથી ધર્મ ઉપર સહેજ પણ અભાવ થાય એ આ ધર્મ ન હોય, બીજે જાય ગમે તેમ કરીને ફરજિયાત માગે, બીજું તો ફરજિયાત કરીને માગે, કારણ કે દબાણ કરીને માગ માગ કરે છે. એટલે પેલાને ના ગમતુ, હોય તોય આપવા જ પડે, સરમના માર્યા આપવા પડયા, દબાણને માટે આપવા પડે, સમજાય છે ને ? સાયાની શરમની ખાતર આપવા પડે. પણ એવું એ અહીં કામનું જ નહિ, અહીં તો તારે સરપ્લસ હોય, વધારે હોય તો તું આપજે. આપવા જેવું છે, જ્ઞાનદાન છે. એ તો તો બધા કયાંથી પૈસા આપશે એ તો હું જ જાણું છું કે ભગવાન જાણે છે. આ બાંધવાનું છે ને એ કયાંથી આવશે ને કેવું થશે એની કોઇની કશી ભાંજગડ કરવાની જરૂર નથી. આટલાં આટલાં પુસ્તકો છપાયાં પણ કયાંથી પૈસા આવે છે, તેની કોઈને ખબર જ નથી પડતી. કોઈની પાસે માગવામાં આવ્યું નથી.

---

એ ફોટાવાળા તો હમણે નાખી દઇએ તો ડૂબી જાય. એ કંઇ તરે ? એ તો આપણી શ્રદ્ધા છે, એમાં જે છે. આ તો બધા ફોટા ભેગા કર્યા છે એનું શું કારણ ? આ મને બચાવશે, આમને બચાવશે.... મૂઆ નહીં બચાવે. એ એમનું જ બચેલું નહિ ત્યાં !!

એટલે એમની લાલચો પૂરી કરવાનું સાધન છે એ માતાજીની શા હારુ ભક્તિ કરતો હોય ? મારું શરીર સારું રહે, છોકરાને ત્યાં છોકરો નથી, લાલચો બધી. ભૌતિક સુખો માટે આ બધા લાલચમાં પડયા છે. કોઈ મોક્ષને માટે પૂજાયા કરતા નથી. પણ તેય અમે તો કહીએ છીએ કે જયાં સુધી મોક્ષનો માર્ગ ના મળે, ત્યાં સુધી ભૌતિક સુખો માટે આ ભકિત કરજો અને આ ભકિત છોડાવી દેશો તો રમી રમવા જતો રહેશે મૂઓ-જેટલો નવરો પડયો તો ! એટલે આમાં ગૂંથાયેલા રહે એવું કર્યા કરવું.

## એમાં તમારી જ શ્રદ્ધા ફળે

**પ્રશ્નકર્તા :** આ બધા બાધા-આખડીઓ કરે છે કે ભગવાન આમ કરશો તો આમ કરીશ તો એમાં કેટલી સત્યતા છે ?

**દાદાશ્રી :** એમાં એવું છે કે કોઇ કશું કરતું નથી. ભગવાન કંઇ એવો નવરો નથી આવું બધું કરવા હારુ. તમારી શ્રદ્ધા ફળે છે. તમે ભગવાન પર શ્રદ્ધા રાખો, એ શ્રદ્ધા તૂટે નહિ તો એ શ્રદ્ધા તમારી ફળે છે. બીજું ભગવાન કશું કરતો નથી એમાં ! ભગવાન તો ત્યાં પથ્થર રૂપે બેઠા છે કે જે રૂપે બેઠા તે ! હા, જીવતા ભગવાન હોય ત્યાં કૃપા થાય. દેહધારી રૂપે. જીવતા ભગવાન હોય તો કૃપા થાય. એમને રાજી કરો તો કૃપા થાય. એમને રાજી કરવા માટે આટલી ચીજ ના જોઇએ. લક્ષ્મી બિલકુલેય જોઇએ નહિ. સ્રી બિલકુલ ના જોઇએ. સ્ત્રીનો વિચાર પણ ન હોવો જોઇએ. લક્ષ્મી અને સ્ત્રી બે બિલકુલ જોઇએ નહિ, અને વર્લ્ડમાં કોઇ ચીજની ભીખ ન હોય. માનની, કીર્તિની, કશાની નહિ. જયાં કોઈપણ જાતની ભીખ છે, માનની કીર્તિની તો તે શી રીતે ભગવાન કહેવાય ? જાતજાતની ઇચ્છાઓ હોય ! ભગવાન નિરીચ્છક હોય. નિરંતર સમાધિ હોય ભગવાનને !

## એમાં સમાય સમસ્ત બ્રહ્માંડ

આવી કયાંથી પુણ્યૈ હોય, કે સીમંધર સ્વામીની ઓળખાણ પડે? નહિ તો આ છબિ લાવ્યો હોય, આ બીજી કોઈ છબિ લાવ્યો, હોય તો કોને પગે લાગવું ? કોણ સાચા ને કોણ ખોટા ? કેટલી છબિઓ ગોઠવી કરેલી હોય. છબિઓ કેટલા પ્રકારની હોય ? નર્યો આખો હોલ ભર્યો હોય ! કશું ભલીવાર ના આવે. આ તો આ બન્નેને (દાદા ને સીમંધર સ્વામી) સિન્સીયર રહ્યા એટલે બધું આખું બ્રહ્માંડ આવી ગયુ મહીં ! બધા ભગવાન મહીં આવી ગયા !

## એકને જ બસ

આપણે એક જ તીર્થંકર ખુશ થઈ જાય, તો બહુ થઈ ગયું ! એક ઘેર જવાની જગ્યા હોય તોય બહુ થઇ ગયું ને બધાં ઘેર ઘેર કયાં ફરીએ ? અને એકનું પહોંચ્યું તો બધાંને પહોંચી ગયું અને બધાને પહોંચાડવાવાળા રહી ગયેલા. આપણે એક સારું, સીમંધર સ્વામી ! બધે પહોંચી જાય.

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી આપને જયારે હાજર થાય, ત્યારે કહે છે જે દર્શન આપના કરી જાય, તો એને બહુ લાભ થાય.

**દાદાશ્રી** : વધારે લાભ થાય. એ વાત જ જુદીને ! ચૌદ લોકનો નાથ ! તીર્થંકર ભગવાન !!

## અક્રમ વિજ્ઞાનના અનુભવો

દાદાશ્રી : આ અક્રમવિજ્ઞાન છે, અને અનુભવમાં આવેલું છે. લોકો નહિ માને લોકો આને માનશે નહિ અને સ્ત્રી છોકરાં સાથે નિરાંતે બેસીને જમજો. સાથે વાતો કરજો, હસજો અને "હસનારા" ને જોજો, એમ અમે તમને કહ્યું છે.

**પ્રશ્નકર્તા** : હા હસનારાને જોજો.

દાદાશ્રી : આખા દહાડામાં ચાર વખત "હસનારા" ને જોયો ને તોય એમ પ્રેક્ટિસ પડતી. બધું થઈ શકશે. કારણ કે મારો એક એક શબ્દ આત્માને જુદો જ રાખે છે કે "હું કોણ" આ શું છે તો કહે, "ફાઈલ!" આજે ફાઈલ મારી સારી નથી. એવું તમે કહો.

પ્રશ્નકર્તા : હા, ફાઈલ આવી.

દાદાશ્રી : હા, અને કોઇ બીજાને તમે "ફાઇલ" કહો છો એટલે બીજો "શુદ્ધાત્મા" છે એમ એકસેપ્ટ કર્યો તમે. આ છેલ્લામાં છેલ્લું વિજ્ઞાન. બોલવામાંય તમારે સંપૂર્ણ વિજ્ઞાન છે ! મહાવીર ભગવાન (હોય) તો ખુશ થઇ જાય. આ મહારાજ ખુશ નહિ થાય એ ઊતરતું નથી એનું શું કરે !

**પ્રશ્નકર્તા** : મહાવીર ભગવાન સિદ્ધ ક્ષેત્રમાં બેઠા બેઠા ખુશ થતા હશે, દાદા !

**દાદાશ્રી** : ના, એમને કંઇ લેવાદેવા નહિ ને. પૌદ્ગલિક વાતાવરણ જ નહિ ને ત્યાં !

## કરૂણા નીતરતી વીતરાગતા

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામી ખુશ થતા હશે.

**દાદાશ્રી** : ના. એ ખુશ ના હોય. વીતરાગો ખુશ થતા નથી હોતા. વીતરાગો કરુણા દર્શાવે છે કે કહેવું પડે. આની પુણ્યૈને કહેવું પડે.

પ્રશ્નકર્તા : એમને એવું તો કંઇ આવતું હશેને ! ભલે ખુશની વાત જવા દો, નાખુશની વાત જવા દો.

દાદાશ્રી : ના, એ તો કરુણા કરુણા...

પ્રશ્નકર્તા : કરુણા આવતી હશે ને !

**દાદાશ્રી :** એ લોકોને જેણે આ નથી જાણ્યું તેની પરેય કરુણા છે અને આમની પરેય કરુણા છે ! આ લોકોએ શું કર્યું કે એનું ફળ આ પ્રાપ્ત થયું અને શું નથી કર્યું કે એનું ફળ પ્રાપ્ત નથી કર્યું એ બધી કરુણા. બધા પામો એવી ઇચ્છા પણ આપણે કરીએ એટલે આપણને ફળ મળે. એ આવે નહિ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, સીમંધર સ્વામીને થતું હશે ને કે આ આ દાદા મારું કામ કરી રહ્યા છે.

**દાદાશ્રી :** એવું નહિ, પણ તમે સંભારો એટલે તમને ફળ મળે. ત્યાંવાળાને (સિદ્ધને) તમે સંભારો તો ફળ ના મળે.

## પ્રતિકૃતિથી અહીં જ પમાય

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામીને સંભારો તો ફળ મળે.

**દાદાશ્રી :** ફળ મળે. આ દેહધારી છે. તમે એક અવતારમાં ત્યાં જઇ શકો. તે એમના દેહને તમે હાથ અડાડી શકશો.

**પ્રશ્નકર્તા :** હા, દાદા. અમને ચાન્સ મળશે ને !

**દાદાશ્રી :** બધોય મળવાનો. કેમ ના મળે ? સીમંધર સ્વામીના નામની તો તમે બૂમો પાડો છો. સીમંધર સ્વામીના નામના તમે નમસ્કાર કરો છો. ત્યાં તો જવાનું જ છે આપણે. એટલા હારુ આપણે એમને કહીએ છીએ કે, 'સાહેબ ! તમે ભલે ત્યાં બેઠાં, અમને નથી દેખાતા, પણ અહીં તમારી અમે પ્રતિકૃતિ કરીને પણ અમે તમારી પાસે દર્શન કર્યાં કરીએ છીએ એ બાર ફૂટની મૂર્તિ મેલીને પણ આપણે એની પાસે દર્શન કરીએ, મોઢેથી સંભારીએ પણ પેલી જીવતાની પ્રતિકૃતિ હોય તો સારું પડે. ગયા એની પ્રતિકૃતિનું કામ શું ? ગયા એની થતી નથી. જેની સહી કામ લાગતી જ નથી તેની પ્રતિકૃતિ કરીને શું કામ? આ તો કામ લાગે.

આ તો અરિહંત ભગવાન !

## પછી વિધિ નહિ, દર્શન જ

**પ્રશ્નકર્તા :** તીર્થંકરો વિધિ કરાવે કે દર્શન જ ?

**દાદાશ્રી :** વિધિ-બિધિ તે ક્યાં સુધી ? કે કેવળજ્ઞાન ના થાય ત્યાં સુધી. કેવળજ્ઞાન થયા પછી નહિ.

**પ્રશ્નકર્તા :** દર્શનથી જ કેવળજ્ઞાન થાયને પણ ?

**દાદાશ્રી :** ના, એમને પોતાને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી વિધિ કરાવે. પોતાને કેવળજ્ઞાન થયું એટલે પછી વિધિ નહિ. એના દર્શનથી જ આપણને ફળ મળે. કારણ કે ફૂલ દર્શન છે. ખટપટિયું જ નથી દર્શન. આ જુઓને, ખટપટિયું કેટલું ?

**પ્રશ્નકર્તા :** કેટલી ખટપટ !

**દાદાશ્રી :** છતાંય મનમાં એમ નથી કે "હું કરું છું" એવાય ભાવ નથી. આ મારે કરવું છે તેવોય ભાવ નથી, અને છે ખટપટિયું. લોક તો કહે ને કે ખટપટિયા સાચા ના હોય ! તમે ખટપટ કરો છો તમે.

## વીતરાગતા છતાંયે ખટપટ !

**પ્રશ્નકર્તા :** એ જ થાય છે ને બહાર કે આ શેના હારુ કરે છે? પોતે વીતરાગ છે તો પછી આ ખટપટ શેની ?

**દાદાશ્રી :** આ ખટપટ શેના માટે ? પણ આ ખટપટિયા વીતરાગ છે. વીતરાગ કેવા છે ? ખટપટિયા વીતરાગ ! પણ આ એ ના સમજે તો હવે એનો ઉપાય શો ?

**પ્રશ્નકર્તા :** વીતરાગ ખટપટિયા હોય જ નહિ. એમ જ સમજે ને ?

**દાદાશ્રી :** આપણે ઉપાય શું કરીએ ? ના સમજે તેનો ઉપાય ના થાય. સમજે તો સમજે ને ના સમજે તો એની એકુંય મશીનરી નવી બદલાવી નથી. મશીનરી આમાં બદલાય નહિ. પેલી મિલની મશીનરી બગડી ગઈ હોય તો બદલાય.

**પ્રશ્નકર્તા :** હા, એ બદલાય.

## પ્યોરિટી ત્યાં તૈયારી

અમારે ધ્યેય શું ? હું તો ઘરનાં કપડાં પહેરું છું. આ બેનેય ઘરનાં કપડાં પહેરે છે. પ્રેસિડન્ટો-બેસિડન્ટો બધાય ! એક પાઇ કોઇએ લેવાની નહિ, અને જગત કલ્યાણ માટેની બધી તૈયારી છે. પચાસેક હજાર મારી પાસે છે અને બસો એક બ્રહ્મચારી છે એ બધું તૈયાર થઇ જવાનું.

## મહીં પ્રકાશ વીતરાગો જેવો

આ તો ચૌદ લોકનો નાથ અમારી મહીં પ્રગટ થયો છે. આ દેહ છે એ તો પરપોટો છે, એ ક્યારે ફૂટે એ કહેવાય નહિ. એ છે ત્યાં સુધી તમે તમારું કામ કાઢી લો. વીતરાગોને જેવો પ્રકાશ થયેલો તેવો પ્રકાશ છે. આ "જ્ઞાની પુરુષ" પાસે સંપૂર્ણ સમાધાન થાય એવું છે. માટે તમારું કામ કાઢી લો અમે તો તમને આટલું કહી છૂટીએ. અમે વીતરાગ હોઇએ એટલે તમને પછી કાગળ ના લખીએ કે આવો.

## આવા કાળમાં જ્ઞાનીની બલિહારી

માણસ ફરી મનુષ્ય થાય એ એની ખાતરીનું ઠેકાણું નથી એવા કાળમાં જ્ઞાની મળે તો આપણને એક બે અવતારી બનાવી દે. ભલે બીજા લોકો કહે કે અહીંથી મહાવિદેહક્ષેત્રમાં નથી જવાતું પણ અમે કહીએ છીએ કે જવાય છે.

## જાત્રા, મહાવિદેહ ક્ષેત્રે

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્ર જે છે ત્યાં આ બધાને જાત્રાએ ના લઇ જાવ ?

દાદાશ્રી : એ તો જ્યારે તમારો સ્વભાવ બદલાશે ત્યારે ક્ષેત્ર ખેંચશે જેમ પાંચમા ધોરણને છોકરા લાયક હોય તો ફોર્થમાં હોય તોયે પાંચમું ધોરણ ખેંચે એવું આ ક્ષેત્ર સ્વભાવ છે. ખેંચવાનો, એટલે તમારે કશું કરવાની જરૂર નથી. તમે તો અમારી આજ્ઞા પ્રમાણે ચાલોને !

## જેવો સ્વભાવ તેવું ક્ષેત્ર !

પ્રશ્નકર્તા ; આપે તો અમને ત્યાં મોકલવાનાં છેને ?

દાદાશ્રી : એ તો ક્ષેત્રનો જ સ્વભાવ છે તેના આધારે ખેંચાય જાય. જ્યાં જેવી જેલ હોય ને, તેવા જ જેલના માણસો ત્યાં ભેગા થાય. અહીંનો સ્વભાવ જુદી જાતનો હોય. પાંચમા આરાના માણસો બહુ જુદી જાતના હોય. આ દેખાય છે ને એ બધા !

## કેટલીક મીઠી મૂંઝવણો

આ જ્ઞાન લીધા પછી આ અવતાર જ મહાવિદેહ ક્ષેત્ર માટે તમારો ઘડાઇ રહ્યો છે. મારે કંઈ કરવાની જરૂર નથી. નેચરલ (કુદરતી) નિયમ જ છે.

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્રમાં કેવી રીતે જવાય ? પુણ્યૈથી ?

**દાદાશ્રી** : આ અમારી આજ્ઞા પાળે તેનાથી આ ભવમાં પુણ્યૈ બંધાઈ જ રહી છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં લઈ જાય છે. આજ્ઞા પાળવાથી ધર્મધ્યાન થાય છે. તે બધું ફળ આપશે. પુણ્યૈ બંધાય છે અમારી આજ્ઞા પાળે છે એટલા પૂરતી તે પછી ત્યાં આગળ તીર્થંકરની પાસે ભોગવવી પડશે.

**પ્રશ્નકર્તા** : સીમંધર સ્વામી અમારા મહાત્માઓના કચરા જેવા આચાર છે તે જોઇને અમને ત્યાં સંઘરશે ખરા ?

**દાદાશ્રી** : તે ઘડીએ આવા આચાર નહિ રહે. અત્યારે તમે જે આજ્ઞા મારી પાળો છો તેનું ફળ તે વખતે આવીને ઊભું રહેશે. ને અત્યારે જે કચરો માલ છે તે મને પૂછ્યા વગર ભર્યો હતો તે નીકળે છે.

**પ્રશ્નકર્તા** : દાદા સીમંધર સ્વામીને યાદ કરવાથી, સીમંધર સ્વામી પાસે જવાય એવું નક્કી થાય ખરું ?

**દાદાશ્રી** : જવાનું એ તો નક્કી હોય જ. એમાં નવુ નથી પણ સતત યાદ રહેવાથી બીજું કંઈ નવું મહીં પેસે નહિ.

તીર્થંકર ભગવાન હોય, દાદા હોય તો માયા ઘૂસે નહિ. દાદા યાદ રહ્યા કરતા હોય કે તીર્થંકર યાદ રહ્યા કરતા હોય તો માયા ઘૂસે નહિ ! અત્યારે અહીં માયા ના આવે.

## પૂર્ણતાનાં દર્શન થકી પૂર્ણતા

**પ્રશ્નકર્તા** : આપે અમારા કોઝીઝ કર્મો બંધ કરી દીધાં તો હવે બધા ડિસ્ચાર્જ કર્મો પતી જાય તો અમે મોક્ષે જઈશું. તો વચ્ચે સીમંધર સ્વામીને મળવાની શી જરૂર ?

**દાદાશ્રી** : તો કોને મળવું જોઈએ ?

**પ્રશ્નકર્તા** : કોઇને પણ મળવાની શી જરૂર ? આ સમજવા માટે પૂછું છું !

**દાદાશ્રી** : પણ અમે શું કહીએ છીએ ? કે અમારું જ્ઞાન ૩૫૬ ડિગ્રીનું છે. ચાર બીજા ઉમેરવા ત્યાં જવાનું અમે અમારું જેટલું છે એટલું આપી શકીએ. બીજું જ્ઞાન લેવાનું રહેતું નથી જ્ઞાન તો સંપુર્ણ આપી દીધેલું જ છે. પણ એમનાં દર્શન કરવાથી જ બસ. એ મૂર્તિ જોવાથી જ આપણે એવા થઇ જઇએ બસ. ખાલી દર્શન જ બાકી રહ્યા.

## બીજમાંથી પૂનમ

જ્ઞાન આપીએ છીએ ત્યારે અનાદિ કાળથી, એટલે

> **લેતાંય કેવી ઝીણી સમજણ**
>
> અહીં ફક્ત પુસ્તકો જે છપાયા એ જ અને એટલી ખાતરી ખરી કે આ પુસ્તકોના પૈસા આવી મળશે, એની મેળે જ. એને માટે નિમિત્ત છે પાછળ, એ બધા આવી મળે છે. એમને કંઈ બુમ પાડવી કે ભીખ માગવી પડતી નથી. કોઈ પાસે માંગીએ તો એને દુઃખ થાય તો કહેશે કે આટલા બધા ? આટલા બધા કહ્યું કે તેની સાથે એને દુઃખ થાય છે ? એવું આપણને ખાતરી થઇ ગઈને ? અને કોઇને દુઃખ થયું એટલે આપણો ધર્મ રહ્યો નહિ. એટલે સહેજ આપણાથી મંગાય નહિ. એ પોતે રાજીખુશીથી કહેતા હોય તો જ આપણાથી પૈસા લેવાય. એ પોતે જ્ઞાનદાનને સમજે તો જ લેવાય.
>
> એટલે જેણે જેણે આપ્યા છે ને તે પોતે જ્ઞાનદાન સમજીને આપે છે. એની મેળે જ આપે છે. અત્યાર સુધી માગ્યું નથી.
>
> —દાદાશ્રી

લાખો અવતાર થઈ ગયા, તો અમાસ હતી. અમાસ તમે સમજ્યા ? "નો મૂન" ! અનાદિ કાળથી "ડાર્કનેસ" માં (અંધારામાં જ જીવે છે બધા. અજવાળું જોયું જ નથી. મૂન (ચંદ્ર) જોયો જ નથી ! તે અમે આ જ્ઞાન આપીએ છીએ એટલે મૂન પ્રગટ થાય છે તે પહેલું બીજના જેવું અજવાળું આવે. અમે આખુંય જ્ઞાન આપીએ ત્યારે મહીં પ્રગટ થાય કેટલું ? બીજના ચંદ્રમા જેટલું જ. પછી આ અવતારમાં પૂનમ થાય ત્યાં સુધી આપણે કરી લેવું. પછી બીજની ત્રીજ થાય, ચોથ થાય, ચોથની પાંચમ થાય.... ને પૂનમ થઈ જાય એટલે કમ્પ્લીટ થઇ ગયો !

પ્રશ્નકર્તા : ફૂલ મૂન આ જ જન્મમાં થઈ જશે ને ?

દાદાશ્રી : હં. આ જ જન્મમાં પણ પછી એક અવતાર થાય તે બિલકુલ જાહોજલાલીવાળો. સીમંધર સ્વામીની પાસે જ બેસી રહેવાનું કારણ કે ફૂલ મૂન (પૂનમ) નથી. ફોરટીન્થ (ચૌદસ) અને સીમંધર સ્વામી ભગવાન એ ફૂલ મૂન છે. ત્યાં સુધી ઇન્ટ્રીમ (મધ્યમવર્તી)

ગવર્મેન્ટ અને પછી ફૂલ ગવર્નમેન્ટ ! સ્વતંત્ર ! નોટ ડિપેન્ડન્ટ ! ઇન્ડિપેન્ડન્ટ (સ્વતંત્રતા) !

પછી આગળ આપણે બહુ જરૂર નથી. આપણી કોલેજ એથી આગળનો ભાગ નથી. આપણી કોલેજમાં છેલ્લું વર્ષ બાકી રહી જાય છે, એટલે નકામી આગલી માથાકૂટ કરવાની ?

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, અમને છેલ્લી ડિગ્રી ગમે તે ભવમ આપી દેજો.

**દાદાશ્રી :** એ તો ડિગ્રી જ આપી દેવાની છેલ્લું વર્ષ ન્ય બાકી રહ્યું.

**પ્રશ્નકર્તા :** છેલ્લું વર્ષ બાકી ન રાખતા.

**દાદાશ્રી :** અત્યારે છેલ્લું વર્ષ બાકી રહ્યું, તે આ (સીમંધર સ્વામી) ભગવાન પાસે જઇને, ત્યાં આગળ પૂરું થવાનું.

## જવાબદારી કોની લીધી ?

અમારે સીમંધર સ્વામી જોડે સંબંધ છે. અમે બધા મહાત્મા-ઓની મોક્ષની જવાબદારી લીધી છે અમારી આજ્ઞા જે પાળશે તેની અમે જવાબદારી લઇએ છીએ.

## એ કર્મોદયનો પ્રભાવ

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી પ્રત્યે અમને જે આકર્ષણ છે તે વધઘટ થવાનું શું કારણ ?

**દાદાશ્રી :** તમારાં કર્મો વચ્ચે દખલ કરે છે. તમારા પૂર્વકર્મ ના હોય તો પછી કોઈ દખલ જ નહિ. તમને સમજ પડીને ? દખલ બીજો કોઈ બહારનો કરનારો જ નથી. આ તમારાં જ કરનાર, તમારી ઇચ્છા ના હોવા છતાં તમારાં કર્મો દખલ કરીને ઊભાં રહેશે અને કેટલાંક કર્મો મદદેય કરે છે. એમને યાદ કરવામાં કેટલાંક કર્મો મદદ કરે છે. કયાં સારાં ?

**પ્રશ્નકર્તા :** મદદ કરે તે.

**દાદાશ્રી :** અને દખલ કરે તે નહિ સારાં ?

**પ્રશ્નકર્તા :** નહિ સારાં. આપણે સીમંધર સ્વામીનું સ્મરણ કરીએ ત્યારે અશુભ કર્મોનો ક્ષય થતો જાય ?

**દાદાશ્રી :** ચોકકસ, એ નિકાચિત્ત ના થયાં હોય તે ઊડી જાય

નિકાચિત થયેલાં ના ઊડે.

પ્રશ્નકર્તા : સીમંધર સ્વામીને યાદ કરવામાં જે કર્મો દખલ કરે એમની દખલ બંધ કેમ કરવી ?

દાદાશ્રી : કર્મોનું જોર ઘટે, એ ઇંચનું પાણી પડતું હોય, તો પહેલો તો આપણો હાથ ખસી જાય, પછી જેમ જેમ પાણી ધીમું પડતું જાય, પાણીનું જોર ઘટતું જાય, ત્યારે હાથ રહે. એવી રીતે કર્મોનું જોર ઘટે ત્યાર પછી રહે. શરૂ શરૂમાં ખસી જાય. એકદમ ફોર્સમાં નીકળે તો કશું ચાલે નહિ આપણું બધું વ્યવસ્થિતને ?

## આ છે જીવતા જાગતા દેવ

લક્ષ્મીના સદુપયોગનો સાચામાં સાચો રસ્તો કયો અત્યારે ? ત્યારે કહે, "બહાર દાન આપવું તે ?" કોલેજમાં પૈસા આપવા તે ? ત્યારે કહે ના. આપણા આ મહાત્માઓને ચા, પાણી, નાસ્તા કરાવો. એમને સંતોષ આપવો એ સારામાં સારો રસ્તો. આવા મહાત્મા વર્લ્ડમાં મળશે. નહિ. ત્યાં સતયુગ જ દેખાય છે અને બધા આવ્યા હોય તે તમારું કેમ ભલું થાય એ જ આખો દહાડો ભાવના.

નાણું ના હોય ને તો પેલાને ત્યાં જમો કરો, રહો, બધું આપણું જ છે, સામાસામી પરસ્પર છે, જેની પાસે સરપ્લસ છે તે વાપરો.

અને વધારે હોય તો મનુષ્યમાત્રને સુખી કરો ને સારું છે અને એથી આગળ જીવમાત્રને સુખને માટે વાપરો.

બાકી સ્કૂલોમાં આપો. કોલેજોમાં આપો, તેની નામના મળશે પણ આ સાચું છે. આ મહાત્માઓ તદ્દન સાચા છે એની ગેરેન્ટી આપું છું. ભલે ગમે તેવા હશે. પૈસે ટકે ઓછા હશે, તોયે એમની દાનત સાફ, ભાવના એ બહુ સુંદર છે, પ્રકૃતિ તો જુદી જુદી હોય જ.

આ મહાત્માઓ તો જીવતા જાગતા દેવ છે. આત્મા મહીં પ્રગટ થયેલો છે. એક ક્ષણ પણ આત્માને ભુલતા નથી. ત્યાં આત્મા પ્રગટ થયેલો છે. ત્યાં ભગવાન છે.

—દાદાશ્રી

## આજ્ઞાધારીને બાંયધરી

આ જ્ઞાન પામ્યા પછી એક અવતારી થઇ અને સીમંધર સ્વામી પાસે જઇને ત્યાંથી મોક્ષે ચાલ્યો જાય. કોઇને બે અવતાર પણ થાય, ચાર અવતારથી વધારે ના થાય, જો અમારી આજ્ઞા પૂરી પાળે તો ! સિત્તેર ટકા અમારી આજ્ઞા પાળે તો ચાર અવતારથી વધારે તો થાય જ નહીં અહીં જ મોક્ષ થાય. અહીં જ મોક્ષ થઈ જાય. અહીં એક ચિંતા થાય તો દાવો માંડજો એમ કહીએ છીએ. આ તો વીતરાગ વિજ્ઞાન છે. ચોવીસ તીર્થંકરોનું ભેગું વિજ્ઞાન છે.

## હવે પછી તો અક્રમ જ

પ્રશ્નકર્તા : મહાવિદેહ ક્ષેત્રમાં અમારે ક્રમિક હોય કે અક્રમ ?

દાદાશ્રી : તમારે અક્રમ જ રહેવાનું. અહંકાર નો ઊભો થાય.

## એ વાત જ જુદીને

પ્રશ્નકર્તા : દાદાજી સીમંધર સ્વામી આપણને બધાં જોતાં હસેને ?

દાદાશ્રી : જોવાની ગરજ જ નહિ ને. અહીં ઝળકે, એમ ને એમ જ દેખાય. ગરજ નહિને. આ હાથ ઊંચો કર્યો કે દેખાયું એમને.

પ્રશ્નકર્તા : પણ દાદાજી, એમને જે ભજના કરતું હશે એ વધારે ઝળકતા હશેને ?

દાદાશ્રી : એની તો વાત જ જુદીને ! એ તો ભગવાનના આસિસ્ટન્ટો કહેવાય.

પ્રશ્નકર્તા : ભગવાનના ?

દાદાશ્રી : ભગવાનના આસિસ્ટન્ટો. એમ ને એમ ભજે તોયે કલ્યાણ થઇ જાય. મોટા માણસની વાત જુદીને ?

## સમ્યક્‌દૃષ્ટિ એ જ વિઝા

પ્રશ્નકર્તા : આપે કહ્યું છે ને, તીર્થંકરનાં દર્શન કરે તો માણસને કેવળજ્ઞાન થઈ જાય.

દાદાશ્રી : તીર્થંકરના દર્શન તો બહુ લોકોએ કરેલા, આપણે બધાએય કરેલાં પણ તે ઘડીએ આપણી તૈયારી નહિ. દૃષ્ટિ ફરેલી નહિ. મિથ્યા દૃષ્ટિ હતી તે મિથ્યા દૃષ્ટિમાં તીર્થંકર શું કરે તે ? સમ્યકદૃષ્ટિ

હોય નેતે તીર્થંકરની કૃપા ઊતરી જાય.

**પ્રશ્નકર્તા** : એટલે એને તૈયારી હોય તો એમનાં દર્શન થાય તો મોક્ષ થાય.

**દાદાશ્રી** : તેથી આપણે આ તૈયાર થઈ જવાનું કારણ આટલું જ કે તૈયાર થઇને પછી વિઝા લઇને જાવ, ને ગમે ત્યાં જશો ત્યાં કોઇ ને કોઇ તીર્થંકર મળી આવશે.

## મળ્યો મહાવિદેહનો વિઝા

**દાદાશ્રી** : પ્રત્યક્ષ હોવા જોઇએ.

**પ્રશ્નકર્તા** : પ્રત્યક્ષ તો મહાવિદેહ ક્ષેત્રમાં છે.

**દાદાશ્રી** : મહાવિદેહ ક્ષેત્રમાં તો સીમંધર સ્વામીનું નામ તેથી આપણે ત્યાં લે છે. સીમંધર સ્વામી પ્રત્યક્ષ કહેવાય. બીજાય છે પણ સીમંધર સ્વામી પ્રત્યક્ષ છે.

**પ્રશ્નકર્તા** : ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી પાસે તો કહે છે કે મોટા સંતપુરુષો જઇ શકે છે.

**દાદાશ્રી** : આ બધાંને મહાવિદેહ ક્ષેત્રમાં વિઝા મળી ગયેલો, અમને બધાંને !

## મહાત્માઓ : જય સચ્ચિદાનંદ

**દાદાશ્રી** : વિઝા મળી ગયેલો, આ બધાંને વિઝા મળી ગયેલા વીસેક હજાર પાસ નીકળ્યા છે.

## અહો, તે દર્શનની અદ્‌ભુતતા !

**પ્રશ્નકર્તા** : અમે તો દાદાનો વિઝા બતાવીશું.

**દાદાશ્રી** : વિઝા દેખાડતાં જ એની મેળે કામ થાય. તીર્થંકરને જોતાં જ તમને આનંદનો પાર નહિ રહે. જોતાં જ આનંદ. બધું જગત વિસ્મૃત થઇ જશે. જગતનું કશું ખાવાનું, પીવાનું નહિ. ગમે તે ઘડીએ પુરું થઇ જશે. નિરાલંબ આત્મા પ્રાપ્ત થશે. પછી અવલંબન રહ્યું નહિ કશું.

## મોક્ષ સ્વરૂપીના સાંનિધ્યમાં

અને સીમંધર સ્વામી પાસે બેસી રહોને, એ મૂર્તિ પાસે બેસી રહોને, તોય હેલ્પ થાય. હું હઉ બેસી રહું છુંને. મારે તો મોક્ષ મળી ગયો છે તોય હું બેસી રહ્યો છું. નહિ તો મારે એમનું શું કામ હતું? મોક્ષ મને મળી ગયા છે તોય હું બેસી રહ્યો છું. કારણ કે હજુ એ ઉપરી છે એમનાં દર્શન કરે ત્યારે મોક્ષ થાય. નહિ. એમનાં દર્શન કરીએ, એ કોનાં દર્શન? મોક્ષ સ્વરૂપનાં. દેહ સાથે જેનું સ્વરૂપ મોક્ષ છે.

## ૐ નમો ભગવતે વાસુદેવાય



ભગવાન શ્રી કૃષ્ણ

પ્રશ્નકર્તા : કૃષ્ણ ભગવાન વિશે થોડુંક કહો આજે !


દાદાશ્રી : કૃષ્ણ ભગવાનની કયાં વાત થાય ? એ તો વાસુદેવ નારાયણ કહેવાય પણ તે આપણા લોકો એને લીલામાં લઈ ગયા... ને બધું જાત જાતનું ચિતરી માર્યું. બાકી કૃષ્ણ ભગવાન એ તો યોગેશ્વર કૃષ્ણની વાત !

### જયોતિર્લિંગ શું છે ?

પ્રશ્નકર્તા : આ જયોતિર્લિંગ શું છે ?

દાદાશ્રી : આત્મા જયોતિ સ્વરૂપ, એ દેહલિંગ સ્વરૂપ નથી, સ્ત્રીલિંગ સ્વરૂપ નથી કે પુરુષલિંગ સ્વરૂપેય નથી, આ સ્થૂળ જયોતિ-લિંગ કહેવા માંગે છે એનાથી તો લાખો માઇલ આગળ સૂક્ષ્મ જયોતિર્લિંગ છે એની આગળ સૂક્ષ્મતર ને છેલ્લે સૂક્ષ્મતમ જયોતિર્લિંગ છે એ આત્મા છે.

જયોતિ સ્વરૂપને આ લોકો આ લાઇટનું ફોકસ સમજી બેઠા. આ પ્રકાશ દેખાય છે તેમાંનો એકેય આત્મપ્રકાશ નથી.



## શ્રી ગણેશાય નમ:

## ગણપતિની સ્થાપના

ગણુપતિ એ બધા ગણોમાં અધિપતિ છે. બુદ્ધિના અધિષ્ઠાતા દેવ છે. શાસ્ત્ર લખવાનો મુખ્ય અધિકાર તો એમને જ. એમને કોઇ પણ જગ્યાએ બુદ્ધિનો પ્રકાશ ના પડે એવું ના હોય. તેથી તેમની બુદ્ધિમાં જરાય કચાશ નહીં, એટલા માટે જ એમને સર્વ દેવોમાં પહેલા મૂકવામાં આવે છે. એમની પૂજાથી બુદ્ધિ વિભ્રમ થાય. વિભ્રમ ના થાય. વિપરીત ના થાય. મહિનામાં બે અડચણ આવી હોય પણ રોજ ભો લાગે એ જ વિપરીત બુદ્ધિ. એવી બુદ્ધિ વિભ્રમ ના થાય. વિપરીત ના થાય એટલા માટે ગણના પતિને ગણુપતિને પ્રથમ પૂજામાં મૂકે છે. પણ સમજ્યા વગર પૂજા થાય છે તેથી ફળ જોઇએ તેવું મળતું નથી. સમજીને પૂજા થાય તો ઘણું જ સુંદર ફળ મળે.

ગણપતિ બુદ્ધિની દરેક આંટીઘૂંટીમાંથી પસાર થઈ ગયેલા છે. તે તેમની સમજીને પૂજા કરવાથી બુદ્ધિનો ભ્રમ ટળી જાય. ને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય.



# અંબે માતકી જય

## માતાજીની ભક્તિનું ફળ

**પ્રશ્નકર્તા :** માતાજીની ભક્તિ કરવાથી શો લાભ ?

**દાદાશ્રી :** પ્રકૃતિ સારી રહે. એટલા માટે માતાજીની બહુ ભક્તિ કરવી જોઇએ. પ્રકૃતિ બહુ સારી રહે. માતાજીની ભક્તિથી સંસારીઓને લાભ થઇ જાય. એટલે માતાજીની ખાસ ભકિત રાખવી જોઇએ કારણ કે દેહ છે ને એ પ્રકૃતિ શકિત છે અને આ માતાજી એ પ્રકૃતિ દેવી છે. એમની કૃપાથી સારું થાય.

અંબામાતા, દુર્ગાદેવી એ બધી દેવીઓ પ્રકૃતિભાવ સૂચવે છે. તે સહજતા સૂચવે છે. પ્રકૃતિ સહજ થાય તો આત્મા સહજ થાય અથવા આત્મા સહજ થાય તો પ્રકૃતિ સહજ થાય. "આપણે" માતાજીની ભક્તિ પોતાની પ્રકૃતિ પાસે કરાવવી. 'આપણે સમભાવે" નહિ કરવાની. "ચંદુલાલ' પાસે દેવીની ભક્તિ કરાવવી અને તો જ પ્રકૃતિ સહજ થાય.

## કેટલું વિશાળ સાયન્સ

આ તો હિન્દુસ્તાનમાં માતાજીનાં લોકોએ જુદાં જુદાં નામ પાડેલાં, કેટલું બધું વિશાળ આ સાયન્સ હશે ! કેટલી બધી શોધખોળ કરીને, અંબામાતા, સરસ્વતી દેવી. લક્ષ્મીદેવીના શોધ થઇ હશે ! આ બધું કર્યુ ત્યારે સાયન્સ કેટલું બધું ઊંચુ ગયેલું હશે ! આ બધું અત્યારે ખલાસ થયું ત્યારે માતાજીનાં દર્શન પણ કરતાં ના આવડયાં !

## ટાળે, સંસારના વિઘ્નો

માતાજીએ આદ્યશકિત છે ! તે પ્રાકૃત શક્તિ આપે. માતાજીની ભક્તિ કરવાથી પ્રાકૃત શકિત ઉત્પન્ન થાય. અંબામા તો સંસારનાં

વિઘ્નો દૂર કરી આપે, પણ મુક્તિ તો જ્ઞાન દ્વારા જ સાંપડે. દર્શન કરતાં આવડે તો ચાર માતાઓ હાજરાહજુર છે. અંબામાં, બહુચરમા, કાળિમા અને ભદ્રકાળીમા, માતાજી પાપ ધોઇ ના આપે, પણ પ્રાકૃત શક્તિ આપે

## મા હજરાહજુર

આ અંબામાતાજી અમારું કેટલું બધું રક્ષણ કરે છે ! અમારી આસપાસ બધે જ દેવો હાજર હોય. અમે દેવોને પૂછયા વગર, તેમની રજા લીધા વગર એક ડગલુંય આગળ ના ચાલીએ. સર્વ દેવોની કૃપા અમારા ઉપર અને અમારા મહાત્માઓ ઉપર વરસ્યે જ જાય છે !



## કાયદા પાળે તેટલો રાજીપો

અંબિકાદેવી એટલે સહજ પ્રકૃતિ. દરેક દેવીઓના કાયદા હોય છે. તે કાયદા પાળે તો માતાજી ખુશ રહે. અમે અંબેના એકના એક લાલ છીએ. માતાજી પાસે તમે અમારી ચિઠ્ઠી લઇને જાવ તો તે સ્વીકારે. આ તમારો દીકરો હોય અને નોકર હોય પણ જો નોકર તમારા કાયદામાં જ રહેતો હોય તો તમને નોકર વહાલો લાગે કે નહિ ? લાગે જ. અમે કયારેય પણ અંબામાના, લક્ષ્મીજીના કે સરસ્વતીદેવીના કાયદા તોડયા નથી. નિરંતર તેમના કાયદામાં જ રહીએ છીએ. તેથી એ ત્રણેય દેવીઓ અમારા ઉપર નિરંતર પ્રસન્ન રહે છે. તમારે પણ જો તેમને પ્રસન્ન રાખવાં હોય તો તેમના કાયદા પાળવા જોઇએ.

## માતાજીના કાયદા

**પ્રશ્નકર્તા :** અંબામાના શા કાયદા છે ? અમારે ઘેર અંબામાતાની ભક્તિ બહુ કરે છે બધા. પણ એના કાયદા શા છે તે અમે જાણતા નથી.

**દાદાશ્રી :** અંબાજી દેવી એટલે શું ? એ પ્રકૃતિની સહજતા સૂચવે છે. જો સહજતા તૂટી તો અંબાજી તારી ઉપર રાજી જ કેમ થાય ? આ અંબાજી દેવી તો કહેવું પડે ! તે તો માતાજી છે. મા છે. બંગાળામાં દુર્ગા કહેવાય છે તે જ આ અંબાજી. બધી દેવીઓનાં જુદાં જુદાં નામ મૂકયાં છે પણ જબરજસ્ત દેવી છે. આખી પ્રકૃતિ છે. આખી

પ્રકૃતિનો ભાગ હોય તો તે માતાજી છે. પ્રકૃતિ સહજ થાય તો આત્મા સહજ થાય જ. આત્મા અને પ્રકૃતિ એ બેમાંથી એક સહજ બાજુ ચાલ્યું. તો બન્ને સહજ થઇ જાય !

## પ્રભુપૂજાનાં પગથિયાં

**પ્રશ્નકર્તા :** દરેક ધર્મનાં શાસ્ત્રોમાં નામનું મહત્વ બહુ બતાવે છે. નાના જાપ કરવાનું એમાં શું રહસ્ય હશે ?

**દાદાશ્રી :** એ બધું એકાગ્રતા માટે છે. "નામ" એ સ્થૂળ છે, સ્થૂળ ભક્તિ છે. પછી "સ્થાપના" એ સૂક્ષ્મભક્તિ છે પછી "દ્રવ્ય" એ સૂક્ષ્મતર ભક્તિ છે અને છેલ્લે "ભાવ" એ સૂક્ષ્મતમ છે. આ ચાર પ્રકારની ભક્તિ છે. તે એકલા મહાવીર, મહાવીર બોલતા હોય તોય એ સ્થૂળ ભકિત થઇ અને જો સ્થાપના એટલે કે ફોટો મૂકીને મહાવીર, મહાવીર કરે તે સૂક્ષ્મભકિત થઇ કહેવાય અને જાતે મહાવીર હાજર હોય ને ભકિત કરે તે સૂક્ષ્મતર ભકિત કહેવાય. આ મારો ફોટો મૂકીને ભકિત કરે એના કરતાં હું જાતે હાજર હોઉં ને મારી હાજરીમાં ભકિત કરે તો એ સૂક્ષ્મતર ભકિત કહેવાય. અને પછી મારી આજ્ઞા જ પાળે તો એ સૂક્ષ્મતમ ભકિત કહેવાય. મારું કહેવાનું અમારી આજ્ઞા, એના ભાવમાં આવી જાય તો એ ભાવભક્તિ થઈ ગઇ. એ તરત ફળ આપનારું છે. પેલી ત્રણેય પ્રકારની ભક્તિ ભૌતિક ફળ આપનારી છે અને "આ" એકલું જ "રિયલી કેશ" છે તેથી તો અમે કહીએ છીએ કે "ધિસ ઇઝ કેશ બેંક ઇન ધી વર્લ્ડ" આને "કેશ બેંક" શાથી કહીએ છીએ કે અત્યારે "અહીં" છેલ્લી ભકિત થાય.

નામ ભકિતય ખોટી નથી. નામનો એવો નિયમ નથી. નામમાં તો "રામ" બોલે તોય ચાલે ને કોઈ "લીમડો" બોલ બોલ કરે તોય ચાલે. ખાલી બોલવું જોઇએ. જે બોલ્યા તેની મહીં ઉપયોગ રહે, એટલે બીજી બાજુ લિસોટાના માર માર કરે. આત્માને એક ઘડીવાર વીલો મુકાય એવો નથી, માટે કંઈકનું કંઇક એના માટે ઉપયોગ રાખવો. માટે નામસ્મરણ કરે છે એ કંઇ ખોટું નથી. કોઈ વસ્તુ ખોટી હોતી જ નથી આ જગતમાં; પણ નામ, સ્થાપના ને દ્રવ્ય એ ત્રણેય વ્યવહાર છે અને ભાવ એકલું જ નિશ્ચય છે. વ્યવહારમાં તો અનંત અવતારથી આનું આ જ કર્યું છે ને ભટક, ભટક, ભટક, ભટક કર્યાં કર્યું છે ! આચાર્યો થયા, સાધુઓ થયા, સાધ્વીજી થયા, આમ ને આમ ભટક ભટક કર્યા કર્યું, માર્ગ મળ્યો નહિ.

## શ્રદ્ધા જ ફળ આપે

એવું છે, દેવ તમારી "બિલીફ" ને આધીન છે. મૂર્તિમાં દર્શન કરો. પણ "બિલીફ" ના હોય તો શો ફાયદો ? "બિલીફ" અનુઅવકાશપણે હોય તો તે રાતદહાડો યાદ આવ્યા કરે. માટે મૂર્તિમાં શ્રધ્ધા મૂકો. મૂર્તિ એ ભગવાન નથી, તમારી શ્રધ્ધા જ ભગવાન છે. છતાં ભગવાનનાં દર્શન કરો તો ભાવથી કરજો. મહેનત કરીને દર્શન કરવા જાઓ, પણ દર્શન બરાબર ભાવથી ના કરો તો મહેનત નકામી જાય.


## સાચા દર્શનની રીત

ભગવાનના મંદિરમાં કે દેરાસરમાં જઇને સાચાં દર્શન કરવાની ઇચ્છા હોય તો હું તમને દર્શન કરવાની સાચી રીત શિખવાડું. બોલો, છે કોઇને ઇચ્છા ?

પ્રશ્નકર્તા : હા, છે. શીખવાડો દાદા. કાલથી જ તે પ્રમાણે દર્શન કરવા જઇશું.

**દાદાશ્રી** : ભગવાનના દેરાસરમાં જઇને કહેવું કે "હે વીતરાગ ભગવાન ! તમે મારી મહીં જ બેઠા છો, પણ મને તેની ઓળખાણ નથી થઇ તેથી તમારાં દર્શન કરું છું. મને આ "જ્ઞાની પુરુષ" દાદા ભગવાને શિખવાડ્યું છે તેથી આ પ્રમાણે તમારા દર્શન કરું છું. તો મને મારી પોતાની ઓળખાણ થાય એવી આપ કૃપા કરો. જ્યાં જાઓ ત્યાં આ પ્રમાણે દર્શન કરજો. આ તો જુદાં જુદાં નામ આપ્યાં. "રિલેટિવલી" જુદાં જુદાં છે, બધા ભગવાન "રિયલી" એક જ છે.

દુકાન ટાવર આગળ હોય ને દુકાનના વિચાર અહીં કરે ! અલ્યા જે સ્થળ પર હોઉં તે સ્થળના વિચાર કર. અરે રસ્તામાં પણ દુકાનના



વિચાર કરતા કરતા જાય, અને મંદિરમાં જવા નીકળે ત્યારે કોઈ ધર્મના વિચાર કરતું જ નથી ! ત્યાં તો દુકાનના વિચાર કરે છે. કેટલાકને તો રોજ મંદિરમાં જવાની ટેવ પડી ગયેલી હોય છે. અલ્યા ટેવ પડી છે માટે તું દર્શન કરે છે ભગવાનનાં ? ભગવાનના દર્શન તો રોજ નવાં નવાં જ લાગવાં જોઇએ. ને દર્શન કરવા જતી વખતે મહીં ઉલ્હાસ "ફેશનો ફેશ" જ હોવો

જોઇએ. આ તો રોજ દાબડી લઇને દર્શન કરવા જવાની ટેવ પડી ગઇ હોય છે.

## મતિ થકી ભક્તિ

વ્યવહારના દેવ મૂર્ત સ્વરૂપે છે અને નિશ્ચયના દેવ અમૂર્ત સ્વરૂપે છે.

મૂર્તિ શાથી મૂકી છે? એની પાછળ શી ભાવના છે? "સાહેબ, તમે સનાતન સુખવાળા છો ને હું તો "ટેમ્પરરી" સુખવાળો છુ. મારેય સનાતન સુખની ઇચ્છા છે." ભગવાન સનાતન સુખવાળા છે તેથી તો જુઓને મૂર્તિમાં છે તોય આપણાં કરતાં રૂપાળા દેખાય છે–જાણે જોયા જ કરીએ !

આપણે ભગવાનની મૂર્તિનાં દર્શન કરીએ છીએ ત્યારે મૂર્તિ શું કરે છે? "ભાઇ, આ માલ મારો નથી, આ માલ તારા જ શુદ્ધાત્માનો છે." એટલે મૂર્તિ તમારા શુદ્ધાત્માને પાછું મોકલી આપે છે. આને પરોક્ષ ભક્તિ કહેવાય !

પરોક્ષ ભક્ત એટલે શું ? પોતે જેની ભક્તિ કરે છે તે ખરેખર તેની નથી કરતો, પણ પોતાના જ આત્માની કરે છે! આ મૂર્તિઓ, મંદિરો ના હોય તોય હિન્દુસ્તાનના લોકોને ભગવાન યાદ જ આવત !

## જ્ઞાની મૂર્તામૂર્ત

"આત્મા" અમૂર્ત છે, અને મૂર્તની મહીં રહેલો છે. જે મૂર્ત છે એ "રિલેટિવ" છે અને મહીં અમૂર્ત છે તે "રિયલ" છે. જે મૂર્તિમાં અમૂર્ત પ્રગટ થઈ ગયા છે તે મૂર્તામૂર્ત ભગવાન કહેવાય, "જ્ઞાની પુરુષ" પ્રગટ ભગવાન કહેવાય, ત્યાં આપણું આત્યંતિક કલ્યાણ થાય.

## આમ ચીલો ગોઠવી આપે

**પ્રશ્નકર્તા :** આપ સાક્ષાત્કારી પુરુષ છો, હવે આપ મંદિરમાં જાવ, એનાથી મંદિરમાં જવા માટેની પ્રતિષ્ઠા નથી ઊભી થતી ?

**દાદાશ્રી :** અમે જયાં જઇએ ત્યાં બધે દર્શન કરવા જઇએ. દેરાસરોમાં, મહાદેવના મંદિરમાં, માતાજીના દેરામાં, મસ્જિદમાં બધે જ દર્શન કરવા જઇએ. અમે ના જઇએ તો લોકોયે ના જાય, એનાથી ચીલો અવળો પડે. અમારાથી ચીલો અવળો ના પડે. એની અમારી જવાબદારી હોય. લોકોને કેમ શાંતિ થાય, કેમ સુખ થાય એવા અમારા રસ્તા હોય.

## આ તો ચિત્તના ચમત્કાર

**પ્રશ્નકર્તા** : પૂજા કરતી વખતે મને એકાદ ક્ષણ સુધી ચમકારો થાય છે, શું એ આત્મઓજસ છે ?

**દાદાશ્રી** : એ તો ચિહનના ચમત્કારો છે. એમાં શ્રદ્ધા બેસે એટલે એ સ્થિરતા લાવે છે. આત્માની લાઇટ એ કલ્પી કલ્પાય નહિ એવી છે. મને કોઈ કહે કે, "મને મહાવીર ભગવાન દેખાય છે" તો હું કહું કે, "આ તો બહાર જોયેલી મૂર્તિ છે તે દેખાય છે, પણ એ તો દૃશ્ય છે, એ દૃશ્યનો દ્રષ્ટા ખોળ ! દૃષ્ટિને દ્રષ્ટામાં રાખ ને જ્ઞાનને જ્ઞાતામાં રાખ તો કામ થાય."

## ચિત્તસ્થિરતાનાં સાધનો

ચિત્તને ઠેકાણે રાખવા માટે આ મંદિરોમાં ઘંટ મૂકયો ! ભગવાનને આંગી શા માટે ? શણગાર શા માટે ? સુગંધી દ્રવ્યો મૂકયાં શાથી ? ચિત્ત ઠેકાણે રહે તે માટે. ઘંટ વાગે ત્યારે બહારનાં હોહા કકળાટ સંભળાય નહિ, પણ અત્યારે અક્કલવાળાઓ ઘંટ વાગતો હોય તોય ભગવાનન દર્શન કરે ત્યારે જોડેજોડે જોડાનોય મહીં ફોટો પાડે ! અલ્યા, "વ્યવસ્થિત"ને તો જોને ! એના હશે તો લઈ જશે, ને લઇ જશે તો એક વખત લઈ જશે, કાયમ નહિ લઈ જાય ને ? તો લઈ જવા દે ને ! હિસાબ ચૂકતે થશે !

## અભ્યુદય–આનુષંગિક

"સત્સંગ છે પુણ્યે સંચાલિત, આહું અભ્યુદય આનુષંગિક."

"જ્ઞાની પુરુષ"ને મળે ત્યારથી બે ફળ મળે : એક અભ્યુદય એટલે સંસારનો અભ્યુદય થતો જાય. સંસારફળ મળે અને બીજું "આનુષંગિક" એટલે મોક્ષફળ મળે ! બંને સાથે ફળ મળે. જો બંને ફળ સાથે ના મળે તો તે 'જ્ઞાની પુરુષ" નથી. આ તો પાર વગરના ઓવર-ડ્રાફ્ટ છે તેથી દેખાતું નથી આ સત્સંગ કરો છો માટે એ ઓવર-ડ્રાફ્ટ પૂરા થવાના જ.

અહીં મોક્ષફળ એકલું ના હોય, એમ હોય તો તો એક લૂગડુંય પહેરવા ના મળે. પણ ના મોક્ષફળ અને સંસારફળ બંને સાથે હોય.

રાજાને ત્યાં સર્વિસ નક્કી થાય અને રાજાને ત્યાં મળવા જઇએ. તો દૃષ્ટિફળ મળે. નોકરીનો પગાર મળે તો સેવાફળ, પણ દૃષ્ટિફળ એટલે રાજાની દૃષ્ટિ પડે અને ભાઇને પૂછે કે, "તમે ક્યાં રહો છો ?"

તે જાણ્યા પછી એને સારી જગ્યા રહેવા મળે, તે "દૃષ્ટિફળ" એક રાજાની દૃષ્ટિથી આવું ફળ મળે છે ત્યારે "જ્ઞાની પુરુષ"ની દૃષ્ટિથી શું ના મળે ? રાજા તો ઊણો છે, એને તો રાજ વધારવાની લાલચ છે, જ્યારે આ તો "જ્ઞાની પુરુષ" જે સંપૂર્ણ નિરીચ્છક દશામાં વર્તે ! અને તેમની દૃષ્ટિનું ફળ તો કેવું હોય ? અહીં સત્સંગમાં આવ્યો, એટલે અહીંથી એ દૃષ્ટિફળ અવશ્ય લઇ જાય. સેવાફળથી તો રાજાના ૨૫૦ રૂપિયા મળે છે, પણ રાજાને વંદીને આવ્યો તેથી તો દૃષ્ટિફળ મળે!

"જ્ઞાની પુરૂષ"નાં દર્શન કર્યા તેથી તો ઊંચામાં ઊંચાં ફળ અભ્યુદય અને આનુષંગિક મળે છે અને તેથી તો શાંતિ ઊંચામાં ઊંચી રહે છે ! સંસારનું વિઘ્ન ના નડે અને મોક્ષનું કામ થાય, બંનેય સાથે જ રહે.

વીતરાગ ભગવાનનાં દર્શન જો કરતાં આવડે તે, ભલેને એ મૂર્તિ છે, છતાં અભ્યુદય અને આનુસંગિક ફળ મળે ! પણ એ દર્શન કરવાનું તો "જ્ઞાની પુરુષ" સમજાવે તો આવડે. નહિ તો કોઇને આવડે નહિ ને ? "જ્ઞાની પુરુષ" મૂર્તામૂર્ત છે, એટલે એમનાં દર્શનથી તો બંને અભ્યુદય અને આનુષંગિક ફળ મળે. 'જ્ઞાની પુરૂષ"નાં દર્શન માટે તો કોટી જન્મોની પુણ્યૈનો ચેક વટાવવો પડે. હજારો વર્ષે "જ્ઞાની પુરૂષ" પ્રગટ થાય, અને તેમાંય આ તો અક્રમ જ્ઞાની તે કશા જ જપ નહિ, તપ નહિ ને વગર મહેનતે મોક્ષ ! 'જ્ઞાની પુરુષ' પાસે દૃષ્ટિફળ મળે અને એનાથી મોક્ષફળ મળે અને સેવાફળથી સંસારનો અભ્યુદય થાય. અહીં સેવામાં પરમ વિનય એ જ સેવા. અહીં 'જ્ઞાની પુરુષ'ને કંઇ ખોટ હોય ? એ કશાના ભિખારી ના હોય. ફૂલનો વિનય એ જ સેવા ! જેને સાંસારિક અડચણ હોય તે 'જ્ઞાની પુરુષ'ને ફૂલો ચઢાવે તો અડચણો દૂર થાય. ભગવાને ભાવપૂજા અને દ્રવ્યપૂજા બંને સાથે રાખી છે. ફૂલ તોડીને તમે સૂંઘો કે બીજો ઉપયોગ કરો તો તે તમને નુકશાન એટલું જ છે, પણ જો ખાલી તોડશો જ, તો તોડવાનું નુકશાન છે પણ જો ભગવાનને ચઢાવવા ફૂલ તોડયાં છે તો ફાયદો વિશેષ થશે. આનુષંગિક અને અભ્યુદય એમ ભાવપૂજાનાં બે ફળો છે, મોક્ષમાં પણ લઇ જાય અને વૈભવ પણ સાથે રહે. સંસારીએ દ્રવ્યપૂજા કરવાની છે અને આત્મજ્ઞાનીઓએ ભાવપૂજા એકલી જ કરવાની હોય. પણ આ કાળે આ ક્ષેત્રથી મોક્ષ નથી, માટે હજી બે ત્રણ અવતાર કરવાના હોવાથી દ્રવ્યપૂજા અને ભાવપૂજા બંને કરવી જોઇએ.

ભગવાન મહાવીર હતા ત્યારે આ બંને અભ્યુદય અને આનુષંગિક શબ્દો હતા અને તેનાં ફળ મળતાં હતાં. પછી તો શબ્દ એ શબ્દ જ રહ્યા. જો આનુષંગિક ફળ મળે તો અભ્યુદય ફળ સહેજેય મળે. અભ્યુદય એ તો બાય પ્રોડક્ટ છે. જેણે છેલ્લી સ્ટેજનું આરાધન કર્યું આત્માનું આરાધન કર્યું, એને બાય પ્રોડક્ટમાં જેની જરૂરિયાત હોય તે અવશ્ય પૂરી થાય. જ્ઞાની પુરૂષ મળે અને સંસાર અભ્યુદય ના મળે તો બાવો થઈ જાય.

## સત્સંગની પરિણતિનાં ફળ

અહીં "સત્સંગ"માં બેઠા બેઠા કર્મનાં બોજા ઘટયાં કરે અને બહાર તો નર્યા કર્મના બોજા વધ્યા જ કરે છે, નરી ગૂંચામણ જ છે. અમે તમને ગેરેન્ટી આપીએ છીએ કે જેટલો વખત "અહીં" સત્સંગમાં બેસશો તેટલા વખત પૂરતુ તમારા ધંધાપાણીમાં કયારેય પણ ખોટ નહિ જાય અને સરવૈયું કાઢશો તો માલમ પડશે કે સરવાળે નફો જ થયો છે. આ સત્સંગ તે કઇ જેવો તેવો સત્સંગ છે ? કેવળ આત્મા માટે જ જે વખત કાઢે અને સંસારમાં કયાંથી ખોટ જાય ? નર્યો નફો જ થાય. પણ આવું સમજાય તો કામ નીકળે ને ?! અહીં સત્સંગમાં કોઇ કોઇ વખત એવો કાળ આવી જાય છે કે અહીં જે બેઠો હોય તેનું એક લાખ વરસનું દેવ ગતિનુ આયુષ્ય બંધાઇ જાય અથવા મહાવિદેહક્ષેત્રે જન્મ લે ! આ સત્સંગમાં બેઠો એટલે એમને એમ ફેરો નકામો ના જાય. આ તો કેવો સુંદર કાળ આવ્યો છે ! ભગવાનના વખતમાં સત્સંગમાં જવું હોય તો ચાલતાં ચાલતાં જવું પડતું હતું ! અને આજે તો બસ કે ટ્રેનમાં બેઠા કે તરત જ સત્સંગમાં આવી શકાય ! આવી કાળમાં આ સ્વરૂપજ્ઞાન મળી જાય તો તો પછી કામ જ કાઢી લેવાનું હોય ને ! કોઈ જગ્યાએ આત્મ-અનુભવી પુરૂષ જ ના હોય. અને કોઇ વખત આવા પુરૂષો પાકે તો તો કામ કાઢી લેવાનું જ હોય. આત્મા–અનુભવી પુરૂષ સિવાય બીજા કોઇની વાણી હૈયાને ઠારનાર હોતી નથી અને હોય પણ નહિ !

## વીતરાગોનું આ વિજ્ઞાન

આ વિજ્ઞાન છે. આ વીતરાગોનું તીર્થંકર ભગવાનનું આ વિજ્ઞાન છે ! કૃષ્ણ ભગવાનના કાકાના દીકરા નેમિનાથનું વિજ્ઞાન છે આ ! કૃષ્ણ ભગવાન પણ આ વિજ્ઞાનને પામેલા છે.

# * દાદાવાણી *

ખાલી થઈ ગયો. નાદાર થઈ ગયો. મેં પૂછયું, 'દેવું કેટલું હતુ ?' તે કહે, 'દેવું ન હતું.' તે નાદાર ના કહેવાય. બેન્કમાં હજાર બે હજાર રૂપિયા પડયા છે. પછી મેં કહ્યું, 'વાઈફ તો છે ને ?' તે કહે કે વાઈફ કંઈ વેચાય ? મેં કહ્યું, 'ના પણ તારી બે આંખો છે, તે તારે બે લાખમાં વેચવી છે ? આ આંખો, આ હાથ, પગ, મગજ, એ બધી મિલકતની તું કિંમત તો ગણ. બેન્કમાં પૈસો ય ના હોય તો ય તું કરોડાધિપતિ છે. તારી કેટલી બધી મિલકત છે, તે વેચ જો, હેંડ. આ બે હાથે ય તું ના વેચું. પાર વગરની તારી મિલકત છે. આ બધી મિલકત સમજીને તારે સંતોષ રાખવાનો. પૈસા આવ્યા કે ના આવ્યા પણ ટંકે ખાવાનું મળવું જોઈએ.

## દુ:ખ છે જ ક્યાં ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, અમારા આર્થિક સંજોગો ફરી ગયાં છે તે ?

**દાદાશ્રી :** એ તો ફેરફાર થયા કરે. આ દહાડા પછી રાત આવે છે ને ? આ તો આજે નોકરી ના હોય પણ કાલે નવી મળે. બન્ને ફેરફાર થઈ જાય. કેટલીક વખત આર્થિક હોતું જ નથી, પણ એને લોભ લાગ્યો હોય છે. આવતી કાલે શાકના પૈસા છે કે નહીં, એટલું જ જોઈ લેવાનું. એથી વધારે જોવાનું ના હોય. બોલો, હવે એવું તમને દુ:ખ છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તે પછી એને દુ:ખ કહેવાય જ કેમ ? આ તો વગર દુ:ખે દુ:ખ ગા ગા કરે છે. તે પછી એમાંથી હાર્ટ એટેક આવે, અજંપો રહે ને પોતે દુ:ખ માને. જેનો ઉપાય નથી એને દુ:ખ જ ના કહેવાય. જેના ઉપાય હોય એના તો ઉપાય કરવા જોઈએ, પણ ઉપાય જ ના હોય તો એ દુ:ખ જ નથી.

## દાદાનું નામ લે ત્યાં પૈસાના ઢગલા !

**પ્રશ્નકર્તા :** જીવનમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોય ત્યારે શું કરવું ?

**દાદાશ્રી :** એક વરસ વરસાદ ના પડે તો ખેડૂતો શું કહે છે કે

અમારી આર્થિક સ્થિતિ ખલાસ થઈ ગઇ. એવું કહે કે ના કહે ? પછી ગાડું બીજે વરસે વરસાદ આવે ત્યારે એનું સુધરી જાય, એટલે આર્થિક સ્થિતિ નબળી હોય ત્યારે ધીરજ રાખવી જોઇએ. ખર્ચ ઓછો કરી નાખવો જોઇએ અને ગમે તે રસ્તે મહેનત-પ્રયત્નો વધારે કરવા જોઇએ. એટલે નબળી પરિસ્થિતિ હોય ત્યારે જ આ બધું કરવાનું, બાકી પરિસ્થિતિ સારી હોય ત્યારે તો એની મેળે ગાડું ચાલ્યા કરે. અત્યારે બહુ નબળી સ્થિતિ છે ? શી શી અડચણ પડે છે.

**પ્રશ્નકર્તા :** કોઇપણ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવી હોય તે વાર લાગે.

**દાદાશ્રી :** ઓહો ! ઇચ્છિત વસ્તુ ! પણ આ શરીરને કઇ વસ્તુ જોઇએ છે તે તમે જાણો છો ?

**પ્રશ્નકર્તા :** આમ તો ભગવાનની પ્રાપ્તિ જ મુખ્ય વસ્તુ છે.

**દાદાશ્રી :** ભગવાનની પ્રાપ્તિ માટે આ શરીર છે પણ એને જરૂર શું શું છે ? રાતે આટલી ખીચડી આપી હોય તો તમને આખી રાત ધ્યાન ધરવા દે કે ના દે ? એટલે આ શરીર બીજું કંઇ માગતું નથી, બીજું બધું તો મનમાં તોફાન છે. બે ટાઇમ ખાવાનું મળે છે કે નથી મળતું ?

**પ્રશ્નકર્તા :** મળે છે.

**દાદાશ્રી :** આ દેહને જરૂર પૂરતો ખોરાક જ આપવાની જરૂર છે, એને બીજું કશું જરૂરી નથી અને નહીં તો પછી આ ત્રિમંત્રો રોજ કલાક કલાક બોલજો ને ! આ બોલશો એટલે આર્થિક પરિસ્થિતિ સુધરી જાય. એનો ઉપાય કરવો જોઇએ. ઉપાય કરીએ એટલે સુધરી જાય. તમને આ ઉપાય ગમશે ?

**આ દાદા ભગવાનનું એક કલાક નામ લે તો પૈસાના ઢગલા થાય.** પણ એવું કરે નહીં ને બાકી હજારો લોકોને પૈસા આવ્યા. હજારો લોકોની અડચણો ગઇઓ ! 'દાદા ભગવાન' નું નામ લે ને, પૈસા આવ્યા. હજારો લોકોની અડચણો ગઇઓ ! 'દાદા ભગવાન' નું નામ લે ને, પૈસા ના આવે તો તે દાદા ન્હોય ! પણ આ લોકો આવું નામ દે નહીં ને, પાછા ઘેર જઇને !!

## એબોવ નોર્મલ, ત્યાં શું સુખ ?

લક્ષ્મી તો કેવી છે ? કમાતાં દુઃખ, સાચવતાં દુઃખ, રક્ષણ કરતાં દુઃખ અને વાપરતાં ય દુઃખ ઘેર લાખ રૂપિયા આવે એટલે તેને સાચવવાની ઉપાધિ થઇ જાય. કઇ બેન્કમાં આની સેફસાઇડ છે એ

ખોળવું પડે ને પાછાં સગાં-વહાલાં જાણે કે તરત જ દોડે. મિત્રો બધા દોડે, કહે અરે યાર મારા પર આટલોય વિશ્વાસ નથી ? માત્ર દસ હજાર જોઇએ છે, તે પછી ના છૂટકે આપવા પડે આ તો પૈસાનો ભરાવો થાય તોય દુઃખ. ને આ તો નોર્મલ હોય એ જ સારું,

**દાદાશ્રી** : હા ગુરુનું ચારિત્ર સંપૂર્ણ શુદ્ધ હોવું જોઇએ શિષ્યનું ચારિત્ર ના પણ હોય, પણ ગુરુનું ચારિત્ર તો એકઝેક્ટ હોવું જોઇએ. ગુરુ જો ચારિત્ર વગરના છે તો ગુરુ જ નથી એનો અર્થ જ નથી. સંપૂર્ણ ચારિત્ર જોઇએ. આ અગરબત્તી ચારિત્રવાળી હોય છે. આટલી રૂમમાં જો પાંચ-દશ અગરબત્તી સળગાવી હોય તો આખો રૂમ સુગંધીવાળો થઇ જાય ત્યારે ગુરુ તો ચારિત્ર વગરના ચાલતા હશે ?! ગુરુ તો સુગંધીવાળા હોવા જોઇએ.

## તેને મળે જગતનાં સર્વ સૂત્રો !

જેને ભીખ સર્વસ્વ પ્રકારની ગઇ. તેને આ જગતનાં તમામ સૂત્રો હાથમાં આપવામાં આવે છે, પણ ભીખ જાય તો ને ! કેટલા પ્રકારની ભીખ. લક્ષ્મીની ભીખ, કીર્તિની ભીખ, વિષયોની ભીખ, શિષ્યોની ભીખ, દેરાં બાંધવાની ભીખ, બધી ભીખ, ભીખ ને ભીખ છે ! ત્યાં આપણું દળદર શું ફીટે ?

## ધર્મ કે ધંધો ?

અને આ તો આવી બિઝનેસમાં પડયા છે લોકો. એ લોકો ધર્મના બિઝનેસમાં પડયા છે. એમને પોતાને પૂજાવડાવીને નફો કાઢવો છે. હા, અને એવી દુકાનો તો આપણા હિન્દુસ્તાનમાં બધી બહુ છે. એવી કંઇ બેત્રણ દુકાનો જ છે ?! આ તો પાર વગરની દુકાનો છે. હવે એ દુકાનદારને આપણે આવું કહેવાય કેમ કરીને ? એ કહે કે મારે દુકાન કાઢવી છે ?' તો આપણે ના યે કેમ કહેવાય ? તો ઘરાકને આપણે શું કરવું જોઇએ ?

**પ્રશ્નકર્તા** : રોકવો જોઇએ.

**દાદાશ્રી** : ના, રોકાય નહીં. આ તો દુનિયામાં આવી રીતે ચાલ્યા જ કરવાનું.

**પ્રશ્નકર્તા** : અત્યારે તો કરોડો રૂપિયા ઉઘરાવીને આશ્રમ બંધાય છે ને લોકો એની પાછળ પડયા છે.

**દાદાશ્રી** : પણ આ રૂપિયા જ એવા છે ને ! રૂપિયામાં બરકત નથી તેથી.

**પ્રશ્નકર્તા** : પણ એ લક્ષ્મીને સાચા રસ્તે વાપરે, શિક્ષણકામમાં વાપરે કે કોઇ ઉપયોગી સેવામાં વાપરે તો !

**દાદાશ્રી** : એ વપરાય, તો ય પણ મારું કહેવાનું કે એમાં ભગવાનને નથી પહોંચતું કશું. એ સારા રસ્તે વપરાય તો તેમાં જરાક ખેતરમાં ગયું તો ઘણું વધારે ઊપજે. પણ એમાં એને શો લાભ થયો ? બાકી જ્યાં લક્ષ્મી ત્યાં ધર્મ હોય નહીં. જેટલી લક્ષ્મી જ્યાં આગળ છે, એટલો જ ધર્મ કાચો છે ત્યાં !

**પ્રશ્નકર્તા** : લક્ષ્મી આવી એટલે પછી એની પાછળ ધ્યાન આપવું પડે, વ્યવસ્થા કરવી પડે.

**દાદાશ્રી** : ના, એમ નહીં. એની વ્યવસ્થા માટે નહીં. વ્યવસ્થા તો લોક કહેશે 'આમ કરી લઇશું' પણ આ લક્ષ્મીની હાજરી છે ત્યાં ધર્મ એટલો કાચો કારણકે મોટામાં મોટી માયા લક્ષ્મી અને સ્ત્રી ! આ બે મોટામાં મોટી માયા. એ માયા છે ત્યાં ભગવાન ના હોય અને ભગવાન હોય ત્યાં માયા ના હોય.

અને એ પૈસો પેઠો, એટલે કેટલો પેસી જાય એનું શું ઠેકાણું ?! અહીં કોઇ કાયદો છે ? માટે પૈસા બિલકુલ જડમૂળથી ના હોવા જોઇએ. ચોખ્ખા થઇને આવો; મેલું કરશો નહીં ધર્મમાં !

## જ્યાં ફી ત્યાં નથી ધર્મ

પાછા ફી રાખે છે બધા, જાણે નાટક હોય એવું ! નાટકમાં ફી રાખે એવી પાછા ફી રાખે છે. અહીં સેંકડે પાંચ ટકા સારા યે હોય છે. બાકી તો સોનાના ભાવ વધી ગયા એવા આ એમના ય ભાવ વધી જાય ને ! તેથી મારે પુસ્તકમાં લખવું પડયું કે જ્યાં પૈસાની લેવડદેવડ છે ત્યાં ભગવાન નથી અને ધર્મે ય નથી. જેમાં પૈસાની લેવડદેવડ નથી વેપારી બાજુ જ નથી ત્યાં ભગવાન છે ! પૈસા, લેવડદેવડ એ વેપારી બાજુ કહેવાય.

બધે ય પૈસો, જ્યાં જાવ ત્યાં પૈસા ! જ્યાં જાવ ત્યાં પૈસા ! બધે ફી, ફી ને ફી છે ! હા, ત્યારે ગરીબોએ શું ગુનો કર્યો બિચારાએ ? અને ફી રાખો તો ગરીબને માટે એમ કહો 'કે ભઈ ગરીબની પાસે ચાર આના લઇશું બહુ થઇ ગયું.' તો તો ગરીબથી યે ત્યાં જવાય.

આ તો શ્રીમંતો જ લાભ લે. બાકી, જ્યાં ફી રાખી હોય તો શી દશા થાય ? એક ફેરો 'જ્ઞાન' લેવા માટે તો તમે ખર્ચી નાખો, પણ પછી કહેશે 'જ્ઞાન મજબૂત રીતે પાળીશું, પણ હવે ફરી ફી ના આપીએ.'

આ તો આપણે કોઇનું નામ લેવું એ ખોટું કહેવાય. આ તો તમને રૂપરેખા આપું છું કે આ ધર્મની શી દશા થઈ છે અત્યારે. ગુરુ જે વેપારી તરીકે થઈ બેઠા છે એ બધું ખોટું. જ્યાં પ્રેક્ટિશનર હોય છે. ફી રાખે છે, કે આજે આઠ-દશ રૂપિયા ફી છે; કાલે વીસ રૂપિયા ફી છે, તો એ બધું નકામું.

જ્યાં પૈસાનો વેપાર છે ત્યાં ગુરુ ના કહેવાય. જ્યાં ટિકિટો છે એ તો બધું રામલીલા કહેવાય. પણ લોકોને ભાન નથી રહ્યું, એટલે બિચારા ટિકિટવાળાને ત્યા જ પૈસે છે. કારણ કે ત્યાં આગળ જૂઠું છે ને આ પોતે પણ જૂઠો છે. એટલે બન્ને એડજસ્ટ થઇ જાય છે. એટલે સાવ જૂઠું ને સાવ પોલંપાલ ચાલી રહ્યું છે તદ્દન.

આ તો પાછા કહેશે, 'હું નિઃસ્પૃહ છું. હું નિઃસ્પૃહ છું.' અરે આ ગા ગા શું કરવા કરે છે તે ! તું નિઃસ્પૃહી છે તો તારી પર કોઈ શંકા રાખનાર નથી. અને તું સ્પૃહાવાળો છે તો તું ગમે એટલું કહીશ તો ય તારી પર શંકા કર્યા વગર છોડવાના નથી. કારણ કે તારી સ્પૃહા જ કહી આપશે. તારી દાનત જ કહી આપશે.

## એમાં દોષ કોનો ?

આ તો બધા ભીખને માટે નીકળેલા છે. એમનું પેટ ભરવા નીકળ્યા છે. સહુ સહુનું પેટ ભરવા માટે નીકળ્યા છે. અગર તો પેટ ના ભરવાનું હોય તો કીર્તિ કાઢવી હોય, કીર્તિની ભીખ, લક્ષ્મીની ભીખ, માનની ભીખ ! જો ભીખ વગરનો માણસ હોય તો એની પાસે જે માગો તે પ્રાપ્ત થાય. ભીખવાળા પાસે આપણે જઇએ તો એ પોતે ય સુધરેલો ના હોય ને આપણને ય સુધારે નહીં, કારણ કે દુકાનો ચાલુ કરી છે લોકોએ. અને આ ઘરાકો મળી આવે છે નિરાંતે !

એક જણ મને કહે છે કે, 'એમાં દુકાનદારનો દોષ કે ઘરાકનો દોષ ?' મેં કહ્યું, 'ઘરાકનો દોષ !' દુકાનદાર તો ગમે તે એક દુકાન કાઢીને બેસે, આપણે ના સમજીએ ? આટલો લોટ ટાંકણીમાં ચોપડીને ઘાલે છે અને પેલો મચ્છીમાર એને તળાવમાં નાખે છો તેમાં મચ્છીમારનો

દોષ કે એ ખાનારનો દોષ ? જેને આ લાલચ છે તેનો દોષ છે કે મચ્છીમારનો ?જે પકડાય એનો દોષ ! આ આપણા માણસો બધા પકડાય જ છે ને, આ બધા ગુરુઓથી !

લોકોને પૂજાવું છે, એટલા માટે વાડા ઊભા કરી દીધા. આમાં આ ઘરાકોનો બધોય દોષ નથી બિચારાનો. આ દલાલોનો દોષ છે. આ દલાલોનું પેટ ભરાતું જ નથી, ને જગતનું ભરવા દેતા નથી. એટલે હું આ ઉઘાડું કરવા માગું છું. આ તો દલાલીઓમાં જ લહેરપાણીને મોજ કર્યા કરે છે, ને પોતપોતાની સેફસાઇડ જ ખોળી છે પણ એમને કહેવું નહીં કે તમારો દોષ છે. કહેવામાં શું ફાયદો ભાઇ ? સામાને દુઃખ ઊભું થાય. આપણે દુઃખ ઊભું કરવા-કરાવવા આવ્યા નથી. આપણે તો સમજવાની જરૂર છે કે ખામી કયાં છે ?! હવે દલાલો કેમ ઊભા રહ્યા છે ? કારણ કે ઘરાકી મજબુત છે. એટલે ઘરાકી જો ના હોય તો દલાલો કયાં જાય ? જતા રહે. પણ ઘરાકીનો દોષ છે ને, મૂળ તો ! એટલે મૂળ દોષ તો આપણો જ છે ! દલાલ કયાં સુધી ઊભા રહે ? ઘરાકી હોય ત્યાં સુધી. હમણે આ મકાનોના દલાલો કયાં સુધી હૈંડ હૈંડ કરશે ? મકાનોના ઘરાક હોય ત્યાં સુધી. નહીં તો બંધ, ચૂપ !

## કળિયુગ, તારી રીત ઉંધી

બાકી અત્યારે આ સંતો વેપારી થઇ ગયા છે જયાં પૈસાનો વ્યાપાર ચાલે એ સંત જ ના કહેવાય. અને આપણા લોકોને એની સમજણે ય નથી. સાચો હોય તો એની ય કિંમત અને ખોટો હોય તો ય એની કિંમત. ખોટાની વધારે કિંમત, ખોટો એ મીઠું બોલેને કે, 'આવો ચંદુભાઇ, આવો ચંદુભાઇ' એ કડવું ના બોલે ને ?! એટલે ખોટાની વધારે કિંમત ને તે આ કાળમાં જ, બીજા કાળમાં આવું નહોતું. બીજા કાળમાં તો ખોટાની કિંમત જ ના હોય ને !

સંતપુરુષ, તો પૈસા લે નહીં. દુખિયો છે તેથી તો એ તમારી પાસે આવ્યો, ને પાછા ઉપરથી સો પડાવી લીધા ! તે આ હિન્દુસ્તાનને ખલાલ કરી નાખ્યું હોય તો આવા સંતોએ ખલાસ કરી નાખ્યું છે. તે સંત તે એનું નામ કહેવાય કે જે પોતાનું સુખ બીજાને આપતા હોય, સુખ લેવા આવ્યા ના હોય.

## લેનાર થાય નાદાર !

આ કંઇ સુખી છે ? મૂળ તો દુઃખી છે લોકો અને એની પાસે રૂપિયા લો છો ? ! દુઃખ કાઢવા માટે તો ગુરુ પાસે જાય છે ને ! ત્યારે તમે એના પચ્ચાસ રૂપિયા લઇને એનું દુઃખ વધારો છો ! એક પઇ ના લેવાય. બીજા પાસે કંઈ પણ લેવું એનું નામ જુદાઇ કહેવાય અને તેનું નામ જ સંસાર. એમાં એ જ ભટકેલો છે. જે લેનાર માણસ છે એ ભટકેલો કહેવાય એને પારકો જાણે છે માટે એ પૈસા લે છે.



## મંદિરનો કોઈ એક માલિક નથી

આ તો લોકોને એમનાં નામ કાઢવાં છે. ભગવાનને કંઇ લેવાદેવા નથી. આપને નામ કાઢવા છે. બધાય પોતપોતાને માટે કરે છે. આ તો પોતાનું નામ કાઢવું છે. કોઇને ભગવાનની પડેલી નથી અને તે માંગીને પૈસા લે છે. તેનો અર્થ જ નહિ. અને જગત તો એવું જ ચાલે. માંગીને જ ચાલે. માગ્યા વગર તો કોઇ જગ્યાએ આપે જ નહિ. આપણે ત્યાં જ આ માગ્યા વગરનું હોય. કારણ કે જાણે છે કે સીમંધર સ્વામી પાસે મારે જવાનું છે ને મારે આપવાનું છે ને મારે જ બાંધવાનું છે. કોઇ આનો માલિક નથી, કોઇ એક ! એટલે આમાં વગર માગ્યે આપે !

## દાન, સરપ્લસ નાણું હોય તો જ

દાન તો ક્યારે આપી શકીએ કે આપણી પાસે સરપ્લસ હોય તો દાન આપવું. દેવું કરીને દાન આપવું નહિ, અને મોટું દાન કોને કહેવામાં આવશે ? કે જે દાનની વાહવાહની ઇચ્છા ના હોય તે લોકો વખાણ કરે ને એટલે આપે, એને મોટું દાન કહેવાય નહિ, અને લોકોને કલ્યાણ થતું હોય એ દાન આપેલું કામનું. લોકો હોસ્પિટલ બંધાવે છે, નામ કાઢે છે. ખરેખર નામ કાઢવા માટે નહિ, એમ ને એમ જ દાન હોવું જોઇએ સમજાયું ?

દાદાવાણી પૈસાના વહેવારના ગ્રંથમાંથી
સંકલન અરવિંદ દેસાઈ



**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો**

(દરરોજ ઓછામાં ઓછું ૧૦ મિનિટથી ૫૦ મિનિટ સુધી મોટેથી બોલવું)

(દરરોજ એક વખત વાંચવી)

## વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામીને પ્રાર્થના

"હે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી, ત્રૈલોક્ય પ્રકાશક. પ્રત્યક્ષ પ્રગટ જ્ઞાનીપુરુષ આ દાદા ભગવાનની સાક્ષીએ, આપને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરી આપનું અનન્ય શરણું સ્વીકારું છું. હે પ્રભુ ! આપના ચરણકમળમાં સ્થાન આપી અનંતકાળની ભયંકર ભટકામણનો અંત લાવવા કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો !

હે વિશ્વવંદ્ય એવા પ્રગટ પરમાત્મા સ્વરૂપ પ્રભુ ! આપનું સ્વરૂપ એ જ મારું સ્વરૂપ છે. પણ અજ્ઞાનતાના કારણે મને મારું પરમાત્મા સ્વરૂપ સમજાતું નથી તેથી આપના સ્વરૂપમાં જ હું મારા સ્વરૂપનાં નિરંતર દર્શન કરું એવી મને પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો

હે પરમતારક દેવાધિદેવ, સંસારરૂપી નાટકના આરંભકાળથી આજના દિવસની અત્યક્ષણ પર્યંત; કોઇપણ દેહધારી જીવાત્માનાં મન, વચન, કાયા પ્રત્યે, જાણ્યે-અજાણ્યે જે અનંતદોષો કર્યા છે, તે પ્રત્યેક દોષને જોઇને, તેનું પ્રતિક્રમણ કરવાની મને શક્તિ આપો. આ સર્વે દોષોની હું આપની પાસે ક્ષમા પ્રાર્થું છું. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખાન કરું છું. હે પ્રભુ મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો ! અને મારાથી ફરી આવા દોષો ક્યારેય ન થાય તેવો દૃઢ નિર્ધાર કરું છું. આ માટે મને જાગૃત અર્પો, પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો !

પોતાના પ્રત્યેક પાવન પગલે તીર્થ સ્થાપનાર હે તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામી પ્રભુ ! જગતના સર્વે જીવો પ્રત્યે સંપૂર્ણ અવિરાધકભાવ અને સર્વે સમકિતી જીવો પ્રત્યે સંપૂર્ણ આરાધક ભાવ મારા હૃદયમાં સદા સંસ્થાપિત રહો, સંસ્થાપિત રહો, સંસ્થાપિત રહો !

ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સર્વ ક્ષેત્રોના સર્વે જ્ઞાની ભગવંતોને મારા નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો ! હે પ્રભુ ! આપ મારા પર એવી કૃપા વરસાવો કે જેથી કરીને મને આ ભરતક્ષેત્રમાં આપના પ્રતિનિધિસમાન કોઇ જ્ઞાની પુરુષનો, સંત્પુરુષનો સત્સમાગમ થાય અને એમના કૃપાધિકારી બની આપના ચરણકમળ સુધી પહોંચવાની પાત્રતાને પામું.

હે શાસન દેવદેવીઓ ! હે પાંચાંગુલિ યક્ષિણી દેવી તથા હે ચાંદ્રાયણ યક્ષ દેવ ! હે શ્રી પદ્માવતી દેવી ! અમને શ્રી સીમંધર સ્વામીનાં ચરણકમળમાં સ્થાન પામવા માર્ગમાં કોઈ વિઘ્ન ન આવે, એવું અભૂતપૂર્વ રક્ષણ આપવાની કૃપા કરો અને કેવળજ્ઞાન સ્વરૂપમાં જ રહેવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો !

સીમંધર સ્વામીના અસીમ જય જયકાર હો.

-જય સચ્ચિદાનંદ

# વિશ્વનું ભાવિ ભારતનું ભાવિ

## પ્રશ્નોત્તરી સ્વરૂપ

સંકલન : અરવિંદ દેસાઇ

## શું ઈ.સ. ૧૯૯૬માં દુનિયાની વસ્તી અડધી થઈ જશે ?

## શું ત્રીજુ વિશ્વ યુદ્ધ થશે જ ?

## શું ભારત વિશ્વમાં પ્રથમ કક્ષાનું બની જશે ?

## આજનો વ્યાપક ભ્રષ્ટ્રાચાર નિવારી શકાશે ?

## શું મુંબઇ જેવા દરિયા કિનારાના શહેરો ખાલી કરવા પડશે ?

ચારે બાજુ આજે દરેકના મનમાં એક જ પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. દુનિયાનું શું થવા બેઠું છે ? આ કળિયુગ કયાં જઇને અટકશે ? પાપનો ઘડો હજી ભરાયો નથી ? ક્યાં સુધી પૃથ્વી પર દુરાચાર, વ્યભિચાર, ભ્ષ્ટ્રાચાર ચાલશે ? આ વિશ્વમાં ધર્મની ધજા કયારે લહેરાશે ? આજે તો ધર્મ ખૂબ જ વધેલો જોવા મળે છે. છતાં ખુદ ધર્મમાં વેપાર અને કાળાબજાર સર્વંત્ર જોવા મળે છે કોઇ ઘરમાં શાંતિ નથી. ક્લેશ કંકાસનું સામ્રાજય ચારોતરફ વ્યાપી ગયેલ છે. આ બધાનો અંત ક્યારે આવશે ?

નોસ્ટ્રાડેમસ જેવા ગુરૂવિદ્યા તથા જ્યોતિષવેતાએ The centuriex નામક ગ્રંથમાં આગાહિઓ કરેલી છે કે દુનિયાભરમાં ખ્યાત અને ચર્ચિત બની છે. Tencommandments ને આવરી લેતા ક્રિશ્ચીયન ધર્મ-પુસ્તકમાં પણ હવે આવનાર પ્રલયો, રોગો અને મારામારીના ઉલ્લેખો છે ત્યારે ભારતના અક્રમ જ્ઞાની પુરૂષના દર્શનમાં જે દશ્યો જોવા મળ્યા છે જે સહજ દર્શનમાં આવ્યું છે તે રજુ કરેલ છે. આ કોઇ જ્યોતિષશાસ્ત્ર કે ભવિષ્યવેત્તાનો વર્તારો નથી પણ રાગદ્વેષ વિના જે દર્શનમાં આવ્યું છે તે રજુ કરવામાં આવેલ છે. જે વાંચકો માટે સારું માર્ગદર્શન પુરું પાડે છે.

●

**પ્રશ્નકર્તા** : આ દુનિયાનું ભવિષ્ય શું છે ?

**દાદાશ્રી** : બે હજારની સાલ સુધીમાં ચોખ્ખુ થઇ જશે. ૧૯૯૬માં બે અબજની વસ્તી રહેશે. પાંચ અબજમાંથી અત્યારે જે ભીડ દેખાય છે તે પછી ભીડ નહીં પડે. ગાડીઓમાં, મકાનોમાં, બસોમાં રસ્તાઓ ઉપર કશામાં ભીડ નહી પડે.

**પ્રશ્નકર્તા** : હિન્દુસ્તાનનું ભાવિ કેમ છે ?

**દાદાશ્રી** : બહું સુંદર પણ ઈ. સ. ૨૦૦૫માં અત્યારે તો ખરાબ થવાનું અત્યારે તો દહાડે દહાડે વધારે ખરાબ થવાનું હિન્દુસ્તાન આખા વર્લ્ડનું કેન્દ્ર થઇ ગયુ હશે. અત્યારે કેન્દ્ર થઇ રહ્યું છે પણ તમને ખબર ના પડે.

**પ્રશ્નકર્તા** : ૨૦૦૫માં આગાહી વિશે આપ શું કહો છો ?

**દાદાશ્રી** : ઇ સ ૨૦૦૫માં કયારેય જોયો ના હોય તેવો સમય આવી રહ્યો છે. ઉંચામાં ઉંચો કાળ આવી રહ્યો છે. તે દહાડે હિંસા જેવી વસ્તુ જ નહી હોય અને દુનિયાભરના લોકો હિન્દુસ્તાનને બધુ જાણવા સમજવા માટેનું કેન્દ્ર બનાવશે. લોકોની સંસ્કારિતા તે વખતે બધી ખલાસ થઈ ગયેલી હશે જયારે આ હિન્દુસ્તાન તે ઘડીએ સંસ્કાર ધરાવતું હશે અને સંસ્કારને લઇને બધું દીપશે ! ઇ. સ. ૨૦૦૫માં જે સતયુગમાં નહોતુ એવો કાળ આવી રહ્યો છે જે ૨૦૦૦ની સાલથી શરૂ થઇ જશે. ખરાબ વિચારો બધુ બંધ થઈ જવાનું જયાં ચોરીઓ લુચ્ચાઇઓ એ બધુ બિલકુલ એક ટકો બે ટકા જેવી રહેશે.

**પ્રશ્નકર્તા** : ભારતદેશમાં અત્યારે સંતોની વાણીનું શ્રવણ કરવા અનેક લોકો પરદેશથી આવે છે. બીજી બાજુ કાળયુગના લાંચ, અનીતિ,

કાળાબજાર, ભેળસેળ જોરશોરથી વધતાં જાય છે આનો અંત સુખદ આવશે ? શું પ્રજાનું માનસ બદલાશે ?

**દાદાશ્રી** : તમે કહો છો તેવું જ થશે પણ વચ્ચેના વર્ષો કસોટીના છે હજી ૨૦૦૫ની સાલને તો વાર છે ને ?

**પ્રશ્નકર્તા** : અત્યારે તો આ દેશમાં દહાડે દહાડે ભ્રષ્ટ્રાચાર ને બધું વધતું જાય છે ?

**દાદાશ્રી** : સત્યયુગમાં પાંચ ટકા ભ્રષ્ટ્રાચાર હોય છે પછી કળયુગમાં ૮૦ ટકા યુગના હિસાબે માણસોની વસ્તી વધતી જાય અને ગુણાકાર વધતી જાય ભ્રષ્ટ્રાચાર ના કરવો હોય તો યે કરવો પડે એમ કરીને તે લોકો શીખી જાય છે. અત્યારે અવળી વૃત્તિ છે, અવળા વિચાર છે. દુનિયાનો અવળો દુરૂપયોગ કરનાર એ બધાં ખલાસ થઈ જશે. લોકો ત્રાસી જઇ અવાજ ઉઠાવશે અને અલ્લાની, ભગવાનની તલવાર ચાલશે અને બધો ભ્રષ્ટ્રાચાર ખલાસ થઈ જવાનો.

**પ્રશ્નકર્તા** : આ વસ્તીની ઓટ ક્યારે આવશે ? વસ્તી ક્યારે ઘટશે ?

**દાદાશ્રી** : આની શરૂઆત થઈ ગઇ છે. વસ્તી અડધી થઈ જશે. વસ્તિ બોમ્બથી ખલાસ નથી થવાની પણ કુદરત ફરી વળશે. હા. મોત સત્તાઓએ જે બોંબ એક બનીને મારવા બનાવ્યા છે તે સામસામી ફોડશે.

**પ્રશ્નકર્તા** : બીજુ શું થશે ?

**દાદાશ્રી** : બીજું પ્લેગચાળો અને બધુ બહુ થશે. આ દરિયો તો એવો ઉછાળા મારશે. કે મદ્રાસ મુંબઇમાં રહેવું ભારે પડી જશે. મુંબઇમાં ફ્લેટો ખાલી પડશે અને કરોડોના ફ્લેટમાં ગાયો ભેંશો બંધાશે પણ ત્યાં કોઇ રહેવા આવનાર નહિ હોય વડોદરા, અમદાવાદ-વાળાને વાંધો નહિ આવે.

**પ્રશ્નકર્તા** : વર્લ્ડ વોર થશે ?

**દાદાશ્રી** : ત્રીજું વિશ્વયુધ્ધ થશે જ અને તેનું નિમિત્ત મિડ ઇસ્ટ બનશે. હા, અમેરિકાવાળા પેલાને મારશે તે પેલાં (રશિયાવાળાં) આમને મારશે. પાકિસ્તાન ભારત પર બોંબ ફોડશે પણ તમારે ભડકવની જરૂર નથી. ઇ. સ. ૧૯૯૧ સુધી કુદરતની ઘાણી ચાલશે જેમાં ઘણેને

કાંકરા અલગ થઈ જશે અને કાંકરા માટીમાં મળી જશે. ૯૬માં ભ્રષ્ટાચાર કમ્પલીટ આવી થઈ જશેને બે હજારની સાલમાં તો ભ્રષ્ટાચાર ગયો તેની ઉજવણી થશે.

પ્રશ્નકર્તા : આજે તો ધરતી સહન ન કરે તેવો ભ્રષ્ટાચાર થયો છે!

દાદાશ્રી : હા, તો આ ધરતી આમ ફાટશે. હેય મોટી મોટી તીરાડો પાડશે. મોટાં મોટાં અવાજ સાથે ધરતીકંપો એવા થવાનાં છે કે આ વસ્તી જયાંથી આવી છે ત્યાં ((તિર્થધામમાં) જતી રહેશે.

પ્રશ્નકર્તા : અત્યારે એક બાજુ સારા સંતોને સાંભળવા મળે છે અને બીજી બાજુ કાળાબજારને ભ્રષ્ટાચાર દૂષણો વધતાં જ જાય છે.

દાદાશ્રી : સંતપુરૂષો આ અગ્ની વરસી રહ્યો છે. તેના ઉપર પાણી છાંટે છે. બીજુ કશું કરી શકે નહિ. અંતો કાળ કાળનું કામ કરી રહ્યો છે અત્યારે કળિયુગ તેની ટોચ ઉપર બેઠેલો છે. અત્યારે લોકો ભજિયાંની જેમ તળાઇ રહ્યા છે અને માછલાં તરફડે એમ તરફડે છે. આ પરિસ્થિતિનો નાશ થશે.

પ્રશ્નકર્તા : નવો કાળ, નવી દુનિયા કેવી આવશે ?

દાદાશ્રી : રામરાજય, સતયુગથી પણ સારોકાળ આવશે જ હજાર બે હજાર વર્ષ ચાલશે. દુનિયામાં કોઈ દહાડો જોયાં ના હોય એવું સુખ બધાને થશે પણ પછી ધર્મ આથમવા માંડશે.

●

## એવાં પાંચ જ બસ !

પણ હિંદુસ્તાન આગળ-આવીને એટલે સુધી ડિગ્રીમાં આવશે ને ૨૦૦૫માં વર્લ્ડનું કેન્દ્ર થઇ ગયું હશે, એટલું સરસ થશે. એટલે આ બધાની ઇચ્છા છે. મારી એકલાની આ ઇચ્છા નથી. તમારી બધાની શી ઇચ્છા છે ?

મહાત્માઓ : જગતકલ્યાણ કરવાની. ?

દાદાશ્રી : આ જગતનાં કલ્યાણ કરનારાં. ૪૦ હજાર માણસ છે. મારી પાસે.

પ્રશ્નકર્તા : એમાં હજી વૃદ્ધિ થવાની ?

દાદાશ્રી : એ વધશે. નહી તોય વાંધો નથી. કારણકે પાંચ જ માણસ હોય ને આ દુનિયામાં તો બહુ થઈ ગયું. પાંચ માણસ કેવા હોવા જોઇએ ? બિલકુલ (સિન્સિયર અને મોરલ !

## કલ્કી અવતાર !

**પ્રશ્નકર્તા** : આ યુગમાં ભગવાનનો જન્મ થઈ ચૂકયો છે, ભારત વર્ષમાં એવું બધાં જયોતિષી લોકો બહાર પાડે છે. તે એમાં આપનું શું કહેવું છે ?

**દાદાશ્રી** : તમને કયું પસંદ છે ? થઈ ચૂકયો છે એ પસંદ છે કે ના થાય એ પસંદ છે

**પ્રશ્નકર્તા** : થાય તો સારું.

**દાદાશ્રી** : થઇ ગયો છે. ના પસંદ હોય તો કહું કે નથી થયો અને જો તમને ઇચ્છા હોય તો થઈ ગયો છે. બહુ કળિયુગ ફેલાઈ જાય ત્યારે ભગવાનનો અવતાર થાય !

આ કાળમાં જો છતાં ચાલ્યા તો ચાલ્યા. નહી તો પછી એને બીજો કોઇ ઉપાય નથી, અહી જે આવ્યું ને એનું કામ નીકળી ગયું તે નીકળી ગયું નહી તો સહુ સહુના અંતરાય !

## અક્રમનો ઉદય

**પ્રશ્નકર્તા** : આ ક્રમિકમાર્ગ અને અક્રમિકમાર્ગ જે આપના પુસ્તકમાં લખેલું છે. તો આપે આ અક્રમમર્ગ કેમ પસંદ કર્યો એમાં શું ઝડપથી થાય છે એટલે !

**દાદાશ્રી** : હું ક્રમમાં રહીને જ તૈયાર થયેલો હતો. આ તો અક્રમ મારા ઉદયમાં આવ્યું.

અક્રમ કેમ ઉદયમાં આવ્યું ? આચાર્યો મહારાજો મને ભેગા થયા. મને કહે છે કે તમે અક્રમ જુદું કેમ પાડયું ? બાકી પુસ્તકો વાંચીને એવું સમજાય છે કે તમારી વાત સાચી છે. પણ ભગવાનના માર્ગથી આ જુદું કેમ પાડયું ? મે કહ્યું, 'આ મે જુદુ પાડયું નથી. આ મારા ઉદયકર્મે જુદું પાડયું અને મારે જુદું છે નહી, આ વીતરાગોનું જ જ્ઞાન છે. પણ આ વીતરાગોનું પૂર્ણ જ્ઞાન છે. જેમ પૂર્ણ વિરામ હોય છે ને ?'

**પ્રશ્નકર્તા** : હા, દાદા અને ક્રમિક માર્ગ એ અલ્પવિરામ છે.

**દાદાશ્રી** : અને ક્રમિક માર્ગ એ અલ્પવિરામ છે.

હવે ખરો તો ક્રમિકમાર્ગ જ છે, ધોરીમાર્ગ, આ તો કોક ફેરો અપવાદ ઊભો થાય છે. ખરો ધોરીમાર્ગ તો એ ક્રમિક જ છે. સ્ટેપ બાય સ્ટેપ. સ્ટેપ બાય સ્ટેપ. આ તો કોક ફેરો ગૂંચાતું હોય અને ઘણા તૈયાર જીવો રહી ગયા હોય, તો આની મારફત નીકળી જાય. હવે અક્રમ ઉદયમાં કયારે આવે ?

આચાર્ય મહારાજાએ મને કહ્યું, 'પછી શા માટે અક્રમ તમને ઉદયમાં આવ્યું?' મેં કહ્યું, ક્રમિકમાર્ગ ફ્રેકચર થઈ ગયો છે. ક્રમિકમાર્ગનું આખું બેઝમેન્ટ સડી ગયું છે. મને કહે છે એનો પુરાવો આપો મેં કહ્યું, કે ક્રમિકમાર્ગ ક્યાં સુધી ચાલે? મનમાં હોય એવું વાણીમાં બોલે અને એવું વર્તનમાં રાખે, ત્યાં સુધી ક્રમિકમાર્ગ ચાલશે. ત્યારે એ કહે એ તો બધું ફેરફાર થઈ ગયું છે. મેં કહ્યું, તેથી ક્રમિકમાર્ગ ફ્રેકચર થઈ ગયો છે.

## અક્રમનું આછેરું !

અત્યારે આ ક્રમિકમાર્ગનો આધાર સડી ગયો છે. ત્યારે અક્રમ ઊભો થયોને? એમ ને એમ અક્રમ ઊભું થાય નહીં કોઇ દહાડોય. ક્રમિકમાર્ગનું જે બેઝમેન્ટ હતું તે સડી ગયું છે. એ જ્યારે રીપેર થશે, પણ રીપર થતાં થતાં એને ત્રણ હજાર વર્ષ નીકળી જાય. ત્યાં સુધી આ અક્રમમાર્ગેય ચાલ્યા કરશે. પછી આની જરૂર નહીં. આ અક્રમવિજ્ઞાન તો લાંબો કાળ ટકે નહીં. આ તો ક્રમિકના બદલામાં આવ્યું છે. ક્રમિકમાર્ગનું બેઝમેન્ટ અત્યારે સડી ગયું છે.

**પ્રશ્નકર્તા :** તમે લિફ્ટ બનાવો છો ?

**દાદાશ્રી :** લિફ્ટ તો છે જ. આ માર્ગ જ લિફ્ટનો માર્ગ આવ્યોને? આ આમને કહીએ 'જાવ, દાદરા ચઢી આવો.' તો એ ક્યારે ચઢે ? એટલે મેં કહ્યું, 'દાદાની લિફ્ટમાં બેસી જાવ'! તે આ શેઠીયાઓને ઘેર લહેરપાણી છે, બધું છે, પણ તોય પડી રહે છે મારી પાસે.

## અક્રમથી આમૂલ પરિવર્તન

અક્રમવિજ્ઞાન તો બહુ મોટી અજાયબી કહેવાય. આ જ્ઞાન લીધા પછી માણસ બીજે દહાડે ફેરફાર થઇ જાય. આ સાંભળતાં જ લોકો માની જાય. અહીં ખેંચાઈ આવે.

અહીં આ બધા લોકોને કહ્યું ભઇ, તમે તમારું લખી લાવો. એબધાંને કહેતાં ફરે છે, દરેકને ખબર આપી દીધી છે કે તમે તમારું લખી લાવો. તમારે દાદા મળતા પહેલાં જે સ્થિતિ હતી. અને દાદા મળ્યા પછી જે ફેરફાર થયો તે લખી લાવો.

એ જગત જ્યારે વાંચશે ને ત્યારે કહે આવું બની શકે જ કેવી રીતે? એક માણસ આખો ફરે કેવી રીતે? આ એક માણસ નહીં

સાઠ હજાર માણસો ! અને ફરે છે અને પછી પાછો ફરી કાયમને માટે કોઈના ખરાબ વિચાર પણ સરખા ન આવે. હિંસક ભાવ જ ઊડી જાય છે. જોઇ આવો કેવા ચેન્જ થઇને આવ્યા છે. થોડીક વારમાં જ !

## અક્રમમાર્ગ વિશ્વભરમાં !

આ તો સંયોગ બહુ ઊંચી જાતનો કે આવું કોઈ જગ્યાએ બન્યું નહીં. એક જ માણસ. દાદા એકલા જ કામ કરી શકયા બીજું કોઇ કરી શકે નહીં.

**પ્રશ્નકર્તા** : એ પછી દાદાની કૃપા ને ?

**દાદાશ્રી** : એ તો ચાલ્યા કરશે. મારી ઈચ્છા છે કે જે 'ણ કોઇ તૈયાર થઇ જાય ને, પાછળ માર્ગ ચલાવનારો જોઇએને ?!

**પ્રશ્નકર્તા** : જોઇએ ને.

**દાદાશ્રી** : પણ મારી ઈચ્છા પૂરી થઇ જશે.

**પ્રશ્નકર્તા** : 'અક્રમવિજ્ઞાન' જો ચાલુ રહેશે તો એ નિમિત્તથી ચાલુ રહેશે.

**દાદાશ્રી** : એ 'અક્રમવિજ્ઞાન' જ કરવાનું.

અક્રમવિજ્ઞાન તો, તમારે બેસ્ટ થશે હજુ તો વર્ષ-બે વર્ષ જો આવું ને આવું ચાલ્યું તો ઠેઠ દુનિયામાં બધી વાતો જ આની ચાલશે અને પહોંચી જશે ઠેઠ. કારણકે જૂઠી વાત મોભારે ચઢીને બોલે છે. તેમ સાચી વાત મોં ભારે ચઢીને બોલે સાચી વાતનોમોડો અમલ થાય ને જૂઠી વાતનેઃ તો અમલ, વહેલો થાય.

## વ્યાપશે વિશ્વમાં અક્રમવિજ્ઞાન

**પ્રશ્નકર્તા** : દાદા, પચાસેક વર્ષમાં અક્રમવિજ્ઞાન ફૂલ ફ્લેજમાં આવી જશે ?

**દાદાશ્રી** : ઘણું ખરું ફેલાઇ જશે. પચ્ચીસ વર્ષમાં તો ઘણું ફેલાઇ જશે.

**પ્રશ્નકર્તા** : પરદેશમાં પણ સ્વીકારશે !

**દાદાશ્રી** : ના. પરદેશમાં જરૂર નહીં. પરદેશાને તો આનો પડઘો પડશે અને ત્યાં એમને એમ બધું સીધું થઇ જશે. પરદેશમાં તો વાતાવરણ ફેલાશે. પછી આ આમ ઊંધું છે, તે પાછું ઊંધું થઇ જશે. અપસેટ છે તે સેટઅપ થઈ જશે. પછી ફેલાશે. તે આ મોટા માણસો ત્યાં પાકશે ક્રાઇસ્ટ જેવા, તે આ શરૂ કરશે. આપણે ત્યાંય બહુ પાકશે બધાં.

## ચાલશે સૈકાઓ સુધી !

આ નેચરલ માર્ગ ઊભો થયો છે, નેચરલ ! એટલે મારે એની વરીઝ નહી કરવાની. તૈયાર છે જ એની મેળે. લગભગ એક હજાર સુધી આ માર્ગ ચાલશે પછી પાછો બંધ થઈ જશે...કારણકે ડાઉનમાં જતું છે ને ! અવસર્પિણી કાળ છે. એટલે ડાઉનમાં જતું છે ને ! ઉત્સર્પિણી કાળ એટલે ઉપર જતો, વધતો, આ નીચે જતું છે એટલે બહુ હાઈકલાસ જમાનો આવવાનો છે. એટલો હાઈકલાસ કે કોઈ કાળે જોવામાં ન આવ્યો હોય એવો ! સમજ પડીને ? અને વર્લ્ડ તાજુબ થઈ જશે.

પ્રશ્નકર્તા : ૨૦૦૫માં તો હિન્દુસ્તાન આખા જગતનું કેન્દ્ર થઇ ગયું હશે ને ?

દાદાશ્રી : હા, પણ એ તો અમુક જ કાળ રહેવાનું. પછી પાછું હતું તેવું ને તેવું થઇ જશે.

કાળ તો સારો આવવાનો પણ તે થોડા વખત માટે આવશે. પણ પછી તો એટલો બધો સ્લીપ આવવાનો.

આ કાળ છે તે લપસણો આવે છે. હવે અવસર્પિણીકાળ એટલે લપસણોકાળ લપસણો કાળ એટલે થોડો વખત પછી ધર્મ જેવી વસ્તુ બંધ થઈ જવાની. અવસર્પિણી એટલે છેલ્લામાં છેલ્લું પછી ધમ વગર ખલાસ થઇ જવાનું. આ છેલ્લામાં છેલ્લુ થોડો વખત ધર્મનું થોડું અજવાળું થશે. તે હજાર-બે હજાર વર્ષ રહેશે... પછી ધર્મ આથમવા માંડશે.

## પાકશે પ્રત્યક્ષ પરંપરાઓ !

પ્રશ્નકર્તા : બધા આપની પાસે દાદા લગભગ ક્રમિકમાંથી અહી આવ્યા અક્રમમાં. હવે અક્રમમાં આપની પાસે આવ્યા પછી બધાંને પોતપોતાની રીતે અનુભવ થયો પણ દાદા, અક્રમની અંદર વિશેષતા એ થઇ કે પ્રત્યક્ષ પુરુષ મળી ગયો. હવે દાદા, એ પ્રત્યક્ષ પુરુષ મળી ગયો. એ પ્રત્યક્ષતા તો અમુક વખત પછી પ્રત્યક્ષતા તો હશે જ નહી ને ?

દાદાશ્રી : હા, બરોબર છે.

પ્રશ્નકર્તા : હવે એ જયારે પ્રત્યક્ષતા નહી હોય જ્ઞાની પુરુષની. ત્યારે અક્રમમાર્ગે જે બધા આવેલા હશે. એને પ્રત્યક્ષનો જોગ થઇ ગયો છે. તેની વાત બાજુ પર રાખું છું. પણ પછીના અક્રમમાં જે બધા આવેલા હશે તે વખતે પ્રત્યક્ષનો જોગ નહી હોય ?

દાદાશ્રી : થવાનો, થવાનો ને !

પ્રશ્નકર્તા : પ્રત્યક્ષપુરુષનો જોગ એમને દરેકને મળશે !

દાદાશ્રી : એ તો બધું બધું મળશે. આગળ ચાલુ રહેવાનું.

પ્રશ્નકર્તા : ચાલુ રહેવાનું એ પ્રમાણે ?

દાદાશ્રી : એ બધું ચાલુ રહેવાનું. સમજ પડીને ?

પ્રશ્નકર્તા : પણ અક્રમમાર્ગમાં એ પ્રત્યક્ષપુરુષની જરૂર તો પડશે ને ?

દાદાશ્રી : પ્રત્યક્ષ વગર તો ચાલે જ નહી ને ?

પ્રશ્નકર્તા : પ્રત્યક્ષ વગર તો ચાલે જ નહી ને.

દાદાશ્રી : આગળ માર્ગ નહી તો બંધ થઈ જાય.

પ્રશ્નકર્તા : આગળ માર્ગ નહી તો બંધ થઇ જાય !

દાદાશ્રી : એટલે પ્રત્યક્ષ પુરુષ ચાલશે. આ શેરડીનો સાંઠો હોય તે આખું ચૂસે ત્યારે બે બડવા મહી વખતે નીકળે. એકાદ-બે. પણ આખો (સાંઠો) સડી ગયેલો હોય. બધાને એકેકો આપે તો આપણ એને ચૂસવી કે પાછી આપી દેવી ભઈને ?

પ્રશ્નકર્તા : પાછી જ આપી દેવી પડે ?

દાદાશ્રી : ભઇ, અંકબંધ તમારી પાછી લઇ જાવ બા, બીજા બીજા કોઇને આપજો. અમે બહુ ખાધી છે, શેરડી. કહીએ. શું કહ્યું, એવું આ ક્રમિકમાર્ગ છે ને તે સડી ગયેલા સાંઠા જેવો થઇ ગયો છે. સડી ગયેલો સાંઠો હોય ને તેવો ક્રમિકમાર્ગ આખોય. શું થાય તે ! મૂંઝાય જાયને માણસ. અરે ! લોકોનેય કંઇ ખડી નથી. લોકોને મોહબજાર ફૂલ ફલેઝ ચાલે છે ને ! લોકોનેય કંઇ પડેલી નથી.

મનમાં જેવું હોય. એવું વાણીમાં બોલોને, ને એવું વર્તનમાં આવે તો જ ચાલે. નહીં તો ક્રમિકમાર્ગ બંધ થઇ જાય.

પ્રશ્નકર્તા : આપની પાસેથી સાંભળવું હતું. કારણ કે કેટલીક વખત અમારી મુસીબત શું એવી થયેલી કે કૃપાળુદેવ આવું કહેતા હતા, કૃપાળુદેવ આવું કહેતા હતા, એમ કહીને બધાએ કૃપાળુદેવ શું કહેતા હતા એમ કહીને બધાએ પોતપોતાનું બધું મૂક્યું. હવે આ જે છે તે દાદા, એટલા માટે, મેં આપને પૂછયું કે પછીથી આ પણ શકયતા ઊભી ન થાય. એટલા માટે દાદા, કે અક્રમની અંદર પ્રત્યક્ષ પુરુષ દરેકને મળી રહેશે.

દાદાશ્રી : આ તો અમુક ટાઇમ સુધી આ અક્રમમાર્ગ સારી રીતે મળી રહેશે બધું.

પ્રશ્નકર્તા : અમુક ટાઈમ. હા. અમુક ટાઈમ.

દાદાશ્રી : અમુક ટાઈમ સુધી કારણ કે જેટલો જથ્થો અહીંથી વીણીને મોકલી દેવાનો છે. એટલો જથ્થો વીણાઇ જશે એટલે ખલાસ થઇ જશે પછી જથ્થો લાયકાત રહ્યો નહીં ને ? એટલે જથ્થા પૂરતું જ છે આ.

પ્રશ્નકર્તા : આ જથ્થા પૂરતું એ આપ જે અક્રમિક માર્ગ કહે છે તે એટલા માટે જ.

## એ કાળમાં 'આપ' હશો ?

પ્રશ્નકર્તા : એ કાળ જોવા માટે તમે રહેશો દાદા ? તમે તમારું આયુષ્ય ત્યાં સુધી લંબાવશો ? અને ન લંબાવવું હોય તો બીજો જન્મ લેશો ?

દાદાશ્રી : એ તો પૂરું કરવું પડેને ! એ તો જે આપેલું વચન તો પૂરું કરવું પડે ને ?! એ જન્મ લીધા વગેરેય રહે. એટલે એ બાબતમાં વિચાર કરવા જેવું નથી એનું કાય પૂરું કરશે. અગર રહેય ખરાં ! મુંબઈમાં બે જ્યોતિષીઓએ કહ્યું, બન્ને જુદાં જુદાં રહેનારાં, અભિપ્રાય આવ્યા કે દાદા, સવાસો રહેવાના છે. બીજા એક જણે કહ્યું. સવાસો વર્ષ રહેશે જ્યાં ને ત્યાં સવાસો વર્ષ કહે છે. અને રહે તોય વાંધો નથી. ના રહે તોય વાંધો નથી.

## વર્લ્ડ રેગ્યુલર જ !

પ્રશ્નકર્તા : તમારું આયુષ્ય કેટલું છે ?

દાદાશ્રી : મારું ? હું મરવાનો નથી. તે આયુષ્ય કેવું પૂછે ?! હું તો મરવાનો જ નથી હું અમર થઇને બેઠેલો છું અને લોકોને અમર કરું છું. તો પછી અમારું આયુષ્ય શું કરવાનુ ?

પ્રશ્નકર્તા : તો તમારી ગેરહાજરીમાં શું ?

દાદાશ્રી : મારી ગેરહાજરીમાં રેગ્યુલેટર વર્લ્ડને રેગ્યુલર જ રાખશે. ઉપર રેગ્યુલેટર ઓફ ધી વર્લ્ડ છે. એ મેં જોયેલું છે ને રેગ્યુલેટર ઓફ ધી વર્લ્ડ જગતને નિરંતર રેગ્યુલર જ રાખશે. એક ક્ષણવાર જગતમાં અન્યાય થતો નથી. આ અન્યાય થાય છે કોર્ટોમાં!

મારી ગેરહાજરી પછી આ પરંપરા ચાલ્યા જ કરવાની. થોડા કાળ પછી આ પરંપરાય ઊડી જશે પાછી. પછી પાછું બીજું કશું આવશે. આ તો જગત ચાલ્યા જ કરે છે.

## કંઈક પ્રકાશ તો રહેવાનો !!

**પ્રશ્નકર્તા** : જેમ અત્યારે આ શ્રીમદનું ચાલે છે, ભગવાન મહાવીરનું ચાલે છે, જે પાછલા યુગપુરુષોનું ચાલે છે. તમારા ગયા પછી મહાત્માઓ તો કદાચ શિષ્ય થઇને રહેશે, પણ આ જગતના લોક શું કરશે ?

**દાદાશ્રી** : શું કરવાનું ? ગુરુ પાસે બેસે બધાં.

**પ્રશ્નકર્તા** : પણ ગુરુ તો છે નહીં. તમે છોને ?

**દાદાશ્રી** : કહેવા માત્રનો ગુરુ તો ખરોને ! પોતાની દૃષ્ટિમાં તો આખા જગતનો હું શિષ્ય છું, પણ કહેવાના તો ખરાં ને.

**પ્રશ્નકર્તા** : એ તો મહાત્માઓ માનશે. પણ બહારનો, જે હિન્દુસ્તાનની જનરલ પબ્લિક છે. એ નહી માને. એમની વાત કરું છું.

**દાદાશ્રી** : હા, જનરલ તો ના માને.

**પ્રશ્નકર્તા** : હા, તો એ શું કરશે પછી ?

**દાદાશ્રી** : આપણે શું જરૂર, શું કરશે ?

**પ્રશ્નકર્તા** : આપણે શું જરૂર, એવું કેમ બોલાય ?

**દાદાશ્રી** : પણ એ તો બધા એમની સમજણ પ્રમાણે જ કરેને !

**પ્રશ્નકર્તા** : તો પછી ત્યાં તો ગુરુ જોઇએને. અક્રમના ગુરુ પાકશે પાછા ?

**દાદાશ્રી** : એ તો એવું જ પાછું, આ તો અપવાદ કો'ક ફેરો ઉત્પન્ન થાય . ખરો ધોરી રસ્તો તો પેલો જ ને !

**પ્રશ્નકર્તા** : પણ તમારા મંદિર તો લોક બાંધવાના, સ્ટેચ્યુ મૂકવાનાં. બધુંય કરવાનાં અને માથા ફોડશે જ ને ? જેમ આ શ્રીમદના આશ્રમ બાંધ્યા છે; એવું બધું તો કંઇ કરવાના જ ને ?

**દાદાશ્રી** : એવું જ કરવાનાં. એ તો સારું કર્યું 'તું. આ તો એથીય ભૂંડું કરશે હવે.

**પ્રશ્નકર્તા** : એને માટે હું કરું છું કે કંઈક કરવાનું કહું છું. એ ભૂંડું ના કરે ને વધારે સારું કરે. એના માટે.

દાદાશ્રી : એ હમણે થોડા વખત સારું કરશે. આપણું અક્રમ ચાલશે. ત્યાં સુધી. પછી નહીં. આપણે તો થોડા-વખતનું સૂર્યનારાયણનું અજવાળું છે. થોડા-વખત માટે. પછી અંધારું ઘોર પાછું.

પ્રશ્નકર્તા : પણ સૂર્ય આથમી જાય છે તોય એનો કંઇક તો પ્રકાશ રહે છે.

દાદાશ્રી : હા, રહેશે. પણ અમુક વર્ષ સુધી રહેશે. પછી પાછું ઊડી જવાનું ને. પ્રકાશ રહેવાનો તો ખરો- એમને એમ ગપ્પું નથી આ.

આ જોવું નહીં પડે. આ જે ખરાબ જોયું છે ને. એવું નહીં જોવું પડે.

## જેને જગત સ્વીકારશે, તેનું ચાલશે !

પ્રશ્નકર્તા : આપ કહો છો કે મારી પાછળ ૪૦-૫૦ હજાર રડનારા હશે, પણ શિષ્ય એકુય નહીં હોય. એટલે તમે શું કહેવા માંગો છો ?

દાદાશ્રી : મારો શિષ્ય કોઈ નહીં હોય. આ કંઇ ગાદી નથી. ગાદી હોય તો વારસદાર થાયને ! તમે પિતરાઇ તરીકે વારસદાર થવા આવો. અહીં તો જેનું ચાલશે તેનું ચાલશે. જે બધાનો શિષ્ય થશે તેનું કામ થશે. અહીં તો લોકો જેને સ્વીકારશે તેનું ચાલશે. જે લઘુતમ થશે. તેને જગત સ્વીકારશે !

## પડઘા સૈકાઓ સુધી !

પ્રશ્નકર્તા : તો પછી અમે જે મહાત્માઓ પાછળ રહીશું, એ શું કરશે ?

દાદાશ્રી : આ બધા જે છે તે સામા માણસોને બધાને આ વિચારો દેખાડશે.

પ્રશ્નકર્તા : કે, અમારા દાદા આવું કહેતા'તા દાદા તેમ કહેતા'તા?

દાદાશ્રી : ના, એમ નહીં. જાતે જ પછી કહેવાનું.

પ્રશ્નકર્તા : એ તો કોઇ માને નહીં. એ વચનબળ જોઇએ ને ? એમ તો કોઇ માનતું હશે ? કોઇ આ જગતમાં લોક માને ?

દાદાશ્રી : પણ જેટલા થાય એટલા તો કહેશે જ. પછી બીજા બધા દાદા કહેતાં'તા, એમ કરીને કહેશે. પોતાની પર્સનાલિટી હોય તો સામો એકસેપ્ટ કરે.

પ્રશ્નકર્તા : એ તો ચાલીસ હજારમાંથી એકેય એવો નથી દેખાતો. અત્યારે તો નથી દેખાતો, પણ ભવિષ્યમાંય નહીં દેખાય એકેય ?

**દાદાશ્રી :** થશે. બધા બહુ સરસ થવાના. એકદમ સરસ થઈ જવાના. જો જો તો ખરા. એકદમ સરસ ! એનાં તો હજારો વર્ષ સુધી પડઘા પડયા કરવાના છે. આ તો એમને એમ ગપ્પું નથી આ.

**પ્રશ્નકર્તા :** હા, તો એટલે જ હું કહું છું તો પછી કો'ક તો થશે ને ? પાકશે ને ?

**દાદાશ્રી :** અરે ! બધા બહુ સરસ પાકશે !

**પ્રશ્નકર્તા :** અત્યારે કંઈ પકવો તો જોતા જઇએ ને ?

**દાદાશ્રી :** એ તો ઝપાટાબંધ થશે. અત્યારે થઇ રહ્યું છે ધીમે ધીમે. પણ આમ ખબર ના પડે. બહારની ખબર ના પડે. અંડર ગ્રાઉન્ડ થઈ રહ્યું છે.

જુઓને તમારી વાણી બદલાય છે, બધું બદલાવા માંડ્યું. જુઓ અજાયબી જ છે ને ?!

જય સચ્ચિદાનંદ

## મહાસત્તાઓ ફોડશે ફટાકડા !

**પ્રશ્નકર્તા :** આ વસ્તીની ઓટ કયારે આવશે ? વસ્તી કયારે ઘટશે ?

**દાદાશ્રી :** હવે આ શરૂ થઇ ગઇ છે. બીગિનિંગ અહીં થઇ ગઇ છે, શરૂ થઇ ગયું છે. બે હજારની સાલમાં વસ્તી ઘટતી, ઘટતી, અડધી વસ્તી થઈ જશે. અઢી અબજ ખલાસ થઇ જશે માણસ ! એ કંઈ બોમ્બથી ખલાસ થઈ જવાની નથી. લોક જાણે કે લઢાઇથી મરી જશે. પણ ના. લઢાઇ મારી મારીને શું મારે ? લઢાઈ નુકશાન બહુ કરે. માર્યા કરતાં બીજા માણસને ડીફોર્મ બનાવે.

**પ્રશ્નકર્તા :** એ લઢઇથી વસ્તી ઓછી નથી થવાની ?

**દાદાશ્રી :** ના, ના, આ તો કુદરત ફરી વળશે. આ લઢઇ એ કુદરતમાં જ આવી જાય છે. માણસના લઢવાના ખેલ છે જ નહીં. કુદરતની ઇચ્છા છે આ ! ઓટ આવી રહી છે આ. માણસ નિમિત્ત દેખાય એટલું જ !

આવું ચાલે નહીં, આવી દુનિયા ચાલતી હશે ? ભયંકર દગા ફટકા, લુચ્ચાઇઓ, હેરાનગતિઓ, ચોરીઓ, બદમાશીઓ બધું જ ચાલે જ કેમ કરીને ?

પ્રશ્નકર્તા : આજ આ દુનિયાની અંદર એટમ્બૉમ્બ, અણુબૉંબ ને એ બધું બનાવ્યું છે, એના કારણે શું લાગે છે દુનિયામાં ? દુનિયાને શું અસર થશે ?

દાદાશ્રી : જે હેતુ માટે બનાવ્યા છે, બનાવતી વખતે વિચાર હોય કે ભઈ આ કામ કરવા માટે આપણે બનાવીએ છીએ, એ પછી લખેલું હોય કે ઓરલ (મૌખિક) હોય, પણ જે હેતુ માટે બનાવ્યા તે મહીં ઓરલ હોય તોય મહીં એ દરેક બૉમ્બની અંદર લખાઈ ગયાં છે. એટલે તે હેતુ માટે જ ફૂટશે. એ ફૂટવાના ખરા, પણ તે હેતુ માટે ફૂટશે. એટલે અમેરિકાવાળાએ રશિયાને મારવા માટે બનાવ્યા છે અને રશિયાવાળાએ એમના માટે. એ એનાં સામસામી ફટાકડા ફોડી નાખશે તમને તો દલાલીયે નહીં મળે.

એટલે જે ભાવે કર્યા ને તે ભાવે જ ત્યાં વપરાઈ જશે.. મોટ ફોર ઇન્ડિયા ! આ ગરીબ દેશને માટે કોણ બનાવે ? એ તો શ્રીમંત દેશોના ગરીબ દેશો માટે બૉંબ ક્યાંથી હોય ? લોક કહે કે બૉંબ કંઇથી લાવીશું ? બૉંબ તો મોંઘા ભાવના હોય ને ?! આપણે ત્યાં ક્યાંથી પડવાનો ? ત્યારે કહે, બૉંબ આપણે ત્યાં નહીં પડે ? મેં કહ્યું, પાકિસ્તાન ચખાડી દેશે. પાકિસ્તાન કહે છે કે અમને ત્રણ વખત ચખાડયું છે. અને પેલા લોકોનો (અમેરિકાવાળા) આપેલો અહીં નાખી દેશે. ઇન્ડિયામાં. પાકિસ્તાન પાડોશી છે ને ? તે કોઇ દહાડો આપણી પાસેથી ખાધાય હોય ને ? બાકી આપણે ત્યાં બૉંબ, બૉંબ ક્યાંથી ? હવે આમને સારી એનર્જી માટે વાપરવા હોય તોય બૉંબ એમનાથી વપરાય નહીં. કારણ કે જે હેતુથી બનાવેલા તે હેતુથી જ વપરાય. જે ભાવથી કર્યું તે ભાવથી જ વપરાય. કારણ કે કુદરત ભૂલતી નથી. તમે ભૂલી જાવ.

પ્રશ્નકર્તા : પછી ભાવ બદલાય તો ?

દાદાશ્રી : ના ચાલે. વસ્તુમાં ના ચાલે. તમારે ચાલે તમે ભાવ બદલો તો છૂટી જાય. પણ વસ્તુ એની એ. એટલે વસ્તુઓ બધી, ફટાકડા ફૂટી જવાના બધા ફડાફડ, ફડાફડ બધા ફૂટી જવાના. સમજાયું ને ? પણ બીજું પ્લેગવાળો ને એ બધું બહુ થશે. આ દરિયો તો એવો ઉછાળો મારશે કે મદ્રાસમાં રહેવું ભારે પડી જશે, મદ્રાસમાં, મુંબઇમાં, પેડર રોડના ફલેટમાં 'ટુલેટ'નાં પાટિયાં લાગશે. કરોડો-કરોડોના ફલેટમાં

ગાયો-ભેંસો બંધાશે. કોઇ રહેવા આવનાર નહીં હોય. અને બીજે ક્યાંય એક બોમ્બ પડયો ને તોય અહીંના લોક બધા ચકલાની પેઠે ફફડીને દેશમાં નાસી જશે !! ત્યારે વડોદરાના ફલેટની કિંમત આવશે. વડોદરા તો ૬૦ ફૂટ (દરિયાની સપાટીથી) ઉપર છે. એટલે પાણી અડે નહીં, બહુ ત્યારે ૨૦/૨૫ ફૂટ ચઢે.

**પ્રશ્નકર્તા** : એટલે વર્લ્ડ વૉર થશે ?

**દાદાશ્રી** : વર્લ્ડ વૉર થશે. તેમાં તો જાણેય બધાય કંઈ નહીં મરી જવાનાં. એ તો આ અમેરિકાવાળા પેલાને મારશે તે પેલાં (રશિયાવાળાં) આમને મારશે.

**પ્રશ્નકર્તા** : એવું હોય તો અમે (અમેરિકાવાળા જે છીએ) તે ઇન્ડિયા.

**દાદાશ્રી** : એ તો એવું છે ને, સત્યુગમાં પાંચ ટકા ભ્રષ્ટાચાર હોય છે, પછી કળિયુગમાં ૮૦ ટકા ભ્રષ્ટાચાર હોય. એટલે કળિયુગમાં આજના યુગના પ્રમાણમાં વધ્યું છે. અને યુગના હિસાબે માણસોની વસ્તી વધતી જાય. અને ગુંગળામણ વધતી જાય. ભ્રષ્ટાચાર ના કરવો હોય તોયે કરવો પડે. એમ કરીને શીખી જાય છે.

## હવે ચાલશે નહીં પોલ !

તમને સમજાય એવી વાત કહું તે ! જ્યારે ત્યારે સાચી વાત તો સમજવી પડશે ને ? પોલું ક્યાં સુધી ચાલશે ? આ પોલું કાઢવા માટે તો હું આ ૭૭ વર્ષની ઉંમરે ફરું છું. આખા વર્લ્ડનું પોલું કાઢવા તૈયાર થઇ ગયો છું. આ પોલ જ રહેવી ના જોઇએ.

**પ્રશ્નકર્તા** : તમે પોલું કાઢવા તૈયાર થયા હો, પણ સામાવાળાનું ઉદય ના હોય તો કઈ રીતે કાઢી શકો ?

**દાદાશ્રી** : હા, એ જ કહું છું ને, સામાવાળાને ઉદય ના હોય તો નીકળી શકતો નથી. પણ હવે એનો આવવાનો જ છે. તમારું પુણ્ય જાગશેને ! ને લોકોનુંયે પુણ્ય જાગશેને ?

મે ૨૦૦૫માં હિન્દુસ્તાન વર્લ્ડનું કેન્દ્ર થઇ ગયું હશે એવું લખ્યું છે. હવે પોલ ઊડી જ જવાની છે બધી. '૩૯ની સાલથી અત્યાર સુધી પોલ ચાલ્યું બધું. તે હવે હજુ એકાદ-બે વર્ષમાં થોડું-ઘણું ચાલશે.

પછી ખલાસ થઈ જશે. અવળી વૃત્તિ છે. અવળા વિચાર છે. દુનિયાનો અવળો દુરુપયોગ કરે છે, એ બધાં ખલાસ થઈ જશે !

પચ્ચીસ સો વર્ષથી હિન્દુસ્તાનમાં શું ચાલે છે ? કે ધર્મમાં ઉજજડ ગામમાં એરંડો પ્રધાન જેવું થઇ ગયું છે. ધર્મ જેવી વસ્તુ જ નથી રહી. અધર્મને ધર્મ માન્યો છે આ લોકોએ. અને એનું તો શેમાંય ભટકતું હોય. તેની આ દશા છે ને ! આ હિન્દુસ્તાન દેશ તો આવો હોય ?! તરફડે છે આખો દહાડો. રાત–દિવસ તરફડાટ, તરફડાટ તરફડાટ, હશે કે નહીં હોય ? જોયેલો તરફડાટ કોઈ દહાડો ?! જોયેલો ? ક્યાં જોયેલો

પ્રશ્નકર્તા : મારામાં જોયેલો.

દાદાશ્રી : તમારામાં જોયેલો ? એ તો થોડો-ઘણો તરફડાટ હોય તમારે કંઇ બહુ હોય ?

પ્રશ્નકર્તા : ઘણો.

દાદાશ્રી : એમ ! થોકબંધ ?

માછલાં તરફડે એમ તવફડી રહ્યું છે.

## જગત પોલંપોલ છતાં કાયદેસર ! (?)

પ્રશ્નકર્તા : દાદા, તે છતાંય નવનિર્માણ કેમ થયું ? '૭૪માં અમારે પથરા કેમ ખાવા પડયા ?

દાદાશ્રી : એવુ છે, અત્યારે આ કળિયુગ છે, અને પાછો એને સોનાનો કળશ ચઢે છે, તે શોભાયમાન ટોચ ઉપર ગયો હતો, એવું આ એની છેલ્લી ટોચ ઉપર ગયો છે. એટલે આમાં આવું જ હોય ને ! આપણે હવે આશા આથી વિશેષ શું રાખીએ ? કળિયુગ ટોચ ઉપર બેઠો છે ! આ બધી ટોચની નિશાની જ કહેવાયને !

પ્રશ્નકર્તા : આ તો પુરાણોએ નક્કી કર્યું કે આ દ્વાપર, આ ત્રેતા, આ સતયુગ-પણ આનો કંઈ અંત તો આવતો નથી.

દાદાશ્રી બધું અંતવાયું છે. એમ હોય જ નહીં. ગપ્પું નથી. આ ગણિત છે એવું.

પ્રશ્નકર્તા : આમાં સંતોષ નથી થતો. આ બધું ગપ્પાં જેવું જ લાગે છે.

દાદાશ્રી : પણ આમ ગપ્પું છે ખરું ! આમ પોલપોલ છે અને આમ કાયદેસર છે.

પોલંપોલ કઈ દૃષ્ટિએ ? એક માણસ ખરો મારનારો હતો. તે જજેય કહે કે પેલો મારનારો છે, પણ એ કાયદામાં આવતો નથી. માટે એને છોડી દેવો પડે છે. એટલે એ દૃષ્ટિએ આ જગત પોલંપોલ છે. અને કાયદેસર કેવી રીતે છે ? કુદરતના કાયદામાં આવેલો કોઈ છૂટતો નથી. કુદરતના કાયદામાં ભૂલ-કોઈને છોડતી નથી.

## તલવાર વીંઝાશે !....

અલ્લા કહે છે કે મારી તલવાર ચાલશે. ત્યારે મારી તલવારથી જિતાશે કે તારી તલવારથી ? તું તો દયાળુ છે. મનુષ્ય જાતિનો દયાળુ જ છે ને ! પેલો સાહેબ, સાહેબ કરે એટલે આ ઓગળી જાય. અને આ અલ્લાની તલવાર જુઓ.

અત્યારે મોટર જોડે અથડાવાનું છે. એવું આપણને દેખાય છતાંય ત્યાં આગળ આપણે જઈએ, આડા-અવળા વિચાર પણ ના કરાય.

## રણમાં મીઠી વીરડી !

આ ચૌદ વર્ષ તો બધાં ભયંકર કસોટીનો ટાઈમ છે. ૮૨થી શરૂઆત થાય તે ૯૬ સુધી. બાકી જે દહાડે અમે કહ્યું છે તે દહાડે વર્લ્ડનું કેન્દ્ર થઈ ગયું હશે એમ લખ્યું છે, પણ અત્યારે કેન્દ્ર થઈ રહ્યું છે.

આ ચૌદ વર્ષ કસોટીનો ટાઇમ આવી રહ્યો છે. કસોટીના ટાઇમની જરૂર હતી ખરી ?

**પ્રશ્નકર્તા** : એ બન્નેનો દ્વંદ્વ અત્યારે ચાલી રહ્યો હોય એમ લાગે છે. એક બાજુ સારા સંતોને સાંભળવા મળે છે. અને બીજી બાજુ કાળાબજાર ને ભ્રષ્ટાચાર દૂષણો વધતાં જ જાય છે.

દાદાશ્રી : એવું છે ને, સંતપુરુષો તો કશું કરતાં નથી; ખાલી પાણી છાંટે કરે છે. આ અગ્નિ બધી વરસી રહી છે એની પર પાણી છાંટયા કરે છે. બીજી કશી હેલ્પ કરી શકે નહી ને ! એ તો કાળ કાળનું કામ કરી રહ્યો છે. અત્યારે આ કળિયુગ છે તે ટોચ ઉપર શોભાયમાન થયેલા છે !!! સંપૂર્ણ ટોચ પર. તે સોનાનો કળશ હઉ ચઢી ગયો છે. એટલે પછી એવું જ હોયને અત્યારે ?! અત્યારે હવે કળિયુગ નાનો નથી, હવે સંપૂર્ણ થઈ ગયો. આ તો હજુ તો શેકાય છે પછી તળાય છે, પછી બધી જાત જાતની ક્રિયાઓ થશે. ત્યાર પછી

ઠંડકનો યોગ ચાલુ કરશે ! એટલે હમણાં તો ભજિયાં તળાય એમ આ મનુષ્યો તળાઈ રહ્યાં છે. માછલાં તરફડે એમ તરફડે છે. તમારા માન્યામાં ન આવે છે એવું ?

એટલે આ તરફડે છે લોકો ! ને તેવા કાળમાં આ કંઈક કુદરતની યારી થઈ હશે તે અમને નિમિત્ત બનાવ્યા છે, તેમાં આ પાણી છંટાયું છે; તે શાંતિ દેખી. નહીં તો શાંતિ કેવી હોય, તે આ કાળમાં ? જ્યાં કળિયુગ ટોચ ઉપર ગયો છે, ટોપ ઉપરનો શોભાયમાન કળિયુગ, ત્યાં આગળ આવું ક્યાંથી હોય ? પણ જો લોકો પુણ્યશાળી છે અને હું નિમિત્ત છું, તેથી આ કામ થઈ ગયું છે ! લોકની પુણ્યૈ જાગી છે !

## નવો કાળ, નવી દુનિયા !

પ્રશ્નકર્તા : પછી કૃષ્ણ ભગવાનની દુનિયા આવશે ?

દાદાશ્રી : એ તો મહાભારતમાં લઢાઈ લઢવા'તા, એ લઢવાડ નહીં રહે હવે.

પ્રશ્નકર્તા : તો એ હજારની સાલ પછી શું ?

દાદાશ્રી : ત્રેતાની દુનિયા નહીં, આવે આ તો સતયુગની દુનિયા નહીં. સતયુગથી ઉપરના કાળની દુનિયા આવશે. કૃષ્ણ ભગવાનને ત્રેતાની દુનિયા. એ ઝગડા માર તોફાન, માર તોફાન, મહાભારતમાં તોફાન, તોફાન, એવી દુનિયા નહીં. ફર્સ્ટ ક્લાસ, નવી દુનિયા આવશે. સતયુગેય કહેવાય નહીં, સતયુગથી ઊંચો કાળ !

પ્રશ્નકર્તા : પછી રામરાજ્ય આવી જશે ? એવું કહેવાય ?

દાદાશ્રી : રામરાજ્ય નહીં, રામરાજ્યમાં તો બહુ દુઃખ હતું. ખરું સુખ જ હવે આવશે. હવે સતયુગ આવશે. સતયુગ એટલે પેલો સતયુગ નહીં. આ સતયુગ એટલે કળિયુગની અંદર આ તરયુગ. જેમ આ શનિની મહાદશા બેઠી હોયને, તેમાં ગુરુની દશા આવે એટલે એ સુખી થઈ જાય. એ શનિમાં અંતરદશા હોય છે. એવો આ અંતરયુગ આવવાનો છે. તે થોડાક જ હજાર–બે હજાર વર્ષ માટે. એટલે બહુ ઊંચે સ્થાને !! ઓહો ! જ્હદ્દમાં કોઈ કહાડો જોયાં ના હોય એવાં સુખ બધાને હશે.

# ભીડમાં ખૂલે વિચારદશા !

સતયુગમાં વિચારશીલ લોકો જ નહોતાં. અને આ તો વિચારશીલ સાથેનું. ખૂબ વિચારશીલ લોકો ! આ લોકોમાં વિચાર ડેવલપ નહી થયા? મજૂરેય વિચારશીલ થયો, પહેલાં તો શેઠેય વિચારશીલ નહોતા.

સતયુગમાં તો બધી ચીજો ઘેર બેઠાં મળે. એટલે વિચાર જ શાનો કરવાનો ? મશીનરી આઇડલ. સતયુગમાં બધાની મશીનરી આઇડલ ચોખ્ખાં, સીધાં, બધી રીતે પણ કશો વિચાર કરવો ના પડે. દરેક વસ્તુ ઘી-તેલ બધું આવે ને એ કહેવુંય ના પડે. બોલવુંય ના પડે. છોકરો પૈણે તો વહુ એની મેળે આવી મળે. છોડી હોય તો વરરાજા એની મેળે આવી મળે. અને આ લોકોને તો આ ખાંડેય નથી મળતી. તે કંટ્રોલમાંથી લાવવું પડે. તે વિચારી-વિચારીને આખું ડેવલેપ થયું.

દાદાશ્રી : ના, કોઈ કોઇના આધારે છે નહી બધ્યાં. વખત આવે ત્યારે ઉનાળો થાય. વખત આવે ત્યારે રાત થાય. દહાડો થાય, એનો પોતાનો ટાઈમ આવે એટલે ભજવી જાય. હાનિ-વૃદ્ધિ એવું નથી કહેતું. અમુક માણસો જ આ થાય છે. એ નિયમથી થયા કરે.

પ્રશ્નકર્તા : ને આ બધા ધરતીકંપ થાય, સાયકલોન (વાવાઝોડાં) થાય, લઢાઇ થાય, એ બધું હાનિવૃદ્ધિના આધારે નહિ.

દાદાશ્રી : કર્મના ઉદયને એ બધાં.

બધા ઉદય ભોગવી રહ્યા છે. મનુષ્યોની વૃદ્ધિ થતી હોય ને તોય ધરતીકંપ થયા કરે. જો હાનિવૃદ્ધિનાં આધીન હોય તો ના થાય ને ?! તમને કેમ લાગે છે ?

પ્રશ્નકર્તા : આપે પહેલાં કહ્યું હતું ને કે ભરતી, ઓટ, ભરતી હોય પછી ઓટ થાય છે, એવી હાનિ-વૃદ્ધિ, વસ્તી વધી જાય, પછી પાછી ઓછી થઇ જાય.

દાદાશ્રી : ના, એ તો એવી રીતે અમે આ સમજાવીએ છીએ કે હાનિ-વૃદ્ધિના આધારે છે આ જગત આખું ! જેમ ભરતી થાય પછી ઓટ થાય છે.

પ્રશ્નકર્તા : એ જ નિયમ અહી લાગુ પડે ને ? હાનિ-વૃદ્ધિનો ?

દાદાશ્રી : ધરતીકંપ થાય છે તે હાનિ-વૃદ્ધિના આધારે નથી હાનિ-વૃદ્ધિના આધારે હોય તો તો પછી વૃદ્ધિ થતી હોય, તો તો પછી માણસોની વૃદ્ધિ થતી હોય, હાનિ ન થતી હોય, હાનિ પછી વૃદ્ધિ થતી હોય. વૃદ્ધિ શરૂ થઈ ગઇ હોય,

પછી ધરતીકંપ થાય નહી એવું લખે છે આ જયોતિષી લોકો ! ખરેખર એ ધરતીકંપ ઉદયને આધીન છે.

**પ્રશ્નકર્તા** : જેને ભોગવવાનો છે એનો ઉદય ?

**દાદાશ્રી** : ઉદય. જાનવરોને બધાંને.

**દાદાશ્રી** : હા, સામુહિક ઉદય આવે. જુઓને, આ હીરોશીમા ને નાગાસાકીને ઉદય આવ્યો હતો ને !

## અહી પણ સ્ટેટિસ્ટિક્સ ચાલે ?

એટલે એક બાજુ આ મેથેમેટિકલવાળા છે તે ગણતરી લખ્યા કરે છે, ૨૦૦૦માં વસ્તી આટલી થઇ જશે, લોકોને ખાવાનું કશું રહેવાનું નથી. મુંબઇની વસ્તી આટલી થશે, હિન્દુસ્તાનની આટલી થશે. તે મેથેમેટિકસથી જુએ છે. પેપરમાં નથી આવતું ?

**પ્રશ્નકર્તા** : હા,

**દાદાશ્રી** : એ શેના જેવી વાત છે. તે તમને કહું ? એક છોકરો ચૌદ વર્ષનો હતો ત્યારે ૪' ને ૧" હોતો. અને ૧૪ વર્ષનો થયો એટલે ૫' ને ૧"નો થયો એટલે આ લોકો કહે કે પાંચ વર્ષમાં એક ફૂટ વધ્યો તો સાઠ વર્ષે કેટલા ફૂટ થશે ! સમજ પડીને ? એના જેવી વાત કરે છે આ લોકો !

આ જગતનું કોઇપણ જાતનું ભવિષ્ય કોઇથી ભાખી શકાય નહિ. શાસ્ત્રનો આધાર, જયોતિષ શાસ્ત્રનો આધાર ના લઇ શકાય. જયોતિષ સાચું હોય તો જ બોલી શકાય. નહી તો બોલવું એ ગુનો છે. અને જયોતિષેય ભગવાને કહ્યું કે, દુનિયાને હેલ્પ થતું હોય તો બોલજે. ને ના. હેલ્પ થતું હોય તો બોલીશ નહી, કે દુનિયાનું આમ થઇ જવાનું છે ને તેમ થઇ જવાનું છે. લોકોને ઊલટી માનસિક અસર તો થયા કરે છે. મુંબઇની આટલી વસ્તી થઇ જશે ને આમ થઇ જાય ને તેમ.

**પ્રશ્નકર્તા** : જ્ઞાનીપુરુષો ભવિષ્યનું ભાખી શકે કે નહી ?

**દાદાશ્રી** : ના એક અક્ષરેય એ બોલે નહી. અમારું કાલે શું થવાનું છે, એ અમને જ ખબર નથી, પછી હું શું કહું તે ?

**પ્રશ્નકર્તા** : દાદાએ કીધું ને કે ૨૦૦૫માં વર્લ્ડનું કેન્દ્ર થશે.

દાદાશ્રી : એ અમારું દર્શન છે, સૂઝ છે, કંઇ ભવિષ્યના જ્ઞાની અમે નથી. અને એ પદ અમને આવતું હતું એવું છે એ પદ. તમારી પાસે આવતું હોય તો તેને પાછું કાઢજો. એ પદ જોખમવાળું છે. હમણાં તમારે જુહુ ફરવા જવું છે, તો તમને એ પદ આવ્યું હોય ભવિષ્યની દષ્ટિ થઈ ગયેલી હોય, ભૂતકાળ, ભવિષ્યકાળ બધું દેખાતું જ હોય તો પછી તમને જુહુ જવાનો મહીં વિચાર આવ્યો કે તરત જ પેલું દર્શન દેખાય કે સામી ગાડી આવશે ને અથડાશે આ. ભવિષ્યનું અહીં આગળ, જ્ઞાન થાય એને, જતાં જ. ઓહો હવે તે વખતે એની શી દશા થાય? તે ઘડીએ પેલો માણસ શું કરે ?

પ્રશ્નકર્તા : બચવાનો પ્રયત્ન કરે.

દાદાશ્રી : ત્યારથી પેલું જ્ઞાન જતું રહે. એ જ્ઞાન ટકે કયારે કે એમ જ, જેમ દેખાય તેવું જ કરે. તો જ સહજ રહે તો જ. અમારી પાસે એ આવેલું. તે પાછું કાઢેલું અમને એ ના જોઈએ. સહજ રહે તે કામનું છે.

કોણુ કહેવાય કે આપણે એની પાસેથી પડાવી લઈએ, લઈ લેવાની ભાવના એ અણુહક્કનું કહેવાય. આપણે ઘેરથી નીકળ્યા હોઈએ. એવી ઇચ્છાથી કે મારે એક ટંક બચાવી લેવું છે, કોઈને ત્યાં જઇને જમી લઇશું તો એ અણુહક્કનું કહેવાય. પછી એ આપણને જમાડે ખરાં પણ આપણે ઘેરથી એવી ભાવના કરીને નીકળ્યાં કે વીશીમાં ખાતાં હોઇએ ને મનમાં થાય કોઇને ત્યાં ખાવા જઇએ, આપણા અઢી.

રૂપિયા તો બચશે. તો યે અણુહક્કનું કહેવાય. અણુહક્કનું આપણને ખબર પડી જાય કે આ અણુહક્કનું છે.

આ અણુહક્કવાળાને તો આ અણુહક્કનું ભેગું કર્યું અણુહક્કનું કોને કહેવાય. એ બધી સમજણ પાડીએને, તો એ સમજી જાય. તરત એને એણે જે જે કરેલું હોય ને એ બધું ય જ્ઞાન હાજર થાય. અને એ જ્ઞાન જ પછી એને કૈડયા કરે. રોજ કૈડયા કરે. એટલે અહીં સાંભળી જાયને તોયે એને પછી એટલાં પાપ ઓછાં થઈ જાય. જેના પાપ ઓછાં થવાનાં હોય ને ત્યારે તો એને આ સાંભળવાનું મળે. અને જો કદી એને 'જ્ઞાન' મળે ને તો તો એમાં આખાં બીજ જ બળી જાય. રોગ સાફ થઈ જાય. નહીં તો આ રોગ

તો એને ઘડીવાર ઝંપીને બેસવા ના દે. સો વીંછી સાથે ડંખ મારે એવા ડંખ મહીં વાગે. અને પાપ થતાં હોય ત્યારે એ બિચારાં વધારે જીવે ! ભગાવને કહ્યું' તું કે પુણ્ય થતાં હોય તો વધારે જીવજે. પાપ થતાં હોય તો વહેલો જજે, પણ જાય શી રીતે ? નસીબમાં લખેલાં પાપ કરવાનાં છે તે બધાં એટલે જીવ-જીવ કર્યાં કરે દીવાળી ઉપર દીવાળી કાઢે.

કવિ શું કહે છે, હજી શ્વાસ ખૂટયો નથી, ત્યાર પહેલાં ચેતી જાને, પેલો પૂલ તૂટવાનો થયો છે. ત્યાર પહેલાં પેલી બાજુ જતાં રહો, હે ભ્રષ્ટાચારીઓ અહીંથી ભાગો. સામી પાર જતાં રહો, નહીં તો માર્યા ગયાં જાણજો. સાચી ભૂમિકામાં પહોંચી જાવ. હજી ચેતો. અને આપણા હિન્દુસ્તાનનાં માણસોને તો પાપ-પશ્ચાતાપથી ધોવાઈ જાય. બધાં પાપ ખલાસ થઇ જાય. ખાલી પશ્ચાતાપ જો શીખી જાય ને તોયે બહુ થઇ ગયું. અહીં શબ્દો સાંભળીને તો એ મહીં પેસશે ને તે શબ્દો જ એને પશ્ચાતાપ કરાવશે. બાકી અમને એમ તો પશ્ચાતાપ કરે એવાં નથી. આ તો બધા સમજદાર જ હતાં ને તે જ ભ્રષ્ટાચારી થયાં છે. એટલે સમજદારને તો આ સમજાશે ને !

**પ્રશ્નકર્તા :** આપ આ વાણી બોલો છો. અમે આટલાં બધાં સાંભળીએ છીએ, પણ જેને ખરેખરી અસર થાય છે તે તો ઘણી ઊંચી દશાને પામે છે.

**દાદાશ્રી :** હા, જેટલી અસર થાય એટલું ગાડું ચાલ્યું આ તો ચેતનવાણી છે. મડદું પણ બોલે એવી વાણી છે !

કુદરત શું કહે છે, અવાજ ઉઠાવો, પછી કાર્ય કુદરત કરે છે. તમે અવાજ ઉઠાવો કે કાર્ય કુદરતી રીતે ચાલુ થઈ જાય છે, અવાજ ના ઉઠાવો ત્યાં સુધી કુદરત કાર્ય કરે જ નહીં.

## હાનિવૃદ્ધિનો નિયમ !

એકશન ને રીએકશન ! એકશન થવા વગર રીએકશન થાય નહીં કોઈ દાડો'ય. ભરતી ને ઓટ, ત્યારે લોક કહે છે, ૨૦૦૦ની સાલમાં વસ્તી એટલી બધી થઇ જશે કે...! ભરતી ઓટને શું સમજું. ગાંડિયાં ભરતી ઓટને તું શું સમજું આમાં ?!

આ જગત કંઇ મગજમારી છે ? આ જગત મગજમારી નથી, મગજમારીની બહારની વસ્તુ છે આ તો ! મગજમારી જેવું ના ચાલે.

તે બહારની વસ્તુ છે આ તો ! આ જગત મગજમારી ન હોય. લોકોએ મગજમારી કરીને કે બે હજારમાં આટલી વસ્તી થશે ! બધા ગાંડા કાઢે છે ! ભરતી ઓટ ! આ બધી વસ્તીમાં ભરતી થઇ છે, હવે ઓટ આવશે. અને મનમાંય ભરતી-ઓટ આવે ત્યારે મહીં કુદાકુદ કરે. ભરતી આવી તો ના સમજવું કે અત્યાર ભરતીમાં છે મન ! પછી ડીપ્રેસનની ઓટ આવે તો આપણે કહીએ કે ડીપ્રેશન ભલે આવ્યું. હમણે ભરતી આવશે પછી.

જગત કેવી રીતે ચાલી રહ્યું છે, કેવી રીતે પ્રવહન બધું થઇ રહ્યુ છે, એ અમે જોઇ શકીએ છીએ.

**પ્રશ્નકર્તા** : હા,

**દાદાશ્રી** : સ્ત્રીપુરુષો સરખા કેમ થાય છે ? વધતાં-ઓછાં કેમ થાય છે. દરેક દેશમાં લડવૈયા પાકે જ. દરેક દેશમાં પાકે તેનું શું કારણ ? ત્યારે કહે કે, બીજા જોડે લઢવું પડે તો લશ્કર ક્યાંથી લાવે ?

**પ્રશ્નકર્તા** : એ હાનિવૃદ્ધિના નિયમને આધારે છે ને ? હાનિવૃદ્ધિના નિયમ છે એના આધારે આ બધુ થતું હશે ને ?

**દાદાશ્રી** : ના, ના. જતા રહેવાથી કંઇ તમને ઓછું છોડવાનું હતું. ત્યાં પાછું પાકિસ્તાનનું... એના કરતાં અહીં બેસીને જે આવે એમાં કરેકટ.

**પ્રશ્નકર્તા** : રશિયા અને અમેરિકા બે વચ્ચે લઢાઇ થાય, તો અમે ઇન્ડિયા હોઇએ તો બચી જઇએને ?

**દાદાશ્રી** : પણ ઇન્ડિયામાં છે તે આ અમેરિકાનો સામાન લઈ અને પાકિસ્તાન ઇન્ડિયા ઉપર ફોડશે. પાકિસ્તાન એકલો જ ! અમેરિકા આપણને કશું નહીં કરવાનુ આપણને તો આપણા પાડોશી એકલા જ જ ઇનામ આપે. બીજું કોઇ ઇનામ ના આપે. એટલે ભડકવાની જરૂર નથી. જે છે તે ઘેર બેઠાં આવવાનું છે.

## કુદરતી વિણામણ, ઘઉંને કાંકરાનું

મને લોકોએ પૂછયું કે હિન્દુસ્તાનમાં ઘણી વસ્તી ઓછી થઇ જશે. એમાં કોણ રહેશે ને કોની વસ્તી ઓછી થશે ? ત્યાર મે એમને કહ્યું કે આખી દુનિયામાં મોટામાં મોટો ભ્રષ્ટાચાર ચાલતો હોય તો હિન્દુસ્તાનમાં છે. બીજે ભ્રષ્ટાચાર ચાલે છે પણ આવો નહી. આવો ડેવલપ કરેલો નહી. બીજે અંડર ડેવલપ ભ્રષ્ટાચાર છે અને આ તો ફુલ્લી ડેવલપ ભ્રષ્ટાચાર.

પેપરવાળા અમને પૂછતા હતા કે આમાં દાદાજી આપનું શું મંતવ્ય છે ? ત્યારે મેં કહ્યું ઘઉં ને કાંકરા બેઉ જુદા પડી જશે. ત્યારે એ કહે, 'એ અમને સમજાયું નહી. તમે તમારી ભાષામાં કહો છો.' ત્યારે મેં કહ્યું આપણા લોકો વેપારીને ત્યાં આપણે ઘઉં લેવા જઇએ તો વેપારી કહેશે કે આ દસ ગુણો તમે લઈ જાવ. આપણે કહીએ કે આ ઘઉં જ છે ને ? ત્યારે એ કહે કે, હા, ઘઉં જ છે, પછી રસ્તા પરના કોઇ ઓળખાણવાળા માણસને બોલાવીએ ને પૂછીએ કે ભઈ, આ વેપારી ઘઉં કહે છે એ વાત ખરી છે ? ત્યારે કહે. હા, ઘઉં જ છે આ તો. અંદર પેલો ચીપિયો નાખીને જુએ ને કહે કે હા, ઘઉં જ છે, પછી આપણે ઘેર લઇ જઇએ. આપણે કહીએ કે આપણે આ સીધું દળાવવા માટે મોકલી દઇએ. ત્યારે બૈરાં ના પાડે. કેમ ના પાડે ?

**પ્રશ્નકર્તા** : કાંકરા છે, સાફ કરવાના છે.

**દાદાશ્રી** : ત્યારે આપણે કહીએ કે મને ઘઉ છે કહ્યું એટલે લાવ્યો હતો. કાકરા શેના હોય ? ત્યારે કહે કે, ઘઉં એટલે વ્યવહારમાં શું હોય ? એકલા ઘઉને ઘઉ નહી. ઘઉ ભેગા કાંકરા હોય, છતાં ઘઉની ગુણો કહેવાય છે. આપણા વ્યવહારમાં શું કહેવાય છે ? ઘઉ ભેગા કાંકરા હોય છતાં આપણા લોકો એને ઘઉની ગુણો કહે છે. તે અત્યારે ચાળીસ ટકા કાંકરા થઇ ગયા, તોય આપણા લોકો એને ઘઉની જ ગુણો કહે છે. એટલે હવે આ કાળ આવ્યો છે કે કુદરત હવે આ ઘઉ અને કાંકરા બેને છૂટા કરવા માગે છે. એટલે કાંકરા મટ્ટીમાં મળી જશે. અને ઘઉ ઘઉમાં મળી જશે. આ ચૌદ વર્ષમાં કાંકરા બધાં મિટ્ટીમાં જતા રહેશે. અને ઘઉ ઘઉમાં જતા રહેશે. ત્યારે પેલા પેપરવાળા પૂછે છે કે ઘઉ કોને કહેવા ને કાંકરા કોને કહેવા ? એવી જાણવાની ઇચ્છા થાય કે ના થાય ? તમને એવી ઇચ્છા થઈ ?

**પ્રશ્નકર્તા** : આપે કીધું એટલે સમજી ગયો છું.

**દાદાશ્રી** : જે પરાણે ભ્રષ્ટાચાર કરાવડાવે છે એ મટ્ટી છે અને જેને પરાણે ભ્રષ્ટાચાર કરવો પડે છે એ ઘઉ છે. તમે ઓળખી જાવ કે આ ઘઉ કહેવાય ? એટલે ઘઉ-ઘઉમાં અને મટ્ટી મટ્ટીમાં જશે. એવો કુદરતનો ન્યાય આવ્યો છે ? ભ્રષ્ટાચારી ને બધું થઇ ગયું છે. હવે આના ભાગ કેવી રીતે પાડવા ? ત્યારે કહે કે ભ્રષ્ટાચાર પરાણે કરાવનાર અને ભ્રષ્ટાચાર પરાણે કરવો પડે છે. બેનું વિભાજન થઇ જાય. જો કુદરત ડહાપણવાળી છે કે

નહીં ? અસલ ન્યાય એને ત્યાં છે. કોઈ જાતનો વાંધો રાખવા જેવો નથી. કુદરતથી એક ક્ષણ પણ અન્યાય થતો નથી. બધું ભેગું થવા દે ને પછી ઉકેલ લાવે તે લઢાઇઓ આવશે, રોગચાળો ફાટશે ધરતીકંપો થશે. દૈવીકૃતો જાતજાતનાં ને માનવકૃતો, બધી જાતજાતની ઉપાધિઓ આવીને પછી આ પ્રમાણે થશે. ફળ તો ભોગવવાં જ પડશે ને ?! ફળ ભોગવવાં નહીં પડે ?

**પ્રશ્નકર્તા** : ભોગવવાં જ પડે ?

## ચૌદ વર્ષ કસોટીનાં !

**દાદાશ્રી** : હજુ તો આ '૮૨થી તે ચૌદ વર્ષ સુધી તો કુદરતની ઘાણી ચાલશે. મનુષ્યકૃત, દેવકૃત, કુદરતકૃત, બધા દુઃખો ઊભા થવાનાં. સાથે જ ભેગાં થવાનાં છે. મનુષ્યોમાં કયાં ? આ લઢાઇઓને તે બધું સાથે ભેગું થઇને ચૌદ વર્ષ ચાલશે. એટલે આ ચૌદ વર્ષ મુશ્કેલીમાં જશે. તેમાં ઘઉ ને કાંકરા બે જુદા પડી જશે.

**પ્રશ્નકર્તા** : મારી ઉમરની વ્યકિતઓ માટે તો પુનર્જન્મની જ આશા રાખવાની ને ? સારા દિવસો જોવા માટે ?

**દાદાશ્રી** : કેટલાં વર્ષ થયાં ?

**પ્રશ્નકર્તા** : સિત્તેર.

**દાદાશ્રી** : વાંધો નહીં, કોણે કહ્યું કે જતાં રહેશો એવું ? એવી ઉતાવળ શા હારુ કરો છો ?

**પ્રશ્નકર્તા** : પણ આ ચૌદ વરસ બહુ કપરા લાગે છે. આપ કહો છો એ રીતે.

**દાદાશ્રી** : આ ચૌદ વર્ષ તો તમારા માટે નથી કહેલાં આ તમે જેનાં નામ ઘાલ્યાં છે ને એમને માટે છે. કાળા બજારિયાં, ભેળસેળિયા, અસત્ય, અપ્રમાણિકતાવાળા, એ બધા માટે આ ચૌદ વરસ આવી રહ્યા છે. જરૂર ખરી કે નહીં આવી કસોટીની !

**પ્રશ્નકર્તા** : જરૂર. તપે તો જ લોઢું બરાબર જામે ને ?

**દાદાશ્રી** : પરાણે ભ્રષ્ટાચાર કરવો પડે એવાં માણસો છે કે નહીં ?

**પ્રશ્નકર્તા** : પરાણે શા માટે કરવો પડે ?

**દાદાશ્રી** : કેમ ? આ ભેળસેળવાળો માલ તમે નથી લાવતા ?

પ્રશ્નકર્તા : લાવવું પડે છે. કારણ કે બજારમાં એ જ મળે છે.

દાદાશ્રી : હા, એટલે પરાણે ભ્રષ્ટાચાર કરવો પડે છે. તમારે કરવાની ઇચ્છા નહીં છતાં, આવું કરવું પડે છે. આપણે પાછાં લાવીને છોકરાંને ખવડાવીએ. તે આપણને એવો અધિકાર છે. આ ભેળસેળ ખવડાવવાનો ? છોકરાંને ચોખ્ખું ખવડાવાનો કાયદો છે ને ? અને આપણે લાવીએ ભેળ-સેળનું ! કારણ કે આ ભ્રષ્ટાચાર પરાણે કરવો પડે છે. પરાણે કરાવનારને આ બે જ વિભાજન છે. ઘઉં-કાંકરા બે જુદા પડે છે. એટલે પેપરવાળાને વાત બહુ ગમી. ગમવી જ જોઇએ ને ! (હસાહસ) તો થવો જ જોઇએ ને !

પરાણે ભ્રષ્ટાચાર કરવો પડે એવા લોક હશે ? અને કરાવડાવેય ખરા ને ? તે બેઉ જુદા પડી જશે. આ તો મારા જ્ઞાનમાંથી બધું જોઇને કહું છે. આ કંઈ ગપ્પું મારતો નથી કંઈ પાપીઓને મારવાના નથી. કોઇએ કોઇને મારવાનું નથી; એની મેળે જ કાંકરા કાંકરા ભટ્ટીમાં મળી જશે.

કાંકરા ઘઉં થઇને ફર્યા અહીં આગળ ! તે જુઓને પાંચ અબજની વસ્તી થઇને !

## ઘરતીયે ધ્રુજી આ ભ્રષ્ટાચારથી

ભ્રષ્ટાચાર તો વધીને હજી તેર વર્ષ સુધી (૯૬ સુધી) ચાલશે. આ ભ્રષ્ટાચાર તો છેલ્લા પચ્ચીસસો વર્ષનો પહેલો છે. ભગવાન મહાવીરનાં ગયાં પછી ભ્રષ્ટાચારનો પૂંજો એવો પડયો, એવો પડયો તે અત્યાર સુધી વધતો જ ચાલ્યો. હજી તેર વર્ષ સુધી ચાલવાનો છે. આ ખેડાણ કંઈ જેવું તેવું છે. એક વીઘાં કે બે વીઘાં હોય તો હેડતાંકને ખોડી દઈએ. પણ આ તો કેટલાં ય વીઘાં ખેડાણ કરવાનાં. હજી તો કેટલાંય ટ્રેક્ટરો ફરશે ત્યારે આ બધું ઠેકાણે પડશે. નરી બોરડીઓ ને ઝાળાં ખેતરોમાં ઊગી નીકળ્યાં છે !

પ્રશ્નકર્તા : તેર વર્ષમાં ચોખ્ખું થશે

દાદાશ્રી : હા. તેર વર્ષમાં. છન્નુમાં કમ્પલીટ ખાલી થઇ જશે ને બે હજારની સાલમાં તો ભ્રષ્ટાચાર ગયો તેની ઉજવણી થશે. આ તો બધી બહુ ધરતી ખેડવાની બાકી છે. ભ્રષ્ટાચાર તો કંઈ પાર વગરનાં થઇ ગયા છે. તે ઘરમાં હઉ ભ્રષ્ટાચાર. ઘરમાં દસ માણસ હોય તે દસ માણસમાં જ ભ્રષ્ટાચાર હોય, ક્લેશ ને કંકાશ આખો દહાડો ચાલ્યા કરે.

ધરતી સહન ના કરે એવો ભ્રષ્ટાચાર થયો છે ! હજી તો આ ધરતી આમ ફાટશે. હેય મોટાં મોટાં તીરાડો પાડશે. મોટાં મોટાં અવાજ સાથે જબરજસ્ત ધરતીકંપો એવાં થવાનાં છે કે આ વસ્તી જયાંથી આવી છે ને, ત્યાં જતી રહેશે. તિર્યંચની રીટર્ન ટિકિટ લઇને આવી છે, તે ત્યાં જતાં રહેશે. માટે જે જે કરવું હોય તે કરો. હજી ટિકિટો તમારી પાસે આવી હોય તો કરો.

આ સાંભળીને લોકો સ્તબ્ધ થઈ જશે ને ? હજી તો ગોળો અડયો નથી ને લોકો સ્તબ્ધ થઇ જાય છે તો ગોળો અડશે ત્યારે શું થશે ?!

**પ્રશ્નકર્તા** : ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં કઇ કઈ વસ્તુઆવી જાય ?

**દાદાશ્રી** : ટૂંકમાં એટલું સમજી લેવાનું કે અણહક્કનું ભોગવ્યું કે અણહક્કનું લઇ લેવાની ઇચ્છા કરી કે એ બધો ભ્રષ્ટાચાર. હક્કનું કોણુ કહેવાય. આ ભાઈ, આ બેન જોડે પૈણ્યા અને આ બેન આમની જોડે પૈણે એ હકકનું કહેવાય, બીજું બધું અણહકકનું કહેવાય. અને આ કો,કનું લઇ લેવાનુ વધારે ભાવ પડાવી લેવો. ભેળ-સેળ કરવું એ બધું યે અણહકકનું કહેવાય.

**પ્રશ્નકર્તા** : કોઇને ત્યાં ગયાં, ને એ કહેશે જમી લો ને આપણે જમી લીધું તે અણહકકનું જમ્યા કહેવાય ?

**દાદાશ્રી** : ના, ના એ તો આપણી મરજીની વાત છે. અણહક્કનું તો

---




**સંઘ તો સુખ આપવા માટે છે.**

આ તો મોટા માણસો પાસે પૈસા વધારે માગે અને એ મોટા માણસને જ ભીડ વધારે હોય, તે પેલો મૂઝાયા કરે. એટલે તમને દુઃખ દીધું ઊલટું, ધર્મ કરાવતાં તમને દુઃખ દીધું. એમ માનીને આ સંઘ એક પૈસોય કોઈની પાસે માગે નહિ. જાણે કે કોઈ મુશ્કેલીમાં હોય, આ સંઘ તો સુખ કરવા માટે છે. દુઃખ આપવા માટે નથી. અને સરપ્લસ હોય તે ના નાખે તોય ગુનો છે. કારણ કે આવી જગ્યા નહિ મળે ફરી અને સરપ્લસ ના હોય તો કંઈ નાખવાની જરૂર નહિ અને કોકને અડચણ હોય તો અડચણ કહેવાની જરૂર તે અમે અડચણવાળાને આપીએ છીએ ખરા. એવી જો કોઇને મુશ્કેલી આવી હોય તો આપવાનું એટલે બધી સરસ સગવડ રાખેલી છે. કારણ કે આ તમારા ઘરનું છે.

## મહાવિદેહ તીર્થધામ







# ત્રિમંદિર પરિચય

મહાવિદેહ તીર્થધામ, નવાગામ પાટિયા, કામરેજ ચાર રસ્તા, સુરત.

**પ્રભાવના : અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન**

૨, 'પદ્માલય,' પાટીદાર સોસાયટી, પંચવટી પેટ્રોલ પંપની સામે,

અમદાવાદ–૩૮૦૦૦૬. ફોન : (ઓ.) ૭૭૮૨૮

# મહાવિદેહ તીર્થધામ

## ( નિષ્પક્ષપાતી ધર્મમંદિર સંકુલ )

રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર-૮.
સુરતથી માત્ર ૧૬ કિ. મી. દૂર.
કલકલ નિનાદ કરતી તાપી નદીથી આશરે ૧ કિ.મી.ના અંતરે.
નવાગામના વણખેડવા વિશાળ ભૂતલ પર સંસ્થિત,
એક બાવળનું કાંટાળું વૃક્ષ !
...જાણે પ્રતીક્ષા કરતું હતું પરમાત્મ પ્રેમને અને એ ધન્યધારા ખેંચતી હતી :
એક વિશ્વવંદ્ય વિરાટ વિરલ વિસ્મયકારક વિભૂતિ-દાદા ભગવાનને.
એમના દ્વારા સંતપ્ત જગતને સનાતન સુખનું પ્રાપ્તિસ્થાન બનવા.
અને કોઈ ધન્ય ઘડીએ ત્યાંથી પસાર થતાં,
બપોરે જમીને બાવળ નીચે વિસામો લેતાં, ભૂમિને પ્રણામ કરતાં,
અસંયતી પૂજાના અગિયારમા આશ્ચર્ય,
અને તરણતારણહાર અક્રમ વિજ્ઞાની સંપૂજ્ય દાદા ભગવાનના
જ્ઞાન-દર્શનમાં ઝળહળી ઊઠયું, એક પાવન તીર્થધામ !
અને ત્યાં રચાયું "જ્ઞાની"ને થયેલા દિવ્ય સંકેત મુજબનું
નિષ્પક્ષપાતી ધર્મમંદિર સંકુલ;
-અર્થાત્ ત્રણ મંદિરો સમાવિષ્ટ કરતું મહાવિદેહ તીર્થધામ.
એ અતિભવ્ય-ત્રિ-મંદિર સંકુલમાં છે :

(૧) મધ્યમાં વિશાળ, ભવ્ય અને નયનરમ્ય શ્રી સીમંધર સ્વામીનું જિનાલય.
(૨) જમણી બાજૂમાં વાસુદેવ ભગવાન શ્રી કૃષ્ણનું મંદિર.
(૩) ડાબી બાજૂમાં શ્રી શિવ મંદિર.

ત્રણે ચૈત્ય પ્રાસાદો અનન્ય અને અલગ છતાં એકબીજા સાથે સંકળાયેલા, સુસંવાદી જ્યોતિષ્ક વૈમાનિક દેવોના વિમાનાકારે સમાયોજિત અને કરોડોના ખર્ચે પૂર્ણતાએ પહોંચેલ આ મંદિર-સંકુલની આંખે ઊડીને વળગે એવી લાક્ષણિકતા તો જુઓ : કયાંય માંગણું નહિ, સ્પર્ધા નહિ, કોઈ નામની તકતી નહિ ! હજાર આવ્યા કે કરોડ પણ નામ કાઢવાની ઘેલછા નહિ. અનામીના

ઉપાસક નામની તકતીમાં પોતાના 'સ્વ'ને વટાવી લે ખરો કે? તમામ મતાર્થોથી દૂર, નિષ્પક્ષપાતી, સર્વેને પરમ શાંતિ અવશ્ય પમાડનાર, મુકિતનો માર્ગ ચીંધનાર, સર્વેને આત્યંતિક કલ્યાણકારી એવું આ ભવ્ય સંકુલ !

અને વિશેષ તો મહાવીર શાસનના શણગાર અક્રમ વિજ્ઞાની જ્ઞાની પુરુષના સ્વહસ્તે (પ્રત્યક્ષ નિમિત્તે) મૂર્તિમંત સ્વરૂપ પામેલ અને તેમના "સ્વરૂપજ્ઞાની" "ક્ષાયક સમકિતી" "સંયમધારી" સત્પુરુષો થકી પૂર્ણતા પામેલ, નિરંતર "જગતકલ્યાણ" ના દાદાના અને એમના મહાત્માઓના સ્પંદનોથી જીવંત બનેલ, ને પ્રતિષ્ઠિત થયેલ એવાં આ મંદિરો છે. તે શું કામ ન કરે ?

સીમંધર સ્વામીના દેરાસરમાં અન્ય પ્રતિમાઓ છે. **ચાર તીર્થંકર ભગવંતો:**

(૧) શ્રી ઋષભદેવ ભગવાન
(૨) શ્રી અજિતનાથ
(૩) શ્રી પાર્શ્વનાથ
(૪) શ્રી મહાવીર સ્વામી

અધુના "સિદ્ધ" ક્ષેત્ર બિરાજમાન : આ છે આપણું "લક્ષ્ય."

**શ્રી સીમંધર સ્વામીના શાસન દેવ–દેવી**

(૧) ચાંદ્રાયણ યક્ષદેવ
(૨) પાંચાંગુલિ યક્ષિણી દેવી

**વીતરાગ શાસન દેવી :**

(૧) શ્રી ચક્રેશ્વરી મા
(૨) શ્રી પદ્માવતી મા

આ કૃષ્ણ મંદિરમાં છે, આત્મા યોગેશ્વર શ્રી કૃષ્ણ સાથે અન્ય બે સ્વરૂપ:
–શ્રી શ્રીનાથજી અને તિરુપતિબાલાજી
તે ઉપરાંત
(૧) મા ભદ્રકાલી (દાદાના બાદરણુની પ્રતિમા)
(૨) મા અંબાજી

શિવમંદિરમાં સાથે છે :

(૧) શ્રી પાર્વતી દેવી
(૨) નન્દી અને કાચબો
(૩) ગણપતિ
(૪) હનુમાનજી

# ત્રિમંત્ર

ભગવાન ઋષભદેવ જે બધા ધર્મોનું મુખ છે. એમણે સંસાર વ્યવહારમાં વિઘ્નો ટાળવા લોકોને કહ્યું કે, પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર, ૐ નમો ભગવતે વાસુદેવાય અને ૐ નમઃ શિવાય એમ ત્રિમંત્રો સાથે બોલજો ભગવાને કહ્યું કે, તમારે તમારી સગવડ માટે દેરાં વહેંચી લેવાં હોય તો વહેંચી લેજો પણ મંત્રો તો ત્રણેય સાથે જ બોલજો. દરેક ધર્મનું રક્ષણ કરનારાં શાસન દેવ-દેવીઓ હોય. આ ત્રણેય મંત્રો સાથે બોલવાથી બધા ધર્મના દેવ લોકો આપણી ઉપર રાજી રહે. જો એક જ મંત્ર બોલો તો બીજા ધર્મના દેવો રાજી ના રહે. આપણે તો બધાને રાજી કરીને મોક્ષે જવું છે ને? અત્યારે તો લોકોએ મંત્રો તો મંત્રો પણ અગિયારસેય વહેંચી લીધી! શિવની અગિયારસ જુદી અને વૈષ્ણવની અગિયારસ જુદી. મોક્ષે જવું હોય તો નિષ્પક્ષપાતી થવું પડે.

**પ્રશ્નકર્તા** : આ ત્રિમંત્રો છે એ બધા માટે છે? અને બધા માટે છે તો શા માટે?

**દાદાશ્રી** : બધા માટે છે. આ તો જેને પાપ ધોવા હોય ને એને માટે સારું છે. ને પાપ ધોવાં ના હોય તેના માટે નથી.

**પ્રશ્નકર્તા** : આ મંત્રોને ભેગા મૂકવાનું શું પ્રયોજન છે?

**દાદાશ્રી** : આખું ફળ ખાય અને ટુકડો ખાય એમાં ફેર નહિ? એ ત્રિમંત્રો બધા ફળ રૂપે છે. આખું ફળ! અને નિષ્પક્ષપાતી છે, તે બધાંના શાસનદેવો રાજી રહે.

તમને સંસારમાં અડચણો હોય ને, તો આ ત્રણેય મંત્રો ભેગા બોલવાથી અડચણો ઓછી થાય તમારા બધા કર્મના ઉદયો આવતા હોય ને, એ ઉદયો નરમ (હળવા) કરવાના રસ્તા છે. જે કર્મ ઉદય સોળ આની છે, તે ચાર આની થઇ જશે. એટલે આ મંત્રો બોલેને, તો બધી આવતી ઉપાધિ હલકી થઇ જાય. તેથી શાંતિ થઇ જાય બિચારાને, અને ધીમે ધીમે મોક્ષમાર્ગે જવાય! અમારા આપેલા ત્રિમંત્રો સર્વવિઘ્નોનો નાશ કરે. આ ત્રિમંત્રથી શૂળીનો ઘા સોયે સરે. આ અમારા આપેલા ત્રિમંત્રમાં ગજબની શક્તિ છે. માગ્યા મેહ વરસે તેમ છે!

પરાપૂર્વેથી આ ત્રણ મંત્રો છે જ પણ આ લોકોએ મંત્રોય વહેંચી નાંખ્યા છે. વઢવાડો કરીને કે, "આ અમારું અને આ તમારું."

જૈનોએ નવકાર મંત્ર એકલો જ રાખ્યો અને પેલા બધા કાઢી નાખ્યા. પેલાં વૈષ્ણવોએ નવકાર મંત્ર કાઢી નાખ્યો અને એમનો રાખ્યો. એટલે મંત્રો બધા એ વહેંચી લીધા. અરે આ શિવની અગિયારસ અને આ વૈષ્ણવની અગિયારસેય વહેંચી લીધી છે. આ લોકોએ ભેદ પાડવામાં બાકી નથી રાખ્યું. અને તેથી આ દશા હિન્દુસ્તાનની થઇ, ભેદ પાડી પાડીને. જો દેશની વેરણ-છેરણ સ્થિતિ થઇ ગઇ છે ને ! અને આ ભેદ પાડયા છે તે અજ્ઞાનીઓએ પાડયા છે; પોતાનો કક્કો ખરો દેખાડવા માટે. જયારે જ્ઞાની હોય ત્યારે બધું પાછું ભેગું કરી આપે. એટલે મંત્રો બધા ભેગા બોલોને તો કલ્યાણ થાય માણસનું. ભગવાન પક્ષપાતી હોય કે નિષ્પક્ષપાતી હોય ?.... એટલે આમાં કશું જૈનનું કે વૈષ્ણવનું નથી. હિન્દુસ્તાનનાં તમામ ધર્મો માટે છે આ. એટલે આ ત્રિમંત્રો બોલાશો તો ઘણો ફાયદો થશે. કારણ કે આમાં સારા સારા મનુષ્યો, ઊંચામાં ઊંચી કોટિના જીવો હોય ને, તેમને નમસ્કાર કરવાનું શીખવાડયું હોય. આપને સમજાયું કે, શું શીખવાડેલું હોય ?

**પ્રશ્નકર્તા :** નમસ્કાર કરવાનું.

**દાદાશ્રી :** તે એમને આપણે નમસ્કાર કરીએ તો આપણને ફાયદો થાય. ખાલી નમસ્કાર બોલવાથી જ ફાયદો થાય. ત્યારે ખબર પડે કે આ તો જૈનનો મંત્ર શી રીતે કહેવાય ? આ તો મારા પોતાના હિતનું છે ને. આમાં પોતાના હિતનું હોય. એને જૈનનો મંત્ર શી રીતે કહેવાય? પણ મતાર્થનો રોગ હોયને, તે લોકો શું કહે ?

"આ આપણુ ન્હોય." અલ્યા શાથી આપણું ન્હોય ? ભાષા આપણી છે. બધું આપણું જ છે ને ? શું આપણું નથી ? પણ આ તો ભાન વગરની વાતો છે. એ તો જયારે આ એનો અર્થ સમજણ પાડીએ ને ત્યારે ભાનમાં આવે.

અમારો આપેલો ત્રિમંત્ર સવારમાં અને સાંજે પાંચ વખત બોલશો તો કયારેય પણ ડૂબશો નહિ. અને ધીરે ધીરે મોક્ષેય મળશે, અને તેની જોખમદારી લઇએ છીએ. પણ મંત્રો તો મન, વચન, કાયાની એકાગ્રતાથી બોલવા જોઇએ તો ફળ આપે.

**પ્રશ્નકર્તા :** નવકારમંત્ર એકલો બોલીએ તો ?

દાદાશ્રી : નવકારમંત્ર સંન્યસ્ત મંત્ર કહેવાય. જ્યાં સુધી વ્યવહારમાં છે ત્યાં સુધી ત્રણેય મંત્રો સાથે બોલવાના હોય અને સંન્યસ્ત લીધા પછી એકલો નવકારમંત્ર બોલે તો ચાલે.

સંન્યસ્ત એટલે આ વ્યવહારમાં જેને કાંઇ લેવા દેવા નથી એવા લોકો માટે જ ફક્ત નવકાર મંત્ર એકલો બોલે તો ચાલે; પરંતુ હજુ જેઓ સંસારમાં છે ને મોક્ષ તરફ આગળ જવું છે તેઓએ આ ત્રણેય મંત્રો સાથે બોલવા.

પ્રશ્નકર્તા : ત્રિમંત્રોનો અર્થ સમજાવો.

દાદાશ્રી : "નમો અરિહંતાણં" એટલે શું કે અરિહંત ભગવાન કે જેણે ક્રોધ, માન, માયા, લોભરૂપી દુશ્મનોને હણી નાખ્યા છે, એવા કેવળજ્ઞાની જે દેહ સાથે વિચરતા હોય એવા અરિહંત ભગવાનને નમસ્કાર કરું છું.

(હાલ બ્રહ્માંડમાં હાજર હોય તે અરિહંત કહેવાય. ચોવીસ તીર્થંકરો તો મોક્ષે ગયા અને "સિદ્ધ" થઇ ગયા. હાલ બ્રહ્માંડમાં વિહરમાન ૨૦ તીર્થંકરો પૈકી શ્રી સીમંધર સ્વામીને ભરત ક્ષેત્ર જોડે ઋણાનુબંધ છે. માટે અરિહંત તરીકે તેમને ભજો. તો નવકાર મંત્ર પૂરો થાય.)

દાદાશ્રી : અરિહંત અને સિદ્ધ એમાં અરિહંતને પહેલાં કેમ મૂકવા ? સિદ્ધ મોટા કે અરિહંત મોટા ? એ બેમાં મોટું કોણ ?

પ્રશ્નકર્તા : અરિહંત.

દાદાશ્રી : ના. અરિહંત દેહવાળા હોય. અરિહંતને સિદ્ધ થવાનું છે, દેહ છૂટે એ સિદ્ધ થઈ જાય, પણ અરિહંતને કેમ પહેલા ગૂક્યા ? કારણ કે એ પ્રત્યક્ષ ઉપકારી છે, એટલે એમને પહેલા મૂક્યા.

પેલા સિદ્ધ એ ઉપકારી નહિ. એ આપણને કહેવા ના આવે, એ કંઈ આપણું કામ કરે નહિ. આ ભગવાન રામ મોક્ષે ગયા, એ આપણું કંઇ ધોળે નહિ. હા, એ રામનામના જપથી તમને અંદર શાંતિ થઇ જાય. પૂણ્યૈ બંધાય પણ રામ અહીં હોય તો આપણને હેલ્પ કરે. પણ રામ અત્યારે અહીં નથી, એટલે એ આપણા કામમાં તો આવતા જ નથી. પેલા અરિહંત તો કામમાં આવે. દેહધારી એટલે દેહધારી હોય એટલે આપણે એમને કહીએ "તમે શી રીતે આવી દશા પામ્યા ? અમને કંઇ કરી આપો." તો તે અરિહંત દેખાડે કે, "ભઇ, તું આવું કર." પોતે

ક્રોધ, માન, માયા, લોભને જિત્યા હોય એ બીજાને પણ જિતાડી આપે. જે બીજાનું કલ્યાણ કરી શકે તેમ છે. એમનાં દર્શન થાય, જીવોને મોક્ષ લઇ જાય અને બીજે નંબરે સિદ્ધને મૂકયા. સિદ્ધ ભગવાન એ આપણું લક્ષ છે. એમના જેવા થવાનું. જે ગામ જવાનું તેનું લક્ષ ના ચુકાવું જોઇએ. માટે બીજા ઉપકારી થયા.

**નમો સિદ્ધાણં** : એટલે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું. જે મોક્ષમાં બિરાજેલા હોય તે સિદ્ધ ભગવાન. સિદ્ધ ભગવાન અને અરિહંત ભગવાનમાં કશો ફેર નથી. માત્ર અરિહંત ભગવાને દેહ છે અને પેલા વિદેહી.

**નમો આયરિયાણં** : આચાર્ય ભગવાનને નમસ્કાર કરું છું. પોતે સંપૂર્ણ આત્મજ્ઞાની છે. અરિહંત ભગવાનના કહેલા આચાર જે પાળે છે અને તેવા આચાર પળાવે છે. એમને આત્મદશા પ્રગટ થયેલી છે. સંયમ સહિત સમકિત થઇને આચાર્ય થાય તે આચાર્ય કહેવાય. દૃષ્ટિ ફર્યા પછી કામનું છે.

**નમો ઉવજઝાયાણં** : ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર ઉપાધ્યાય એટલે જેને આત્મા પ્રાપ્ત થઈ ગયો છે અને હજી સંપૂર્ણ થવા પોતે અભ્યાસ કરે છે અને બીજાને ઉપદેશ આપી અભ્યાસ કરાવડાવે છે તે. આત્માનું. શાસ્ત્રો વધુ ભણે અને ભણાવડાવે.

**નમો લોએસવ્વસાહૂણં** : લોએ એટલે લોકમાં સાહૂણં એટલે સાધુઓને. આ લોકમાં જેટલા સાધુઓ છે એ બધાને નમસ્કાર કરું છું. સાધુઓ એટલે ધોળાં કપડાં પહેરે, ભગવાં પહેરે એનું નામ સાધુ નહિ. આત્મદશા સાધે એ સાધુ એમને આત્માની પ્રતીતિ બેઠેલી છે અને દેહાધ્યાસ નહિ. એટલે બ્રહ્માંડમાં જયાં જયાં એવા સાધુઓ છે એમને નમસ્કાર કરું છું.

એટલે આ સાહૂણંને પહેલી પ્રતીતિ, અને ઉપાધ્યાયને વિશેષ પ્રતીતિ અને આચાર્યને પૂર્ણ આત્મજ્ઞાન અને અરિહંત ભગવાન એ પૂર્ણ પરમાત્મા.

**એસો પંચનમુક્કારો** : આ પાંચને કરેલા નમસ્કાર

**સવ્વ પાવપ્પણાસણો** : સર્વ પાપનો નાશ કરનાર છે.

**મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલમ્** : અને સર્વ મંગલમાં પ્રથમ મંગલ છે.

**"ૐ નમો ભગવતે વાસુદેવા"** : વાસુદેવ ભગવાનને નમસ્કાર. નરમાંથી જે નારાયણ થયા તે વાસુદેવ ભગવાનને હું નમસ્કાર કરું છું. "આત્મયોગેશ્વર" શ્રીકૃષ્ણ એ વાસુદેવ કહેવાય જેમનો ત્રેસઠ શલાકા પુરુષમાં સમાવેશ થાય છે, અને તેથી તેઓ વંદનીય અને પૂજનીય છે.

**"ૐ નમઃ શિવાય"** : આ દુનિયામાં જે કલ્યાણ સ્વરૂપ થયેલા હોય અને જે જીવતા હોય, જેનો અહંકાર જતો રહેલો હોય એ બધા શિવ કહેવાય. શિવ તો પોતે કલ્યાણ સ્વરૂપ જ છે એટલે જે પોતે કલ્યાણ સ્વરૂપ થયા છે ( અને બીજાને કલ્યાણનો માર્ગ બતાવે છે ) એમને નમસ્કાર કરું છું.

## સત્તાનો દુરુપયોગ

કોઈ પણ જ્ઞાનનો સદુપયોગ થાય તો એ જ્ઞાન જ વિજ્ઞાન થાય છે. અને દુરુપયોગ થાય તો જ્ઞાન અજ્ઞાન થઈને ઊંધું રહે છે. સત્તાનો સદ્‌ઉપયોગ એનું નામ કરુણા ને સત્તાનો દુરુપયોગ એટલે રાક્ષસી વૃત્તિ કહેવાય. સત્તા વાપરવાથી પોતાને ડીપ્રેશન આવે. સત્તા સુખ આપવા માટે છે. સત્તા ગુનેગારને પણ સુખ આપવા માટે છે !

## જિનમુદ્રા

જિનમુદ્રા શું કહે છે ? વીતરાગોની પદ્માસન વાળેલી, હાથપગ આમ એક પર એક મૂકી દીધેલી મુદ્રા ઉપદેશ આપે છે કે, હે મનુષ્યો ! જો સમજણ હોય તો સમજી જાવ તમારું ખાવાપીવાનું જરૂરિયાતની હરેક ચીજ તમે લઈને જ આવેલા છો માટે હું કર્તા છું એ ભાન છોડી દેજો ને મોક્ષનો પ્રયત્ન કરજો !



## ત્યાં ઉદાસીનતા સેવે

સમકિત કોને કહેવાય ? સર્વ સત્તાધીશને ઓળખીને બધાયની વ્યવહાર સત્તા માન્ય કરવી પડે. જગત મળેલી સત્તાનો દુરુપયોગ કરે છે તેથી મનુષ્યપણું જાય છે. અમે તો જેની સત્તા હોય તેને માન્ય કરીએ. વીતરાગોનો માર્ગ "ઓબ્જેક્શન" નો નથી. "નો ઓબ્જેક્શન" આપવાનો છે. "ઓબ્જેક્શન" થવાનું થાય ત્યાં ઉદાસીન રહે.

# વર્તમાને મહાવિદેહ ક્ષેત્રે વિહરમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામીની પરમતારક પ્રભાવલિ

● દેહપ્રમાણ : ૫૦૦ ધનુષ્ય ● દેહવર્ણ : કંચન ● લાંછન : વૃષભ ● પિતા : શ્રેયાંસરાય ● માતા : સત્યકીમાં ● સહધર્મિણી : રુક્મિણીદેવી ●દ્વિપ : જંબૂ ● ક્ષેત્ર : પૂર્વ મહાવિદેહ ● વિજય : પુષ્કલાવતી ● પાટનગર : પુંડરીકિણી ● મેરુપર્વત : સુદર્શન ● દિશા : ઉત્તર-પૂર્વ ● ગૃહવાસ : ૮૩ લાખ પૂર્વ ● છદ્મસ્થપર્યાય : ૧૦૦૦ વર્ષ ● ભાવજિન : ચારિત્ર પર્યાય : ૧ લાખ પૂર્વ

## ॥ કલ્યાણક ॥

૧. ચ્યવન : અષાઢવદ પાંચમ　　૨. જન્મ : ચૈત્ર વદ દશમ

(ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના કુંથુનાથ અને અરનાથના આંતરામાં)

૩. દીક્ષા : ફાગણ સુદ ત્રીજ　　૪. કેવળજ્ઞાન : ચૈત્ર સુદ ૧૩

૫. મોક્ષ* : શ્રાવણ સુદ ૧૩

(*ભરતક્ષેત્રની આવતી ચોવીસીના ઉદયનાથ અને પેઢાલનાથના આંતરામાં નિર્વાણ હવે પછી સુદુરના ભાવિમાં થશે.)

* શાસન યક્ષ-દેવ : શ્રી ચાંદ્રયણ

* શાસન યક્ષિણી-દેવી : શ્રી પાંચંગુલિ

## ॥ ધર્મ પરિવાર ॥

● ગણધર : ૮૪　　● કેવળજ્ઞાની ભગવંતો : ૧૦ લાખ

● સાધુ : એક અબજ　　● સાધ્વી : એક અબજ

● શ્રાવક : નવ અબજ　　● શ્રાવિકા : નવ અબજ

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.　　(૪૦ વાર બોલતાં ૧૦૮ નમસ્કારનું સુફલ મળે છે.)

# જ્ઞાની પુરુષ 'દાદા ભગવાનનો' સંક્ષિપ્ત પરિચય

કળિયુગના આ મહાભયંકર કાળમાં જ્યારે જગતના સર્વે જીવો આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિવિધ તાપથી ભરહાડમાં શકકરિયાં બફાય તેમ બફાઇ રહ્યાં છે અને સંસારી, સંન્યસ્ત સૌ ત્રસ્ત છે, ત્યારે અલૌકિક જ્ઞાનાવતારની વીજ ઝબૂકો થઇ ગયો અને તે અંબાલાલ મૂળજીભાઇ પટેલની મહીં જ્ઞાન સ્વરૂપે પ્રગટેલ "દાદા ભગવાન" !

સંપૂજય દાદા ભગવાનનું વ્યાવહારિક પૂરું નામ શ્રી અંબાલાલ મૂળજીભાઇ પટેલ, તેઓનો જન્મ વડોદરા તાલુકાના તરસાલી ગામે સંવત ૧૯૬૫ કાર્તિક સુદ ૧૪ને શુક્રવાર તા. ૭-૧૧-૧૯૦૮ના દિવ્ય દિને થયો હતો. તેઓનું વતન ખેડા જિલ્લાનું ભાદરણ ગામ હતું માતા ઝવેરબા એટલે સાક્ષાત્ જગદંબા અને ધર્મપત્ની હીરાબા એટલે દેવી મૂર્તિ, જાણે કે ભદ્રિકતા મૂર્તિમંત.

લઘુવયથી જ બાળજ્ઞાનીના ગુણો અને સંસ્કારો દેખાતાં. સ્વભાવે ટીખળી ખરાં. પરંતુ નાનપણથી જ પોતાના દુઃખની નહિ પણ બીજાની અડચણની જ પડેલી. તેમાંથી સમય જતાં કારુણ્ય પ્રગટી.

બાર વર્ષની વયે સ્કૂલમાં શિક્ષક ગણિતના વિષયમાં લઘુતમ સાધારણ અવયવના દાખલા શીખવતાં હતાં. શિક્ષકે લઘુતમ પૂછયો, "આ બધી રકમોમાં એવી કઇ રકમ છે કે જે નાનામાં નાની અને સર્વમાં અવિભાજ્ય રૂપે રહેલી છે ?" ત્યારે બાળજ્ઞાની બોલ્યા, "સાહેબ, આ તમારી વ્યાખ્યા ઉપરથી તો મે ભગવાન ખોળી કાઢયા. આ જીવમાત્ર એ રકમ છે તેની મહીં સર્વમાં અવિભાજ્ય રૂપે ભગવાન રહેલા છે."

તેરમે વર્ષે ગામમાં એક સંત આવેલા. તેમની પાસે જઇ સેવા કરતાં સંતે આશીર્વાદ આપ્યો, "જા બેટા, ભગવાન તને મોક્ષે લઇ જશે." ત્યારે તેઓશ્રીએ કહ્યું કે, ભગવાન મને મોક્ષે લઇ જાય એવો મોક્ષ શું કામનો ? એ મન થાય તો પાછો ઉઠાડી મૂકે. માથે ભગવાન પણ ઉપરી ન હોય એ 'મોક્ષ." "ભગવાન ઉપરી" અને "મોક્ષ" એ બે સાથે હોય તો વિરોધાભાસ કહેવાય. મોક્ષ એટલે સંપૂર્ણ મુકતભાવ–કોઇ ઉપરી નહિં અને અન્ડરહેન્ડ નહિ.

નાનપણથી લોકસંજ્ઞા નહિ અને લોકોનું અનુકરણ નહિ. પોતાને ભાગીદારીમાં કોન્ટ્રાકટનો ધંધો, તે ત્યાંય ભાગીદારને કહેલું કે બીજા કોન્ટ્રાકટરો સિમેન્ટ, લોખંડ કાઢી લે તે આપણે નથી કરવું. સિમેન્ટ એ તો મકાનનું લોહી છે અને લોખંડ એ હાડકાં છે. ભૂખ્યા મરીશું પણ અનીતિ નહિ કરાએ.

આવા કારુણામૂર્તિ એ. એમ. પટેલની મહીં અને ૧૯૫૮ને જુલાઇ માસમાં સુરતના સ્ટેશને ત્રણ નંબરના પ્લેટફોર્મ પર છેલ્લા બાંકડે, સંધ્યાકાળે "દાદા ભગવાન" પ્રગટયા. સોનગઢથી વડોદરા પાછા વળતાં ગાડી માટે બેઠેલા અને એકાએક સંપૂર્ણ આત્મપ્રકાશ ઝળકયો. ત્યા જ આખા બ્રહ્માંડનું દર્શન જ્ઞાનમાં ઝળકયું. એક કલાક એ સ્થિતિ રહી, જેમાં "પોતે કોણ છે ? આ જગત શું છે ? કેવી રીતે ચાલે છે ? ભગવાન કોણ? મુકિત શું ? વિ. બ્રહ્માંડનાં સર્વે રહસ્યો ઝળકયાં અને ત્યારબાદ એ જ આત્મસ્થિતિ નિરંતર રહેવા માંડી." તે સમયની સ્થિતિનું વર્ણન કરતાં તેઓશ્રી કહે છે, "૧૯૫૮માં આ જ્ઞાન પ્રગટ્યું ને અમે જ્ઞાની થયા. તે પહેલાં તો અમેય અજ્ઞાની હતા. અહંકારી હતા તે નિરઅહંકારી થયા. તે ઘડીએ બાંકડા પર બેઠા હોવા છતાં સિદ્ધગતિમાં બેઠો હોઉ તેવું પાર વગરનું સુખ વર્ત્યું અને આ કુદરતી જ બન્યું– This is but natural.

ત્યાર પછી ચાર વર્ષે ૧૯૬૨માં તેઓના કુટુંબી ભત્રીજા ચંદ્રકાંતભાઈના નિમિત્તે આ અજોડ જ્ઞાનના દરવાજા ઉઘડયા અને ત્યારથી તે એમના દેહવિલય સુધી હજારો પુણ્યશાળીઓને એમના નિમિત્તે એક કલાકમાં અક્રમ વિજ્ઞાનની અલૌકિક, અનન્ય સિદ્ધિ–કૃપાથી આત્મજ્ઞાન, તથા ક્ષાયક સમકિત પ્રાપ્ત થયા. તે સર્વે "મહાત્માઓ" ત્યારથી નિરંતર શુદ્ધાત્માના લક્ષ, પ્રતીતિ અને અનુભવ સાથે અને આધિ, વ્યાધિ, ઉપાધિમાં પણ નિરંતર નિરાકૂળ સમાધિમાં રહે છે. પોતાના દોષો જોઈ તેને ખપાવતાં, ક્રોધ, માન, માયા, લોભના સંયમધારી દેહાધ્યાસ વિનાના આ મહાત્માઓ આ દુષમકાળમાં પણ સંપૂર્ણ નિરાકૂળતા અને શાંતિ સાથે મોક્ષને માર્ગે છે.

આ વિપરીતકાળમાં અનંતી સિદ્ધિઓ સાથે આ જ્ઞાનાવતાર પ્રગટ થયો હતો !

દાદાશ્રી પોતે સંપૂર્ણ વ્યવહારમાં નિઃશેષ "વીતરાગ" હતા. કોટ, ટોપી, ધોતિયામાં ગૃહસ્થવેશે આ અસંયતી પૂજાનું આશ્ચર્ય સર્જાયેલું. તે ૧૯૫૮થી પોતે ક્યારેય દેહમાં, વાણીમાં, મનમાં રહેલા નહિ. પરંતુ નિરંતર "સ્વ"માં, આત્માના શુદ્ધ ઉપયોગમાં અને નિરંતર સ્વપરિણતિમાં જ રહેલા. એમનાં દર્શન કરનારને દેહ સાથે પરમાત્મા સ્પષ્ટપણે અનુભવાતા. કારણ કે ક્રોધ, માન, માયા, લોભ વિનાની, નિર્ગ્રંથ, વીતરાગ અને નિરંતર મુક્ત હાસ્યવાળી આ મૂર્તિ, જ્યાં પુદ્‌ગલ પરિણતિ નહીં પણ આત્મપરિણતિ જ વર્તનામાં બાળકથી પણ નિર્દોષ, સરળ અને લઘુતમ ભાવમાં રહેનારા જ્ઞાની પુરુષ એમની કરુણા નીતરતી આંખો અને એમની વીતરાગ વાણીથી મુમુક્ષુઓને ઓળખાતાં અને પોતે વીતરાગ વ્યવહારથી ૧૦મે ગૂંઠાણે ને નિશ્ચયથી ૧૨મે ગૂંઠાણે વર્તી અન્યોમે વીતરાગ વર્તનાનો રાહ ચીંધ્યો. પોતાનું સ્વરૂપ શું છે ? મનુષ્યજીવનનો હેતુ શું સતધર્મ શું ? કષાયો કેવી રીતે ઘટે અને નિર્મૂળ થાય ? કર્મ શું ? તે સઘળા અજ્ઞાનથી કેવળજ્ઞાન સુધીના ફોડ એમના નિમિત્તે નીકળ્યા. તે કવિરાજ ગાઈ ઉઠયા કે–

"દસ લાખ વર્ષોના બંધ જ્ઞાન તાળાની કૂંચીઓ ઉકેલનાર આવી ગયા છે."

અને એકલો 'નિશ્ચય, એકલું આત્મજ્ઞાન જ નહિ, પણ સંપૂર્ણ વ્યવહારજ્ઞાન પણ પ્રગટયું. મતભેદ કેમ ટળે ? અથડામણ ટાળો. એડજસ્ટ એવરીવેર, ભોગવે તેની ભૂલ કૉમનસેન્સ અને બાજી અનેક બાબતોમાં જે દૃષ્ટિ એમણે ઉઘાડી કરી તે વ્યવહારના પણ તમામ સૂક્ષ્મ કોયડા ઉકેલી નાંખે છે. દાદાશ્રી કહેતા, "અમે વર્લ્ડની ઓબ્ઝર્વેટરી છીએ. કોઇ એક પરમાણુ એવું નથી જયાં અમે ફર્યા નથી. આ આ બધું જોઇને બધું ફરીને તમને કહીએ છીએ. અને પોતે ખટપટીયા વીતરાગ તેથી સંપૂર્ણ વિજ્ઞાન વ્યવહાર અને નિશ્ચયનુ સમગ્રપણે ઉઘાડું પડયું સમગ્ર જીવન "જગતકલ્યાણ" ને કાજે જ ખર્ચાયું, અને પ્રતિદિન ૧૬ થી ૧૮ કલાક સત્સંગ કાજે ખર્ચતાં, તેઓ મુંબઈ, અમદાવાદ, વડોદરા, ખંભાત, સુરત, નવસારી, આણંદ અને પરદેશમાં અમેરિકા, કેનેડા, ઈંગ્લૅન્ડ, આફ્રિકાના અનેક દેશોમાં વિચર્યા.

તેઓશ્રીનો દેહવિલય સંવત ૨૦૪૪ના પોષ સુદ ૧૪ ને શનિવારે તા. ૨–૧–૧૯૮૮ના દિવસે થયો. પરંતુ દાદા ભગવાનનો જ્ઞાનદેહ,

એઓશ્રી થકી દીક્ષિત આપ્તપુત્રો અને એમણે ફરી નિરાવરણ કરેલો વીતરાગ માર્ગ મુમુક્ષુઓને ઉપલબ્ધ છે, સત્સંપન્ન મહાત્માઓ વિદ્યમાન છે, અને તે હજારો વર્ષ સુધી સૌને યથાર્થ માર્ગ ચીંધતો રહેશે, પરમ શાંતિને પમાડતો રહેશે.

–જય સચ્ચિદાનંદ



# સ્વરૂપ વિજ્ઞાનની પ્રસાદી

(પૂજ્ય શ્રી દાદા ભગવાનના સ્વમુખે નીકળેલ અમૃતવાણીનું સંકલન)
પ્રયત્ન કરવાનો ના હોય, એ તો સહજે થઇ જાય. સાપ દીઠો કે સહજે કૂદી જ જવાય.

પ્રયત્ન કરવા જાય તો સાપ કરડી ખાય.

શબ્દનો ભાવાર્થ સમજે તે મુમુક્ષુ કહેવાય અને શબ્દનો પરમાર્થ સમજે તે જ્ઞાની કહેવાય.

૧ કિંચત્ માત્ર બોજો રાખવા જેવું આ જગત નથી.

૨ બ્રહ્મચર્ય અને અબ્રહ્મચર્યનો જેને અભિપ્રાય નથી રહ્યો. તેને બ્રહ્મચર્ય વર્ત્યું કહેવાય.

૩ મન-વચન-કાયાથી ચોરી કરવાનો જેને અભિપ્રાય નથી રહ્યો તો તે અચૌર્યવ્રત થયું.

૪ આત્મામાં નિરંતર રહેવું એ અમારું બ્રહ્મચર્ય છે.

૫ વેદ એ તો શબ્દોનો ભંડાર છે, આત્માનો ભંડાર નથી.

૬ ચિંતા કરવા કરતાં ઉપાય કરો.

૭ જે કાર્ય જેટલું સુખ આપે તેટલું જ દુ:ખ આવે.

૮ આ જગત રીવેન્જવાળું છે માટે પાંસરા ચાલજો.

૯ જગત એ તો પ્રતિઘોષ છે એટલે તમે જે આપશો તે જ તમને પાછું મળશે.
૧૦ ત્યાગ કરવો, તપ કરવું, જપ કરવા એ બધો મોહ છે.
૧૧ ના ગમે ત્યાં મૌન રહેજો, પણ અભિપ્રાય ના આપશો.
૧૨ આ જગતમાં નિર્દોષ ક્યારેય લૂંટાય જ નહિ એ તો દોષિત જ લૂંટાય છે.
૧૩ જીવ ને નામ-રૂપ-ક્રિયાથી પર થાય તો શિવ કહેવાય.
૧૪ જેને મોક્ષે જવું છે તે પ્રકૃતિનો બચાવ ના કરે.
૧૫ જ્યાં કોઇ પણ પ્રકારની નોંધ ના હોય ત્યાં સાચો પ્રેમ,
૧૬ સંસાર નડતો નથી પણ તમારી અણસમજણ નડે છે.
૧૭ કંઇ પણ કરવાનું હોય ત્યાં બંધન જ છે.
૧૮ મોક્ષ એ સમજણ છે, ક્રિયા નથી. માત્ર સમજવાનું જ છે, કરવાનું કંઇ જ નથી.
૧૯ ક્રિયાથી બંધન તૂટે જ નહિ ને ક્રિયાથી મોક્ષ થાય જ નહિ.
૨૦ પોતાપણું જાય તો ભગવાન થાય.
૨૧ પરિગ્રહમાં વિભ્રમતા છે ત્યાં સુધી ઉપાધિ હોય જ.
૨૨ સામાની ભૂલ હોય તો પણ વિરોધ ના કરો.
૨૩ ભગવાને કરવાનું કહ્યું જ નથી, માત્ર જાણવાનું જ કહ્યું છે.
૨૪ દૃષ્ટિ દોષ છે તે નહિ છૂટે, જ્ઞાન દોષ હોય તે છૂટી જાય.
૨૫ ધોલ મારવી એ ડિસચાર્જ છે અને મારે ધોલ નથી મારવી એ ચાર્જ છે.
૨૬ હિંસાવાળી દવા હોય તો પણ તે પીને જીવો, એ દવા થોડોક ભાગ લઇ જશે, પણ દેહ તો રહેશે ને !
૨૭ સ્વચ્છંદ કાઢવાનું આચરણ એ જ સ્વચ્છંદ વધારવાની દવા છે. સ્વચ્છંદ એટલે બીજું કંઈ જ નથી, પણ તું જે જે કંઈ પણ કરે છે તે બધું સ્વચ્છંદ જ છે. સ્વાધ્યાય કરે, તપ કરે, જપ કરે, યોગ કરે, ઉપવાસ કરે કે મુનિના પગ દબાવે તે બધું જ સ્વચ્છંદ છે. કારણ તું મારી પોતાની સમજ પ્રમાણે કરે છે. સ્વચ્છંદ કાઢવા કોઈની આજ્ઞામાં ચાલે.
૨૮ નોંધ રાખનારનો ક્યારેય મોક્ષ ન થાય.
૨૯ અનંત અવતારથી નફો કર્યાનો આનંદ નથી આવતો અને માત્ર ખોટને જ રડ રડ કર્યા કરો છો.

૩૦ મારામાં આવડત નથી તે જાણ્યું ત્યારથી આવડતની શરૂઆત થાય.
૩૧ આત્મરમણુતા સિવાય જે જે કાંઈ પણુ કરવામાં આવે છે તેને ભગવાને મોહ કહ્યો છે.
૩૨ સુખી થવું હોય તો આ જગતમાં કોઇનુંય નામ દેવા જેવું નથી.
૩૩ સ્વમત અને પરમત એ બન્ને ઝેરે છે.
૩૪ પાપના ઉદયમાં શાંતિ રહે એનું નામ પુરુષાર્થ.
૩૫ આધા રાખવી એટલે લાલચ, અને લાલચ એટલે જ સંસારની વૃદ્ધિ.
૩૬ કળિયુગમાં આચાર-વિચાર ને ઉચ્ચાર રીપેર ના થાય. રીપેર કરનાર મૂર્ખા છે. આચાર એ તો રિઝલ્ટ છે. તે રિઝલ્ટ શી રીતે સુધારી શકાય.
૩૭ આપણું દિલ ઠરે તેવી વાણી હોય ત્યાં જવું-કુસંગથી દૂર રહો
૩૮ વહેલું મરવું છે અને મોક્ષે જવું છે તે ગુન્હો છે. આપણે તો શું બને તે જ માત્ર જોવાનું.
૩૯ ફૂલીશ ખોટને જુવે, અને ડાહયો માણસ તો શું બચ્યું તે જુવે.
૪૦ તમારી પાસે શું છે તેને જુવો, જે ગયું તેને ના જોશો.
૪૧ Openion is the father of mind, and speech is the mother of mind.
મંતવ્ય એ મગજનો પિતા છે ને વાણી એ મગજની માતા છે.
૪૨ વસ્તુ ઝેર નથી, આગ્રહ એ જ ઝેર છે.
૪૩ ખુદને જાણે અને ખુદમાં રહે તે ખુદા અને ખુદાની ખોજ કરે તે ખોજા.
૪૪ પહેલાં જે પુરુષાર્થ કરેલો તેનાં ફળ આવે તો ખાવામાં વાંધો નથી, પણ તેમાં રાગ-દ્વેષ ના કરો.
૪૫ અનએવોઇડેબલની વાત કરવી તે ગુન્હો છે.
૪૬ જેને કોઇનેય દુઃખ આપવું જ નથી, તેને કુદરત દુઃખ આપે જ નહિ.
૪૭ સિન્સીયારિટી અને મોરાલિટીનું સરવૈયું એટલે શીલ.
૪૮ હું એટલે આરંભ અને મારૂં એટલે પરિગ્રહ. બીજાને સુખ આપવું એટલે પૂણ્ય બીજાને દુઃખ આપવું એ પાપ.
* કોઈને આપણા નિમિત્તે કિંચિત્ માત્ર દુઃખ ના થાય એ જ 'પરમવિનય' આપણો છે. -દાદાશ્રી
* વિનય એટલે વિશેષ નય.
આ જગતના બધા જ નય તે સંસાર માટેના છે અને વિશેષ નય તે મોક્ષે લઇ જનાર છે. વિનય એક જ એવો છે કે મોક્ષે લઇ જઇ શકે.

* આમણો વિનય એવો હોવો ઘટે કે અપરાધક જીવ અન-અપરાધક થાય.
* અવિનય સામે વિનય કરવો તે ગાઢ વિનય કહેવાય. અવિનયી બે ધોલો મારે ત્યારે પણ વિનય સાચવવો તે પરમ વિનય અવગાઢ વિનય કહેવાય !
* ભગવાનના સ્વભાવે સ્વભાવ થઇ જાય ત્યાં સુધી આપણે પરમ વિનય રાખવો જોઇએ.
* "હું શુદ્ધાત્મા છું" એ ભાવ શુદ્ધ ભાવ છે, અને એ જ પરમ વિનય છે ?
* ભગવાન આ જગતમાં કોઇ ચીજથી ડરતા નહોતા: પરમ વિનયથી ડરતા હતા !
* પરમ વિનય એ પ્રજ્ઞા ભાગ છે. ભગવાનની ધાતુ મિલાય થાય ત્યાં સુધી પરમ વિનય રહેવો જોઇએ.
* પરમ વિનય એટલે શું ? કિંચિત્ માત્ર હરકત ના કરે, ઊલટું તમને અહીં આગળ બેસવાની જગ્યા કરી આપે
* મન બગડેલું ના હોય. વાણી બગડેલી ના હોય. વર્તન બગડેલું ના હોય, એ પરમ વિનય.
* પરમ વિનય હોય તે આબરૂદાર,
* અમારી પાસે (જ્ઞાની પાસે) અવિનયનો અમને વાંધો નથી, પણ તમારી જાત પર અંતરાય પાડી રહ્યા છો તમે. અમને ગાળ ભાંડો તોય અમને વાંધો નથી, પણ તમે પોતાની જાતને નુકશાન કરી રહ્યા છો બહુ જ વિનય જોઇએ. પરમ વિનય જોઇએ.
* અહીં આડું તેડું ના ચાલે. સહેજ વિનયમાં ખામી આવે તો મોક્ષ ઊડી જાય. પરમ વિનય એટલે આંતરિક વિનય જોઇએ બહુ જબરજસ્ત વિનય જોઇએ

## દાદા સદેહે નથી, પરંતુ સૂક્ષ્મદેહે હાજર છે....

મઢી, જિ. સુરત ખાંડના કારખાનાના મેનેજિંગ ડિરેકટર શ્રી મગનભાઈ પી. પટેલ જેઓ એથી એન્જીનીયર છે અને દેશ પરદેશમાં જઇ આવ્યા છે-શ્રી અરવિંદ શ્રી રમણમહર્ષિ, શ્રીમદ્ રામચંદ્રના વચનો વાંચેલા છે. તેઓ શ્રીમદ્ રાજચંદ્રના વચનોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને સદેહે જ્ઞાની પુરુષ મળે તો તેમની પાસે જ્ઞાન લેવા ઇચ્છતા હતા.

'ધર્મસંદેશ', 'ધર્મલોક'માં પૂજ્ય દાદા ભગવાન વિષે આવેલા લેખ વાંચી તેમને મળવાની પ્રબળ ઇચ્છા પ્રગટ થઇ. ત્યાં એમનો પ્રોગ્રામ નવસારી ડો હિંમતભાઈ મહેતાને ત્યાં હતો, ત્યાં ગયો.

પૂ. દાદાએ ચરણવિધિનું પુસ્તક આપ્યુ અને દરરોજ નિયમિત વાંચવા કહ્યું અને તા. ૨૭–૧–૮૫ના રોજ જ્ઞાન લીધું અને ૧૯૮૬માં ધર્મપત્ની ઉષાબેને પણ જ્ઞાન લીધું

મને હાર્ટ એટેક દેશમાં આવ્યો. મેડીકલ સારવાર માટે અમેરિકા વિકસબર્ગ મારા દીકરા શ્રી રમેશભાઇને ત્યાં ગયો ત્યાંથી નજીક જેકસન મીસીસીપીમાં દાદા ભગવાનનો શ્રી નટુભાઇ, શ્રી જમુભાઇ અને શ્રી વસંતભાઇ યુ. પટેલને (યુ.એસ.એ) સંઘપતિને ત્યાં સત્સંગ હતો તેમાં જેકસનમાં દાદા સાથે ત્રણ દિવસ રહેવાનું મને મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

તે વખતે દાદાએ રૂબરૂ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" મારી પાસે ગવડાવી. જીવનમાં ખોવાયેલ આત્મવિશ્વાસ ફરી પ્રાપ્ત કરી તંદુરસ્ત થઈ દેશ પાછો આવ્યો હતો. મારા જીવનના સુખ દુઃખના પ્રસંગો ઉકેલવા અસીમ કૃપા થઇ છે. દાદા સૂક્ષ્મદેહે હાજર રહે છે. મારા જીવનની અંતિમ ઇચ્છા એ છે કે મારા મરણ પ્રસંગે પણ દાદાનું જ્ઞાન હાજર રહે અને મોક્ષ માર્ગે પ્રગતિ થાય અને અંતિમ આ દેહ દાદાની સૂક્ષ્મ હાજરીમાં જ વિલય થાય એવી અંતરની ભાવના છે.

## આ જગતમાં હવે દાદા સિવાય કંઈ કરવા જેવું નથી.

ડીટ્રોઇટ અમેરિકાથી મહાત્મા મીનાબેન અને દલુ વાઘેલાનો પત્ર છે.

લોસ એન્જલસમાં હોલવમાંથી દાદ બહાર આવતા હતા ત્યારે રૂમ માં પ્રવેશતા પહેલાં હોલવેમાં જ ઊભા રહ્યા અસીમ જય જયકારથી વાતાવરણ ગૂંજતું હતું દાદા બધા પર દૃષ્ટિ ફેરવતા હતા. મારી નજર દાદા પર પડી ત્યારે દાદા અનોખા સ્વરૂપમાં હતા. હવે તો એ પળનો વિચાર કરતાં મીનાબેન જાતને કહે છે કે ધનભાગ્ય તમારા કે દાદાના તમને એવાં દર્શન થયાં. દાદામાં અપરંપાર તેજ હતું પ્રકાશ જાણે એમનામાથી બહાર વહી રહ્યો હતો.

જ્ઞાન ફરીવાર લેવાની ઇચ્છા થઇ પણ કાંઇ નિર્ણય લેવાયો નહિ.

હુ ડેટ્રોઇટ પહોંચી ગઈ. વહેલી સવારે બેડમાં એકદમ બેઠા થઈ જવાયું અને આંખો ખુલી તો પૂ. દાદા સામે સાક્ષાત્ હતા. મને વિશ્વાસ થયો કે હું જયાં હતી ત્યાં દાદાએ મને જ્ઞાન આપ્યું. દાદાની હાજરી મહાત્મા જયાં પોકારે ત્યાં છે તેની મને ખાત્રી થઇ ગઇ. મહાત્માઓને તો દાદાના અનુભવો થયા જ કરતા હોય છે દાદા સદેહે હતા અને અત્યારે હાજર જ છે તેનો આ મારો અનુભવ છે.

મીનાબેનની માનસિક પીડા અને ઝગડામાં દાદા યાદ આવતાં જ "હું શુદ્ધાત્મા છું" નો સહારો લીધો તરત જ દાદા હાજર થયા શરીરમાં શાંત વ્યાપી ગઇ, ઝડપથી વહેતું લોહી ધીમું પડી ગયું કશી જરા પીડા ના રહી. મીનાબેનથી હું તદ્દન જુદી છું એવું ભાન અનુભવ થયો.

## મારો ભગવાન મારામાં જ છે તેનો અનુભવ દાદાએ કરાવ્યો.

અગાશીથી મહાત્મા જયંતિલાલ સંઘરાજકા લખી જણાવે છે કે તા. ૧૩-૯-૮૪ના રોજ મુંબઈ મુકામે પૂ. દાદા ભગવાન પાસેથી જ્ઞાન પ્રાપ્ત થયું અને મારી બધી ભ્રાંતિ ઓગળી ગઈ. મારો ભગવાન મારામાં જ છે. તે દાદાએ મને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો છે.

ત્યારથી મારી આધિ, વ્યાધિ, ઉપાધિ, સ્વયં દૂર થતી જાય છે. મારા ઘરના બધાએ જ્ઞાન લીધું અને દાદામય બની ગયા છે. બધાંને ભૌતિક અને આધ્યાત્મિક સુખની લહેરો વર્તે છે. નાણાંભીડ કયાંય ટળી ગઇ જયારે માગો ત્યારે બધું મળે છે.

ઠે. મટોડી વાડી, ચાલપેટ રોડ, મુ. અગાશી, જિ. થાણા.

## દાદાને મેં જોયા નથી ધૂનમાં એક વખત ગયો છતાં દાદાનો પ્રત્યક્ષ અનુભવ –

## ચમત્કાર ગજબનો થયો

આંકલાવડીથી સોલંકી રમેશભાઈ રાવજીભાઇ લખી જણાવે છે કે મેં દાદાને જોયા નથી દાદાની ધૂનમાં એક જ વખત ગયો. છું.

મારા પગે ગૂમડા જેવું ગાંઠ ઉપસી આવી. ડૉકટર કહે ચીરો મુકવો પડશે મેં દાદાને પ્રાર્થના કરી તમેજ મારુ દર્દ મટાડો માનતા માની સૂઇ ગયો. સવારમાં ઊઠયો એકાએક દાદાનો પ્રત્યક્ષ અનુભવ થયો વેદના બંધ થઇ ગઇ બિલકુલ સ્વસ્થ થઇ ગયો પગે સોજો પણ મટી ગયો.

દાદાનો આ ગજબનો ચમત્કાર છે. આ પરચો છાપી મને ઋણમુકત કરવા વિનંતી. દાદાના ચરણોમાં કોટિ કોટિ વંદન.
આવી પરમ શક્તિના કદી અનુભવ થયેલો નહિ. આમ દાદા સદેહે ન હોવા છતાંયે હાજર જ છે તેનો આ મારો અનુભવ છે.

Dalu & Mina Vaghela
39810 Acadenis, Sterling H+S MI
48310 Phone : (313) 264-9463

# આત્મા-અનાત્મા જુદા થયા
# શુદ્ધાત્મપદ નવો જન્મ મળ્યો

પાલડી અમદાવાદથી મહાત્મા કનકસિંહ રાણા જણાવે છે. મહાત્મા કીરીટસિંહ જાડેજા તરફથી "સમ્યકદર્શન" ની નાની પુસ્તિકા મળી ત્યાં મારી બદલી નવસારી કૃષિ કોલેજમાં થઈ.

પૂ. મહાત્મા હિંમતભાઇ મહેતા સાહેબને ત્યાં દાદાની વાતો સાંભળી પૂ. દાદાના વડોદરા સત્સંગ એપાર્ટમેન્ટમાં દર્શન કર્યા. જ્ઞાન વિધિ માટે પૂ. દાદાએ સુરત આવવા જણાવ્યું. ૧૪-૧૧-૧૯૮૩ના રોજ કતારગામ માં સમર્પણ વિધિ થઇ. શુદ્ધાત્માપદની પ્રાપ્તિ થઇ મને નવો જન્મ મળ્યો.

આત્મા-અનાત્મા વિભાગ જુદા થયા. જીવ અને શિવનું સ્વરૂપ સમજાયું. અનુભવમાં આવ્યું ત્યાર પછી આજ દિન પર્યંત જરાપણ આકુળતા-વ્યાકુળતા થતી નથી. ટેન્શનથી મુક્તિ મળી છે. સદાય દાદાની હાજરી વર્તાય છે. ફાઇલોનો સમભાવે નિકાલ થાય છે.

અનંત અવતારની ભટકામણમાંથી પૂ. દાદાએ મુક્ત કર્યા છે. આવું અજાયબ વિજ્ઞાન જગત પામે તે માટે પ્રાર્થું છું. નોકરીનો સમય વેડફાતો લાગે છે.

રામેશ્વર ફલેટ નં. ૭૩, ધૂમકેતુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૭.

# આધિ, વ્યાધિ, ઉપાધિમાં પણ સતત સમતા રહે મોક્ષ વર્તાય છે

ગામ બાયઠ, કચ્છથી શા. ધનજી તેજપાર છેડા લખે છે કે દાદાશ્રી મોક્ષે સિધાવ્યઅગાઉ અઠવાડિયા પહેલાં તા. ૨૬-૧૨-૮૭ના રોજ વડોદરા પાછલે બારણેથી મળવા ગયો ત્યારે દાદાશ્રીએ સીધો જ સવાલ કર્યો "હવે મોક્ષે જાવું છે કે હજી અહીંયાં જ રખડવું છે?" મેં જણાવ્યું "દાદા અહીંયાં તો રખડી રખડી થાકી ગયા." દાદાએ પોતાની પાસે બોલાવી ટપલી મારી છેલ્લે છેલ્લે તબીયત નાજુક હોવા છતાં આ ધનજીપર અજબની કરૂણા વર્ષાવી.

દાદાશ્રીને મળ્યા પછી આધિ, વ્યાધિ, ઉપાધિમાં પણ સમતા રહે છે, "હું શુદ્ધાત્મા છું." ભુલાતો નથી. કોઈ જાતની ચિંતા જ નથી બધું જ વ્યવસ્થિતને સોંપી દદીધું છે આવો અક્રમ માર્ગ મળતાં અહીંયા જ મોક્ષ વર્તાય છે.

## ભગવાનની ભૂમિ

લે. અરવિંદ સી. દવે
એ/૩, ફુલવાડી, જેતપુર

અમે મહાવિદેહ ધામ જઈ આવ્યા. અમે ત્રિમંત્રની સિદ્ધિથી ત્રિમંદિરે જઇને, દાદાના દર્શન કરી આવ્યા. ધન્ય ધન્ય થઇ આવ્યા, અમે મહાવિદેહધામ જઈ આવ્યા. વીતરાગી ભગવાને "શુદ્ધાત્મપદ" આપ્યું. મહાત્માના દર્શન કરી આવ્યા. દાદાની ચરણરજ લઇ આવ્યા, અમે મહાવિદેહધામ જઇ આવ્યા, દાદાના સ્વપ્નથી; દાદાની સિદ્ધિથી પુદ્‌ગલનો કચરો કાઢી આવ્યા, પૂણ્ય પૂણ્ય પામી આવ્યા, અમે મહાવિદેહ ધામ જઇ આવ્યા, પંચાજ્ઞાના ભાવથી, શુદ્ધાત્મા પદ સાથે, દાદાનો દીવડો જોઇ આવ્યા, આંતરશત્રુને બાળી આવ્યા, અમે મહાવિદેહ ધામ જઈ આવ્યા. જ્ઞાનીની જ્ઞાન ભૂમિ, વીતરાગી ભગવાનના, ઠામરેજ જઇને આવ્યારે! પવિત્ર થઇને આવ્યારે! અમે મહાવિદેહધામ જઇ આવ્યા!

# પેપર છૂટી ગયું છે

દિલ્હીની ગાદી જોઈતી નથી, ઈરાનની લડાઈમાં જવું નથી, લાડી વાડી-ગાડીમાં ઈન્ટરેસ્ટ રહ્યો નથી. ટીવી. છૂટી ગયું છે.

અંધેરી (વેસ્ટ) મુંબઈથી કરમસદના **શ્રી** ચીમનભાઈ નરસીભાઈ પટેલ લખી જણાવે છે કે પૂ. દાદાએ મને જ્ઞાન આપ્યું ત્રીજે અવતારે મોક્ષ આપ્યો અને પાછલું જીવન સેવા સમર્પણમાં જ વીતાવવા જણાવ્યું.

૧૯૮૮માં બિમારી આવી. ડૉકટરોએ ઓપરેશન કરી કીડની કાઢી નાખી પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે આંતરડામાં ગાંઠ ન હતી પરંતુ ઘડી દેખાઈ અને હું બચી ગયો આવકનો દશમો ભાગ સત્કર્મો પાછળ ખર્ચાય છે અને રોજ દાદાની આજ્ઞા પ્રમાણે નવકલમો વિગેરે બધું થાય છે.

શારદા ભુવન, આઝાદ સ્ટ્રીટ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૫૮.

# લોટરીની ટિકિટો લેવાની ટેવ સદંતર છૂટી ગઈ છે

વડોદરાથી **શ્રી** નારાયણભાઈ હરગોવિંદદાસ વકીલ જણાવે છે. જ્ઞાન લીધા પછી પણ લોટરીની ટિકિટો લેવાની આદત પડી ગયેલી તે ચાલુ રહેલી પણ હવે તે ચાલુ સાલે સદંતર છૂટી ગઈ છે. આ નારણભાઈની ટેવને જોયા કરતો હતો તેની દુકાનો સામે જોવાનું પણ મન હવે થતું નથી.

મને પેપર વાંચવાની ટેવ પહેલાં ખૂબ જ હતી તે હવે ઓછી થતી જાય છે. મન ઉપર વિપરીત અસર થતી હોવાથી રાગદ્વેષ વધતાં હોવાથી હવે આ ટેવ પણ સદંતર છૂટી જશે તેવો પાકો વિશ્વાસ છે.

૧૨૯, વિજયનગર, તરસાલી રોડ, વડોદરા.

"અક્રમ વિજ્ઞાન" મેગેઝિનને આપ સૌનો ઉમળકાભર્યો સતત સાથ મળતાં અમે જે છે તે મુજબ ભારત માટે વાર્ષિક લવાજમ રૂા. ૪૫ અને આજીવન સભ્યના રૂા. ૫૦૦ તેમજ અમેરિકા માટે વાર્ષિક લવાજમ ૪૫ ડોલર અને આ જીવન સભ્યના ૨૫૧ ડોલર તથા ઇંગ્લેન્ડ માટે વાર્ષિક લવાજમ ૨૦ પાઉન્ડ અને આજીવન સભ્ય માટે ૧૦૦ પાઉન્ડ છે. આજીવન સભ્યના લવાજમમાં કોઇ પણ વધારો ન કરવાનો હાલ નિર્ણય કર્યો છે. છતાં ક્રમશઃ વધુ ઉત્કૃષ્ટ સામગ્રી આપને મળે એ અમારો પ્રયાસ હશે.

અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન વતી, જી. એ. શાહ – ટ્રસ્ટી

## આજીવન લવાજમ માટે જિજ્ઞાસુ-મુમુક્ષુની લાગણી-માગણી-પ્રેરણાને સપ્રેમ વધાવીને....

## વિશેષ નિવેદન

શુભ ચિંતક સુજ્ઞ-મુમુક્ષુ મહાત્માઓને નમ્ર વિનંતિ કે છેલ્લાં ૧૩ વર્ષથી "અક્રમ વિજ્ઞાન" માસિક સતત નિયમિત પૂ. દાદાશ્રીની ચેતનવંતી વાણી પ્રગટ કરતું રહ્યું છે, કલ્પી ન શકાય તેવા પ્રશ્નો પૂ. દાદાશ્રીને અનેક મુમુક્ષુઓએ પૂછયા અને અચરજ પમાડે અને Exact ફોડ પડે તેવા નૈમિત્તિક ખુલાસા અક્રમ વિજ્ઞાની જ્ઞાનીપુરુષ દાદા ભગવાને જગતને આપ્યા છે. આ પ્રશ્ન-ઉત્તરની જુગલબંધીને 'અક્રમ વિજ્ઞાન' માસિકમાં સમાવેશ થયો.

## અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન

૨, પદ્માલય, પાટીદાર સોસાયટી, પંચવટી, પેટ્રોલ પંપની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (ઓ.) ૭૭૮૨૮

## ભવ્ય દાદાની દિવ્ય સરસ્વતી

પૂ. દાદાશ્રીની પ્રશ્નોત્તરી સત્સંગમાંથી સહજ પ્રગટેલી આપ્તવાણી-પ્રસાદી.

અક્રમ વિજ્ઞાન (માસિક)

આપ્તવાણી ભાગ ૧ થી ૯

आप्तवाणी भाग-१ (हिन्दी)

Aptavani-1 (English)

Word Windows to pure self
સહજ સુખ શ્રેણી ૧ થી ૫
સર્વાર્પણ (સહજસુખ શ્રેણી : ૬)
મુક્તિ સુખ ભાગ-૧ થી ૧૦
મુક્તિ સુખ (સંચયન)
દાદાશ્રી ભગવાન કહે
કૃપાળુદેવશ્રી કહે
સંપર્ક સૂત્રો :

(૧) શ્રી ખેતશીભાઇ નરસી શાહ
શ્રી જય સચ્ચિદાનંદ સંઘ, શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ
૨૦-૧૦, એન્જલ લેન્સ, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા,
મુંબઈ ૪૦૦૦૩૧. ફોન : ૪૧૨૬૬૬૬
(૨) શ્રી રમેશભાઇ પોપટલાલ પરીખ
૧, ટોળકનગર પાલડી,
અમદાવાદ ૩૮૦ ૦૦૭. ફોન : ૪૧૦૧૯૧
(૩) શ્રી રસિકભાઇ રામભાઈ પટેલ
"ભારતી" નિવાસ, ભૂતડી ઝાંપા, વડોદરા.
આપ્તવાણી શ્રેણી-૧૦ (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ)
પ્રતિક્રમણ
પૈસાનો વ્યવહાર
શ્રી વિનોદભાઈ એમ. શાહ
એ-૫, અશોકા એપાર્ટમેન્ટ, ઓરીયન્ટ ક્લબની બાજુમાં,
એલિસબ્રિજ, અમદાવાદ-૬, ફોન : ૪૬૩૪૮૫
દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ પ્રકાશન
આપ્તસૂત્ર
સનાતન સુખ
Sanatan Sookh (English)
મોક્ષમાર્ગ ખુલ્લો છે જ
શુક્લધ્યાન
શુદ્ધ વ્યવહાર ચરણવિધિ
વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી

Tirthankar of Today
Shrisimandhar Swami
Obeisance
દાદાનું આત્મનિવેદન
દાદાનું તત્ત્વદર્શન
ભોમિયા વિનાના ડુંગરા
સ્વરૂપ વિજ્ઞાન ભાગ : ૧-૨-૩
જીવન ધર્મ
પુરુષાર્થ ધર્મ
વિષયરસ-વિતિ ?
નીતિ-અનીતિ
જ્ઞાની પુરુષ દાદા ભગવાન
અગિયારમું આશ્ચર્ય અક્રમ વિજ્ઞાન
પત્ર-નિશ્ચય : દાસાનુદાસ ચન્દ્રકાન્ત પટેલ
વીતરાગ વિજ્ઞાન
નિર્વિશેષ પદમાં સંસ્થિત અક્રમ વિજ્ઞાનની "દાદાશ્રી" સંનિધિ

# 'નિત્યક્રમ'

## શુદ્ધ વ્યવહાર

# ચરણવિધિ

અસંત પુરુષોનું યોગબળ
સત્ પુરુષોનું યોગબળ
અને પ્રગટ જ્ઞાની પુરુષનું યોગબળ
જગતના જીવમાત્રનું કલ્યાણ કરો,
કલ્યાણ કરો, કલ્યાણ કરો

"જે વ્યવહાર નિશ્ચયનું પ્રતિપાદન કરે એ શુદ્ધ વ્યવહાર છે."

'દાદાશ્રી'

શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ, મુંબઇ.

પ્રકાશક : શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ વતી,
ખેતશી નરશી શાહ
૨૦/૨૧, એન્જલ લેન્ડ, ચોથો માળ,
નાયગામ ક્રોસ રોડ,
વડાલા, મુંબઈ-૪૦૦ 031
ફોન : ૪૧૨૬૬૬૬
શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ
આવૃતિ : પહેલી આવૃતિ : ૧૦,૦૦૦-૧૯૮૯
દ્વિતીય આવૃત્તિ : ૧૦,૦૦૦-૧૯૯૧
મૂલ્ય : "પરમ વિનય"
અને
'હું કંઈ જ જાણતો નથી" એ ભાવ
ટાઇપ સેટીંગ : ક્રીએટીવ પેજ સેટર્સ,
૩૪ કાવસજી પટેલ સ્ટ્રીટ, લાખાણી ટેરેસ,
૧લે માળે, ફોર્ટ મુંબઇ-૪૦૦૦1
મુદ્રક : ફોટોટાઈપ પ્રીંટર્સ ફોન : ૨૨૫૭૮૪

## પ્રકાશકીય

પૂજયશ્રીના 'શુદ્ધ વ્યવહાર ચરણવિધિ"ના પુસ્તકમાંથી "નિત્યક્રમ"ના ભાગ તારવી આ નાની પુસ્તિકા બનાવી છે, જેનો લાભ નિયમિત દરેક મુમુક્ષુ લઇ શકે અને આત્મકલ્યાણ અર્થે શુદ્ધ ઉપયોગમાં લે એ જ એક ભાવના.

જય સચ્ચિદાનંદ

ખેતશી નરશીના અભેદ નમસ્કાર

## સંપાદકીય

આત્યંતિક મુક્તિની આકાંક્ષા પ્રત્યેક જીવને હોય જ. પ્રત્યક્ષ "જ્ઞાની પુરુષ"ની "આજ્ઞા એ ધર્મ ને આજ્ઞા એ જ તપ" જેનું જીવનસૂત્ર હોય તેને એની લબ્ધિ સરળપણે, સહજપણે ને સુગમપણે સંપ્રાપ્ય છે. કિંતુ પ્રત્યક્ષપણે સહુ કોઇને એ સંયોગનો સુમેળ સધાવો અતિ અતિ વિકટ છે. અપ્રત્યક્ષપણે મુમુક્ષુ મુક્તિનો સાચો રાહ પ્રાપ્ત કરી શકે એ હેતુએ નિશ્ચય પ્રતિપાદિત વ્યવહારવિધિનું અત્રે સંકલન

કરી પ્રકાશિત કરવામાં આવ્યું છે, જેની આરાધના થકી જીવ આ ભવે અવશ્ય સમ્યકદર્શનના ભવ્ય દરવાજામે પહોંચી શકશે એમાં શંકાને સ્થાન નથી. શરૂઆતમાં અમે તે પછી નિત્યક્રમ સૂચવવામાં આવેલ છે. નિત્ય-મનન આક્ષેપથીને આવતાં વિઘ્નોને નિર્મૂળ કરવામાં ચાવીસમ ઉપયોગી નીવડશે. મુમુક્ષુએ અત્યંત જાગૃતિપૂર્વક આનો સંપૂર્ણ ને સર્વાંગપણે લાભ લેવા વિનંતી.

ડૉ. નીરુબેન અમીનના જય સચ્ચિદાનંદ

## ત્રિમંત્ર

નમો અરિહંતાણં ૧.
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં ॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ૨.
ૐ નમઃ શિવાય ॥ ૩.
જય સચ્ચિદાનંદ
સંસાર વિઘ્નો નિવારક ત્રિમંત્ર

## " આમુખ "

જ્ઞાની પુરૂષ અને પરમાત્મામાં અંતરજ નથી જ્ઞાની તો પરમાત્માજ છે. અને તેમની ઓળખાણ વિનાં પરમાત્માની પ્રાપ્તી થઈ નથી માટે સર્વે પ્રકારે ભક્તિ કરવા યોગ્ય, આરાધના કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મુર્તી જ્ઞાનીરૂપ પરમાત્માની આજ્ઞા–એજ ધર્મ અને આજ્ઞા એજ તપ છે.

પ્રગટ જ્ઞાની પુરૂષ દાદા ભગવાન ભરતક્ષેત્રે આત્મિક નવજાગૃતિનાં ઉદ્ધાર મુર્તી સ્વાનુભવ વિભુષિત, પુરૂષાર્થ પ્રેરક તારણહાર છે. અનેરા

આ અક્રમ માર્ગનાં પ્રગટ 'પરમાત્મ પ્રેમ' નાજીવંત પ્રતીક વાત્સલ્ય-મૂર્તી 'દાદા ભગવાન' આપનાં અસીમ જયજય કાર હો. જયજય કાર હો. દાદા ભગવાનનાં અસીમ જય જય કાર હો ની અખંડ કિર્તન ભક્તિ તથા નિત્યક્રમ સિધ્ધસ્તુતી સાથેનું જેમનાં જીવનમાં વણાઇ જાશે તેમને આ મહા આશ્ચર્યકારી કિર્તન ભક્તિ તથા નિત્યક્રમની ભક્તિની લબ્ધી સરળપણે સહજપણે ને સુગમપણે પ્રાપ્ત રહેશે. મહાત્માઓને મુમુક્ષને મુક્તિનો સાચો રસ્તો મળી રહે મોક્ષમાર્ગ મળી રહે. કારણકે આ પુસ્તક દાદાની આજ્ઞા અનુસાર હોઇ–હેતપુર્વક આ વ્યવહારવિધિનાં નિત્યક્રમનું સંકલન પ્રકાશીત કરવામાં આવ્યું છે. આ નિત્યક્રમની સિધ્ધસ્તુતી સાથેની આરાધના તથા ભકિત થકી જીવને સમ્યકદર્શનનાં ભવ્ય દરવાજે પહોંચવાનો અવકાશ ઊભો થાય છે.

મોક્ષ માર્ગમાં આવતાં અનેક વિઘ્નોને નિર્મૂળ કરવામાં આત્યંતીક ઊપયોગી થાશે.

મહાત્માઓએ અત્યંત જાગૃતી પુર્વક આનો સંપૂર્ણ ને સર્વાંગી પણે લાભ લેવા નમ્ર વિનય પુર્વક વિનંતી.

**જય સચ્ચિદાનંદ**

ત્રિમંત્ર, નમસ્કારવિધી, નવકલમો, શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થનાં-સર્વસ્વ અમારૂ અપૂર્ણનું પદ, અંધારાકોટીનાં ૐરીમ દાદા ભગવાન, સિદ્ધસ્તુતી, હું વિજ્ઞાનસ્વરૂપ છું દાદા ભગવાનના અસીમ જય જય કાર હો–ની ૧૦ મિનીટની ભકિત-આરતી-સિમંધર સ્વામીની તથા બે દિવા દાદાની આરતી–જ્ઞાનાંજન સર્વદેવ લોકોનો શરણપો–તથા પ્રતિક્રમણ.

## નમસ્કારવિધિ

- પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા, તીર્થંકર ભગવાન 'શ્રી સીમંધર સ્વામી'ને અત્યંત ભકિતપૂર્વક નમસ્કાર કરું છું. (૪૦)
- પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિચરતા 'ૐ પરમેષ્ટિ ભગવંતો'ને અત્યંત ભકિત-પૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિચરતા 'પંચ' પરમેષ્ટિ ભગવંતો'ને અત્યંત ભકિતપૂર્વક નમસ્કાર કરું છું.

- ૦ પ્રત્યક્ષ 'દાદા ભગવાન'ની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિહરમાન 'તીર્થંકર સાહેબો'ને અત્યંત ભક્તિપુર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'વીતરાગ શાસન દેવ-દેવીઓ'ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'નિષ્પક્ષપાતી શાસન દેવ-દેવીઓ'ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'ચોવીસ તીર્થંકર ભગવંતો'ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'શ્રીકૃષ્ણ ભગવાન'ને અત્યંત ભક્તિપુર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ ભરતક્ષેત્રે હાલ વિચરતા સર્વજ્ઞ 'શ્રી દાદા ભગવાન'ને નિશ્ચયથી અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું (૫)
- ૦ 'દાદા ભગવાન'ના ભાવિ તીર્થંકર સાહેબોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'દાદા ભગવાન'ના સર્વે 'જ્ઞાની મહાત્માઓ'ને અત્યંત ભક્તિપુર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ આખા બ્રહ્માંડના જીવમાત્રના 'રીયલ' સ્વરૂપને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)
- ૦ 'રીયલ' સ્વરૂપ એ ભગવત સ્વરૂપ છે જેથી આખા જગતનું 'ભગવત સ્વરૂપે' દર્શન કરૂં છું.
- ૦ 'રીયલ' સ્વરૂપ એ શુદ્ધાત્મ સ્વરૂપ છે, જેથી આખા જગતને શુદ્ધાત્મ સ્વરૂપે દર્શન કરું છું. (૫)
- ૦ 'રીયલ' સ્વરૂપ એ તત્વ સ્વરૂપ છે જેથી આખા જગતને તત્વજ્ઞાને કરીને દર્શન કરું. છું.
- ૦ (વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામીને પરમ પૂજ્ય શ્રી 'દાદા ભગવાન'ના માધ્યમ દ્વારા પ્રત્યક્ષ નમસ્કાર પહોંચે છે. કૌંસમાં લખેલી સંખ્યા હોય તેટલા વખત બોલવું)

"દાદા ભગવાન" ના અસીમ જય જય કાર હો.

"દાદા ભગવાન"ના અસીમ જયજયકાર હો.

# — પ્રાત: વિધિ —

- ૦ શ્રી સીમંધર સ્વામીને નમસ્કાર. (૫)
- ૦ વાત્સલ્યમૂર્તિ દાદા ભગવાનને નમસ્કાર. (૫)
- ૦ પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિત માત્ર દુઃખ ન હો, ન હો, ન હો.
- ૦ કેવળશુદ્ધાત્માનુભવ સિવાય આ જગતની કોઇ પણ વિનાશી ચીજ મને ખપતી નથી.
- ૦ પ્રગટ જ્ઞાની પુરુષ 'દાદા ભગવાન' ની આજ્ઞામાં જ નિરંતર રહેવાની પરમ શક્તિ પ્રાપ્ત હો, પ્રાપ્ત હો, પ્રાપ્ત હો. ૫

## નવ કલમો

૧. હે દાદા ભગવાન! મને કોઇ પણ દેહધારી જીવાત્માનો કિંચિતમાત્ર પણ અહમ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શકિત આપો.
મને કોઇ દેહધારી જીવાત્માનો કિંચિતમાત્ર પણ અહમ ન દુભાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન અને સ્યાદ્વાદ મનન કરવાની પરમ શકિત આપો.

૨. હે દાદા ભગવાન! મને કોઇ પણ ધર્મનું કિંચિતમાત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શકિત આપો.
મને કોઇ પણ ધર્મનું કિંચિતમાત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન અને સ્યાદ્વાદ મનન કરવાની પરમ શકિત આપો.

૩ હે દાદા ભગવાન! મને કોઈ પણ દેહધારી, ઉપદેશક, સાધુ, સાધ્વી આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શકિત આપો.

૪ હે દાદા ભગવાન! મને કોઇ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિતમાત્ર પણ અભાવ, તિરસ્કાર, કયારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શકિત આપો.

૫ હે દાદા ભગવાન! મને કોઇ પણ દેહધારી જીવાત્મા સાથે કયારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા, ન બોલાય, ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શકિત આપો. કોઇ કઠોર ભાષા,

તંતીલી ભાષા, બોલે તો મને મૃદુ ઋજુ ભાષા બોલવાની શક્તિ આપો. આપો.

૬ હે દાદા ભગવાન! મને કોઇ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે સ્ત્રી, પુરુષ, અગર નપુંસક ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિતમાત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય, કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.

૭. હે દાદા ભગવાન ! મને, કોઇ પણ રસમાં લુબ્ધપણું ન કરાય, એવી શક્તિ આપો, સમરસી ખોરાક લેવાય એવી પરમ શક્તિ આપો.

૮. હે દાદા ભગવાન ! મને કોઇ દેહધારી જીવાત્માનો, પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાનો કોઇનો કિંચિતમાત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૯. હે દાદા ભગવાન ! મને જગતકલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

આટલું તમારે 'દાદા' પાસે માંગવાનું.

આ દરરોજ વાંચવાની ચીજ ન હોય, અંતરમાં રાખવાની ચીજ છે. આ દરરોજ ઉપયોગપૂર્વક ભાવવાની ચીજ છે.

આટલા પાઠમાં તમામ શાસ્ત્રોનો સાર આવી જાય છે.

—જય સચ્ચિદાનંદ

## શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના

હે અંતર્યામી પરમાત્મા ! આપ દરેક જીવમાત્રમાં બિરાજમાન છો તેમ જ મારામાં પણ બિરાજેલા છો. આપનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે. મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે.

હે શુદ્ધાત્મા ભગવાન ! હું આપને અભેદ ભાવે અત્યંત ભક્તિ-પુર્વક નમસ્કાર કરું છું.

અજ્ઞાનતાએ કરીને મેં જે જે * દોષો કર્યા છે, તે સર્વ દોષોને આપની સમક્ષ જાહેર કરું છું. તેનો હ્રદયપુર્વક ખૂબ પસ્તાવો કરું છું.

અને આપની પાસે ક્ષમા પ્રાર્થું છું. હે પ્રભુ ! મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો, અને ફરી એવા દોષો ના કરૂં એવી આપ મને શકિત આપો.

હે શુદ્ધાત્મા ભગવાન ! આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય અને અભેદ-સ્વરૂપ પ્રાપ્ત થાય. અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ

(જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા)

''જ્ઞાન સાક્ષાત્કાર પામવા માટેની વ્યવહાર વિધિ''

* પ્રગટ 'જ્ઞાની પુરૂષ' 'દાદા ભગવાન'ને અત્યંત ભકિતથી નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું
* પ્રગટ 'જ્ઞાની પુરૂષ' થકી 'સત' પ્રાપ્ત થયુ છે જેમને, તે 'સંત પુરૂષો'ને અત્યંત ભકિતથી નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું.
* સર્વે નિષ્પક્ષપાતી 'દેવ-દેવીઓને' અત્યંત ભકિતથી નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું.

હે પ્રગટ જ્ઞાની પુરૂષ તથા હે સંત પુરૂષો ! આજે આ ભડકે બળતા જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો, અને હું તેમાં નિમિત્ત બનું એવી શુધ્ધ ભાવનાથી આપની સમક્ષ મન, વચન, કાયાની એકાગ્રતાથી પ્રાર્થનાવિધિ કરૂં છું. જે આત્યંતિક સફળ થાઓ, સફળ થાઓ, સફળ થાઓ.

હે દાદા ભગવાન! આપના શુદ્ધ જ્ઞાનમાં અવલોકન થયેલાં અને આપના શ્રીમુખેથી પ્રગટેલાં શુદ્ધ જ્ઞાનસૂત્રો નીચે મુજબનાં છે.

મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવો જે આવે તેનાથી 'શુદ્ધ ચેતન' સર્વથા નિર્લેપ જ છે.'' (૩)

''મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓથી 'શુદ્ધ ચેતન' સર્વ અસંગ જ છે.'' (૩)

''મન વચન, કાયાની ટેવો અને તેના સ્વભાવને 'શુદ્ધ ચેતન જાણે છે અને પોતાના સ્વ-સ્વભાવને પણ 'શુદ્ધ ચેતન જાણે છે. કારણ કે તે સ્વ-પર પ્રકાશક છે.'' (૩)

આહારી આહાર કરે છે અને નિરાહારી 'શુદ્ધ ચેતન' માત્ર તેને જાણે છે.'' (૩)

"સ્થૂળ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે અને પરાધીન છે, અને 'શુદ્ધ ચેતન તેનું જ્ઞાતા-દ્રષ્ટા માત્ર છે." (૩)

"સ્થૂળતમથી સૂક્ષ્મતમ સુધીની તમામ સંસારિક અવસ્થાઓનું 'શુદ્ધ ચેતન' જ્ઞાતા-દ્રષ્ટા માત્ર છે, ટંકોત્કીર્ણ છે આનંદ સ્વરૂપ છે" (૩)

"મન, વચન, કાયાની અવસ્થા માત્ર કુદરતી રચના (Only Scientific Circumstantial Evidence) છે. જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે 'વ્યવસ્થિત' છે" (૩)

"નિશ્ચેતન-ચેતનનો એક પણ ગુણ 'શુદ્ધ ચેતન'માં નથી અને 'શુદ્ધ ચેતન'નો એક પણ ગુણ નિશ્ચેતન-ચેતનમાં નથી. બન્ને સર્વથા સાવ જુદાં છે." (૩)

"ચંચળ ભાગના જે જે ભાવો છે તે નિશ્ચેતન-ચેતનના ભાવો છે અને 'શુદ્ધ ચેતન' કે જે અચળ છે તેના ભાવો નથી." (૩)

હે પ્રભુ! ભ્રાંતિથી મને 'શુદ્ધ ચેતન'ના ભાવો, ઉપરનાં સુત્રો મુજબ 'આ' જ છે એમ યથાર્થ, જેમ છે તેમ સમજાયું નથી; કારણ કે નિષ્પક્ષપાતી ભાવે મને મારી જાતને જોતાં સમજાયું કે મારામાંથી અંતરકલેશ તથા કઢાપો-અજંપો ગયેલ નથી, હે પ્રભુ! માટે મારા અંતરકલેશને શમાવવા પરમ શક્તિ આપો. હવે મારા આ શુદ્ધ ભાવોને જેમ છે તેમ સમજવા સિવાય કોઈ કામના નથી, હું કેવળ મોક્ષનો જ કામી છું. તે અર્થે મારી દૃઢ અભિલાષા છે કે હું 'સંત પુરૂષોના વિનય'માં અને 'જ્ઞાની પુરૂષના પરમ વિનય'માં રહી, હું કંઇ જ જાણતો નથી, એ ભાવમાં જ રહું.

ઉપરનાં જ્ઞાનસૂત્રો મુજબના શુદ્ધ ભાવો મારી શ્રદ્ધામાં આવતા નથી અને જ્ઞાનમાં આવતા નથી. જો એ ભાવો મારી દૃઢ શ્રદ્ધામાં આવશે તો જ હું અનુભવીશ કે મને યથાર્થ સમ્યકદર્શન થયું છે. આ માટે એ જ ચીજની મુખ્ય જરૂર છે.

(૧) 'હું પરમ-સત્ય જાણવાનો જ કામી છું' એ ભાવ-નિષ્ઠા.

(૨) 'પરમ સત્ય' 'જ્ઞાની પુરુષ'ની આજ્ઞાના સંપૂર્ણ આરાધનથી પ્રાપ્ત થાય છે.

'જ્ઞાની પુરૂષ'ના પ્રત્યક્ષ યોગ સિવાય અન્ય કોઇ જ માર્ગ નથી, માટે 'જ્ઞાની પુરૂષ'ની શોધમાં રહું અને તેમનો યોગ પ્રાપ્ત થયે હું તેમની જ આજ્ઞાની આરાધનામાં રહેવાનો દૃઢ નિર્ણય-નિશ્ચય કરૂં છું. તે મારી કામના સફળ થાઓ, સફળ થાઓ, સફળ થાઓ.

જય સચ્ચિદાનંદ

# "સિદ્ધ–સ્તુતિ"

## (પૂજ્ય દાદાભગવાનની આજ્ઞાએ કરી)

૧ ભરત ક્ષેત્રે હાલ વિચરતા સર્વજ્ઞ શ્રી દાદાભગવાનને નીશ્ચયથી અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરૂં છું.

૨ હે દાદા ભગવાન ! અમે અમારી આત્મરમણતા તથા આત્મસ્વરૂપ પ્રકાશમાન થવા આપના શ્રીમુખેથી અપાયેલ સિદ્ધસ્તુતિની, આપની આજ્ઞાએ કરીને આપની સાક્ષીએ લઘુત્તમભાવે ભક્તિ કરીએ છીએ.

૩ હે દાદા ! આપ અમારા હૃદયમાં બીરાજી આ 'સિદ્ધસ્તુતિ' પ્રકાશમાન થાય, તથા આત્માનાં અનંત ગુણો પ્રગટ થાય એવી કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો.

૪ હું, મન, વચન, કાયા, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, મારા તથા મારા નામની સર્વ માયા, આપ પ્રગટ પરમાત્માના સુચરણોમાં સમર્પણ કરૂ છું.

| | | |
|---|---|---|
| ૧) | હું શુદ્ધાત્મા છું | (૫) |
| ૨) | હું વિશુદ્ધાત્મા છું | (૫) |
| ૩) | હું પરમ જયોતિ સ્વરૂપ સિદ્ધભગવાન છું | (૫) |
| ૪) | હું અસંગ છું | (૫) |
| ૫) | હું અવ્યાબાધ છું | (૫) |
| ૬) | હું અરૂપી છું | (૫) |
| ૭) | હું સર્વ પરદ્રવ્યથી સર્વથા ઉદાસીન છું | (૫) |
| ૮) | હું અનંત જ્ઞાનવાળો છું | (૨૫) |
| ૯) | હું અનંત દર્શનવાળો છું | (૨૫) |
| ૧૦) | હું અનંત શક્તિવાળો છું | (૨૫) |
| ૧૧) | હું અનંત સુખનું ધામ છું | (૨૫) |
| ૧૨) | હું અવ્યાબાધ સ્વરૂપ છું | (૫) |
| ૧૩) | હું અમૂર્ત છું | (૫) |
| ૧૪) | હું સૂક્ષ્મ છુ | (૫) |
| ૧૫) | હું અગુરૂલઘુ સ્વભાવવાળો છું | (૨૫) |
| ૧૬) | હું સર્વ પરદ્રવ્યથી સર્વથા વીતરાગજ છું | (૫) |
| ૧૭) | હું નિજતત્વવાળો શુદ્ધાત્મા છુ | (૫) |
| ૧૮) | હું ટંકોત્કીર્ણવત્ છું | (૨૫) |

૧૯) હું દ્રવ્યે કરીને, તત્ત્વે કરીને સંપૂર્ણ શુદ્ધ છું.
સર્વાંગ શુદ્ધ છું (૧૦)

૨૦) હું જ્ઞાનદર્શનાદી અનંતા ગુણોથકી સંપૂર્ણ શુદ્ધ છું.
સર્વાંગ શુદ્ધ છું (૧૦)

૨૧) અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં
હું સંપૂર્ણ શુદ્ધ છું સર્વાંગ શુદ્ધ છું (૧૫)

૨૨) હુ તત્ત્વગુણ અવસ્થાથી સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું. (૫)

૨૩) હું દ્રવ્યગુણ પર્યાયથી સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું (૫)

૨૪) સ્વસ્વરૂપે કરીને હું સંપૂર્ણ શુદ્ધ છું સર્વાંગ શુદ્ધ છું (૫)

૨૫) પ્રકૃતિનો એકપણ ગુણ મારામાં નથી, અને મારો એક પણ
ગુણ પ્રકૃતિમાં નથી. બન્ને તદ્દન જુદા છે. (૫)

૨૬) મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવોથી, હું સર્વથા
નીર્લેપજ છું (૫)

૨૭) મન, વચન, કાયાની તમામ સંગીક્રિયાઓથી હું તદ્દન અસંગ
જ છું (૫)

૨૮) મન, વચન. કાયાની ટેવો, ને તેના સ્વભાવને હું જાણું છું અને
મારા સ્વ સ્વભાવને પણ હું જાણું છું કારણ કે હું સ્વપર
પ્રકાશક છું (૫)

૨૯) મન, વચન, કાયાની અવસ્થા માત્ર કુદરતી રચના છે, જેનો
કોઈ બાપોય રચનાર નથી, અને તે "વ્યવસ્થિત" છે. (૩)

૩૦) મન, વચન, કાયાની અવસ્થા માત્ર 'Scientific
Circumstsantial Evidence છે, અને તે વ્યવસ્થિત
ભાવેજ રહેલી છે. (૩)

૩૧) સ્થુલતમથી સુક્ષ્મતમ સુધીની તમામ સંસારી અવસ્થાઓનો
હું જ્ઞાતા દ્રષ્ટા માત્ર છું, ટંકોત્કીર્ણ છું, આનંદસ્વરૂપ છું (૩)

૩૨) સ્થુલતમથી, સુક્ષ્મતમ સુધીની તમામ સંસારી અવસ્થાઓનો
હું જ્ઞાતા દ્રષ્ટા માત્ર છું, ટંકોત્કીર્ણ છું, કેવળજ્ઞાન સ્વરૂપ છું. (૩)

૩૩) સ્થુળ સંયોગો, સુક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે,
અને પરાધીન છે. (૩)

૩૪) આહારી આહાર કરે છે, હું નિરાહરી માત્ર તેને જાણુ છું. (૫)

૩૫) વિહારી વિહાર કરે છે, હું નિર્વિહારી માત્ર તેને જાણુ તું (૫)

૩૬) નીહારી નીહાર કરે છે, હું નિર્નિહારી માત્ર તેને જાણું છું (૫)
૩૭) હું શુધ્ધાત્મા છું (૧૦)
૩૮) હું નિશ્ચય નિર્ણયથી કેવળ શુધ્ધાત્મા છું (૩)
૩૯) હું વિજ્ઞાન સ્વરૂપ છું (૧૦)

" દાદા ભગવાનના અસીમ જય જય કાર હો "

* દાદા ભગવાનના અસીમ જય જય કાર હો' બોલે ને, તો એ પ્રત્યક્ષ પરમાત્માની કીર્તન ભકિત છે. જે દાદા ભગવાન ચૌદ લોકનો નાથ છે, જે મહી પ્રગટ થયેલો છે. તે પ્રત્યક્ષ પરમાત્માની કીર્તન ભક્તિ છે. એવી થઇ જ નથી ને! માટે એવું ફળ આપે કે ન પૂછો વાત એટલે 'દાદા' ની કીર્તન ભકિત એ મોટામાં મોટી ભકિત છે. અને કીર્તન ભકિતથી કોઈ પણ નિયમ પાળ્યા વગર તે રૂપ થઇ જવાય. કીર્તન ભકિત ગાય ને તે બહુ મોટી ભકિત કહેવાય.

દાદા ભગવાન તો મેં જોયેલા છે, સંપૂર્ણ દશામાં છે અંદર. એની હું ગેરેન્ટી આપું છું હું જ એમને ભજું છું ને! અને તમનેય કહુ છું કે 'ભઇ, તમે દર્શન કરતા જાવ.' દાદા ભગવાન ૩૬૦ ડીગ્રી–ને મારે ૩૫૬ ડીગ્રી છે. એટલે અમે બે જુદા છીએ, એ પુરવાર થઇ ગયું કે નહી?

પ્રશ્નકર્તા : હાસ્તો ને?

દાદાશ્રી : અમે બે જુદા છીએ. મહી પ્રગટ થયેલા છે એ દાદા ભગવાન છે. એ સંપૂર્ણ પ્રગટ થઈ રહ્યા છે, ઝળહળ જ્યોતિ સ્વરૂપ!

જે 'દાદા ભગવાન' છે તેમની ભકિત તો હુંયે કરું છુ મારે ચાર ડિગ્રી વધારવાની તો ખરી ને ! ખોટ ખરીને, ત્યો સુધી મારેય ભક્તિ કરવાની રહે અહિં તો તમે જેવા ભક્ત છો એવો હું પણ ભક્ત છું. આ દેખાય છે તે દાદા ભગવાન ન હોય. આ તો એ. એમ. પટેલ છે, ભાદરણના પાટીદાર છે. અહિ દાદા ભગવાન બેઠા છે. હું પોતે જ દાદા ભગવાનનો જયજયકાર બોલાવડાવું છુ ને ! એટલે હુંયે ભકત છું. ને તમે ય ભકત છો !

પ્રશ્નકર્તા : એટલે જ્ઞાની પુરુષ જે છે, તે દાદા ભગવાનના ભકત છે ?

દાદાશ્રી : હાસ્તો ને ! હું બે આનીનો ભકત, તમે આઠ આનીના ભકત હો, માટે કંઇ ભકતની ડિગ્રીમાં ફેર પડી ગયો ? બધાય ભકતની ડિગ્રીઓમાં જ છે.

આટલું જ વાકય સમજેને, તો બહુ કામ થઇ જાય.

હવે મારેય ચાર ડિગ્રી કરવી પડશે ને? કેવળજ્ઞાનમાં નાપાસ થયેલો છું. કેવળજ્ઞાનમાં–પરીક્ષામાં નાપાસ થયો એટલે પછી મારે પરીક્ષા તો આપવી પડશેને, ફરી? મારે ચાર ડિગ્રી પુરી કરવાની ના હોય? એટલા હારૂ હું શું કરું છું? 'આમ' કરીને નમસ્કાર કરું છું ને! અને તમનેય બોલવાનું કહું છું ને! અને તેમને બોલવાનું કહું છું ચાર ડિગ્રી ખૂટે તો મારે બોલવું પડે કે ના બોલવું પડે? તમારેય પાંચ–છ ડિગ્રી ખૂટતી હશે કે નહિ ખૂટતી હોય? તમારેય થોડીઘણી ખૂટતી હશે ને?

**પ્રશ્નકર્તા** : હા જી.

**દાદાશ્રી** : ખૂટતી હોય તો બોલાવો. અને આ બોલશોને, તો તમારેય ડિગ્રી ઉમેરશે. એટલે 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલવાનું હું હઉ બોલું છું ને, તમારી જોડે. તમારી મહી એ જ દાદા ભગવાન બેઠેલા છે. તમારે ડિગ્રી ઓછી હોય તો અમે કહ્યું એ રીતે પૂરી કરો. એમાં વાંધો ખરો? અને આપણે તો કામ સાથે કામ છે ને! મારે ચાર ડિગ્રી ઓછી છે, તેથી હું ગાઉં છું, તમારે ડિગ્રી ઓછી છે તો તમેય ગાવ.

* અનંત અવતારથી જે હૃદયમાં ઘા પડયા છે, જે દિલમાં ઘા પડયા છે, એ ઘા રૂઝવવાનો કોઇ રસ્તો જ નથી. ધર્મ પ્રાપ્ત થાય, પણ ઘા રૂઝવવાનો નથી. આ એક જ વાકય એવું છે કે ઘા રૂઝાય, 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલ્યા કે મહી ઘા રૂઝાયા કરે બધા. મહી હૃદયમાં ઘા પડેલા હોય. બધા લોકો નથી કહેતા કે મારી છાતીએ ઘા લાગ્યો છે? આ બોલના ઘા પડે છે. કોઈ બોલે તો ઘા પથરા જેવો લાગે કે ના લાગે? માટે આ ઘા બધા રૂઝાયે ત્યારે મોક્ષ થશે. એમ ને એમ મોક્ષ ના થાય ઘા રૂઝવાનો થયો હોય ત્યારે હોરો બીજો ઘા પડયેઃ જ હોય. અને 'આ' બોલ બોલ કરશો ને, તો બધા ઘા રૂઝાઈ જશે.

'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' એ પ્રત્યક્ષ ભક્તિ છે ભગવાનની, તે આઠ મિનિટ ઓછામાં ઓછું બોલવું અને વધારે ટાઇમ હોય તો પચાસ મિનિટ બોલજો. પચાસ મિનિટ બોલે તો દાદા ભગવાનનાં દર્શનેય થાય. માટે એ બોલજો. ને કો'ક દહાડો પચાસ

મિનિટ ના બોલાય તોય આઠ મિનિટથી ઓછું નહિ બોલવાનું તોય ચાલે. આઠ મિનિટથી ઉપર બોલવાનું શરૂ થયું, તો એ ભયંકર પાપો ભસ્મીભૂત કરીને મોક્ષ ભણી લઈ જાય એવું છે. કારણ કે પ્રાગટય છે આ. દાદા ભગવાન પ્રગટ છે. મહાવીર ભગવાનનુ નામ દે. પણ આજે એ પ્રગટ નથી. માટે આવું કામ ના કરે એ. આ તો ખાલી દર્શન કરવાથી જ પાપ નાશ થાય એવું છે, તો આ તમે 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલો તો તો શું થાય!

મહી ભગવાન હાજર છે, ને તેને જ તમે બોલો છો. ભગવાન હાજર છે તેનાં દર્શન હઉ તમે કર્યા! એ તો તમને લાગે કે હું આ અહિ દર્શન કરું છું.. પણ મહી પહોંચ્યા ઠેઠ, તે ઘડીએ અમે ભગવાનને કહ્યું કે, 'આને આશીર્વાદ આપો.' હવે એથાં વધારે આગળ તમારે જોઇએ છે કે આટલું ચાલશે?

**પ્રશ્નકર્તા** : આપને જે યોગ્ય લાગે તે.

**દાદાશ્રી** : આ પતંગનો દોર છૂટો હતો. અને તમે એની પાછળ દોડો કે 'મારી પતંગ ગુલાંટ ખાય છે.' અરે, પણ દોરો આપણા હાથમાં ના હોય પછી શું કરીએ ગુલાંટ ખાય તેને? આ દોરો તમને આપ્યો તે ગુલાંટ ખાય ત્યારે ખેંચજો. કેટલાક તો 'અસીમ જયજયકાર' રોજ એક કલાક બોલે છે તો એમને દાદા ભગવાન દેખાય છે. પછી આપણે બીજું શું જોઇએ?

* અંદર અમૃતબિંદુ ટપકે. કોઈ વસ્તુ એવી નથી કે જેનાથી અંદર અમૃતબિંદુ ટપકે. આઠ મિનિટથી ઉપર બોલતાંની સાથે અમૃતબિંદુ બોલતાં સુધી તો આનંદ રહે ને પછી તો અમૃતબિંદુ ટપકવાની શરૂઆત થઇ જાય, એટલે આ તો સીધું અમૃત જ છે, અમૃતરસ છે એક જાતનો! અને માણસનું કામ કાઢી નાખે, આ કાળમાં ઊભું થયું છે તેથી અમે કહી દઇએ કે આટલું કરજો,

જય સચ્ચિદાનંદ

આલોચના,

પ્રતિક્રમણ,

પ્રત્યાખ્યાન

પ્રત્યક્ષ 'દાદા ભગવાન' ની સાક્ષીએ દેહધારી *

ના મન, વચન, કાયાના યોગ: ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી ભિન્ન એવા હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન! આજ દિન સુધી જે જે ** દોષ થયા છે તેની ક્ષમા માંગુ છું પશ્ચાતાપ કરું છું. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરું છું. મને ક્ષમા કરો, ક્ષમા કરો, ને ફરી આવા દોષ ક્યારેય પણ નહિ કરું એવો દૃઢ નિશ્ચય કરું છું. હે દાદા ભગવાન!

મને શકિત આપો, શકિત આપો, શકિત આપો.

જય સચ્ચિદાનંદ

*સંબંધિત વ્યક્તિનું નામ લેવું
* જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા

"દાદા ભગવાનના અસીમ જયજયકાર હો."

## સદગુરુ વંદના

અહો! અહો! શ્રી સદગુરૂ, કરૂણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર ...૧
શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તુ ચરણાધીન ...૨
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન
દાસ, દાસ, હું દાસ છું. આપ પ્રભુનો દીન ...૩
ષટ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ ...૪
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરુ! ભગવંત ...૫
પરમપુરુષ પ્રભુ સદગુરુ! પરમજ્ઞાન સુખધામ
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ ...૬
દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત
આ જ્ઞાનીના ચરણમાં, હો! વંદન અગણિત ...૭
દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત
આ દાદાના ચરણમાં હો! વંદન અગણિત ....૮

– જય સચ્ચિદાનંદ –

## પદસંગ્રહ દેવોને આવાહન

અંધારાં કોટિ વર્ષનાં, પળ સાઠમાં ઉલેચશે,
ટંકોત્કીર્ણ જ્ઞાન અભેદનાં, જ્યોતિ સ્વરૂપે પ્રગટશે.
તેત્રીસ કોટિ દેવી-દેવતા, શાંતિ કાજે આવજો,
સામાયિક શુદ્ધ-આત્માની, જ્ઞાની અપૂર્વ લાવશે.
વાણી દાદા ભગવાનની, તીર્થંકારો સાંભળે,
સર્વજ્ઞનાં સુચરણો મહીં, આતમ શાતા પામશે.
દાવાનળની જવાળા મહીં, બ્રહ્માંડ પણ ભડકે બળે,
પાતાળી ઝરણું કરુણાભર્યાં જળ-શીતળ છંટકારશે.
અમૃત-વાણી ભગવાનની, જળ શીતળ થઈ ઠારશે,
ચરમ-ચોવીશી સામટી, 'જય સચ્ચિદાનંદ' જ્ઞાની 'તે'

-નવનીત

## સર્વસ્વ અમારું અર્પણ છે

સર્વસ્વ અમારું અર્પણ છે, ભગવાન તમારા શરણોમાં, સુરચરણોમાં;
આધ્યાત્મિક આનંદ પરમાનંદ, આ પરમ-હંસના સત્સંગમાં ...સર્વસ્વ
મન વચન, કાયા, છાયા માયાના ભાવનો દ્રવ્ય કરમ;
સ્વીકારો ભ્રાંતિ બાળકની, અન્ય શરણ દ્યો ભવરણમાં ...સર્વસ્વ
જ્ઞાનામૃતના મોતી ચૂગે, હંસા માન-સરોવરમાં;
સત્યમ, શિવમ ને સુંદરમની, 'દિવ્ય-ચક્ષુ'ની જ્યોતિમાં ...સર્વસ્વ.
સૂરજનું કેવું તર્પણ છે! ચંદાનાં શિતળ કિરણોમાં;
'સમભાવે' નિકાલ કરો, ઘટમાળ ઉઠે જે અંતરમાં ...સર્વસ્વ.
રાત, દિવસ, સંધ્યા, ઉષા, કેવા અદ્ભુત છે નિયમમાં;
ભરતી-ઓટ મન-સાગરની, 'નિશ્ચિત' ને 'વ્યવસ્થિત'માં ...સર્વસ્વ.
જીવન ભલે એક દર્શન હો, પણ આતમ શાશ્વત દર્પણ છે;
'વ્યવહાર' ભલે કોટિ સંગ, પણ 'નિશ્ચય' કેવળ ભગવંતમાં ...સર્વસ્વ.
'મૂઢ' આત્માનો ઉદ્ધાર કરી, જે 'શુદ્ધાત્મા' ને જગાડે છે
અપૂર્વ અગોચરને ઉલ્લસિત, જળહળ જ્યોતિ તન-મનમાં ...સર્વસ્વ.
'અક્રમ'ની અણુદીઠ કેડીથી, જે મોક્ષદ્વાર ઉઘાડે છે,
પરમાત્મ-સ્વરૂપ હે, પ્રગટ પુરુષ આપ જ છો મારા શુદ્ધાત્મા ...સર્વસ્વ.

નમો વીતરાગાય

# શ્રી સીમંધર સ્વામીની આરતી

જય સીમંધર સ્વામી, પ્રભુ તીર્થંકર વર્તમાન
મહાવિદેહ ક્ષેત્રે વિચરતા (૨) ભરત ઋણાનુબંધ ....જય૦
દાદા ભગવન સાક્ષીએ, પહોંચાડું નમસ્કાર ...(સ્વામી)
પ્રત્યક્ષ ફળ પામું હું (૨) માધ્યમ જ્ઞાન અવતાર ...જય૦
પહેલી આરતી સ્વામીની, ૐપરમેષ્ટિ પામે ...(સ્વામી)
ઉદાસીન વૃત્તિ વહે (૨) કારણ મોક્ષ સેવે ...જય૦
બીજી આરતી સ્વામીની, પંચ પરમેષ્ટિ પામે ...(સ્વામી)
પરમહંસ પદ પામી (૨) જ્ઞાન અજ્ઞાન લણે ...જય૦
ત્રીજી આરતી સ્વામીની, ગણધર પદ પામ .. (સ્વામી)
નિરાશ્રિત બંધન છૂટે (૨) આશ્રિત જ્ઞાની થયે ...જય૦
ચોથી આરતી સ્વામીની, તીર્થંકર ભાવિ ...(સ્વામી)
સ્વામી સત્તા દાદા કને (૨) ભરત કલ્યાણ કરે, ...જય૦
પંચમી આરતી સ્વામીની, કેવળ મોક્ષ લહે ...(સ્વામી)
પરમ જ્યોતિ ભગવંત 'હું' (૨) અયોગી સિદ્ધપદે ....જય૦
એક સમય સ્વામી ખોળે જે માથું ઢાળી નમશે ...(સ્વામી)
અનન્ય શરણું સ્વીકારી (૨) મુક્તિપદને વરે ...જય૦

જય સચ્ચિદાનંદ

## દાદા દીવો : ૧

મૂળ દીવાથી પ્રગટો દીપકમાળ,
સ્વરૂપ પ્રકાશિત દાદાનો દરબાર,
પહેલો દીવો દૃષ્ટિ 'વ્યવહાર'
સર્વોત્તમ જગ-રૂપીને કરમાળ .. મૂળ દીવાથી૦
બીજો દીવો 'નિશ્ચય' વરમાળ,
'દિવ્ય-ચક્ષુ'થી 'શુદ્ધ'ને નમસ્કાર ...મૂળ દીવાથી૦
ત્રીજો દીવો 'વ્યવસ્થિત' ઘટમાળ,
અકર્તા ગાય, સુણે સ્વ-ભજનમાળ ....મૂળ દીવાથી૦
ચોથો દીવો 'સમભાવે' નિકાલ,
નિરાગી વિતરાગે કરુણા-ધાર ....મૂળ દીવાથી૦

પંચમ દીવો 'શુદ્ધાત્મા' આ-ધાર,
શુદ્ધ ખાતાવહી, નિર્ભેદ વેપાર ...મૂળ દીવાથી૦
'આ' મૂર્તામૂત પ્રગટ 'છે' અવતાર,
'પંચ પરમેષ્ટિ' સુચરણે સાક્ષાત્કાર ...મૂળ દીવાથી૦
'દાદા'નો દીવો દાદાનો દરબાર,
ઝવેર 'મૂળ' હીરા 'આ' ઝાકઝમાળ ...મૂળ દીવાથી૦

## દાદા દીવો : ૨

દીવો કરીએ ભગવાન, દાદા સર્વ સમર્પીને,
અંધારાં ઉલેચ્યાં ભવ કેરાં દાદા પ્રગટીને.
સર્વજ્ઞ દાદા જ્ઞાન અવતારી,
'અક્રમ' લિફ્ટ તણા સૂકાની,
સંગમેશ્વર સિદ્ધ જગકલ્યાણી,

મૂર્તામૂર્ત મોક્ષદાતા, પ્રકાશ્યો જેણે સમષ્ટિને ....દીવો કરીએ૦
અનંતજ્ઞાની અનંતદર્શી,
અનંત સુખની ફોરમ વર્ષી,
અમૂર્ત મુરત નયને વસી,

દિવ્યચક્ષુ દાતા ત્વં, પરમ જ્યોતિ સ્વરૂપીને ...દીવો કરીએ૦
સૂર્ય સમાન પ્રતાપી તેજસ,
ચંદ્ર સમાન શીતળ ઓજસ,
મેરુ અચલ સમ સાગર ગંભીર,

મુક્તિમંદિરનાં ગુણલાં પ્રત્યક્ષ પ્રગટનાં ગાઇને ....દીવો કરીએ૦
વિશ્વાધાર અંગુલિ ટેરવે,
બ્રહ્માંડ સ્વામી સ્વામિત્વ અભાવે,
નિજ સ્વરૂપી, નિજ સ્વભાવે,

દસ લાખ વરસે પ્રગટી, અક્રમ દાદા જ્યોતિને ....દીવો કરીએ૦
'શુદ્ધાત્મા મૂળ' ઉપાદાની
અહમ મમતના અપાદાની,
મૂળ નિમિત્ત એક સંયોગી,
છોડાવ્યો ભવસંસારે, વંદુ કૃપાળુ જ્ઞાનીને ...દીવો કરીએ૦

# દાદા આરતી

જય દાદા ભગવાન, દાદા સંગમેશ્વર ભગવાન,
આરતી કરી જીવ ટાળે (૨) રૌદ્ર, આર્ત્ત, અપધ્યાન,
...જય દાદા ભગવાન.

પ્રગટ દીવો 'આ' દાદા કેરો, જગ પ્રકાશમાન કરે-દાદા જગ (૨)
જગકલ્યાણે પ્રગટ્યા (૨) 'અક્રમ' જ્ઞાન અવતાર,
...જય દાદા ભગવાન.

પહેલી આરતી 'દાદા'ની ત્રિવિધ તાપ ટાળે-દાદા ત્રિવિધ (૨)
સર્વ અવસ્થા સમાધિ (૨) શુદ્ધાત્મજ્યોત જલે,
...જય દાદા ભગવાન.

બીજી આરતી 'દાદા'ની કેવળ દર્શન કરે-દાદા કેવળ (૨)
પોસાય ના પોસાય જગે (૨) ક્રિયામાં અકર્તા,
....જય દાદા ભગવાન.

ત્રીજી આરતી 'દાદા'ની કેવળજ્ઞાન પામે દાદા કેવળ (૨)
સ્વસંવેદન શકિત (૨) બ્રહ્માંડ પ્રકાશે સ્વયં,
... જય દાદા ભગવાન.

ચોથી આરતી 'દાદાની અદીઠ તપ કરે-દાદા અદીઠં (૨)
જ્ઞાન-અજ્ઞાન ભિન્ન ભેદી (૨) સ્વ-ચારિત્ર લહે,
...જય દાદા ભગવાન.

પંચમી આરતી 'દાદા'ની કલ્યાણ ભાવ વાવે-દાદા-કલ્યાણ (૨)
તીર્થંકર પદ પામી (૨) જગકલ્યાણ કરે,
.. જય દાદા ભગવાન.

'દાદા' આરતી કેવળ, જે કોઇ ગાશે-દાદા જે (૨)
એક કૃપા અમીદષ્ટિ (૨) તરણ તારણ તારે.
...જય દાદા ભગવાન.

## પ્રગટ 'દાદા' સ્તુતિ

જ્ઞાનાંજન હે પરમાનંદમ,
હે દાદા જય સત-ચિત-આનંદ.
નિરંજન સિદ્ધ અરિહંતાણમ,
હે દાદા 'તે' મૂળથી ચરમસ્પંદ.
મુખમુદ્રા મનહર જનવલ્લભ,
મુરલીમનોહર જ્ઞાન સુધામૃત.
બાહ્યોંતર નિર્ગ્રંથિ સમરસ,
દશા અહો! વીતરાગ અનુપમ.
આત્માનંદી પુષ્ટિ વચનબળ,
નિષ્કામી કરુણામય પલ-પલ.
પ્રગટ દીવો 'આ' જ્યોતિ ઝળહળ,
જગ આખાનું ટાળો દળદર (પ્રગટ)
નિર્દ્વંદી 'આ' અબૂધ પડછંદ,
અનંત ગુણ 'જય સચ્ચિદાનંદ.'
કરુણાસાગર હે પરમાતમ,
મોક્ષ સંબંધી શાશ્વત શરણમ.
શરીર છતાંયે અશરીર ભાવે.
વિચરે સર્વજ્ઞ તેને વંદન કરું છું.
'દાદા ભગવાન'ને નમસ્કાર કરું છું.
'દાદા ભગવાન'ને નમસ્કાર કરું છું.

જય સચ્ચિદાનંદ

## દાદાને ઓળખવા

વળતરની ઇચ્છા વિના, લૂંટાવે મોક્ષ જ લક્ષ્મી,
ઓ હો હો! કરુણાસાગર, વૈજ્ઞાનિક સ્વપ્નદર્શી.
વસ્તુત્વે સ્વ-ગુણધારી, દેહાતીત સજીવન મૂર્તિ,

સંપૂર્ણ કેવળ વર્તક, વર્તાવે કારણ-ગુપ્તી.

મહીલી સમૃદ્ધિદર્શક, આધ્યાત્મિક આતમ-લક્ષી,
પરમાર્થે શક્તિવર્ધક, નિષ્કામી જ્ઞાન મહર્ષિ,

'દાદા'ને ઓળખવાને, ખપશે અંતરની દષ્ટિ,
નિઃશબ્દે અનુભવગમ્ય, અસંયત-મુનિ સંન્યસ્તી

પરમાર્થે સતસંગ દેતા, પોતાના પૈસા ખર્ચી,
જગહિતે ગાળી કાયા, જોતા ના ઠંડી ગરમી.

જીવીને દાખલો દીધો, સર્વાંગે ધરમીમરમી,
સત-કેવળ 'નિશ્ચયવતી' વ્યવહારે' પૂર્ણદર્શી.

દાદાની દૈનિક ચર્ચા, વાતો સૌ ખુલ્લમ ખુલ્લી,
પાડાને વેદ ભણાવ્યા, લઘુતમથી ગુરુતમ ગુણી.

સ્વસ્તિકી એક જ 'સેન્ય', અઘટ પ્રેમી સંપૂર્ણી.
નિર્ભેળી માતૃ-વત્સલ, 'તે' ચરણે ઝૂકતાં મુક્તિ.

જય સચ્ચિદાનંદ

## રાજીપો

સર્વ દેવ લોકનો રાજીપો જ્ઞાનીપર,
તેથીજ મહાત્માઓ ફરી શકે નીડર
કોઈ પણ મહાત્માને ઉપસર્ગ આવે ત્યારે,
કોઇ પણ મહાત્માને પરિષહ આવે ત્યારે,

"દાદાજી" ધરે છે બેઉ હાથું,
મોકલે છે લશ્કર આખું.

"મોક્ષદાન" સાથે "અભયદાન" ખાસ્સું
આ હ્રદય-કમળમાં 'દાદા'જ સ્થાપું

મૂર્તા મૂર્ત-મોક્ષની જ્ઞાનભકિત પ્રાર્થું.
'દાદા', 'દાદા' બોલતા ન થાકું

: પ્રકાશક અંકલન કર્તા :
અરવિંદ ગોપાલજી દેસાઈ
મંજુલ, રતના સોસાયટી,
નવજીવન સોસાયટીની બાજુમાં,
કોલેજ રોડ, બીલીમોરા – ૩૯૬ ૩૨૧
ફોન : ૫૩૯૯૬

: મુલ્ય :

## પરમ વિનય અને હું કંઈજ જાણતો નથી

: નોંધ :

નિત્યક્રમ. ચરણવિધિ, તથા સીમંધર સ્વામીનું જીવન ચરિત્ર. દાદાની જ્ઞાનવાણી

શ્રી દાદા ભગવાન વિતરાગ ટ્રસ્ટ, ખેતશી નરસી શાહ,
૨૦/૨૧, એન્જલ લેન્ડ, ચોથો માળ, નાયગામ ક્રોસ રોડ, વડાલા,
મુંબઈ – ૪૦૦ ૦૩૧

## દાદાની ભવિષ્યવાણી, જીવન ચરિત્ર વિ. ના લેખો

અક્રમ વિજ્ઞાન (માસીક), અક્રમ વિજ્ઞાન ફાઉન્ડેશન ટ્રસ્ટ
૨. પદ્માલય, પાટીદાર સોસાયટી, પંચવટી અમદાવાદ ૩૮૦૦૦૬

થી પ્રકાશીત થતા અક્રમ વિજ્ઞાન માસીક માંથી અંકલન કર્યા છે.

દાદા ભગવાને જ્ઞાનદાનને ભારે મહત્વ આપેલ હોય પ્રેરણા થવાથી આપને ચરણે ધરૂ છું



આ તમને દેખાય છે તે દાદા ભગવાન છે
ના ન હોય એ દાદા ભગવાન એ તો
એ. એમ. પટેલ છે.

ભાદરણ ગામના છે "દાદા ભગવાન"
તો અંદર પ્રગટ થયા છે તે છે
એમનું સ્વરૂપ શું છે ?

જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તપના

આધારે જે અનુભવમાં આવે છે તે દાદા ભગવાન છે. બાકી આ તો પટેલ છે. કાલે આ પરપોટો ફૂટી જાય તો લોક એને બાળી મુકે અને દાદા ભગવાનને કોઈ બાળી ન શકે કારણ કે અગ્નિ સ્થુળ સ્વરૂપે છે. આત્મા સુક્ષ્મ છે. સ્થુળ સુક્ષ્મને શી રીતે બાળી શકે.

એવા જ જ્ઞાન દર્શન અને ચરિત્રને તપ સ્વરૂપે "દાદા ભગવાન" તમારા માંહિ પણ બિરાજેલા છે તે તમે પોતેજ છો !
(ડૉ. નીરૂબેન અમીન સંપાદીત આપ્તવાણી
શ્રેણી- ૫ - પુ. ૨૭૬ )